# હઝરત ઉમ્મુલબનીન (સલા.)નું મુબારક જીવનચરિત્ર

## : ગુજરાતી અનુવાદ :

ઈબ્રાહીમ બી. પટેલ, ભરુચ

## : પ્રકાશક :

અમીરૂલ મોઅમેનીન લાયબ્રેરી, ભરૂચ
એ-૭૦/૨, એહમદનગર, મનુબર રોડ,
ભરૂચ-૩૯૨૦૦૧.
મોબાઈલ : ૯૪૨૬૪૦૩૬૭૨

# એક જરૂરી નોંધ

અમીરૂલ મોઅમેનીન લાયબ્રેરી, ભરૂચ પાસે આયતુલ્લાહ અલ ઉઝમા અસ્સય્યદ અલી હુસૈની સીસ્તાની (દા.બ.), રેહબર આયતુલ્લાહ અલ ઉઝમા સૈયદ અલી ખામેનાઈ (દા.બ.)

તથા

આયતુલ્લાહ અલ ઉઝમા બશીર હુસૈન નજફી (દા.બ.) ત્રણેય બુઝુર્ગોનો સેહમે ઈમામ ખર્ચ કરવાનો ઈજાઝો છે.

***ઈજાઝો સંસ્થાકીય અને કાયમી છે.***

# અવર બેંકર્સ

## નીચેની બેંકોમાંથી કોઇપણ બેંકમાં નાણા જમા કરાવી શકાય છે.

(૧) હુસૈનઅહમદ ઈબ્રાહીમ પટેલ

AC : 25520100007654

IFSC : BARBOBRODAN

બેંક ઓફ બરોડા, શાખા મોહંમદપુરા, ભરૂચ.

(૨) શબ્બીરઅહમદ પટેલ

AC : 32598176055

IFSC : SBIN0003522

સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, શાખા કતોપોર દરવાજા, ભરૂચ.

# અનુક્રમણીકા


| ભાગ | વિગત | પેજનં. |
|---|---|---|
| | પ્રસ્તાવના | ૮ |
| (૧) | સ્ત્રીની શ્રેષ્ઠતા અને અઝમત-કુરઆન અને મોહંમદ વ આલે મોહંમદની દૃષ્ટિમાં | ૧૫ |
| (૨) | હઝરત અલી અલયહિસ્સલામની કૌટુંબિક, પારિવારિક જિંદગી | ૫૩ |
| (૩) | હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા-ઇતિહાસની રોશનીમાં | ૮૫ |
| (૪) | હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાનું નામ અને કુન્નિયત | ૯૪ |
| (૫) | (૧) હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાનું ખાનદાન | ૧૧૪ |
| (૬) | હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાની વંશાવલી-શજરહ અને | ૧૩૪ |

| | | |
|---|---|---|
| | નસબ | |
| (૭) | હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા અને હઝરત અલી અલયહિસ્સલામની શાદી | ૧૬૦ |
| (૮) | હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા એક આદર્શ પત્નીના રૂપમાં | ૧૯૪ |
| (૯) | (૧) હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા એક આદર્શ મા ના રૂપમાં | ૨૧૩ |
| (૧૦) | હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાનો બહાદુર પુત્ર- હઝરત અબ્બાસ અલમદાર અલયહિસ્સલામ | ૨૭૪ |
| (૧૧) | (૧) હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાના ચાર | ૨૯૦ |

| | | |
|---|---|---|
| | બહાદુર બેટાઓ | |
| (૧૨) | હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાની શિમરની સાથે કોઇ સગાઇ ન હતી | ૩૧૯ |
| (૧૩) | હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાની અવલાદ-બેટાઓ અને તેમની અવલાદ | ૩૪૧ |
| (૧૪) | (૧) હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાના પૌત્રો | ૩૫૬ |
| (૧૫) | હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા ઇમામ હુસૈન અલયહિસ્સલામની અઝાદાર | ૪૨૧ |
| (૧૬) | હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાના મરસિયા | ૪૬૭ |
| (૧૭) | હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાની વફાત | ૪૯૮ |

| | | |
|---|---|---|
| (૧૮) | બાબે હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા | ૫૦૩ |
| (૧૯) | (૧) હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાની અઝમત(મહાનતા) | ૫૦૫ |
| | ઝિયારતે ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા | ૫૪૦ |
| | અઇમ્મએ અતહારની કબરો ઉપર શીયાઓની મુનાજાત-દુઆઓ | ૫૫૨ |

# પ્રસ્તાવના

અલ્લાહ રબ્બુલ ઇઝ્ઝતનો કુરઆનમાં ઇરશાદ છે : બેશક અલ્લાહના નજદીક તમારામાંથી સૌથી બાઇઝ્ઝત અને એહતેરામના લાયક તે છે જે મુત્તકી હોય, પરહેઝગાર હોય. કુરઆનની આ આયત આપણને બતાવે છે કે અલ્લાહના નજદીક ઇઝ્ઝત, એહતેરામ, ફઝીલત, બુઝુર્ગીનું માપદંડ માલ, દૌલત, દુન્યવી હોદ્દો કે ડિગ્રી નથી બલ્કે તકવો, પરહેઝગારી છે. ઇસ્લામમાં આજે જે હસ્તીઓના નામ બાકી છે, જેમનું નામ આજે પણ ઇઝ્ઝત અને એહતેરામથી લેવામાં આવે છે. તે તેમના બુલંદ કિરદારના કારણે છે. તેમની ઇસ્લામ પ્રત્યેની કુરબાનીઓના કારણે છે. હઝરત

ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા અને આપના ફરઝંદ હઝરત અબ્બાસ અલમદાર અલયહિસ્સલામ પણ ઇસ્લામની તે બુલંદ કિરદાર હસ્તીઓમાંથી છે જેમનું નામ આજે પણ જીવંત છે. આ બંને હસ્તીઓ રસૂલ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના એહલેબયતથી છે. હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા અમીરૂલ મોઅમેનીન અલી અલયહિસ્સલામના એહલીયા મોહતરમા છે અને હઝરત અબ્બાસ અલમદાર અલયહિસ્સલામ આપના ફરઝંદ છે. આ બંને હસ્તીઓના વિષયમાં જ્યારે પણ આપણે ચર્ચા કરીએ છીએ તો તેઓના બહાદુર-શુજાઅ ઘરાનાના હોવું અથવા બહાદુરીનો ઉલ્લેખ થાય છે. પણ તેઓના ઇમાન અને તકવા પર ઘણી ઓછી વાતચીત થાય છે. જ્યારે કે

આપણે આ બંને હસ્તીના ઝિયારતનામાને સમજીને પઢીશું તો તેમાં તેઓના તકવા અને પરહેઝગારીનું પણ વર્ણન છે. જનાબે ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાની ઝિયારતમાં આપણે પઢીએ છીએ : આપ સાલેહ, નેક મોમેનાતની સરદાર, રેહબર થઇ ગયાં. આપ આલિમા છો, મુઅલ્લેમા છો, મુત્તકી છો, પાકીઝા છો.

હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાની ઝિયારત, આપના બુલંદ દરજ્જા અને બાકમાલ હસ્તી હોવાના તરફ ધ્યાન દોરે છે.આપણી દુઆઓમાં હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાને પણ વસીલો કરાર દેવું જોઇએ.

હઝરત અબ્બાસ અલમદાર અલયહિસ્સલામ પણ ન ફક્ત એક શુજાઅ-બહાદુર યોદ્ધા હતા બલકે તે પહેલાં આપ અલ્લાહના એક નેક બંદા હતા. આપની ઝિયારતની શરૂઆતમાં જ આપણે પઢીએ છીએ: સલામ થાય આપ પર અય અલ્લાહના નેક બંદા. ઇમામ જઅફર સાદિક અલયહિસ્સલામ ફરમાવે છે : મારા કાકા અબ્બાસ એક દૂરંદેશ, સાહબે બસીરત અને મજબૂત ઇમાન ધરાવનાર વ્યક્તિ હતા.

જો આપણે દુનિયાના બહાદુરો, તાકતવર ઇન્સાનો પર દૃષ્ટિ નાખીશું તો આ લોકોની બહાદુરીમાં ઘમંડ, ગુરૂર, રીયાકારી જેવી સિફતોનું પ્રદર્શન હોય છે અથવા આ લોકો પોતાની તાકતથી શક્ય છે, બીજા ઇન્સાનો પર ઝુલ્મ કરી બેસે. પણ

હઝરત અબ્બાસ અલમદાર અલયહિસ્સલામ કે જેઓ આટલા બહાદુર હોવા છતાં કદી પણ આપના કિરદારમાં ઘમંડ, ગુરૂર અને રીયાકારી જેવી સિફતો જોવા મળી નથી. બલ્કે હંમેશા ઇમામની ઇતાઅત, ફરમાંબરદારીમાં રહ્યા અને કદી પણ કોઇના ઉપર આપે ઝુલ્મનો હાથ નથી ઉગામ્યો. બલ્કે આપે પોતાના બંને હાથ ઇસ્લામના ખાતર કુરબાન કર્યા. ન ફક્ત હાથ, બલ્કે આપે પોતાના સંપૂર્ણ વુજૂદ, અસ્તિત્વને ઇસ્લામના હવાલે કરી દીધું અને આખરી દમ સુધી ઇસ્લામના ખાતર લડતા રહ્યા, ત્યાં સુધી કે આપે જામે શહાદત નોશ ફરમાવ્યો.

હઝરત અમીરૂલ મોઅમેનીન અલી અલયહિસ્સલામનું પોતાના ભાઇ અકીલને ફરમાવવું કે “મારા માટે અરબના બહાદુર કબીલાની ઔરતને

તલાશ કરો.” ખાસ મકસદથી હતું. આપ ચાહતા હતાં કે બહાદુર કબીલાની સ્ત્રીથી બહાદુર બેટો જન્મ પામે અને તે કરબલામાં ઇસ્લામના માટે કુરબાની આપે. મા, બાપ અને ખાનદાની સિફતો વારસાગત અવલાદમાં પહોંચે છે. શાદી જેવા મહત્ત્વના મામલામાં સારૂં ખાનદાન તથા ઇમાન, તકવા અને સદ્ગુણોને અગ્રિમતા આપવી જોઇએ. જેથી આવા ઘરાનાનું બાળક પણ સારી કેળવણી પામે છે.

હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા ન ફક્ત બહાદુર કબીલાથી હતાં બલ્કે અરબમાં આપનો કબીલો ઉચ્ચ અને ખાનદાની લોકોમાં ગણાતો હતો. આપનો કબીલો કદીપણ ઇસ્લામના મુકાબલામાં લડવા નથી આવ્યો.

વહાલા વાચકો! આપની સમક્ષ કિતાબ "ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાનું જીવન ચરિત્ર" પેશ કરી અમે ખુશી અનુભવી રહ્યા છીએ. આ કિતાબમાં હઝરત અબ્બાસ અલમદાર અલયહિસ્સલામ તથા આપના ફરઝંદો, પૌત્રો અને આપની નસલથી થઇ ચુકેલા ઇમામઝાદાઓ, સાદાતોનું પણ ટૂંકમાં વર્ણન છે. અમને ઉમ્મીદ છે કે વાચકોને આ કિતાબ પસદં પડશે.

અલ્લાહતઆલા આપણને એ નેક ઇન્સાનોની સીરત પર અમલ કરવાની તૌફીક અતા ફરમાવે.

**નાચીજ**

**મૌલાના હુસૈનઅહમદ**

## ભાગ-૧ : સ્ત્રીની શ્રેષ્ઠતા અને અઝમત- કુરઆન અને મોહંમદ વ આલે મોહંમદની દૃષ્ટિમાં

રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું : ઇલ્મ હાસિલ કરો, માની ગોદથી કબર સુધી.

અરબસ્તાનના અસંસ્કારી અને પછાત સમાજમાં ફક્ત બની હાશિમ જ ઇલ્મ, સંસ્કાર, સૂઝબૂઝ અને બુદ્ધિની તે જગ્યાએ હતા જ્યાંથી ઇન્સાનને માન-પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય છે. પૂરો સમાજ અંધકાર યુગમાં હતો. અસત્ય, અસંસ્કૃત, જાહિલ એવા અરબસ્તાનના સમાજમાં ખાનદાને રસૂલ બની હાશિમ જ ઇલ્મ, સંસ્કાર અને પ્રતિષ્ઠાના ઉચ્ચ સ્થાને બિરાજમાન હતું. જે ખાનદાનમાં આ સમજ પ્રચલિત હતી કે માની ગોદ ઇલ્મની પ્રથમ દર્સગાહ

છે. આ હદીસ સ્ત્રીના ઇલ્મયાફતા અને બુધ્ધિમાન હોવાની તરફ ઇશારો કરી રહી છે.

કુરઆને પણ સ્ત્રીને મહત્ત્વ આપીને તે સમાજનું એક અંગ હોવાનો હુકમ આપ્યો છે. મતલબ તકવા અને પરહેઝગારીની મંઝિલ જ્યાં કાળા, ગોરા, જવાન, ઘરડા, બધા એક સરખા છે. ત્યાં જ અલ્લાહે પુરૂષ અને સ્ત્રીનું વર્ણન પણ બરાબર સરખાપણાની જેમ જ કર્યું છે. સૂરએ અહઝાબમાં ઇરશાદે ખુદાવંદી છે :

اِنَّ الْمُسْلِمِيْنَ وَ الْمُسْلِمٰتِ وَ الْمُؤْمِنِيْنَ وَ الْمُؤْمِنٰتِ وَ الْقٰنِتِيْنَ وَ

الْقٰنِتٰتِ وَ الصّٰدِقِيْنَ وَ الصّٰدِقٰتِ وَ الصّٰبِرِيْنَ وَ الصّٰبِرٰتِ وَ الْخٰشِعِيْنَ

وَ الْخٰشِعٰتِ وَ الْمُتَصَدِّقِيْنَ وَ الْمُتَصَدِّقٰتِ وَ الصَّآئِمِيْنَ وَ الصّٰٓئِمٰتِ وَ

الْحٰفِظِيْنَ فُرُوْجَهُمْ وَ الْحٰفِظٰتِ وَ الذّٰكِرِيْنَ اللّٰهَ كَثِيْرًا وَّ الذّٰكِرٰتِ

اَعَدَّ اللّٰهُ لَهُمْ مَّغْفِرَةً وَّ اَجْرًا عَظِيْمًا ﴿۳۵﴾

"બેશક મુસલમાન પુરૂષ અને મુસલમાન સ્ત્રીઓ અને મોમિન પુરૂષ અને મોમિન સ્ત્રીઓ અને ઇતાઅત કરનારા પુરૂષ અને ઇતાઅત કરનારી સ્ત્રીઓ, સાચા પુરૂષો અને સાચી સ્ત્રીઓ, અને સબર કરનારા પુરૂષો અને સબર કરનારી સ્ત્રીઓ, આજીજી કરનારા પુરૂષો અને આજીજી કરનારી સ્ત્રીઓ, અને સદકો આપનારા પુરૂષો અને સદકો આપનારી સ્ત્રીઓ, રોઝા રાખનારા પુરૂષો અને રોઝા રાખનારી સ્ત્રીઓ, પોતાની ઇઝ્ઝતની હિફાઝત કરનારા પુરૂષો અને ઇઝ્ઝતની હિફાઝત કરનારી સ્ત્રીઓ, ખુદાનો ખૂબ જ ઝિક્ર કરનારા પુરૂષો અને ખૂબ જ ઝિક્ર

કરનારી સ્ત્રીઓ, ખુદાએ તે બધાય માટે બક્ષિસ અને અજ્રે અઝીમ તૈયાર રાખેલ છે.”

આ સાથે જ અલ્લાહે સ્પષ્ટ શબ્દોમાં બતાવી આપ્યું કે ઇઝ્ઝત અને ઝિલ્લત, ઉચ્ચતા અને નીચતાનો આધાર તકવો, પરહેઝગારી, નેક સીરત અને સારા અખલાક ઉપર છે. જે વ્યક્તિ આ કસોટી ઉપર જેટલો ખરો ઉતરશે તેટલો જ ખુદાની દૃષ્ટિમાં ઇઝ્ઝતને કાબિલ ગણાશે.

مَنْ عَمِلَ صَالِحًا مِّنْ ذَكَرٍ اَوْ اُنْثٰى وَ هُوَ مُؤْمِنٌ فَلَنُحْيِيَنَّهٗ حَيٰوةً
طَيِّبَةً ۚ وَلَنَجْزِيَنَّهُمْ اَجْرَهُمْ بِاَحْسَنِ مَا كَانُوْا يَعْمَلُوْنَ ﴿۹۷﴾

“જે વ્યક્તિ પણ નેક અમલો કરશે તે પુરૂષ હોય કે સ્ત્રી, શરત આ છે કે ઇમાનવાળા હોય. અમે તેઓને પાકીઝા જિંદગી અતા કરીશું અને તેઓને તે

અમલોથી બેહતર બદલો આપીશું જેને તેઓ જિંદગીમાં અંજામ આપતા હતા.”

કુરઆને તરબિયતના (શિક્ષણ-પ્રશિક્ષણના) માપદંડ બતાવ્યાં છે. કુરઆન ઇન્સાનોની રેહનુમાઇ માટે નાઝિલ થયું છે. તેથી અલ્લાહે પોતાના મહબૂબને ઇન્સાની સૂરતમાં કુરઆનની સમજૂતિ કરવા માટે મોકલ્યા. અમારા પ્યારા નબી આયતો પઢતા, પોતાના અમલથી તેની તફસીર અને સમજૂતિ પણ કરતા. નબી સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે પોતાના ઘેરથી જ સમાજ સુધારણા માટે સીરતો તરતીબવાર રજૂ કરી બતાવ્યું કે તમે સારી અવલાદ બનવાનું ઇચ્છો છો તો હસનૈનને (હઝરત ઇમામ હસન અલયહિસ્સલામ અને હઝરત ઇમામ હુસૈન

અલયહિસ્સલામને) જુઓ. જો તમે સારા બાપ બનવાનું ઇચ્છતા હોય તો મને જુઓ. જો તમે સારા પતિ બનવા ઇચ્છતા હોય તો અલીને જુઓ.

જો તમારાથી કોઇ સ્ત્રી સારી પત્ની, સારી બેટી અને સારી મા બનવાનું ઇચ્છે તો મારી બેટી ફાતેમાની સીરત ઉપર અમલ કરે. એક બીજું માપદંડ પણ હઝરત અલી અલયહિસ્સલામે તમામ ઇન્સાનો માટે કાયમ કરી બતાવ્યું. શું અલી જાણતા ન હતાં કે અરબમાં સૌથી વધારે બહાદુર કબીલો કયો છે? છતાંય હઝરત અલી અલહિસ્સલામનું પોતાના ભાઇ અકીલને ઉદ્દેશીને પૂછવું, ભાઇ હું ઇચ્છું છું કે અરબના કોઇ સૌથી વધુ બહાદુર કબીલાની ખાતૂનથી શાદી કરૂં, જેથી એવો ફરઝંદ પેદા થાય જે કરબલામાં હુસૈનના કામ આવે.

હઝરત અલી અલયહિસ્સલામનો આ ઉદ્દેશ તમામ ઇન્સાનો માટે એક પયગામ છે કે હંમેશા પોતાના ઘરમાં એવી ખાતૂનને શાદી કરીને લાવો જે તમારા બાળકોની પરવરિશ વિલાયતે અલી અને ગમે હુસૈન પર કરે. જ્યારે કે હઝરત અલી અલયહિસ્સલામ જેવા ઇમામ આ બાબતનું આયોજન કરી રહ્યા છે, તો પછી અમારા માટે તેમની સીરત ઉપર અમલ કરવો વાજિબ થઇ જાય છે.

કુરઆને પણ અનેક જગ્યાએ નેક સ્ત્રીઓની સીરતનું વર્ણન કર્યું છે અને વર્ણન કરીને બતાવ્યું છે કે વિશ્વની સ્ત્રીઓ આ નેક સ્ત્રીઓની સીરતને અપનાવે.

તે અગિયાર સ્ત્રીઓ જેમનું વર્ણન કુરઆનમાં છે.

**(૧) પ્રથમ સ્ત્રી હઝરત હવ્વા છે. જે તમામ ઇન્સાનોના મા છે. સૂરએ બકરહમાં અલ્લાહતઆલાએ હઝરત આદમ અલયહિસ્સલામને ઉદ્દેશ કરતાં ફરમાવ્યું :**

**يٰٓاٰدَمُ اسْكُنْ اَنْتَ وَ زَوْجُكَ الْجَنَّةَ**

અય આદમ તમે અને તમારી બીબી જન્નતમાં રહો.

**(૨) બીજી સ્ત્રી સારા હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામના પત્ની છે.**

જેમના વિષયમાં અલ્લાહતઆલા સૂરએ ઝારેયાતમાં ફરમાવે છે :

فَاَقۡبَلَتِ امۡرَاَتُهٗ فِیۡ صَرَّةٍ فَصَكَّتۡ وَجۡهَهَا وَ قَالَتۡ عَجُوۡزٌ عَقِیۡمٌ ﴿۲۹﴾
قَالُوۡا كَذٰلِكِ ۙ قَالَ رَبُّكِ ؕ اِنَّهٗ هُوَ الۡحَكِیۡمُ الۡعَلِیۡمُ ﴿۳۰﴾

આ સાંભળીને તેમની પત્ની શોર મચાવતી આવી અને તેણે મોં પીટ્યું કે હું ઘરડી-વાંજ (આ શું વાત છે?)

તે લોકોએ કહ્યું : આ એ જ પ્રમાણે થશે. આ તમારા પરવરદિગારનો ઇરશાદ છે. તે ઘણી હિકમતવાળો અને દરેક ચીજનો જાણકાર છે.

ફરિશ્તાઓએ ઇબ્રાહીમને ઇસ્હાકની બશારત આપી. “સારા-ઇબ્રાહીમ અલયહિસ્સલામના પત્ની આશ્ચર્યથી પોતાના ચેહરા ઉપર તમાચા મારતાં બોલ્યાં કે હાય! હું ઘરડી થઇ ગઇ છું, અવલાદ કેવી રીતે પેદા કરીશ.”

ફરિશ્તાઓએ કહ્યું : “એવું જ થશે. આ તમારા પરવરદિગારનો ઇરશાદ છે. તે હકીમ અને અલીમ છે.”

અલ્લાહના વાયદા પ્રમાણે આગલા વર્ષે નક્કી સમયે જનાબ સારાને ત્યાં ફરઝંદનો જન્મ થયો. તેમનું નામ ઇસ્હાક રાખવામાં આવ્યું.

**(3) ત્રીજી સ્ત્રી ઇશબઆ છે. હઝરત ઝકરિયા અલયહિસ્સલામના પત્ની છે. ખુદાવંદે આલમ ફરમાવે છે:**

**كٓهٰيٰعٓصٓ ﴿۱﴾ ذِكْرُ رَحْمَتِ رَبِّكَ عَبْدَهٗ زَكَرِيَّا ﴿۲﴾ اِذْ
نَادٰى رَبَّهٗ نِدَآءً خَفِيًّا ﴿۳﴾ قَالَ رَبِّ اِنِّىْ وَهَنَ الْعَظْمُ مِنِّىْ وَ
اشْتَعَلَ الرَّاْسُ شَيْبًا وَّلَمْ اَكُنْۢ بِدُعَآئِكَ رَبِّ شَقِيًّا ﴿۴﴾ وَاِنِّىْ
خِفْتُ الْمَوَالِىَ مِنْ وَّرَآءِىْ وَكَانَتِ امْرَاَتِىْ عَاقِرًا فَهَبْ لِىْ مِنْ**

لَّدُنۡکَ وَلِیًّا ۙ﴿۵﴾ یَّرِثُنِیۡ وَ یَرِثُ مِنۡ اٰلِ یَعۡقُوۡبَ ٭ۖ وَ اجۡعَلۡہُ

رَبِّ رَضِیًّا ﴿۶﴾

"આ ઝકરિયાની સાથે તમારા પરવરદિગારની મહેરબાનીનું વર્ણન છે. જ્યારે તેણે પોતાના પરવરદિગારને ધીમી અવાજથી પોકાર્યા. કહ્યું કે પરવરદિગાર! મારા હાડકાં કમજોર થઇ ગયાં છે અને મારૂં માથું ઘડપણના કારણે સફેદ થઇ ગયું છે. અને અય મારા પરવરદિગાર! હું તારાથી દુઆ કરીને કદી વંચિત રહ્યો નથી. અને ચોક્કસ મને મારા પછી મારા ખાનદાનવાળાઓથી ભય છે અને મારી પત્ની વાંઝ છે તેથી મને પોતાની બારગાહથી એક એવો વલી અને વારિસ અતા કર

જે મારો અને આલે યાકૂબનો વારિસ હોય અને પરવરદિગાર તેને પોતાનો ચૂંટેલો બનાવ.”

ઝકરિયાના પત્ની ઇશબઅ અને જનાબ ઝકરિયા અલયહિસ્સલામ બંને ઘણાં ઘરડાં થઇ ગયાં હતાં. જ્યારે હઝરત જિબ્રઇલ આવ્યા અને તેમણે જાહેરાત કરી કે અલ્લાહે તમારી ઇબાદત અને દુઆઓના બદલામાં તમને એક બેટો આપવાનો ઇરાદો કર્યો છે, જેનું નામ યહ્યા હશે.

**(૪) ચોથી સ્ત્રી બિલકીસ છે. હઝરત સુલયમાન અલયહિસ્સલામના પત્ની છે. સૂરએ નમલમાં ખુદા ફરમાવે છે :**

إِنِّي وَجَدتُّ امْرَأَةً تَمْلِكُهُمْ وَأُوتِيَتْ مِن كُلِّ شَيْءٍ وَلَهَا عَرْشٌ عَظِيمٌ ﴿٢٣﴾

“હુદહુદે કહ્યું : મેં એક સ્ત્રીને એક વસ્તીની મલિકા જોઇ જેની પાસે દરેક વસ્તુ છે. અને તેનો ઘણો મોટો તખત છે.”

**(૫) પાંચમી સ્ત્રી રહમા બિન્તે મઝાહિમ બિન યુસુફ બિન યાકૂબ હઝરત ઐયુબ અલયહિસ્સલામના પત્ની. ખુદાવંદે આલમ સૂરએ સુવાદમાં ફરમાવે છે:**

**وَ وَہَبۡنَا لَہٗۤ اَہۡلَہٗ وَ مِثۡلَہُمۡ مَّعَہُمۡ رَحۡمَۃً مِّنَّا وَ ذِکۡرٰی لِاُولِی الۡاَلۡبَابِ ﴿۴۳﴾**

“અને અમે તેમના બાલ બચ્ચાં તેમને પાછાં આપ્યા અને તેમની સાથે તેટલા બીજા પણ આપ્યા, આ અમારા તરફથી એક(મહાન) કૃપા હતી. અને આ અક્કલ ધરાવનારાઓ માટે નસીહત છે.”

**(૬) છઠ્ઠી સ્ત્રી સફૂરા હઝરત મૂસા અલયહિસ્સલામના પત્ની છે. સૂરએ કસસમાં અલ્લાહતઆલા ફરમાવે છે :**

**قَالَ اِنِّيٓ اُرِيْدُ اَنْ اُنْكِحَكَ اِحْدَى ابْنَتَيَّ هٰتَيْنِ عَلٰٓى اَنْ تَأْجُرَنِيْ ثَمٰنِيَ حِجَجٍ فَاِنْ اَتْمَمْتَ عَشْرًا فَمِنْ عِنْدِكَ**

"(હઝરત શોઅયબ અલયહિસ્સલામે હઝરત મૂસાને કહ્યું) હું ઇચ્છું છું કે તમારી સાથે મારી એક બેટીની શાદી કરી દઉં. જેથી તમે મારી સાથે આઠ વરસ રહો, જો દસ વરસ રહો તો તે તમારી મરજી ઉપર આધારિત છે."

**(૭) સાતમી સ્ત્રી ઝુલેખા હઝરત યુસુફ અલયહિસ્સલામના પત્ની છે. (તે પહેલાં અઝીઝે**

**મિસ્રની પત્ની હતી.) અલ્લાહતઆલા સૂરએ યુસુફમાં ફરમાવે છે :**

**وَ قَالَ الَّذِی اشۡتَرٰىہُ مِنۡ مِّصۡرَ لِامۡرَاَتِہٖۤ اَکۡرِمِیۡ مَثۡوٰىہُ عَسٰۤی اَنۡ یَّنۡفَعَنَاۤ اَوۡ نَتَّخِذَہٗ وَلَدًا ؕ**

"જે વ્યક્તિએ મિસરમાં પોતાની પત્નીના માટે યુસુફને ખરીધ્યો, કહ્યું કે એની સારી રીતે દેખભાલ કરો. શક્ય છે કે તે આપણને કંઇક ફાયદો પહોંચાડે અને આપણે તેને આપણો બેટો બનાવી લઇએ."

**અલ્લાહતઆલા ઝુલેખાની જીભથી વાત નકલ કરે છે:**

**اَلۡـٰٔنَ حَصۡحَصَ الۡحَقُّ ۫ اَنَا رَاوَدۡتُّہٗ عَنۡ نَّفۡسِہٖ**

“હવે હક સ્પષ્ટ થઇ ગયો. (ખરી વાત આ છે કે) મેં જ તેને ફોસલાવવા ચાહ્યો હતો.”

બેહારૂલ અનવાર જિલ્દ પમાં તથા એલલુશ્શરાએમાં ઇમામ જઅફર સાદિક અલયહિસ્સલામથી નકલ છે કે ઝુલેખાએ યુસુફ અલયહિસ્સલામની પાસે જવાની ઇચ્છા દર્શાવી. નોકરોએ કહ્યું, અમે ડરીએ છીએ કે તમને યુસુફની પાસે લઇ જઇએ. ઝુલેખાએ કહ્યું, મને એ વ્યક્તિથી ખોફ નથી જે ખુદાથી ડરે છે. ઝુલેખા યુસુફ અલયહિસ્સલામની સમક્ષ હાજર થયાં.

યુસુફ અલયહિસ્સલામ : તારો રંગ કેમ બગડી ગયો?

ઝુલેખા : ખુદાનો શુક્ર છે કે જેણે ગુનાહોના કારણે બાદશાહોને ગુલામ અને ફરમાંબરદારીના કારણે ગુલામોને બાદશાહ બનાવી દીધા.

યુસુફ અલયહિસ્સલામ : તમે આટલી બધી આશિક કેમ થઇ ગઇ હતી?

ઝુલેખા : આપના ખૂબસૂરત ચહેરાના કારણે.

યુસુફ અલયહિસ્સલામે ફરમાવ્યું : તે વખતે તમારી શું હાલત થઇ હોત, જ્યારે તમે પેગંબરે આખેરૂઝ્ઝમાંને જોઇ લેત. જેમનું નામ મોહંમદ છે. આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ મારાથી વધારે ખૂબસૂરત, વધારે સારા અખ્લાકવાળા, વધારે નેક અને વધારે સખી છે.

ઝુલેખા : આપે સાચું ફરમાવ્યું.

યુસુફ અલયહિસ્સલામ : આ બાબતની શું સાબિતી છે કે મેં સાચું ફરમાવ્યું છે?

ઝુલેખા : “જ્યારે આપે મોહંમદનું નામ લીધું તે વખતથી આપની મહબ્બત મારા દિલમાં સ્થાન પામી ચૂકી છે.”

ખુદાએ હઝરત યુસુફ અલયહિસ્સલામને વહી મોકલી. ઝુલેખા સાચું કહે છે, કારણ કે ઝુલેખાં મોહંમદ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમને દોસ્ત રાખે છે. હું ઝુલેખાને દોસ્ત રાખું છું. હું તમને હુકમ આપું છું કે ઝુલેખાથી શાદી કરી લો.

**(૮) આઠવી સ્ત્રી આસિયા બિન્તે મઝાહિમ-ઝવજએ ફિરઓન છે. જેમના વિષયમાં અલ્લાહતઆલા સૂરએ કસસમાં ફરમાવે છે :**

**وَ قَالَتِ امْرَاَتُ فِرْعَوْنَ قُرَّتُ عَيْنٍ لِّيْ وَ لَكَ ؕ لَا تَقْتُلُوْهُ ٭ۖ عَسٰٓى اَنْ يَّنْفَعَنَاۤ اَوْ نَتَّخِذَهٗ وَلَدًا وَّ هُمْ لَا يَشْعُرُوْنَ ﴿۹﴾**

ફિરઓનની સ્ત્રીએ કહ્યું : મૂસાને કતલ ન કરો. એ મારી અને તમારી આંખોની ઠંડક બનશે અથવા તેને પોતાનો ફરઝંદ બનાવી લઇએ અને તેઓ મૂસાને ઓળખતા ન હતા.

**સૂરએ તહરીમમાં અલ્લાહતઆલા ફરમાવે છે :**

**وَ ضَرَبَ اللّٰهُ مَثَلًا لِّلَّذِيْنَ اٰمَنُوا امْرَاَتَ فِرْعَوْنَ اِذْ قَالَتْ رَبِّ ابْنِ لِيْ عِنْدَكَ بَيْتًا فِي الْجَنَّةِ وَ نَجِّنِيْ مِنْ فِرْعَوْنَ وَ عَمَلِهٖ وَ نَجِّنِيْ مِنَ الْقَوْمِ الظّٰلِمِيْنَ ﴿۱۱﴾**

"ખુદાએ ઇમાનવાળાઓથી ફિરઓનની પત્નીનું દૃષ્ટાંત વર્ણવ્યું છે, જેણે કહ્યું યા પરવરદિગાર! મારા માટે જન્નતમાં ઘર બનાવ, મને ફિરઓન અને તેના કાર્યોથી છુટકારો આપ અને ઝાલિમ કોમથી પણ નજાત દે."

ખિસાલમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમથી રિવાયત છે કે આપ(સલ.)એ ફરમાવ્યું : **ત્રણ વ્યક્તિઓએ એક સેકન્ડ માટે પણ કુફ્ર નથી કર્યું.**

(૧) મોમિન આલે યાસીન (૨) અલી બિન અબી તાલિબ (૩) આસિયા-ઝવજએ ફિરઓન.

બેહારૂલ અનવાર જિલ્દ-૧૦માં ઇબ્ને બાબવયહ કુમી જનાબે રસૂલે ખુદા(સલ.)થી રિવાયત કરે છે કે આપ સલ્લલ્લાહો અલયહે વઆલહી વસલ્લમે ફરમાવ્યું : ચાર સ્ત્રીઓને બેહિશ્ત હંમેશા યાદ કરે છે, મુશ્તાક છે, તેઓ ક્યારે આવે. (૧) જનાબ મરિયમ બિન્તે ઇમરાન (૨) જનાબ આસિયા-ફિરઓનની પત્ની (૩) ખદીજા બિન્તે ખુવૈલિદ (૪) હઝરત ફાતેમા બિન્તે મોહંમદ.

**(૯) નવમી સ્ત્રી મરિયમ બિન્તે ઇમરાન વાલિદહ મોહતરમા-હઝરત ઇસા(અલ.) ખુદાવંદે આલમે આપનો કુરઆનમાં કોઇક કોઇક સ્થળે ઝિક્ર (વર્ણન)**

કર્યો છે, જ્યાં આપની તારીફ કરવામાં આવી છે. સૂરએ આલે ઇમરાનમાં:

وَ اِذۡ قَالَتِ الۡمَلٰٓئِکَۃُ یٰمَرۡیَمُ اِنَّ اللّٰہَ اصۡطَفٰکِ وَ طَہَّرَکِ وَ اصۡطَفٰکِ عَلٰی نِسَآءِ الۡعٰلَمِیۡنَ ﴿۴۲﴾ یٰمَرۡیَمُ اقۡنُتِیۡ لِرَبِّکِ وَ اسۡجُدِیۡ وَ ارۡکَعِیۡ مَعَ الرّٰکِعِیۡنَ ﴿۴۳﴾

ફરિશ્તાઓએ મરિયમને કહ્યું : ખુદાએ આપને ચુન્યા છે અને પાક-પાકીઝા રાખ્યાં. વિશ્વની સ્ત્રીઓમાં ચુન્યા છે. અય મરિયમ! પોતાના રબના માટે સજદો કરો, રૂકૂઅ કરવાવાળાઓ સાથે રૂકૂઅ કરો.

કુરઆનમાં આટલી સ્પષ્ટતાથી હઝરત મરિયમ અલયહસ્સલામ પછી કોઇનું નામ લેવામાં આવ્યું નથી.

બેહારમાં તબરિસીથી રિવાયત નકલ છે કે અબુ જઅફર અલયહિસ્સલામે ફરમાવ્યું اصْطَفٰكِ નો અર્થ અવલાદ કે અંબિયામાં ચુનવું. طَهَّرَكِ પાક રાખવાનું અને وَ اصْطَفٰكِ પતિ વગર હઝરત ઇસા અલયહિસ્સલામને પેદા કર્યા.

**(૧૦) દસમી સ્ત્રી હઝરત ખદીજા બિન્તે ખુવૈલિદ રઝિયલ્લાહો તઆલા અન્હા છે. જનાબે રસૂલે ઇસ્લામના ચહીતા પત્ની. જેઓ લાંબામાં લાંબો સમય પેગંબરે ઇસ્લામની ભરયુવાનીમાં રસૂલની સોહબતમાં સાથે રહ્યાં. આપની હયાતીમાં રસૂલુલ્લાહ યુવાન હોવા છતાં બીજી શાદી ન કરી. આપ મક્કાના ધનાઢ્ય સ્ત્રી હતાં. આપનો મોટો વેપાર હતો. આપે રસૂલુલ્લાહને અવલાદ આપી.**

**નાના બેટા ઇબ્રાહીમ બાળપણમાં જ ગુજરી ગયા અને જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા જેવાં માસૂમા, મહાન બેટી, જન્નતની ઓરતોની સરદાર જેમનો લકબ છે, તે આપ્યાં. રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના સૌથી પ્યારાં પત્ની જનાબે ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હા હતાં. જેમના માટે અલ્લાહતઆલાએ સૂરએ ઝોહામાં ફરમાવ્યું છે :**

**وَوَجَدَكَ عَآئِلًا فَأَغْنٰىؕ ﴿۸﴾**

અમે આપને ફકીર જોયા, ગની કરી દીધા. મઆનિલ અખબારમાં ઇબ્ને અબ્બાસથી وَ وَجَدَکَ ની તફસીરમાં છે કે તમે તમારી કોમની નજીક ફકીર હતા. તમારી પાસે કોઇ માલ ન હતો. ખુદાએ

આપને ખદીજાના માલથી તવંગર બનાવી દીધા. હઝરત ખદીજા તે સ્ત્રી છે જે સૌથી પ્રથમ આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ ઉપર ઇમાન લાવ્યાં.

અમાલી તૂસીમાં આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની રિવાયત છે કે મરદોમાં સૌથી પ્રથમ હઝરત અલી અલયહિસ્સલામ ઇમાન લાવ્યા. (એટલે ઇઝહારે ઇમાન કર્યો) સ્ત્રીઓમાં સૌ પ્રથમ જનાબે ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હા આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ ઉપર ઇમાન લાવ્યાં. અલ્લામા મજલિસી બેહારૂલ અનવારમાં લખે છે કે ઇમામ મોહંમદ બાકિર અલયહિસ્સલામે ફરમાવ્યું : રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ઇરશાદ ફરમાવ્યો : હું

જ્યારે શબે મેઅરાજમાં આસમાનથી જમીનની તરફ આવવા લાગ્યો તો જિબ્રઇલને પૂછ્યું, તારે જમીન ઉપર કોઇ કામ છે? કહ્યું : ખુદાવંદે તઆલાના અને મારા જનાબે ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હાને સલામ પહોંચાડી દેશો.

**(૧૧) અગિયારમી સ્ત્રી હઝરત ફાતેમા બિન્તે રસૂલુલ્લાહ છે. કુરઆને પાકમાં અમૂક જગ્યાએ અલ્લાહતઆલાએ આપની તારીફ ફરમાવી છે. સૂરએ રહમાન, સૂરએ કદર, સૂરએ કૌષર અને સૂરએ હલ અતામાં આપની તારીફ ફરમાવવામાં આવી છે.**

**બેહાર જિલ્દ-૧૦માં મનાકિબથી મનકૂલ છે કે ઇમામ મૂસા કાઝિમ અલયહિસ્સલામથી લોકોએ પ્રશ્ન કર્યો : સૂરએ હલ અતામાં બેહિશ્તની તમામ**

નેઅમતોનું વર્ણન છે પરંતુ હૂરોનું વર્ણન નથી. ફરમાવ્યું : જનાબે ફાતેમા ઝહરા સલામુલ્લાહ અલયહાના પ્રતાપ અને બુઝુર્ગીના કારણે, સૂરએ લયલતુલ કદ્રની તફસીર પણ આપની શાનમાં છે. જેથી બેહાર જિલ્દ-૧૦ તફસીરે કુરાત બિન ઇબ્રાહીમથી રિવાયત છે. (આ તફસીરનો ઉર્દૂ તરજુમો થઇ ચૂક્યો છે.) ઇમામ જઅફર સાદિક(અલ.) એ ફરમાવ્યું :

اِنَّآ اَنْزَلْنٰهُ فِيْ لَيْلَةِ الْقَدْرِ ﴿١﴾

"لَيْلَ" રાતથી મતલબ જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા "الْقَدْرِ" થી મતલબ અલ્લાહતઆલા છે.

فَمَنْ عَرَفَ فَاطِمَةَ حَقَّ مَعْرِفَتِهَا فَقَدْ اَدْرَكَ لَيْلَةَ الْقَدْرِ

જેણે ફાતેમાને ઓળખી લીધાં, તેણે શબે કદ્રને પામી લીધી. શાયદ આ રિવાયતનો આ મતલબ પણ થઇ શકે કે ફાતેમા સલામુલ્લાહ અલયહા શબે કદ્રના જેવાં છે. જેવી રીતે કોઇને ખબર નથી કે શબે કદ્રની રાત કઇ છે? એવી જ રીતે ફાતેમા સલામુલ્લાહ અલયહાની કદ્રો મંઝિલતને કોઇ સાચી રીતે સમજી શકતો નથી. શબે મુબારકની તફસીર પણ સૈયદાએ કૌનૈન સલામુલ્લાહ અલયહા છે.

બેહારૂલ અનવારની અગિયારમી જિલ્દમાં છે કે એક યહૂદીએ હઝરત મૂસા બિન જઅફર અલયહિસ્સલામથી પ્રશ્ન કર્યો :

حٰمٓ وَالْكِتَابِ الْمُبِينِ اِنَّا اَنْزَلْنَاهُ فِي لَيْلَةٍ مُبَارَكَةٍ

આ આયતની બાતિની તફસીર શું છે? ઇમામે ફરમાવ્યું: حٰمٓ થી મતલબ મોહંમદ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લામ " كِتَابِ الْمُبِينِ" થી મતલબ અમીરૂલ મોઅમેનીન અલયહિસ્સલામ અને "لَيْلَةٍ مُبَارَكَةٍ" થી મતલબ જનાબે ફાતેમા ઝહરા સલામુલ્લાહ અલયહા છે. ફરમાવ્યું છે કે :

وَفِيهَا يُفْرَقُ كُلُّ أَمْرٍ حَكِيمٍ

દરેક હિકમતવાળું કાર્ય તે(શુભ રાત્રી) માં નિર્માણ થાય છે.

ની તફસીરમાં કે તેઓમાં અગણિત ભલાઇઓ ચાલુ થશે. ફરજુલુન હકીમ, રજુલુન

હકીમ, જનાબે ફાતેમાથી દાના બુધ્ધિશાળીઓ પેદા થશે.

"અલ્લાહ આસમાનોને અને જમીનને રોશન કરનારો છે. તેના નૂરનું દૃષ્ટાંત તે રોશનદાનના જેવું છે જે રોશનદાનમાં એક જબરદસ્ત ચિરાગ હોય, તે ચિરાગ એવા શીશાની કંદીલમાં હોય, તે કંદીલ એવી હોય જેવો એક ચમકતો તારો. ઝયતુનના મુબારક તેલથી રોશન હોય. જે ન પૂર્વનું છે ન પશ્ચિમનું છે. નજીક છે કે એનું તેલ ખુદબખુદ રોશન થઇ જાય, (પછી) ભલે ને આગ તેને અડકે પણ નહીં, તે નૂર છે, ઉચ્ચોચ્ચ પ્રકારનું નૂર છે. અલ્લાહ જેના માટે ઇચ્છે છે પોતાના નૂરનો રસ્તો બતાવી દે છે."

(સૂ. નૂર આ-૩૫)

**ઇમામ મોહંમદ બાકિર અલયહિસ્સલામે આ આયતની તફસીરમાં ફરમાવ્યું :**

**مَثَلُ نُوۡرِهٖ كَمِشۡكٰوةٍ فِيۡهَا مِصۡبَاحٌ**

ખુદાના નૂરનું દૃષ્ટાંત આ પ્રકારનું છે, જેવી રીતે ચિરાગ ફાનસમાં હોય. ફરમાવ્યું : ફાનસથી મતલબ ઇલ્મ છે. જે નબીના સીનામાં છે. فی زجاجة શીશામાં છે. શીશાથી મતલબ નબીના સીનામાં છે. નબીના સીનામાંથી ઇલ્મ અલીના સીનામાં રસૂલની તાલીમ દ્વારા ફેરવાયું.

**كَاَنَّهَا كَوۡكَبٌ "دُرِّيٌّ" يُّوۡقَدُ مِنۡ شَجَرَةٍ مُّبٰرَكَةٍ**

તે કન્દીલ એવી હોય જેવો ચમકતો તારો. જે ઝયતૂનના મુબારક ઝાડથી રોશન હોય. એનાથી نور العلم મતલબ છે. જે ન પૂર્વનો છે ન તો પશ્ચિમી.

એટલે કે ન આ ઇલ્મમાં નસરાનિયત છે ન યહૂદિયત.

**يَكَادُ زَيْتُهَا يُضِيءُ وَلَوْ لَمْ تَمْسَسْهُ نَارٌ "نور" عَلَىٰ نورٍ**

નજીકમાં જ એનું તેલ જાતે જ રોશન થઇ જાય. આગ એને ન અડકે તે નૂર ઉચ્ચોચ્ચ નૂર છે. ફરમાવ્યું : આલે મોહંમદનું ઇલ્મ સવાલ કરવાથી અગાઉ બોલવા લાગી જાય છે.

**સાદિકે આલે મોહંમદ અલયહિસ્સલામે આ આયતની નીચે પ્રમાણે તફસીર ફરમાવી છે :**

**اَللهُ نُوْرُ السَّمَاوَاتِ وَالْأَرْضِ مَثَلُ نُوْرِهِ كَمِشْكوٰةٍ فِيْهَا مِصْبَاحٌ**

મિસ્બાહુનથી મતલબ ઇમામ હસન અલયહિસ્સલામ છે. فی زجاجة થી ઇમામ હુસૈન

અલયહિસ્સલામ કઅન્નહા કૌકબુન દુર્રીયતુન જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા છે. જેઓ વિશ્વની સ્ત્રીઓમાં કૌકબે દુર્રી છે. યુ કદુ મિન શજરતિન મોબારકતિન થી મતલબ ઇબ્રાહીમ, લાશરકીયતન વલા ગરબીયતન થી મતલબ નસરાનિયત અને યહૂદિયતથી નકાર(નફી) છે. યકાદો ઝયતોહા યુઝીઓ થી મતલબ પવિત્ર વૃક્ષથી ઇલ્મનું ઝરણું ફૂટે છે.

إِنَّهَا لَإِحْدَى الْكُبَرِ ﴿٣٥﴾

ની તફસીરમાં મુરાદ ફાતેમા સલામુલ્લાહ અલયહા છે. તફસીરે ફુરાત બિન ઇબ્રાહીમ ફૂફીમાં ઇમામ મોહંમદ બાકિર અલયહિસ્સલામથી રિવાયત છે :

إِنَّهَا لَإِحْدَى الْكُبَرِ ﴿٣٥﴾ نَذِيرًا لِّلْبَشَرِ ﴿٣٦﴾

તે ફાતેમા મોટાઓમાં એક છે અને બશરને ડરાવનારી છે. ઇબ્ને અબ્બાસથી રિવાયત નકલ છે. ખુદાએ આ આયત નાઝિલ કરી :

....يَخْرُجُ مِنْهُمَا اللُّؤْلُؤُ وَ الْمَرْجَانُ....

બે મોજા મારતા સમંદર, ખુદાએ કહ્યું કે મેં બે સમંદરોને મોકલ્યા. એક અલી છે જે ઇલ્મનો સમંદર છે. બીજી ફાતેમા છે જે નબુવ્વતનો સમંદર છે. આપસમાં ભેગા હોય છે. સાથે સાથે હોય છે. હું ખુદા છું, એમના વચ્ચે મેં મેળાપ કરાવ્યો છે.

અય જિન અને ઇન્સાનો અલ્લાહતઆલાની કઇ કઇ નેઅમતોનો ઇન્કાર કરશો. અય જિન્નો, અય ઇન્સાનો, તમે કોની વિલાયતનો ઇન્કાર કરશો.

વિલાયતે અલીનો અને જનાબે ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહાની મહબ્બતનો? લૂલૂથી મુરાદ ઇમામ હસન અલયહિસ્સલામ, મરજાનથી મુરાદ ઇમામ હુસૈન અલયહિસ્સલામ છે. લૂલૂ મોટો હોય છે અને મરજાન નાનો હોય છે. આયતે મુબાહેલામાં નિસાઅનાથી મતલબ જનાબે ફાતેમા ઝહરા સલામુલ્લાહ અલયહા છે.

બિહારૂલ અનવારના કર્તા તબરસીથી રિવાયત નકલ કરે છે. સર્વાનુમતે "નિસાઅના" થી મતલબ જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા છે. મેદાને મુબાહેલામાં નસરાનિયોની સામે અલી, ફાતેમા અને હસન, હુસૈન સિવાય કોઇપણ રસૂલુલ્લાહની સાથે નથી ગયું. "અનફોસના" થી

મતલબ હઝરત અલી અમીરૂલ મોઅમેનીન અલયહિસ્સલામ છે જે નફસે પેગંબર છે.

**فَمَنۡ حَآجَّکَ فِیۡہِ مِنۡۢ بَعۡدِ مَا جَآءَکَ مِنَ الۡعِلۡمِ فَقُلۡ تَعَالَوۡا نَدۡعُ اَبۡنَآءَنَا وَ اَبۡنَآءَکُمۡ وَ نِسَآءَنَا وَ نِسَآءَکُمۡ وَ اَنۡفُسَنَا وَ اَنۡفُسَکُمۡ ۟ ثُمَّ نَبۡتَہِلۡ فَنَجۡعَلۡ لَّعۡنَتَ اللّٰہِ عَلَی الۡکٰذِبِیۡنَ ﴿۶۱﴾**

તથાપિ તે (ઇસા) વિષે જે જ્ઞાન તને મળી ચૂક્યું છે તે પછી પણ જે કોઇ તારી સાથે તે (ઇસા)ના સંબંધમાં તકરાર કરે તો તું કહે કે આવો, અમે અમારા પુત્રોને બોલાવીએ અને તમે તમારા પુત્રોને બોલાવો અને અમે અમારી સ્ત્રીઓને બોલાવીએ અને તમે તમારી સ્ત્રીઓને(બોલાવો) અને અમે પોતાના પ્રાણોને બોલાવીએ અને તમે પણ તમારા પ્રાણોને, પછી આપણે(અલ્લાહ પાસે)

કરગરીને દૂઆ કરીએ અને જુઠું બોલનારાઓ પર અલ્લાહની ફિટકાર કરીએ.

**ઝવજા અફીફા(પાકદામન પત્ની) સાલેહા સઆદતે અઝીમા છે**

**કુરૂએ કાફીમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમથી રિવાયત નકલ છે કે ખુદાવંદે આલમ હદીસે કુદસીમાં ઇરશાદ ફરમાવે** છે: જો હું મારા બંદાઓના દરમ્યાન દુનિયા અને આખેરતની ભલાઇને એકત્ર કરૂં તો હું તેમના દીલને ખુશૂઅ(નિર્મળ) કરવાવાળું, જીભને મારી યાદ કરવાવાળી અને તેના શરીરને મુસીબત ઉપર સબર કરવાવાળું અને સાલેહ પત્ની આપું છું. જ્યારે તેની તરફ દૃષ્ટિ કરે તો ખુશ થઇ જાય. જ્યારે તે ઘેરથી બહાર જાય તો તેની પત્ની જાન અને

માલની હિફાઝત કરે. ઇફ્ફત (પવિત્રતા) અને આવડતની દૃષ્ટિએ સ્ત્રીઓના ઘણાં બધા પ્રકારો છે. ઉચ્ચ દરજ્જાની તે બીબીઓ છે જેઓ આલિમા, આરેફા અને અફીફા હોય.

આ ખુશનસીબી એહલેબયતે ઇસ્મત અને તહારતને મળી છે.

હદીસે કુદસી એવી હદીસને કહે છે જે હદીસ વાત-હુકમ-ફરમાન ગમે તે અલ્લાહે રસૂલુલ્લાહને ફરમાવી હોય અને રસૂલે પોતાની મુબારક ઝબાનથી આપણને જણાવી હોય. વાત ખુદાની, ઝબાન રસૂલની. હદીસે કુદસી કુરઆનનો ભાગ નથી.

## ભાગ-૨ : હઝરત અલી અલયહિસ્સલામની કૌટુંબિક, પારિવારિક જિંદગી

અરબના ઇતિહાસકારોમાં આ રિવાજ ન હતો કે જન્મ અને મરણ તથા કૌટુંબિક જિંદગી ઉપર ખાસ કરીને જીવનના અન્ય પાસાઓ ઉપર વાદ-વિવાદ કરે, જેથી કરીને આજદિન સુધી ઇતિહાસમાં ઘણીબધી મુશ્કેલીઓ છે જે હલ થઇ શકી નથી. તેમાંથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની નુબુવ્વતની જાહેરાત પહેલાંની દરરોજની જિંદગી (મોટી મોટી વાતોના હાલાત તો મળે છે. અહીં મિનિટે મિનિટની દરરોજની જિંદગીની વાત છે.) અને બેઅષત પહેલાંની હઝરત અલી અલયહિસ્સલામની જિંદગીના તમામ વાકેઆત નથી મળતા.

જુદી જુદી રિવાયતો પઢ્યા પછી આ પરિણામ ઉપર આવી શકાય છે કે જ્યાં સુધી જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહા જીવતાં રહ્યાં, હઝરત અલી અલયહિસ્સલામે બીજી કોઇ શાદી કરી નથી. એવી જ રીતે પેગંબરે ઇસ્લામે પણ જ્યાં સુધી હઝરત ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હા જીવતાં રહ્યા, બીજી કોઇ શાદી કરી નથી.

પરંતુ ફાતેમા સલામુલ્લાહ અલયહાની રેહલત પછી હઝરત સૈયદહ ફાતેમાની વસીય્યત પ્રમાણે હઝરત અલી અલયહિસ્સલામે અમામા દુખ્તરે ઝયનબ બિન્તે અબીલ આસની સાથે શાદી કરી જે હઝરત હસનૈન અને જનાબ ઝયનબ અને ઉમ્મે કુલ્સૂમની સાથે હદદરજે મોહબ્બત કરતાં હતા. ત્યાર બાદ પણ બીજી આઠ સ્ત્રીઓ સાથે

જનાબ અમીરૂલ મોઅમેનીન અલયહિસ્સલામે નિકાહ કર્યા. જેથી કુલ સંખ્યા દસ થાય છે. રિવાયતોને આધારે આ બધી જ સ્ત્રીઓથી કમસે કમ ૨૭ અને વધારેમાં વધારે ૩૬ સુધી અવલાદ થઇ. ૧૮ પુત્રો અને ૧૮ પુત્રીઓ.

## (૧) હઝરત અલી અલયહિસ્સલામની પત્નીઓના નામ

(૧) હઝરત ફાતેમા ઝહરા દુખ્તરે રસૂલ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ.

(૨) અમામા બિન્તે અબિલ આસ દુખ્તરે ઝયનબ બિન્તે હાલા (લેપાલક હઝરત ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હા)

(૩) ખૂલહ બિન્તે જઅફર બિન કૈસ હનફિયા

(૪) અસમા બિન્તે ઉમૈસ ખસઅમીયા

(૫) હઝરત ઉમ્મુલબનીન બિન્તે હિઝામ ઇબ્ને ખાલિદ કલાબી

(૬) લયલા બિન્તે મસઊદ દારમીયા તમીમીયાહ નેહશલીયા

(૭) ઉમ્મે સઇદ બિન્તે ઉરવહ બિન મસઊદ સકફી (હઝરત ઉમ્મે લયલા માદરે હઝરત અલી અકબરની સગી ફોઇ)

(૮) ઉમ્મે શોએબ મખઝૂમિયા

(૯) મહયાત દુખ્તરે ઇમરાઉલ કૈસ

(૧૦) સહબા(સબીયા) બિન્તે એબાદ બિન રબીયા તગલબીયા (કુન્નીયત : ઉમ્મે હબીબ)

હઝરત ફાતેમા ઝહરા સલામુલ્લાહ અલયહાના નિકાહ ૧લી ઝિલ્હજ્જ હિજરી સન ૨માં થયા.

હઝરત ફાતેમા ઝહરા સલામુલ્લાહ અલયહાની શહાદતના છ મહિના પછી હઝરત અલી અલયહિસ્સલામે અમામા બિન્તે અબિલ આસથી નિકાહ કર્યા. (મનાકિબ ઇબ્ને શહરઆશૂબ) દસ સ્ત્રીઓ કુલ આપની પત્ની બની. (મનાકિબ ઇબ્ને શહરઆશૂબ) હઝરત અલી અલયહિસ્સલામની શહાદત પછી ચાર પત્ની જીવતાં રહ્યાં, તેમણે બીજા નિકાહ કર્યા નથી. હઝરત અલી અલયહિસ્સલામે ફરમાવ્યું : કોઇ પેગંબરે ખુદા અથવા વસીએ રસૂલની પત્નીઓ માટે આ જાઇઝ નથી કે તેમના પછી કોઇ બીજાથી શાદી કરે. (મનાકિબ ઇબ્ને શહરઆશૂબ)

## નંબરવાર નિકાહનું વર્ષ અને વિગત

### (૨) અમામાથી નિકાહનું વર્ષ

હઝરત ફાતેમા ઝહરા સલામુલ્લાહ અલયહાની શહાદતના પછી હઝરત અલી અલયહિસ્સલામે થોડાક મહિના પછી ૧૧ હિજરીમાં અમામા બિન્તે અબિલ આસથી નિકાહ કર્યા. અમામાથી એક ફરઝંદ મોહંમદ અવસત ઇબ્ને અલી પેદા થયા જેઓ કરબલામાં શહીદ થયા.

### (3) ખોલાથી નિકાહનું વર્ષ

૧૨ હિજરીમાં સહાબીએ રસૂલ માલિક બિન નુવૈરહને ખાલિદ બિન વલીદે શહીદ કરી દીધા. વળી નુવૈરહના કબીલાની સ્ત્રીઓને કેદી બનાવીને મદીના લાવ્યો. ખુલા બિન્તે જફર બિન કૈસ હનફિયા પણ કેદ થઇને નબીની કબર ઉપર આવ્યાં. હઝરત

અલી અલયહિસ્સલામે ૧૨ હિજરીમાં ખુલાથી નિકાહ કરી લીધા. જેમનાથી હઝરત મોહંમદ બિન હનફિયાની વિલાદત થઈ. ૧૫ હિજરીમાં મોહંમદ બિન હનફિયા પેદા થયા અને મોહર્રમ ૮૦ હિજરીમાં લગભગ ૬૫ વર્ષની ઉમરે વફાત થઇ.

## (૪) અસમા બિન્તે ઉમૈસથી નિકાહ

હઝરત અસમા બિન્તે ઉમૈસ ૨૨ જમાદિઉલ આખર ૧૩ હિજરીના બીજી વખત વિધવા થયાં. કારણ કે અસ્મા બિન્તે ઉમૈસના બાળકોની પરવરિશ હઝરત અલી અલયહિસ્સલામના ઝિમ્મે હતી. તેથી ઇદ્દત વીતી ગયા પછી લગભગ ૧૪ હિજરીમાં હઝરત અલી અલયહિસ્સલામે અસમા બિન્તે ઉમૈસથી નિકાહ કરી લીધા.

હઝરત અસમા બિન્તે ઉમૈસના બે નાના બાળકો મોહંમદ ઇબ્ને અબુબકર અને બેટી ઉમ્મે કુલસુમની પરવરિશ હઝરત અલી અલયહિસ્સલામના ઘરમાં થઇ હતી.

હઝરત અલી અલયહિસ્સલામને અસમા બિન્તે ઉમૈસથી બે પુત્રો યહ્યા અને ઓન પેદા થયા. યહ્યા તો બાળપણમાં જ ગુજરી ગયા, ઔન બિન અલી ૧૩ શવ્વાલ ૧૫ હિજરીમાં પેદા થયા. ૪૬ વર્ષની ઉંમરમાં કરબલામાં આશૂરાના દિવસે શહાદત થઇ. ૩૮ હિજરીમાં મોહંમદ ઇબ્ને અબુબકર મિસરમાં શહીદ કરી દેવામાં આવ્યા. ઇબ્ને અબુબકરનું માથું ઉમ્મે હબીબા બિન્તે અબુસુફિયાને (રસૂલુલ્લાહની પત્નીએ) તોહફા તરીકે અસમા બિન્તે ઉમૈસને મોકલ્યું. તે વખતે જનાબ અસમા

નમાઝના મુસલ્લા ઉપર હતાં. ખબર સાંભળતાં અસમા બિન્તે ઉમૈસની છાતી ફાટી ગઇ અને લોહી ચાલુ થઇ ગયું. જવાન ફરઝંદની મોતના સદમાથી આપની વફાત થઇ ગઇ.

**(૫) સહબા(ઉમ્મે હબીબ)થી નિકાહ**

સહબા બિન્તે એબાદ બિન રબીયા બિન યહ્યા બિન અલકમા તગલબીયા : સહબા ખાતૂનની કુન્નિયત (વંશાવલી) ઉમ્મે હબીબ યા ઉમ્મે હબીબિયા હતી. હઝરત અલી અલયહિસ્સલામે જંગે યમામા અથવા જંગ ઐનુત્તમરના કેદીઓમાંથી આપને ખરીધ્યાં હતાં. આપ હિજરીસન ૧૨માં એનુત્તમરની જીત પછી હઝરતના નિકાહમાં આવ્યાં. સહબા ખાતૂન ઉર્ફે ઉમ્મે હબીબના પેટથી ઉમૈરૂલ અસગર અને જનાબ રૂકય્યા સાથે પેદા થયાં.

ઉમૈરૂલ અસગરની ૮૫ વરસની ઉમરે વફાત થઇ ત્યારે રૂકય્યા કુબરા હઝરત મુસ્લિમ બિન અકીલની પત્ની હતાં.

(તારીખે કામિલ ઇબ્ને અષીર, તારીખે તબરી અલ્લામા ઇબ્ને જરીર તબરી, તારીખે ઇબ્ને ખલ્દૂન)

## (૬) હઝરત ઉમ્મુલ બનીનની સાથે નિકાહ

જુમાની રાતે, ૧૭ રજબ ૨૧ હિજરીમાં હઝરત અલી અલયહિસ્સલામે હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાથી નિકાહ કર્યા. એક વર્ષ પછી ૪ શાબાન ૨૨ હિજરીમાં હઝરત અબ્બાસ અલયહિસ્સલામની વિલાદત થઇ. કરબલામાં શહાદત વખતે હઝરત અબ્બાસ અલયહિસ્સલામની ઉમર ૩૮ વરસની હતી.

ઘણાં બધા શીયા-સુન્ની ઇતિહાસકારોએ લખ્યું છે કે હઝરત અલી અલયહિસ્સલામની પત્નીઓમાં ૧૦ નિકાહી અને બીજી કનીઝો પણ હતી અને તેમનાથી ૩૬ અલવાદો પેદા થઇ. (મુરૂજુઝ ઝહબ મસઉદી, મુન્તખબ તવારીખ, કામિલ ઇબ્ને અષીર, તારીખ તબરી, વસાઇરે કુતુબુલ અનસાબ)

**ઇબ્ને શહર આશૂબની રિવાયત છે કે હઝરત અલી અલયહિસ્સલામની શહાદત વખતે ચાર બીબીઓ હયાત હતી.**

(૧) ઉમામા બિન્તે અબિલઆસ

(૨) હઝરત ઉમ્મુલ બનીન

(૩) લયલા બિન્તે મસઊદ

(૪) ખુલાઅ બિન્તે જઅફર (હઝરત મોહંમદ હનફિયાના મા). આ ચાર સ્ત્રીઓ હઝરત અલી અલયહિસ્સલામની શહાદત વખતે હયાત હતી.

શેખ શરફુદ્દીન નસ્સાબે લખ્યું છે કે હઝરત અલી અલયહિસ્સલામની અવલાદો એમની હયાતીમાં જ મૃત્યુ પામી અને તેર બાકી રહી પરંતુ માલૂમ પડે છે કે આ ઇતિહાસકારની દૃષ્ટિમાં ફક્ત બેટાઓની જ વાત છે. જે હઝરત અલી અલયહિસ્સલામની શહાદત વખતે હયાત હતા.

મોહંમદ બિન જરીર તબરીએ લખ્યું છે કે હઝરત અલી અલયહિસ્સલામની નવ પત્નીઓ અને અઢાર કનીઝો હતી જેમનાથી ૧૮ દીકરા અને ૧૮ દીકરીઓ પેદા થઇ.

**(૨) હઝરત અલી અલયહિસ્સલામની અવલાદ**

**·જનાબે ફાતેમા ઝહરા સલામુલ્લાહ અલયહાથી પાંચ અવલાદો હતી.**

ઇમામ હસન અલયહિસ્સલામ, ઇમામ હુસૈન અલયહિસ્સલામ, હઝરત ઝયનબ સલામુલ્લાહ અલયહા, ઉમ્મે કુલ્સૂમ સલામુલ્લાહ અલયહા, મોહસિન અલયહિસ્સલામ.

**·જનાબ ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાથી ચાર અવલાદ થઇ.**

હઝરત અબ્બાસે અકબર અલયહિસ્સલામ, હઝરત જઅફર, હઝરત અબ્દુલ્લાહ અને ઇમરાન.

**·લયલાથી બે અવલાદ થઇ.**

મોહંમદ અસગર, ઉબૈદુલ્લાહ.

**·અસમાથી બે અવલાદ થઇ.**

યહ્યા અને ઓન.

**·ઉમ્મે સઇદથી બે અવલાદ થઇ.**

ઉમ્મુલ હસન, રમલહ.

**·સહબા(ઉમ્મે હબીબ)થી બે અવલાદ થઇ.**

રૂકય્યા, ઉમૈર અસગર જે સાથે પેદા થયા હતા.

**·ઉમ્મે વલદથી બે અવલાદ થઇ.**

મોહંમદ, ઇબ્રાહીમ, (નસર બિન મઝાહિમની માન્યતા પ્રમાણે)

**·ઉમ્મે શોઅયબથી બે અવલાદ થઇ.**

ઉપરોક્ત બધી અવલાદની સંખ્યા ૨૪ની થાય છે. આ સિવાયની પણ ૧૨ અવલાદો બીજી ગણવામાં આવે છે જેમના નામો નીચે પ્રમાણે છે.

(૧) નફીસા (૨) ફાતેમા સુગરા (૩) ઉમ્મે હાની (૪) ઉમ્મે કિરામ (૫) જિમાના (૬) ઉમામા

(૭) ઉમ્મે સલમા (૮) મૈમૂના (૯) ખદીજા (૧૦) તકીયા (૧૧) અબ્દુલ્લાહ અવસત (૧૨) મોહંમદ અવસત.

ઉપરોક્ત ૧૨ અવલાદની માઓના નામ માલૂમ નથી. આ વાત પ્રખ્યાત છે કે સાત અવલાદો આપની શહાદત અગાઉ વફાત પામી ગઇ હતી.

હઝરત ઇમામ હસન અલયહિસ્સલામ બધાથી મોટા સાહેબઝાદા છે અને ઉમૈર અસગર સૌથી નાના સાહેબઝાદા છે. પરંતુ તેમણે સૌથી વધુ લાંબી જિંદગી પામી. ૮૫ વર્ષ જીવતા રહ્યા. સહબા તેમની મા સાહેબા હતાં.

સાહબઝાદીઓમાં ફાતેમા સુગરા બિન્તે અલી સૌથી વધારે ઉમર પામ્યાં. અહીં સુધી કે

આપને હઝરત ઇમામ જઅફર સાદિક અલયહિસ્સલામની ઝિયારત નસીબ થઇ.

**(3) હઝરત અલી અલયહિસ્સલામના સાહબઝાદાઓના નામ**

**બેટાઓ મા**

(૧) હઝરત હસન(અલ.) અલ મુજતબા(અલ.)

(૨) હઝરત હુસૈન(અલ.) સૈયદુશ્શોહદા

(૩) હઝરત મોહસિન(અલ.) શહીદ જનાબે ફાતેમા ઝહરા(સલા.)

(૪) હઝરત મોહંમદ હનફિયા જ. ખોલા બિન્તે જઅફર બિન કૈસ

(૫) યહ્યા

(૬) ઓન અસમા બિન્તે અમીસ

(૭) હઝરત અબ્બાસ અલ અકબર કમરે બની હાશિમ(અલ.)

(૮) હઝરત અબ્દુલ્લાહ(અલ.)

(૯) હઝરત ઇમરાન(અલ.)

(૧૦) હઝરત જઅફર(અલ.) જનાબ ઉમ્મુલબનીન(સલા.)

(૧૧) મોહંમદ અસગર

(૧૨) અબ્દુલ્લાહ જનાબ લયલા બિન્તે મસઉદ દારમિયા

(૧૩) ઉમૈર અસગર

(૧૪) અબ્બાસ અસગર જનાબ સહબા તગલબિયા (ઉમ્મે હબીબ)

(૧૫) મોહંમદ અસગર

(૧૬) ઇબ્રાહીમ જનાબ ઉમ્મે વલદ

(૧૭) અબ્દુલ્લાહ અવસત જનાબ ઉમ્મે શોએબ

(૧૮) મોહંમદ અવસત ઉમામા બિન્તે અબિલ આસ

(૧૯) અહમદ મુહય્યાત બિન્તે ઇમરાઉલ કૈસ

રિવાયતોથી માલૂમ પડે છે કે આપના ૧૯ સાહબઝાદામાંથી ૬ સાહબઝાદા તો પોતાના પિદરે બુઝુર્ગવારની હયાતીમાં જ અલ્લાહને પ્યારા થઇ ગયા હતા. જેમના નામો આ પ્રમાણે છે.

(૧) હઝરત મોહસિન (૨) મોહંમદ અસગર ઉમ્મે વલદ (૩) મોહંમદ અસગર લયલાદારમિયાં (૪) ઇબ્રાહીમ ઉમ્મે વલદ (એમનું નામ ઇતિહાસમાં નસર બિન મઝાહિમના સિવાય

કોઇ ઇતિહાસકારે લખ્યું નથી.) (૫) અબ્દુલ્લાહ અવસત (૬) મોહંમદ અવસત.

## હઝરત અલી અલયહિસ્સલામની વંશાવલી પાંચ સાહબઝાદાઓથી ચાલી

(૧) હઝરત ઇમામ હસન અલયહિસ્સલામ

(૨) હઝરત ઇમામ હુસૈન અલયહિસ્સલામ

(૩) હઝરત મોહંમદ હનફિયા અલયહિસ્સલામ

(૪) હઝરત અબ્બાસ અલમદાર અલયહિસ્સલામ

(૫) હઝરત ઉમૈર અસગર (એમનું નામ ઝૈદ બિન અલી પણ લખાયું છે.)

હઝરત અલી અલયહિસ્સલામે, ઇમામ હસન અને ઇમામ હુસૈન અલયહેમુસ્સલામે પોતાના પુત્રોના નામો અબુબકર, ઉમર, ઉસ્માન, મઆવિયા

કદી નથી રાખ્યાં. આ નામો અકીલ, સહલ, અમ્માર, ઝૈદ, સાલિમ, ઇમરાનથી ફેરફાર કરવામાં આવ્યા છે.

*** ઇતિહાસ લખનારાઓમાં એહલેબયતથી લગાવ ન રાખનારા હુકુમતથી વેચાયેલા પણ હોઇ શકે.**

હઝરત ઇમામ હુસૈન અલયહિસ્સલામના સિવાય બીજા ૧૧ સાહબઝાદાઓ કરબલામાં શહીદ થયા. એટલે કે કમરે બની હાશિમ હઝરત અબ્બાસ, હઝરત અબ્દુલ્લાહ, જનાબ ઇમરાન અને જનાબ જઅફર ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાના દીકરાઓ અને ઔન અસમાના દીકરા અને અબ્બાસ અસગર સહબાના દીકરા. આ સિવાય બીજા બેટાઓના નામો આગળ આવશે.

હઝરત અમીરૂલ મોઅમેનીન અલી અલયહિસ્સલામની સાહબઝાદીઓમાં સૌથી અફઝલ હઝરત ઝયનબે કુબરા સલામુલ્લાહ અલયહા અને જનાબ ઉમ્મે કુલ્સુમ સલામુલ્લાહ અલયહા છે.

**(૪) હઝરત અલી અલયહિસ્સલામની સાહબઝાદીઓના નામ**

| સાહિબઝાદીઓ | પતિનું નામ | અવલાદ |
|---|---|---|
| જ. ઝયનબે કુબરા(સલા.) | હ. અબ્દુલ્લાહ બિન જઅફરે તૈયાર રઝિ. | ઓન અને મોહંમદ અબ્દુલ્લાહ અને અબ્બાસ |

| | | |
|---|---|---|
| હ. ઉમ્મે કુલ્સુમ(સલા.) | હ. ઓન બિન જઅફરે તૈયાર રઝિ. | (શહીદે કરબલા)કાસિમ બિન ઓન |
| હ.ફાતેમા બિન્તે અલી(અલ.) | મોહંમદ બિન અબુ સઇદ બિન અકીલ | સઇદ |
| હ. ઝયનબ સુગરા(સલા.) | મોહંમદ બિન અકીલ | અબ્દુર્રેહમાન અને અબ્દુલ્લાહ |
| હ. રૂકય્યા (ઉમ્મે કુલસુમ સુગરા) | હ. મુસ્લિમ બિન અકીલ | અબ્દુલ્લાહ અને મોહંમદ અસગર,મોહંમદ |

| | | |
|---|---|---|
| | | અકબર,ઇબ્રાહીમ |
| ઉમ્મે હાની (ફકીહા) | અબ્દુલ્લાહ અકબર બિન અકીલ | - |
| હ. ઉમ્મે સલમા(એમીના) | હઝરત સલત ઇબ્ને અબ્દુલ્લાહ બિન નૌફલ બિન હારિષ બિન અબ્દુલ મુત્તલિબ | - |
| હ. ઉમ્મે કિરામ(રહમાચા) | - | - |

| | | |
|---|---|---|
| બાળપણમાં મૃત્યુ થયું | | |
| જુમાના (ઉમ્મે જઅફર) બાળપણમાં મૃત્યુ થયું | - | - |
| હ. મૈમૂના | હ. અબ્દુલ્લાહ અસગર બિન અકીલ | અકીલ બિન અબ્દુલ્લાહ બિન અકીલ |
| હ. ખદીજા | હ.અબ્દુર્રેહમાન બિન અકીલ | કાસિમ બિન અબ્દુર્રેહમાન |
| હ. નફીસા (ઉમ્મે કુલસુમ | હ. કસીર બિન અબ્બાસ બિન | - |

| | | |
|---|---|---|
| અવસત) | અબ્દુલ મુત્તલિબ | |
| ઉમ્મુલ હસન | હ. જઅદહ બિન હુબૈરહ (ગવર્નર ખુરાસાન) | અલી બિન જઅદહ |
| રમલા કુબરા | હ. અબુલ હયાઝ બિન અબ્દુલ્લાહ બિન અબીસુફિયાન બિન હારિષ બિન અબ્દુલ મુત્તલિબ | - |
| સકીના | બાળપણમાં મૃત્યુ થયું | - |
| રૂકય્યા સુગરા | બાળપણમાં મૃત્યુ | - |

| | | |
|---|---|---|
| | થયું | |
| તકીય્યાહ | બાળપણમાં મૃત્યુ થયું | - |
| રમલાહ સુગરા | હ. જઅફર બિન અકીલ | - |

હઝરત અલી અલયહિસ્સલામની દીકરીઓની શાદીઓ હઝરત અલીના સગા ભાઇ હઝરત અકીલ અને જઅફરે તૈયારના ફરઝંદોથી થઇ. વળી હઝરત અલી અલયહિસ્સલામના કાકાના દીકરા એવા ભાઇ અબ્દુલ્લાહ ઇબ્ને અબ્બાસ, ઉબૈદુલ્લાહ બિન હારિસ બિન અબ્દુલ મુત્તલિબ, નૌફલ બિન હારિસ બિન અબ્દુલમુત્તલિબના બેટાઓની સાથે થઇ. એક બેટીની શાદી હઝરત

અલી અલયહિસ્સલામના ભાણેજ જઅદહ ઇબ્ને હુબૈરાથી થઇ. તે હઝરત અલી અલયહિસ્સલામની બહેન ઉમ્મે હાનીના ફરઝંદ છે.

બેહારૂલ અનવારમાં છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે અવલાદે અલી અને જઅફર તૈયારના ફરઝંદોની તરફ જોઇને ફરમાવ્યું : "અમારી બેટીઓ અમારા બેટાઓ અને અમારા બેટાઓ અમારી બેટીઓ માટે છે."

આ હદીસની રોશનીમાં અવલાદે ફાતેમા વ અલી અલયહિસ્સલામનું બીજાઓથી નિકાહ કરવું નાજાઇઝ ગણવામાં આવશે.

હઝરત ઉમ્મે કુલસુમની શાદી ખત્તાબના પુત્રથી એક મનઘડત કિસ્સો છે. ખત્તાબનો શજરો

(વંશવેલો) તો ઘણો જ ખરાબ હતો જે ઇતિહાસમાં લખાયેલો છે.

## (૫) હઝરત અલી અલયહિસ્સલામના તે બેટાઓ જે કરબલામાં શહીદ થયા

કરબલામાં હઝરત અલી અલયહિસ્સલામના ૧૨ ફરઝંદો શહીદ થયા. તેઓમાં ચાર તો ઉમ્મુલ બનીન સલામુલ્લાહ અલયહાના સગા પુત્રો હતા.

| નામ | શહાદત વખત ની ઉમર | માનું નામ | ઇતિહાસમાં નોંધ |
|---|---|---|---|
| હ. ઇ. | ૫૭ | જનાબે | મકાતિલ વ |

| હુસૈન અલ. | વર્ષ | ફાતેમા સલા. | તારીખ |
|---|---|---|---|
| હ.અબ્બાસ અલમદાર અલ. | ૩૮ વર્ષ | જનાબે ઉમ્મુલ બનીન સલા. | આશ્યાનુશ્શીયા |
| હ. અબ્દુલ્લાહ રઝિ. | ૩૦ વર્ષ | જનાબે ઉમ્મુલ બનીન સલા. | આશ્યાનુશ્શીયા |
| હ.ઇમરાન રઝિ. | ૨૮ વર્ષ | જનાબે ઉમ્મુલ બનીન | આશ્યાનુશ્શીયા |

| | | | |
|---|---|---|---|
| | | સલા. | |
| હ. જાફર રઝિ. | ૨૬ વર્ષ | જનાબે ઉમ્મુલ બનીન સલા. | આઅ્યાનુશ્શીયા |
| મોહંમદ બિન અલી | - | હઝરત લયલા બિન્તે મસઉદ | બેહારૂલઅનવાર |
| ઉબૈદુલ્લાહ બિન અલી અલ | - | હઝરત લયલા બિન્તે મસઉદ | બેહારૂલઅનવાર |

| | | | |
|---|---|---|---|
| ઇબ્રાહીમ બિન અલી અલ. | - | સેહબા (ઉમ્મે હબીબ) | મકાતિલુત્તાલિબીન |
| અબ્બાસ અસગર | - | સેહબા (ઉમ્મે હબીબ) | તઝકેરતુલ ખવાસ |
| મોહંમદ અવસત બિન અલી અલ. | - | ઉમામા બિન્તે અબિલ આસ | ઝિયારતે નાહિયા |
| ઔન | - | અસમા | - |

| | | | |
|---|---|---|---|
| બિન અલીઅલ. | | બિન્તે ઉમૈસ અબુ મખનફ | |
| ઉમૈર બિન અલીઅલ. | - | સેહબા (ઉમ્મે હબીબ) ઇબ્ને શહરઆશૂબ | - |

## ભાગ-૩ : હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા-ઇતિહાસની રોશનીમાં

આ વાત સર્વમાન્ય છે કે ઉમામા, ખુલા, અસમા બિન્તે ઉમૈસ અને સેહબા (ઉમ્મે હબીબ) આ ચાર સ્ત્રીઓ પછી હઝરત અલી અલયહિસ્સલામે જનાબે ઉમ્મુલ બનીનની સાથે શાદી કરી. આપનું નામ ફાતેમા વહીદીયા કિલાબિયા હતું અને કુન્નીયત(ઉપનામ) ઉમ્મુલબનીન હતી. આપ વહીદ બિન કઅબ અનેમ કિલાબ બિન રબીયાના ખાનદાનથી હતી. જેઓ અરબસ્તાનના પ્રખ્યાત બહાદુરોમાંથી હતા. મોટા ભાગના શીયા અને સુન્ની બંને ઇતિહાસકારોનું વર્ણન છે કે એક દિવસ હઝરત અલી અલયહિસ્સલામે આપના ભાઇ અકીલ જેઓ અરબની વંશાવલીઓથી ઘણાં વાકેફ હતા. વળી

આ બાબતનું ઇલ્મ પણ આપને ખૂબ જ હતું. તેમને બોલાવીને ફરમાવ્યું: ભાઇ, મારા માટે કોઇ એવી પત્ની પસંદ કરો-શોધો જેની કુખે એક બહાદુર અને શૂરવીર ફરઝંદ પેદા થાય. તરત જ હઝરત અકીલે ઉમ્મુલબનીનનું નામ રજૂ કર્યું. સાથે કહ્યું કે યા અમીરલ મોઅમેનીન! સમગ્ર અરબમાં કોઇ વ્યક્તિ પણ એમના બાપ અને દાદાથી વધારે બહાદુર અને ઉદાર નથી. (અલ અસાબા ભાગ-૧ પેજ-૩૭૫, મઆરિફ ઇબ્ને કુતૈબા ભાગ-૩ પેજ ૯૨, આગાની ભાગ ૧૫ પેજ ૫૦)

આ વાત ઐતિહાસિક દૃષ્ટિએ બિલકુલ સત્ય છે કે જનાબ ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાની શાદી ૨૦ હિજરીમાં થઇ. લગભગ બધા જ ઇતિહાસકારોને આ વાત માન્ય છે કે હઝરત

અબ્બાસની ઉમર જંગે સિફ્ફીનના વખતે પંદર કે સત્તર વર્ષની વચ્ચે હતી. અને કરબલાની ઘટના વખતે આપની ઉમર ૩૨ થી ૩૮ સાલની વચ્ચે હતી. હઝરત અબ્બાસનો જન્મ ૨૨ હિજરીમાં થયો.

જંગે સિફ્ફીન હઝરત અલી અલયહિસ્સલામની જાહેરી ખિલાફતના બીજા કે ત્રીજા વરસે થઇ. તે પ્રમાણે ૩૭ કે ૩૮ હિજરી થાય છે. હઝરત અબ્બાસની ઉમર આ જંગ વખતે ઇતિહાસકારોએ ૧૫ થી ૧૭ વરસની વચ્ચે જણાવેલ છે. આ રીતે ગણતરી કરતાં આપની ઉમર આપના વાલિદ મોહતરમની શહાદત વખતે ૧૮ વર્ષની અને કરબલા વખતે ૩૮ વર્ષની થાય છે. અમારી ઉપરોક્ત શોધખોળને અહાદીસ અને રિવાયતોથી પુષ્ઠિ મળે છે.

## (૧) ખાનદાની તરબિયત (શિક્ષણ-પ્રશિક્ષણ)

હઝરત અબ્બાસના વાલિદહ મોહતરમાની તરબિયત ઘણી જ સારી હતી. આપ ઇલ્મ અને અખ્લાકના ગુણોથી ભરપૂર હતાં. મોટાભાગના શીયા આલિમોએ લખ્યું છે કે હઝરત અબ્બાસે પોતાના બુઝુર્ગ પિતાજી હઝરત અમીરૂલ મોઅમેનીન અલી ઇબ્ને અબીતાલિબ અલયહિસ્સલામથી અને ભાઇઓ તથા બહેનો વગેરેથી ઘણાંબધા ઇલ્મો પ્રાપ્ત કર્યા હતા.

બાપ, ભાઇઓ, બહેનો (હઝરત ઝયનબ અને હઝરત ઉમ્મે કુલસુમ) વગેરેનું ઇલ્મ સૂર્યના પ્રકાશની જેમ ઝળહળે છે. પરંતુ આ પણ એક હકીકત છે કે હઝરત અબ્બાસની વાલિદહ મોહતરમા પણ વિશ્વના સર્વશ્રેષ્ઠ બુદ્ધિશાળી અને

બુઝુર્ગની રફીકે હયાત(પત્ની) હતાં અને જ્ઞાન, સદવર્તન અને શિક્ષણ-પ્રશિક્ષણમાં સારી એવી નિપુણતા ધરાવતાં હતાં.

શિમર લઅનતુલ્લાહનો શજરએ ખબીસાથી સંબંધ ધરાવે છે. એ નાલાયક બાપદાદાઓનો નાલાયક પુત્ર-પ્રપૌત્ર હતો. પરંતુ અરબમાં દરેક વ્યક્તિ પોતાનો સંબંધ ઇઝ્ઝતદાર, ઉદાર, પરગજુ અને બહાદુર કબીલાથી જોડવાનું વિચારતો. આ રીતે શિમર લાનતુલ્લાહ પણ જુઠી રીતે અતિ ઇઝ્ઝતદાર બહાદુર અને સખી કબીલા કિલાબ સાથે પોતાની રિશ્તેદારી જોડતો હતો. આ રીતે પોતાની મોટાઇ જાહેર કરતો કારણ કે જનાબ ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાનો સંબંધ કબીલએ કિલાબથી હતો.

હુજ્જતુસ્સઆદહ અને રોઝતુશ્શોહદામાં રિવાયત છે કે ઉબીદુલ્લાહ ઇબ્ને ઝિયાદ જ્યારે શિમરની સાથે મળીને હઝરત ઇમામ હુસૈન અલયહિસ્સલામના કતલનું ષડયંત્ર રચતો હતો ત્યારે આ શજરએ ખબીસાવાળો શિમર પોતાને કબીલા કિલાબમાં ગણતો હતો. જનાબ ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાની સાથે પોતાને એક કબાલાના માનતો હતો. મતલબ આ પ્રકારની રિશ્તેદારી સાબિત કરવી પણ એના ષડયંત્રનો એક ભાગ હતો. જનાબ ઉમ્મુલબનીનના ચાર બેટાઓ જાણે પોતાના ભાણિયા થાય છે અને જાણે ઉમ્મુલબનીન અને પોતે પણ કિલાબ કબીલાના હોવાથી ભાઇ-બહેન ગણાય છે એવો ઢોંગ રચી ઉમ્મુલબનીનના ચારે પુત્રોને અમાન આપવા

તેના તંબુઓની પાછળ ગયો અને સલામતિ આપવાની, અમાન આપવાની, તમોને કંઇ નુકસાન ન પહોંચાડવાની ખબર સંભળાવી. તેના જવાબમાં જનાબ અબ્બાસ અલમદારે ફરમાવ્યું :

"અમને અલ્લાહતઆલાની અમાન ઉમ્મે સુમૈયાની અમાનથી બેહતર છે." (તારીખે તબરી ભાગ-૬, પેજ-૨૩૯)

ઇબ્ને અસીરની રિવાયતમાં છે કે જુરૈર બિન અબ્દુલ્લાહ બિન અબી અલ મખલહ કિલાબીએ જે હઝરત ઉમ્મુલ બનીન સલામુલ્લાહ અલયહાનો દૂરનો ભત્રીજો થતો હતો. જ્યારે તેણે જાણ્યું કે ઉબૈદુલ્લાહ બિન ઝિયાદે અવલાદે પયગંબરને (ઇમામ હુસૈન અલયહિસ્સલામને) કતલ કરી નાખવાનો હુકમ આપી દીધો છે. ત્યારે તે

દરબારમાં હાજર હતો. તેણે જનાબ અબ્બાસ અને તેમના ભાઇઓ માટે અમાનનો પરવાનો લખાવી દીધો. પછી શિમરને આપી દીધો.

શજરો જોતાં જનાબ ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાના ભત્રીજાની સગાઇ સ્પષ્ટ થાય છે.

કિલાબ

જઅફર

માલિક

આમિર

રબીયા

મુખલ્લાહ ખાલિદ

અબ્દુલ્લાહ હુઝ્ઝામ

જુરૈર ઉમ્મુલ બનીન

જનાબ ઉમ્મુલ બનીન સલામુલ્લાહ અલયહાના વાલિદ મોહતરમ હુઝ્ઝામના કાકાનો છોકરો(ભાઇ) અબ્દુલ્લાહ હતો. અબ્દુલ્લાહનો પુત્ર જુરૈર બિન અબ્દુલ્લાહ હતો. એક દૂરની સગાઇના સંબંધથી તે હઝરત ઉમ્મુલ બનીનનો પિતરાઇ ભાઇ થતો હતો.

# ભાગ-૪ : હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાનું નામ અને કુન્નિયત

## (૧) હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાની વિલાદત

હઝરત ફાતેમા દુખ્તરે હુઝ્ઝામ(લકબ) ઉમ્મુલબનીનની વિલાદત હિજરત પછી ૫ હિજરીમાં થઇ. એમની વફાત ૧૩ જમાદિઉલ આખર જુમ્આના દિવસે ૬૪ હિજરીના હઝરત ઇમામ હુસૈન અલયહિસ્સલામની શહાદતના ત્રણ વર્ષ પછી થઇ. જન્નતુલ બકીઅમાં જનાબે ફાતેમા દુખ્તરે રસૂલની બગલમાં આસપાસ આપને દફન કરવામાં આવ્યાં. આપના પતિ જનાબે અલી અલયહિસ્સલામ છે. આપના મુબારક બદનથી ચાર બેટા પેદા થયા. તેમના વિશેની માહિતી અત્રે પ્રસ્તુત છે.

(૧) હઝરત અબ્બાસ-ફરઝંદે મોહતરમ હઝરત અલી બિન અબીતાલિબ અલયહિસ્સલામ. વિલાદત ૪ શાબાન ૨૨ હિજરી. આ પ્રમાણે હિસાબ કરતાં આશૂરાના દિવસે શહાદત સમયે હિજરી ૬૧ માં આપની ઉંમર ૩૮ વરસની થાય છે.

(૨) અબ્દુલ્લાહ ઇબ્ને અલી બિન અબીતાલિબ અલયહિસ્સલામ. કરબલાની ઘટનાના દિવસે-શહાદત સમયે આપની ઉંમર ૩૦ વર્ષની હતી.

(૩) ઇમરાન ઇબ્ને અલી બિન અબીતાલિબ અલયહિસ્સલામ વાકેયએ કરબલા દરમ્યાન શહાદત વખતે આપની ઉંમર ૨૮ વર્ષ હતી.

(૪) જઅફર બિન અલી બિન અબીતાલિબ અલયહિસ્સલામની ઉંમર શહાદત વખત ૨૬ વર્ષની હતી.

## (૨) હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાનું નામ

ઉમ્દતુત્તાલિબમાં આપનું નામ “ફાતેમા” લખાયેલું છે. મિરઝા દબીરે કોઇ મકતલના હવાલાથી આપનું નામ “હમીદા” લખ્યું છે. તારીખે ખમીસે આપનું નામ “વાલિસી” લખ્યું છે. (તારીખે ખમીસ પેજ-૩૧૭)

પરંતુ આપે ઉમ્મુલબનીનના લકબથી એટલી બધી નામના મેળવી લીધી કે ઘણાંખરા ઇતિહાસકારોએ આપનું ખરૂં(અસલ) નામ શોધવાની કોશીશ જ ન કરી. બલકે તેઓ શોધી શક્યા જ નહિ. અને ઘણાંએ તેને શોધવું જરૂરી પણ માન્યું નહિ. જેથી નીચેના ઇતિહાસોમાં આપનું નામ ઉમ્મુલબનીનના જ નામથી આવે છે.

તારીખે કામિલ ભાગ-૩ પેજ-૨૦૦, મુરૂજઝ ઝહબ ભાગ-૩ પેજ-૬૨, અલ ઇમામતો વસ્સિયાસત ભાગ-૨ પેજ-૭, મકતલે ખ્વારઝમી ભાગ-૨ પેજ-૨૯, સબાઇકુઝ ઝહબ પેજ-૭૦, તબરી ભાગ-૬ પેજ-૩૬૯, અલ અખબારૂત્તિવાલ પેજ-૨૬૯.

આ વાત યાદ રાખવામાં આવે કે અરબોમાં તે જમાનામાં સ્ત્રીઓ દરમ્યાન “ફાતેમા” નામ બેહતરીન અને બરકતવાળું સમજવામાં આવતું હતું. આ જ કારણથી પેગંબરે ઇસ્લામ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ ફખરથી ફરમાવતા હતા અનબ્નુલ ફુવાતિમ (ફાતેમા શબ્દનું બહુવચન) હું ફુવાતિમનો બેટો છું. હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાનું નામ ફાતેમા

રાખવામાં આવ્યું. તે સમયમાં ફાતેમા નામની ત્રણ સ્ત્રીઓ હતી.

(૧) ફાતેમા બિન્તે અસદ, હઝરત અલી અલયહિસ્સલામના વાલિદહ. વળી પેગંબર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમનો ઉછેર પણ એમણે કર્યો હોઇ રસૂલુલ્લાહ એમને "મા, મારી મા" કહેતા હતા.

(૨) ફાતેમા દુખ્તરે હમઝા અથવા દુખ્તરે રબીયા.

(3) ફાતેમા ઝહરા સલામુલ્લાહ અલયહા દુખ્તરે હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ. હઝરત અલી અલયહિસ્સલામના ઝવજએ મોહતરમા.

અલ્લામા ફીરોઝાબાદીએ કામૂસ નામી કિતાબમાં ૨૦ની સંખ્યામાં સહાબીયા સ્ત્રીઓનું વર્ણન કર્યું છે. જેમના નામો “ફાતેમા” હતાં.

ઉપરોક્ત સ્ત્રીઓ રસૂલુલ્લાહની હયાતીમાં સહાબીયા સ્ત્રીઓમાં ગણાતી હતી. જંગોના મોકા ઉપર જુદી જુદી જગ્યાઓએ જુદાં જુદાં કાર્યોની સેવા કરવામાં પ્રવૃત રહી છે. તેઓમાંના એક જનાબ ફાતેમા ઉમ્મુલબનીન પણ હતાં. એમને પણ સહાબિયતની ઇઝ્ઝત પ્રાપ્ત હતી. જેથી દૌરે રિસાલતમાં આપ હાજર હતી. વળી કુરઆનના દર્સોમાં પણ આપ શરીક રહી હતી. મતલબ દીનના અહકામથી ખૂબ જ બાખબર હતાં. તેથી જ તો હઝરત અલી અલયહિસ્સલામે આપને પોતાની પત્ની તરીકે પસંદ કર્યાં. બાકી બીજી ઘણી બધી

સ્ત્રીઓ સહાબીયા મોજૂદ હતી. પછી તો તેમની તાલીમો તરબિયાત હઝરત અલી અલયહિસ્સલામના જેવા મદીનતુલ ઇલ્મના ઘરમાં થઇ. જેથી ફાતેમા ઉમ્મુલ બનીનનું દીલ અલ્લાહની મઅરેફતથી રોશન થઇ ગયું. આ જ કારણથી કહેવાય છે કે જે કોઇ માદરે અબ્બાસ અલયહિસ્સલામથી વસીલો પકડે તો તેની હાજત પૂર્ણ થઇને જ રહેશે. તે પોતાના મકસદમાં કામ્યાબ રહેશે, તેની બીમારીઓ દૂર થઇ જશે.

જનાબ ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા માટે હઝરત અલી બિન અબીતાલિબ અલયહિસ્સલામના રફીકે હયાત હોવું અને જનાબ અબ્બાસ અલમદાર અલયહિસ્સલામના મા હોવાની ઇઝ્ઝત અને ફઝીલત જ પૂરતી છે. આવો દિલાવર

ફિદાકાર ફરઝંદ અબ્બાસ જેને બે કપાયેલા હાથોની જગ્યાએ બે પાંખો આપવામાં આવી, જેઓ આખેરતના દિવસે જન્નતના માહોલમાં ફરિશ્તાઓ સાથે ઉડતા હશે. વળી આપના પહેલાંના અને આપના પછીના બધા જ ઇન્સાનો આપનો આ મરતબો જોઇને ઇર્ષા(રશ્ક) કરશે.

ઇતિહાસના અભ્યાસથી માલૂમ પડે છે કે ઉમ્મુલબનીનની કુન્નીયત(ઉપનામ)થી અરબમાં ઘણી બધી સ્ત્રીઓ પ્રખ્યાત હતી. અરબોમાં આ રિવાજ હતો કે જે સ્ત્રીને ૩ પુત્રો પેદા થાય તે સ્ત્રીને ઉમ્મુલબનીનની કુન્નીયતથી પોકારતા હતા. જાહિલીયતના દિવસોમાં (ઇસ્લામ પહેલાં) અને ઇસ્લામ પછી પણ અરબોમાં આ રિવાજ ચાલૂ રહ્યો.

કેટલાક અરબો નેક શગુની માટે બાળકીને આ રીતે આ કુન્નીયતથી પોકારતા કે જેથી તે કોઇ દિવસ અવલાદથી માલામાલ થાય. આ રીતે ઉમ્મુલ ખૈર અને ઉમ્મુલ મુકારેમાની કુન્નીયત પણ રાખતા હતા. જેથી ખૈરોબરકત અને સારા અખ્લાકની માલિક બને.

આ જ કારણથી કેટલાક પુરૂષો અને સ્ત્રીઓના અસલી નામ પર ઉપનામ અથવા ખાસ નામો પ્રભુત્વશાળી બની ગયાં. જેવાં કે ઉમ્મે અયમન, ઉમ્મે સલમા, ઉમ્મે કુલસુમ, અબુલ હસન વગેરે વગેરે.

## (3) હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાની કુન્નીયતની ચારે તરફ ખ્યાતિ

અન્સાબ, વંશાવલીના પુસ્તકો તથા ઐતિહાસિક ગ્રંથોમાં પ્રખ્યાત પુરૂષો અને પ્રખ્યાત સ્ત્રીઓના દાયરામાં તેઓના જીવન ચરિત્રોના અભ્યાસથી આ વાત સ્પષ્ટ થઇ જાય છે કે દરેક જમાનામાં ઉમ્મુલબનીનની કુન્નીયત ધરાવનારી અસંખ્ય સ્ત્રીઓ ગુજરી ચૂકી છે. જેમને ઉમ્મહાતુલ બનીનની અનુક્રમણિકામાં શોધવું જોઇએ. આ માઓમાં સૌથી વધારે પ્રખ્યાત જનાબ ઉમ્મુલબનીન હઝરત અબ્બાસ અલમદારના મા છે.

આપની ઉચ્ચોચ્ચ શરાફત અને ફઝીલતની જો કોઇ સીમા છે તો તે હઝરત અમીરૂલ મોઅમેનીન અલી ઇબ્ને અબીતાલિબ

અલયહિસ્સલામના પત્ની હોવું અને જનાબ અબ્બાસ અલમદારના મા હોવું છે. આ બે આપની ફઝીલત ઉચ્ચોચ્ચ નૂકતા છે. જો ખાનદાની ફઝીલતને ધ્યાન પર લેવામાં આવે તો હઝરત ઉમ્મુલબનીન વાલીદ હુઝ્ઝામ ઇબ્ને ખાલીદ ઇબ્ને રબીયા ઇબ્ને કઅબ ઇબ્ને આમીર અલવહીદ ઇબ્ને કિલાબ છે. અરબોમાં ખાનદાને કિલાબ ઘણું જ પ્રખ્યાત હતું. તે જમાનામાં અરબ કબીલાઓ વચ્ચે બે કબીલાઓનું નામ કિલાબ હતું. આ બંને કબીલા અરબમાં ઘણાં જ પ્રખ્યાત હતા.

(૧) કિલાબ ઇબ્ને રવ્વ ઇબ્ને કઅબ.

(૨) કિલાબ ઉમ્મુલબનીનના દાદા-પરદાદા, ઉમ્મુલ બનીનના મા સુમામા સુહૈલ બિન આમિર ઇબ્ને માલિક ઇબ્ને જઅફર ઇબ્ને કિલાબના પુત્રી હતાં.

ઉમ્મુલબનીનના નાના અરબ કબીલાઓના સરદાર હતા.

ઇતિહાસકારો આ બાબત સર્વસંમત છે કે હઝરત અબ્બાસના માનું નામ ફાતેમા કિલાબિયા હતું અને કુન્નીયત ઉમ્મુલ બનીન હતું. પરંતુ આ બાબતમાં મતભેદ છે કે આપની કુન્નીયત ઉમ્મુલબનીન (પુત્રોની મા) ક્યારથી કહેવાઇ? ઘણાંબધા ઇતિહાસકારોનું વર્ણન છે કે જ્યારે હઝરત અબ્બાસ, અબ્દુલ્લાહ અને જઅફર પેદા થયા ત્યારે આપને આ કુન્નીયતથી પોકારવામાં આવ્યાં. અલ્લામા કન્તૂરી લખે છે કે આ કુન્નીયતથી હઝરત અબ્બાસની વાલિદહને તેમના મા-બાપે તેમને નેક ફાલ નેક નિય્યતથી પોકાર્યા હતાં. તેનો મતલબ આ પણ થઇ શકે છે કે ખુદા તમને અવલાદે

પિસરી(પુત્રોવાળા) બનાવે. મા-બાપનો નેક ફાલ સાચો પડ્યો. ચાર પુત્રો થયા અને ચારેય પોતાના ઇમામ ઉપર ન્યોછાવર થઇ ગયા. અલ્લામા કન્તૂરી લખે છે કે વધારે સાચું તે આ છે કે આપની વાલિદહ લયલા બિન્તે શહીદ (સુમામા ખાતુન) અને બાપ હુઝ઼ઝામ બિન ખાલિદે પ્રથમથી જ આપની કુન્નીયત ઉમ્મુલબનીન નક્કી કરી રાખી હતી. એટલે કે શુગુનના(નેક ફાલ) માટે આપને બેટાઓની મા કહ્યું હતું. આ એક દુઆએ તમન્ના પણ ગણાય કે ખુદા તને ઉમ્મુલબનીન (બેટાઓની મા) બનાવે, તુ અવલાદવાળી થાય.

(કિતાબ અલ્લામા કન્તૂરી પેજ-૪૪૦)

તે સમય કેટલો સુંદર હશે જ્યારે બની હાશિમનો ચાંદ ઊગી નીકળ્યો હશે. જનાબ અબ્બાસ

અલયહિસ્સલામની ઉમર શહાદત વખતે ૩૫ થી ૩૮ ની વચ્ચે હતી. હઝરત ઝયનબ આપથી ૨૭ વર્ષ મોટાં હતાં. હઝરત અબ્બાસ પોતાના વાલિદે ગિરામીની શહાદત વખતે ૧૮ વર્ષના હતા. કરબલામાં ૩૭ વર્ષના હતા, અથવા ૩૮ વર્ષના.

(કમરે બની હાશિમ પેજ-૪૯ અઝ અલ્લામા અબ્બાસ ઇસ્માઇલ યઝવી)

આ રીતે જોતાં આપની વિલાદત ૨૨ હિજરી ગણાશે. મૌલાના અબ્દુર્રઝ્ઝાકે અલ્લામા સૈયદ મોહંમદ અબ્દુલ હુસૈન બિન સૈયદ મોહંમદ અબ્દુલ હાદી અલજઅફરીની કિતાબ અનીસુશ્શીયાના હવાલાથી નકલ કર્યું છે કે હઝરત અબ્બાસની વિલાદતની તારીખ ૪ શાબાન છે.

મૌલાના નજમુલહસન કરારવીએ જુદા જુદા હવાલાઓથી જુદી જુદી તારીખો લખી છે, જેમાં ૭ રજ્જબ પણ છે.

નજફે અશરફવાળાઓ વિલાદતની તારીખ ૪ શાબાનથી મનાવે છે જેથી આ રિવાયત વધુ સાચી હોઇ શકે. આ તારીખમાં એક કુદરતી સંબંધ પણ છે. ૩જી શાબાન ઇમામ હુસૈન અલયહિસ્સલામની વિલાદત થઇ છે તો ઘણું જ શક્ય છે કે ચોથી શાબાને હઝરત અબ્બાસ અલયહિસ્સલામની તારીખે વિલાદત હોય. જેથી કારવાંનો અમીર આગળ આગળ રહે અને કારવાંનો વફાદાર સિપાહી ઐતિહાસિક દૃષ્ટિએ તેમની પાછળ તેમના નકશે કદમ ઉપર ચાલતો રહે.

## (૪) હઝરત ઉમ્મુલબનીનનું નામ ધરાવનારી માઓ

પાછળ આટલી વિસ્તારથી ચર્ચા કર્યા છતાં ઐતિહાસિક પુસ્તકોમાં સાત ઉમ્મુલબનીન નામો જોવામાં આવે છે.

(૧) ઉમ્મુલબનીન-વાલિદએ ગિરામી હઝરત અબ્બાસ.

(૨) ઉમ્મુલબનીન-વાલિદએ ગિરામી ઇમામ રઝા અલયહિસ્સલામ. તેમનું અસલી નામ તકતૂમ (નજમા) હતું. તેમનો પ્રભાવ અને શરાફત, પાકદામની વગેરેના વિષયમાં કિતાબોમાં ઘણીબધી વાતો છે. આપના નામ ઉપર કુન્નીયત ગાલિબ આવવાથી આપને ઉમ્મુલબનીન કહીને જ પોકારવામાં આવતાં હતાં. અલ્લામા મજલિસીએ

બેહારૂલ અનવારની બારમી જિલ્દમાં ઘણું બધું વર્ણન કર્યું છે. આ સિવાય નીચેની કિતાબોમાં પણ આપના વિશે વર્ણનો મળે છે. અલ્લામા તબરસીની આઅ્લામુલ વરા અર્દબીલીની કશફુલ ગુમ્મા અને હુર્રૂલ આમેલીની આઅ્યાન વગેરે.

(૩) ઉમ્મુલબનીન લયલા કિલાબિયા અમ્ર ઇબ્ને આમિર ઇબ્ને ફારસની પુત્રી.

(૪) તે ઉમ્મુલબનીન જે સહબા કિલાબીયાના નામથી પ્રખ્યાત છે તેમનું નામ પણ ફાતેમા હતું. આ જનાબ અકીલ ઇબ્ને અબીતાલિબ અલયહિસ્સલામના પત્ની હતાં. બતલોલ અલકમામાં અલ્લામા મુઝફ્ફરીએ અને તઝકેરતુલ ખવાસમાં ઇબ્ને જવઝીએ આ બાબતનું વર્ણન કર્યું

છે. ઉમ્મુલબનીન કિલાબિયા ઝવજએ અકીલના ચાર પુત્રો હતા.

(૧) અબુ સઇદ મશહૂર નામ મુતકલ્લિમ. આપની શાદી ફાતેમા બિન્તે અલી અલયહિસ્સલામથી થઇ હતી.

(૨) અબ્દુર્રેહમાન બિન અકીલ

(૩) હમઝા બિન અકીલ

(૪) જઅફર બિન અકીલ(હઝરત અલી અલયહિસ્સલામના બેટી ઉમ્મુલ હસનના પતિ)

અબુ સઇદ મુતકલ્લિમ અને જઅફર બિન અકીલ ઇબ્ને અબીતાલિબ હઝરત સૈયદુશ્શોહદા અલયહિસ્સલામની સામે જ કરબલામાં આશૂરાના દિવસે શહીદ થઇ ગયા.

(૫) ઉમ્મુલબનીન આબેદા દુખ્તર મોહંમદ ઇબ્ને અબ્દુલ્લાહ આ ખાતૂન ઘણાં ઇબાદતગુઝાર હતાં. ૧૧ ઝિલકાદના દિવસે એમની વફાત થઇ.

(૬) ઉમ્મુલબનીન બિન્તે માલિક બિન ખાલિદ બિન રબીઅ બિન આમિર બિન સઅસા બિન બકર બિન હવાઝિન (આ પત્ની હતાં હઝરત અકીલના. ઉમ્મુલબનીન સહબા કલાબિયાના નાની હતાં.)

(૭) ઉમ્મુલ બનીન અલ ખનસા. એમનું નામ સૈયદા તમાઝિર ખનસા હતું. તે અમ્ર બિન શુરૈદ સલીમીની પુત્રી હતી. એમની પ્રખ્યાત શાએરોમાં ગણતરી થતી હતી. મઆવિયાની હુકુમતના સમયગાળામાં વફાત થઇ.

## (૫) હઝરત ઉમ્મુલબનીનના લકબો (ઇલકાબ-ઉપનામો)

આપનો એક લકબ “ઉમ્મુલ કરામાત” હતો. આપનો લકબ “બાબુલ હવાઇજ” પણ છે. “ઉમ્મુશ શોહદાએ અરબા” પણ આપને કહેવામાં આવે છે. એટલે કે ચાર શહીદોની મા.

# ભાગ-પ : (૧) હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાનું ખાનદાન

ઇન્સાની જિંદગીની વિશેષતાઓમાં એક નોંધપાત્ર બાબત આ છે કે અલ્લાહ રબ્બુલ ઇઝ્ઝતે ઇન્સાની પ્રકૃતિમાં એવી ઉત્તેજના મૂકી છે કે તે ઇન્સાનની નસ્લ(વંશાવલી) જાણવાની ઉત્કંઠા ધરાવે છે. બલકે પાછલી, ઘણી પાછલી વંશાવલી જાણવાની પણ ઇન્સાનને ઇચ્છા હોય છે.

ઇન્સાનને અવલાદની ઇચ્છા, ભાઇચારો, પોતાની વંશાવલીને માન આપવું, એવો જોશ હોય છે. જે ઇન્સાનને પોતાને સગાઇની ઝંજીરોમાં જકડાયેલ રાખે છે. પ્રાણીઓની નસલમાં હલાલ-હરામ જેવું કંઇ ગણાતું નથી. તેઓના મેળાપમાં,

સમાગમમાં બુદ્ધિ, સમજ અને ડહાપણને સ્થાન નથી. તેથી તેઓને સમાગમ વખતે હુસ્ન, ખૂબસૂરતી કે યુવાની-બુઢાપા જેવી કોઇ પસંદગીને સ્થાન નથી. પ્રાણીઓની જિંદગી રસ્તા ઉપરની રોજી ઉપર આધારિત હોય છે. તેઓને રોઝી કમાવા કોઇ મેહનત કરવી પડતી નથી.

ઇન્સાની જિંદગી એનાથી બિલકુલ અલગ છે. તેઓમાં જોશ છે. સંવેદના પણ છે અને સગાઇ-સંબંધનું ભાન પણ છે. તેઓ નામ, વંશ, નસલ વગેરેને પણ જાણે છે. વળી ઇન્સાન સમાજના બંધનથી પણ બંધાયેલો છે. તે નસલી અસરોથી તેની મજા-લુત્ફ વગેરેથી વાકેફ છે. તેથી દરેક ખૂબસૂરત અને બદસૂરતમાં તેના મૂળિયાં શોધવાનો આદી છે. માટે શજરા અને નસબનું મહત્વ

ઇન્સાનોમાં આદિકાળથી ચાલી આવે છે. ઇન્સાની દિમાગોમાં નસ્લી અસરો એટલી બધી પ્રબળ હતી કે એક જમાનામાં ઇન્સાન જાનવરો સુદ્ધાંનો શજરો નોંધી રાખતો હતો. તેઓ જાણતા હતા કે આ નસલનું જાનવર ઉત્તમ હોય છે અને આ નસલનું જાનવર ઉત્તમ હોતું નથી.

સ્પષ્ટ વાત છે કે જ્યારે પ્રાણીઓના જીવનમાં નસલી અસરો દેખાય છે તો ઇન્સાની જિંદગીમાં તો એની અસરો સૌથી વધુ દેખાતી હોય છે. મૌલાએ કાએનાતે જનાબ અકીલને વાતચીત દરમ્યાન આ જ નસલી અસરાતના મહત્વ તરફ ઇશારો કરતાં ફરમાવ્યું હતું : “હું એક બહાદુર ખાનદાનની સ્ત્રીની સાથે શાદી કરવાનો ઇરાદો ધરાવું છું.” ત્યારે જનાબ અકીલે આપના આ

વિચારને સમર્થન આપ્યું હતું કે અરબમાં ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાના બુઝુર્ગોથી વધારે બહાદુર અને યોદ્ધા લડાકુ કબીલો બીજો કોઇ નથી.

ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા ફાતેમા બિન્તે હુઝ્ઝામ બિન ખાલિદ બિન રબીયા બિન આમીર મઅરૂફ અલ વહીદ બિન કઅબ બિન આમિર બિન કિલાબ બિન રબીયા બિન આમીર બિન સઅસા બિન ઝયદ બિન જઅફર બિન હવાઝીન. જેમનો વડવાઓનો સિલસિલો હુઝ્ઝામથી શરૂ થઇને હવાઝીન સુધી પહોંચે છે. આપના મા પક્ષના સિલસિલા નસબમાં નીચેના નામો આવે છે.

આપની વાલિદહ સમામા બિન્તે સુહૈલ બિન આમીર બિન માલિક બિન જઅફર બિન કિલાબ.

તેમની વાલિદહ... ઉમરહ બિન્તે તુફૈલ(ફારસ કરઝલ) બિન માલિક અલ અખજામ (રઇસ હવાઝિન) બિન જઅફર કિલાબ.

તેમની વાલિદહ... કબશા બિન્તે ઉરવા અલ રિહાલ બિન ઉતબા બિન જઅફર બિન કિલાબ.

તેમની વાલિદહ... ઉમ્મુલ ખશફ બિન્તે અબી અસદ ફારસ અલહરાર (શહસવાર હવાઝિન) બિન અબાદહ બિન અકીલ બિન કિલાબ બિન રબીયા બિન આમિર બિન શઅશઅ.

તેમની વાલિદહ... ફાતેમા બિન્તે જઅફર બિન કિલાબ.

તેમની વાલિદહ... આતેકા બિન્તે અબ્દુશ્શામ્સ બિન અબ્દે મનાફ બિન કુસઇ.

તેમની વાલિદહ... આમેના બિન્તે વહબ બિન ઉમૈર બિન નુસૈર બિન કઇન બિન હરસ બિન સોઅલબા બિન ઝુદાન બિન અસદ બિન ખુઝયમા.

તેમની વાલિદહ... બિન્તે હજદર બિન ઝબીઆ અલ અગર બિન કૈસ બિન શોઅલબા બિન અકાબા ઇબ્ને સઅબ બિન ઝયદ બિન બકર બિન વાઇલ બિન રબીયા બિન નઝાર.

તેમની વાલિદહ... બિન્તે મલિક બિન કૈસ બિન શોઅલબા.

તેમની વાલિદહ... બિન્તે ઝીર્રાસીન ખશીન બિન અબી અસમ બિન સમહ બિન ફઝારાહ.

તેમની વાલિદહ... બિન્તે ઉમૈર બિન હુરમા બિન ઓફ બિન સઅદ બિન ઝબીયાન બિન બગીઝ બિન રેસ બિન ગતફાન.

આપના મોશાળ પક્ષના બુઝુર્ગોમાં આમિર બિન માલિક બિન જઅફર બિન કિલાબ “મલાએબુલ અસના”ના લકબથી મશહૂર હતા. તેમની બહાદુરીની સમાજમાં એવી ધાક બેસી ગઇ હતી કે લોકો એમને “નેઝોંસે ખેલનેવાલા” કહેતા હતા. આપની નાનીના ભાઇ આમીર બિન તુફૈલ બિન માલિક પણ “અશજએ અરબ” હતા. તેઓની બહાદુરીની આ હાલત હતી કે કૈસરે રોમની પાસે જ્યારે પણ કોઇ અરબ આવતો હતો. તેને કૈસર પ્રથમ પ્રશ્ન આ કરતો હતો કે તમારો આમિરની સાથે શું સગાઇ સંબંધ છે?

જો કોઇ જરા જેટલી સગાઇ પણ નીકળી આવે તો કૈસરે રોમ તે અરબની બેહદ ઇઝ્ઝત કરતો હતો.

આપના બુઝુર્ગોમાં એક નામ “ઉરવહ રિહાલનું” પણ આવે છે. તેમને રિહાલ એટલા માટે કહેવાય છે કે ઘણાં ભાગે તેઓની આવનજાવન સુલતાનો અને અમીર ઉમરાવો પાસે થયા કરતી હતી અને બાદશાહો આપની ઘણી ઇઝ્ઝત કરતા હતા.

આ જ બુઝુર્ગોમાં તુફૈલનું નામ પણ છે. જે “મલાએબુલ અસના”ના ભાઇ અને બહાદુર પુરૂષોમાં ગણાતા હતા.

લબીદ શાઇરે આ બુઝુર્ગોની તારીફમાં તે અશઆર કહ્યા જેને સાંભળીને નોઅમાનને ખામોશ

થવું પડ્યું. પછી તો સમગ્ર અરબસ્તાનમાં કોઇને એતેરાઝ કરવાની હિંમત ન થઇ. (મકાતિલુત્તાલિબીન અબુલ ફરજ અસફહાની, નાસેખુત્તવારીખ ભાગ-૩ પેજ-૭૦૩)

હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાના વાલિદ સાહેબનું નામ હિઝ્ઝામ અથવા હુઝ્ઝામ છે. હિઝ્ઝામનો અર્થ ડીક્ષનરીમાં “ચોડે સીનેવાલા” (વિશાળ છાતીવાળો) થાય છે. (મિસ્બાહુલ્લુગાત પેજ-૧૫૦)

હઝરત ઉમ્મુલબનીનના વાલિદ સાહેબનું નામ કોઇક ઇતિહાસકારોએ “સુમામા” લખ્યું છે. ડીક્ષનરીમાં આ શબ્દનો અર્થ ખૂબસૂરત, ખુશ્બોદાર ફૂલ અથવા ખૂબસૂરત ઘાસ થાય છે જે વધારે લાંબી ન હોય.

## (૨) હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાની વાલિદહ સુમામા ખાતુન

હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા પોતાની વાલિદહ સુમામા ખાતૂન અને વાલિદ હુઝ્ઝામ બંને તરફથી શ્રેષ્ઠ વંશાવલીના માલિક હતાં. બંને તરફથી ઉચ્ચોચ્ચ ખાનદાની વ્યક્તિત્ત્વના માલિક હતાં. આપ શુજાઅતમાં (બહાદુરીમાં) પણ અજોડ હતાં. સબર અને શુક્ર વગેરે ગુણો આપના લોહીમાં વણાયેલ હતાં. ઇલ્મ, અખ્લાક, તકવો, પરહેઝગારી વગેરે ગુણો આપની ઇઝ્ઝતમાં ચાર ચાંદ લગાવી દેતા હતાં. શાદી અગાઉથી આપની સમાજમાં ખૂબ જ નામના હતી.

કલબાસી નજફીએ "અલખસાઇસુલ અબ્બાસિયા"માં લખ્યું છે કે ઉમ્મુલબનીન

સલામુલ્લાહ અલયહાની વાલિદહનું નામ સુમામા બિન્તે સુહૈલ બિન આમિર હતું. સુમામા ખાતૂનનું નામ અરબની બુદ્ધિશાળી સ્ત્રીઓમાં પ્રચલિત હતું. સુમામા ખાતૂન અરબમાં શિક્ષિત અને પ્રતિષ્ઠા ધરાવનાર હતાં. ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાને અદબ અને સભ્યતાની તાલીમ માએ જ આપી હતી.

## (3) હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાના બાપ-દાદાઓ જનાબે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની સેવામાં

અબુ બરાઅ આમિર બિન માલિક કિલાબીને જલોદરની બીમારી (જલંદર-પેટમાં પાણી ભરાઇ જવું) થઇ ગઇ હતી. તેણે લબીદ બિન રબીયાને

તોહફા-ભેટ સાથે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની સેવામાં મોકલ્યો. આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે તોહફા કે ભેટો તો કબૂલ ન ફરમાવી પરંતુ જમીન પરથી એક ચપટી માટી ઊઠાવી, તેમાં પોતાનું થુંક મુબારક નાખીને તેને આપ્યું. ફરમાવ્યું : આને પાણીમાં મિલાવીને અબુબરાઅને પીવડાવી દેશો. લબીદ અને અબુ બરાઅને આશ્ચર્ય થયું, પરંતુ પીતાની સાથે જ જલંદરની બીમારી સારી થઇ ગઇ. (ઉમ્મુલબનીન અલયહસ્સલામ - મોહંમદ રઝા અબ્દુલ અમીર અનસારી પેજ-૮૧ હવાલા અલ કુના વ અલકાબ શેખ અબ્બાસ કુમી ભાગ-૧ પેજ-૫૧)

આમિર બિન તુફૈલે એક પ્રતિનિધિ મંડળ સાથે રસૂલુલ્લાહ સલ્લલ્લાહા અલયહે વઆલેહી વસલ્લમની સાથે મુલાકાત કરી. તેમણે કહ્યું હું એક શરત ઉપર ઇસ્લામ સ્વીકારવા તૈયાર છું. જો આપ મને પોતાના પછી ઇસ્લામ અને ઉમ્મતનો અમીર નિયુક્ત કરી આપો.

આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે મુસ્કુરાઇને ફરમાવ્યું: "આ હુકમ મારા ઇખ્તિયારમાં નથી પરંતુ અલ્લાહના ઇખ્તિયારની વાત છે."

(ઉમ્મુલબનીન અલયહસ્સલામ સૈય્યેદતુન નિસાઇલ અરબ, સૈયદ મેહદી, સુવયજુલ ખતીબ પેજ-૭૩)

## (૪) હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાનો કબીલો અને જંગે હુનૈન

હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાનો કબીલો કોઇ જંગમાં ભાગ લેતો હતો તો તેને ફતેહ અને જીતની બાંહેધરી સમજવામાં આવતી હતી. કુદરતની વ્યવસ્થા જુઓ કે હઝરત અબ્બાસનો મોશાળ પક્ષ રસૂલુલ્લાહથી જંગ કરવા નથી આવ્યો. આપણા હઝરત અબ્બાસ અલમદાર અને તેમના વાલિદહ મોહતરમા ઉમ્મુલબનીન માટે ગર્વ અને માનમોભાનું કારણ સાબિત થયું. (હયાતુલ કુલૂબ ભાગ-૨ પેજ-૭૦૬)

જંગે હુનૈનમાં હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાનો કબીલો બની કિલાબ અને બની કઅબ બંને શરીક થયા ન હતા. વરીદ બિન

હશમી જે હશમનો સરદાર હતો તે વૃદ્ધ અને નાબીના (અંધ, નેત્રહીન) થઇ ગયો હતો.

તેણે સાંભળ્યું કે બની કિલાબ હવાઝિનની સાથે જોડાયા નથી તો તેણે કહ્યું :

“ખુશનસીબી અને ફતેહમંદી તે લશ્કરથી દૂર થઇ ગઇ, જો ભલાઇ, સૌભાગ્ય અને સફળતા હોત તો આ બંને કબીલા તેમનાથી અલગ ન રહેતા અને બની હવાઝીન આ જંગ રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની સાથે હારી ગયા.”

(હયાતુલ કુલૂબ પેજ-૭૦૬)

## (૫) હઝરત ઇમામ હુસૈન અલયહિસ્સલામના અનસારમાં ખાનદાને ઉમ્મુલબનીનના માણસો

અનસારે હુસૈનમાં જનાબ શબીબ બિન જરાદ બિન તહયા બિન રબઆ બિન વહીદ જનાબ ઉમ્મુલબનીનના મોશાળ પક્ષથી હતા. (ઉમ્મુલબનીન અલયહસ્સલામ સય્યેદતુન નિસાઇલ અરબ. સૈયદ મેહદી સુવીઝુલ ખતીબ પેજ-૪૬)

## (૬) હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાના વાલિદ હિઝામ કિલાબી

આપના વાલિદ હિઝામ બિન ખાલિદ બિન રબીયા પોતાની કોમના એક સમૂહ સાથે સફરમાં હતા. એક જગ્યાએ રાત રોકાયા. તે રાતના એક ખ્વાબ જોયું કે આપ એક હરિયાળી લીલીછમ જમીન ઉપર બેઠા છે કે એક તરફથી એક પાણીનું

ટીપું હાથ પર પડ્યું અને તે મોતી બની ગયું. આપ તેની સુંદરતા અને ચમકદમક ઉપર આશ્ચર્ય ચકિત થઇ ગયા. એટલામાં એક સવાર આવ્યો, સલામ-કલામ પછી તેણે આ મોતી તરફ ઇશારો કરતાં પૂછ્યું. શું આપ એને વેચી નાખશો? તો હિઝામે કહ્યું કે હું એની કિંમત નથી જાણતો પરંતુ શું આપ તેને ખરીદશો? સવારે કહ્યું : હું પણ એની સાચી કિંમત નથી જાણતો પરંતુ આપથી આ ઇચ્છા રાખું છું કે આપ મોતી તેને હદિયો કરી દો જે એને લાયક હોય, એનો હકદાર હોય. વળી હું આપને ખાતરી આપું છું કે એની પાસે જે છે તે દિરહમ અને દીનાર કરતાં ઘણું ઉચ્ચ છે.

હિઝામ-તે શું વસ્તુ છે જે દિરહમ-દીનારથી ઉચ્ચ છે?

સવાર- હું આપને બાંહેધરી આપું છું કે તેના હકદાર પાસે જે છે આપના માટે એક મરતબો અને ખાસ દરજ્જો છે અને હંમેશા હંમેશ માટે ખાસ ઇઝ્ઝત બુઝુર્ગી જે કદી ખતમ થશે નહિ.

હિઝામ : શું તમે બાંહેધરી આપો છો?

સવાર : ચોક્કસ, હું આ બાબતની બાંહેધરી આપું છું.

હિઝામ : શું આપ આ બાબત જામીન પણ બનો છો?

સવાર : બિલકુલ, પૂરા ઇરાદા સાથે હું તેની જામિનગિરી લઉં છું, જો તમે આ મામલો મને સોંપી દો.

તો હિઝામે આ મામલો તેમને સોંપી દીધો. જ્યારે ઊંઘમાંથી જાગ્યા તો આ સંપૂર્ણ ઘટના

પોતાના સાથીદારોને સંભળાવી. પોતાનું સ્વપ્ન બધાંને કહ્યું. આ બાબત એક બુદ્ધિશાળીએ ખ્વાબનું રહસ્ય જણાવ્યું. જો આપનું ખ્વાબ સાચું છે તો તમારે ત્યાં એક પુત્રી પેદા થશે, વળી વિશ્વની શ્રેષ્ઠતમ ઉચ્ચોચ્ચ વ્યક્તિઓમાંની એક વ્યક્તિ તેનાથી સંબંધ ઇચ્છશે તેના કારણે તમને તે ઇઝ્ઝત પ્રાપ્ત થશે. જે હંમેશાહમેશની હશે. પછી જ્યારે સફરથી પરત ઘેર આવ્યા અને પોતાના ઘેર પુત્રીનો જન્મ થયો તો આપે કહ્યું :

મેં મારા સ્વપ્નને સાચું જોયું. (અલ ખસાઇસુલ અબ્બાસિયા અલહાજ મોહંમદ ઇબ્રાહીમ અલકલબાસી નજફી પેજ-૨૬, ૨૭)

## (૭) હિઝામની જીભથી મૌલાએ કાએનાતની તારીફ

જ્યારે જનાબ અકીલ હિઝામને ત્યાં પોતાના ભાઇ સાથે ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાનો રિશ્તો લઇને આવ્યા તો હિઝામ પોતાની પત્ની પાસે ગયા. પત્નીએ પુછ્યું કોણ છે તે?

હિઝામ : તલવારોને બુઠ્ઠી કરી દેનારા, જ્યાંથી આશ્ચર્યો ફૂટી નીકળે છે એવા પૂર્વ અને પશ્ચિમ એવા સમગ્ર વિશ્વનો એકમાત્ર શ્રેષ્ઠ વ્યક્તિ. ગમે તે પરિસ્થિતિમાં પ્રભુત્વશાળી રહેનારો, અલ્લાહનો સિંહ અલી ઇબ્ને અબીતાલિબ અલયહિસ્સલામનો રિશ્તો આવ્યો છે.

# ભાગ-૬ : હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાની વંશાવલી-શજરહ અને નસબ

## (૧) વંશાવલીની ફઝીલત અને તે વિશેનું જ્ઞાન

વિશ્વની જુદી જુદી કોમોએ જુદા જુદા હુન્નર, કળા, કસબ ઇલ્મ વગેરે ઉપર ફખર કર્યો. કારણ કે તે જમીન ઇલાકામાં તે કોમો પાસે તે પ્રકારનું ઇલ્મ હતું. દૃષ્ટાંતરૂપે રોમવાસીઓ પાસે ઇલ્મે તિબ (ડૉક્ટરીને લાગતું જ્ઞાન) હતું, યુનાનીઓ પાસે હિકમત અને મનતિક (તર્કશાસ્ત્ર)નું જ્ઞાન હતું. તેઓ તેના ઉપર ફખર કરતા હતા. હિંદુસ્તાનવાસીઓ પાસે ભવિષ્ય જાણવા માટે તારાઓની ગતિ જાણવાનું જ્ઞાન (ખગોળવિદ્યા) તથા ગણતરી સંખ્યા અંગેનું જ્ઞાન હતું. ઇરાનવાળા ઇલ્મે અદબ અને અખ્લાકિયાતનું જ્ઞાન ધરાવતા હતા. ચીનવાસીઓ

કળા કામગિરીમાં નિષ્ણાંત હતા. અરબસ્તાનવાસીઓ પાસે વંશાવલીને લગતું ઇલ્મ હતું. આ બાબતને તેઓ પોતાના માટે ફખરનું કારણ સમજતા.

રોમ, યુનાન, ઇરાન, તુર્કી અને હિંદુસ્તાનવાસીઓ પોતાની વંશાવલી સાચવવાથી ટેવાયેલા ન હતા. ન તેઓ એક બીજાના નસબ(વંશ)થી વાકેફ હતા. પરંતુ અરબ પોતાના શજરાઓની હિફાઝત કરતા હતા. અહીં સુધી કે હઝરત આદમ અલયહિસ્સલામ સુધી અરબોમાં પોતાના શજરા સચવાયેલા હતા. વળી આ શજરાઓને પુરી જાંચપડતાલ અને તેહકીક કરીને સાચવતા હતા. સાથે સાથે જેમના શજરા-વંશાવલી ઇઝ્ઝતવાળી અને એહતેરામને લાયક હોય તેવા

લોકોનો પોતે પણ એહતેરામ કરતા. બલકે ઇઝ્ઝતવાળી વંશાવલી ધરાવનારની ઇઝ્ઝત કરવી પોતાની ફરજ સમજતા.

જ્યારે ઇસ્લામ આવ્યો ત્યારે નસબના ઇલ્મની તાકીદ કરવામાં આવી. નસબની પહેચાનની ફઝીલત વર્ણવવામાં આવી. વળી ઇસ્લામે પોતાની શરીઅતમાં પોતાના કેટલાય એહકામાતનો પાયો ઇલ્મુલ અન્સાબ (નસબ કે વંશાવલીનું જ્ઞાન-શજરાની પેહચાન) પર રાખ્યો છે. જો ઇલ્મે અન્સાબ ન હોત તો મિરાસ (વારસાના) અહકામનું કોઇ મહત્વ જ ન હોત. એવી જ રીતે જો નસબની પેહચાન ન હોત તો ખુમ્સ અને ઝકાતના હુકમો ઉપર અમલ કરવો મુશ્કેલ થઇ જાત.

અરબો જ્યારે હજ અને ઉમરહના અરકાન અદા કરીને પરવારી જતા તો અકાઝના બજારમાં પોતપોતાના શજરા અને નસબની ફઝીલતો હાજરજનો વચ્ચે પડી સંભળાવતા. તેઓનું આ રસમને અદા કરવું હજ અને ઉમરહની ઉપર સરસાઇ ધરાવતું હતું, શ્રેષ્ઠ સમજતા.

જ્યારે કુરઆન નાઝિલ થયું તો આયત નાઝિલ થઇ: “પછી જ્યારે તમે હજના અરકાન બજાવી ચૂકો, તો ખુદાનો ઝિક્ર કરો. એવી રીતે જેવી રીતે તમે પોતાના બાપદાદાઓનો ઝિક્ર કરો છો, બલકે તેનાથી વધારે (અલ્લાહને યાદ કરો)”

અહીં ઇસ્લામે નસબની ફઝીલત વર્ણવવાની પ્રચલિત રસમ ઉપર પાબંદી નથી લગાવી. ત્યાં જ તેને પસંદ પણ ફરમાવી કે હાં, આ

સારો રિવાજ છે. પરંતુ આ જ રીતે અલ્લાહને પણ યાદ કરો.

કબીલએ હવાઝિનનું એક પ્રતિનિધિ મંડળ રસૂલે ઇસ્લામ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની સેવામાં આવ્યું. વાતચીત દરમ્યાન આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે પ્રશ્ન કર્યો કે તમે માલને પસંદ કરો છો કે અવલાદને. હવાઝિન વાસીઓએ કહ્યું : યા રસૂલલ્લાહ! જો અમને માલ અને નસબમાં ઇખ્તયાર આપવામાં આવે તો અમે નસબને ઇખ્તયાર કરીશું, પસંદ કરીશું.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે તેઓની આ બાબતને પસંદ કરી. પેગંબરે ઇસ્લામની હદીસ છે :

પોતાના વંશ અને શજરાને ઓળખો અને મઅરેફત હાસિલ કરો જેથી આ રીતે તમે સિલે રહમ કરી શકો. (સગાંવહાલાઓ સાથે મહબ્બત, પ્રેમ અને તેમની મદદ કરી શકો.)

એક બીજી હદીસમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ ફરમાવે છે: પોતાની વંશાવલીની તાલીમ પ્રાપ્ત કરો અને અન્યોને તાલીમ આપો જેથી સિલેરહમી કરી શકો. કારણ કે સિલેરહમી કુટુંબ માટે મહબ્બતનું કારણ છે અને પોતાના માલમાં વધારો, સાથે તમારા લક્ષણ, છાપ તથા સુન્નતની હિફાઝતનો સબબ છે. (અલમશજર અલવાફી ફી સિલસિલતિલ મુસવીયા ભાગ-૧ સૈયદ અલી અબુ સઇદ)

મોહક્કિક * સૈયદ મેહદી રજાઇ કિતાબ શજરતુલ મુબારકા “ફખરૂર રાઝી” ની પ્રસ્તાવનામાં લખે છે કે પરવરદિગારનો ઇરશાદ છે સુરએ નિસાની પ્રથમ આયતમાં:

“અય ઇન્સાનો અલ્લાહનો તકવો ઇખ્તયાર કરો જેણે તમને એક નફસથી પેદા કર્યા અને તેનામાંથી તેની પત્નીને પેદા કરી અને તે બંનેમાંથી ઘણાંબધા પુરૂષો અને સ્ત્રીઓને અને તે અલ્લાહથી ડરો જેના વાસ્તાથી તમે સવાલ કરો છો અને સિલેરહમી કરો.”

આ આયતની તફસીર ઇલ્મે અન્સાબની ઓળખ વગર શક્ય નથી.

આયતે મવદ્દત,

قُلْ لَّآ اَسْـَٔلُكُمْ عَلَيْهِ اَجْرًا اِلَّا الْمَوَدَّةَ فِي الْقُرْبٰى

“અય હબીબ આપ કહી દો કે હું તમારાથી આ તબ્લીગે રિસાલતનો બદલો કોઇ નથી માંગતો પરંતુ ફકત નજીકના સગાંઓની મહબ્બત અજ્રે રિસાલતમાં માંગુ છું.”

ઉપરોક્ત આયતથી સાબિત થાય છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના શજરાની મઅરેફત (ઓળખ મેળવવી) પ્રાપ્ત કરવી વાજીબથી પણ વધુ વાજીબ છે. આ એટલા માટે કે જ્યારે શજરએ રિસાલતની પેહચાન જ નથી તો મોવદ્દત(મહબ્બત) કેવી રીતે કરવામાં આવશે? અને કોની સાથે કરવામાં આવશે? જાણતા

જ નથી કે રસૂલુલ્લાહના કુરબા કોણ છે? અમીરૂલ મોઅમેનીન અલી ઇબ્ને અબીતાલિબ અલયહિસ્સલામ નહજુલ બલાગાહના ૯૩ નંબરના ખુતબામાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની તારીફમાં ફરમાવે છે કે :

"આપનો કબીલો બેહતરીન કબીલો, આપની ઇતરત (અવલાદ) બેહતરીન ઇતરત અને આપનો શજરહ બેહતરીન શજરહ(વંશાવલી). શું તારીફ થાય આપના શજરાની જે હરમની સેહનમાં ઉછર્યો, ફૂલ્યો ફાલ્યો અને અલ્લાહના રહમો કરમની છાયામાં વિકાસ પામ્યો."

ઇબ્ને અબિલ હદીદ મોઅતઝલીએ પોતાની શરહમાં આ ખુત્બા અંગેની જુદી જુદી હદીસો જે પેગંબરે ઇસ્લામે બની હાશિમની શાનમાં ફરમાવી

છે, લખી છે. આ હદીસોમાંથી કેટલીક હદીસો નીચે પ્રમાણે છે :

નીચેની હદીસને ઝખાઇરૂલ ઉકબામાં મોહિબુદ્દીન તબરીએ માતાજી આયશાથી રિવાયત કરી છે. બયહકીએ પોતાની દલાઇલમાં તિબરાનીએ અવસતમાં અને ઇબ્ને હજરે અમાલીમાં આટલા ફરકની સાથે લખ્યું છે કે (આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના બાપ-દાદામાંથી હાશિમથી કોઇને શ્રેષ્ઠ નથી જોયા.)

રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ ફરમાવે છે કે જિબ્રઇલે મને કહ્યું: અય મોહંમદ મેં જમીન ઉપર તમારાથી વધારે માનનીય (આદરણીય) કોઇને નથી જોયા અને ન કોઇ ખાનદાનને તમારા ખાનદાનથી વધુ માનનીય

જોયું, સિવાય બની હાશિમના કે તે પૂર્વ અને પશ્ચિમ સર્વત્ર શ્રેષ્ઠ છે.

ફરમાવ્યું રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે "એહલે મેહશરના સૈયદ અને સરદાર પણ તેઓ જ છે જેઓ દુનિયામાં સૈયદ અને સરદાર છે અને તે હું છું, અલી છે, હસન છે, હુસૈન છે, હમઝા છે અને જઅફર છે."

રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ ફરમાવે છે : હું નબી છું અને તે સાચું છે. અને હું અબ્દુલ મુત્તલિબનો પુત્ર છું. અને આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે જ ફરમાવ્યું છે. હું કરીમ (દયા કરનાર, દયાળું, માફ કરનાર) વ્યક્તિઓની અવલાદ છું. તેમનો બેટો છું મતલબ મારા બાપદાદા પણ કરીમ હતા.

એક હદીસમાં જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું: હદીસે કુદસી છે એટલે કે અલ્લાહ રસૂલને ફરમાવે છે અને આ અલ્લાહના હુકમને રસૂલ પોતાની જીભ મુબારકથી આપણને જણાવે છે.

“અય બની હાશિમ, તમારાથી જે કોઇ કપટ અને કીનો રાખશે હું તેમને જહન્નમના ઊંડાણમાં ઉંધા મોંએ ફેંકી દઇશ.”

રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ ફરમાવે છે : નીચ લોકો છે જેઓ એવું ગુમાન કરે છે કે મારી કરાબત (મારો સગાઇ સંબંધ) ફાયદો નહીં આપે. ચોક્કસ મારી કરાબત ફાયદામંદ છે અને ચોક્કસ મારા એહલેબયતથી (ઘરવાળાઓથી) કોઇ કીનો-કપટ નહીં રાખે પરંતુ

તે રાખશે જેના ઉપર અલ્લાહે જન્નતને હરામ કરી દીધી હતી.

અમોએ વર્ણવેલી ઉપરોક્ત તે હદીસો છે જેને ઇબ્ને અબિલ હદીદે નહજુલ બલાગાહના ૯૩માં ખુત્બાની તફસીર કરતાં વર્ણવી છે.

(જુઓ શરહ ઇબ્ને અબિલ હદીદ ભાગ-૨ પેજ-૧૮૧)

આ જ રીતે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે પોતાની જાતની તરફ ઇશારો કરતાં ફરમાવ્યું :

હું બે ઝબીહોનો પુત્ર છું. (એક ઝબીહ ઇસ્માઇલ બીજા ઝબીહ અબ્દુલ્લાહ)

વળી ફરમાવ્યું : હું આતિકાઓનો બેટો છું. ફાતેમાઓનો બેટો છું.

અને તે બધી જ પાક-પાકીઝા અને સયદાનિયાં હતી. આ આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમને પોતાની વંશાવલી ઉપર ફખર છે, ગર્વ છે. જનાબ હાશિમની માનું નામ મુબારક આતિકા હતું. જનાબ વહબની વાલિદહનું નામ આતીકા હતું. જનાબ અબ્દેમનાફની વાલિદહ આતિકા.

એ જ રીતે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના દાદી એટલે કે જનાબ અબ્દુલ્લાહ અને જનાબ અબુતાલિબની વાલિદહનું નામ ફાતેમા હતું. જનાબ કુસઇની વાલિદહનું નામ ફાતેમા હતું. જનાબ આમેના સલામુલ્લાહ અલયહાની વાલિદહનું નામ પણ ફાતેમા હતું. જનાબ ખદીજા સલામુલ્લાહ અલયહાની વાલિદહનું

નામ પણ ફાતેમા હતું. જનાબ હમઝાની બેટી ફાતેમા હતી. રસૂલે અકરમની બેટી ફાતેમા હતાં. જનાબ અલી ઇબ્ને અબીતાલિબ અલયહિસ્સલામના મા ફાતેમા હતાં. ઇમામ હસન અને ઇમામ હુસૈન અલયહેમુસ્સલામની પુત્રીઓના નામ ફાતેમા હતા અને છેલ્લે સુધી દરેક ઇમામની બેટીઓના નામ ફાતેમા હતાં.

માઓની તરફથી હોય કે બાપોની તરફથી, આ રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમનો શજરો સૌથી ઉચ્ચ અને પાક-પાકીઝા વંશવેલો છે. તેથી જ આપે ફરમાવ્યું :

"દરેક વંશવેલો કિયામતના દિવસે કપાઇ જશે સિવાય મારા વંશના."

વંશ અને શજરાની આ બુલંદી કોઇ ઘરાનાને મળી ન હવે પછી મળશે. જે અલ્લાહે પેગંબરે ઇસ્લામના વંશને આપી છે. રસૂલુલ્લાહના વંશની આ ઇઝ્ઝત અને અઝમત અલ્લાહની દેન છે. આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ ફરમાવે છે :

જેણે અબ્દુલ મુત્તલિબની અવલાદોમાંથી કોઇના પર એહસાન કર્યું અને મેદાને મેહશરના દિવસે તેની પાસે જો જન્નતનો પરવાનો નહીં હોય તો હું તે વ્યક્તિને જન્નતનો પરવાનો આપીશ. (સાહબે વસીલતુન્નજાત ફિરંગીમહલી પેજ-૨૫૫ લખનવ)

આ જ નસબી ઇઝ્ઝત અને એહતેરામના વિષયમાં એક બીજી હદીસ પણ છે :

"જેઓ મારી ઓલાદમાંથી કિયામત સુધી ગુનેહગાર છે તેમની ઇઝ્ઝત મારા કારણે કરો અને જેઓ મુત્તકી છે તેમની ઇઝ્ઝત અલ્લાહના કારણે કરો."

ફક્ત ખાનદાને રસૂલના એહતેરામ અને ઇઝ્ઝત કરવાની વાત નથી બલકે આપણા સામાજિક જીવનમાં પણ અન્ય વ્યક્તિઓ કરતાં બની હાશિમને, સય્યેદોને અગ્રતાક્રમે રાખવા તેમને વધુ મહત્ત્વ આપવું આ પણ હુકમે રસૂલ છે.

મોહિબુદ્દીન તબરીએ ઝખાએરૂલ ઉકબામાં પેજ નં. ૨૫ ઉપર ઝૈદ બિન અસલમથી તેમણે પોતાના બાપથી તેણે ઉમર ઇબ્ને ખત્તાબથી રિવાયત કરી છે કે :

ઇબ્ને ખત્તાબે કહ્યું ઝુબેરને (ઝુબેર બિન અવામને) કે હસન ઇબ્ને અલી બીમાર છે, શું તમે તેમની બીમારપુર્સી કરી? ઝુબેરે બહાનું રજૂ કર્યું ત્યારે ઉમર ઇબ્ને ખત્તાબે કહ્યું કે "બની હાશિમની બીમારપુર્સી ફરજ છે અને ઝિયારત નફીલ એટલે મુસ્તહબ અથવા સુન્નત છે."

કુરઆન મજીદે આલે રસૂલને પછી તેઓ માસુમ હોય કે ગેરમાસૂમ બધાને મુસ્તફા (ચુંટી કાઢેલા, પસંદ કરેલા) કહ્યું છે અને અઇમ્મા અલયહેમુસ્સલામને ખાસ, સૂરએ ફાતિરની આયત ૩૨ ની તફસીરમાં ૩૦ હદીસો અમારા સુધી પહોંચી છે. જેમાં આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું : આ આયતનો સંબંધ સાદાતથી

છે, આલે રસૂલ છે. આયતનો તરજુમો નીચે પ્રમાણે છે.

સૂરએ ફાતિર આયત ૩૨ અલ્લાહતઆલા ફરમાવે છે: "અમે અમારી કિતાબના વારિસ તે બંદાઓને બનાવ્યા છે જેમને અમે મુસ્તફા કર્યા છે. તે(લોકોમાંથી) કેટલાક ઝાલિમ નફસવાળા છે. કેટલાક દરમ્યાની છે અને કેટલાક નેકીઓમાં આગળ વધી જનારા છે. આ અલ્લાહનો ઘણો મોટો ફઝલ છે આ લોકો જન્નતે અદનમાં જશે."

ઇમામ અલયહિસ્સલામે ફરમાવ્યું : ઝાલિમુન નફસ એટલે કે પોતાના નફસો ઉપર ઝુલમ કરનારા હશે એનાથી મતલબ ગુનેહગારો છે. મિયાનારવ-દરમ્યાનીથી મતલબ મુત્તકી લોકો છે. અને સાબિક બિન ખયરાતથી મતલબ અઇમ્મએ

માસૂમીન છે. આ બધા જ અવલાદે રસૂલ અને સાદાત છે.

રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું : “જેણે કિયામત સુધી મારી અવલાદમાથી કોઇ સૈયદના હાથને ચૂમ્યો જાણે એણે મારા હાથને બોસો આપ્યો.”

**(૨) હઝરત અલી અલયહિસ્સલામ અને ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાનો શજરહ**

હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામ, હઝરત ઇસ્માઇલ અલયહિસ્સલામ, કૈદાર, નબત, સલામાન, હમસીઅ, અલયસઅ, ઓદ, અદનાન, મઅદ, નઝ્ઝાર, મુઝર.

**મુઝરના બે પુત્રો**

૧. કૈસ ઇલ્યાસ

| | |
|---|---|
| ૨. ગિલાન | મુદરકા |
| ૩. અકરમા | ખુઝયમા |
| ૪. મન્સુર | કિનાના |
| ૫. હવાઝીન | નઝર |
| ૬. જઅફર | માલિક |
| ૭. ઝૈદ ફહર | |
| ૮. સઅસઅ | ગાલિબ |
| ૯. આમીર | લવી |
| ૧૦. રબીઆ | કઅબ |
| ૧૧. આમિર | અદી |
| ૧૨. કિલાબ | મર્રેહ |
| ૧૩. આમિર | કિલાબ |
| ૧૪. કઅબ | કુસય |

૧૫. આમીર મઅરૂફ બિલવહીદ અબ્દે મનાફ

૧૬. રબીયા હાશિમ

૧૭. ખાલિદ અબ્દુલ મુત્તલિબ

૧૮. હિઝ્ઝામ અબુતાલિબ

૧૯. ઉમ્મુલબનીન (સલા.) અલી (અલ.) હઝરત અબ્બાસ અલમદાર અલયહિસ્સલામ

## (3) હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાનું બાપની તરફથી નસબનામું-વંશાવલી

ઇતિહાસકારોએ ઉમ્મુલબનીન જનાબે ફાતેમા કિલાબિયાનું નસબનામું આ પ્રમાણે વર્ણવ્યું છે.

ફાતેમા બિન્તે હુઝ્ઝામ ઇબ્ને ખાલિદ ઇબ્ને રબીયા બિન આમીર બિલમઅરૂફ બિલવહીદી બિન કઅબ ઇબ્ને આમિર બિન કિલાબ બિન આમીર બિન

રબીયા ઇબ્ને આમિર બિન સઅસઅ બિન ઝૈદ બિન જઅફર બિન હવાઝિન.

(તોહફએ હસનીયા ભાગ-૧ પેજ ૧૭૮ મકતમ અવાલમ પેજ-૯૩ નાસેખુત્તવારીખ ભાગ-૬ પેજ-૨૮૭ ઉમદતુલ મતાલિબ પેજ-૩૩૪ અબસારૂલ ઐન પેજ ૨૬ ઇબ્ને અબિલ હદીદ ભાગ-૧ પેજ-૫૦૬)

**(૪) હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાનું માની તરફથી નસબનામું(વંશાવલી)**

અબસારૂલ ઐનના કર્તા લખે છે કે ઉમ્મુલબનીનના મા સમામા બિન્તે સુહૈલ બિન આમિર બિન માલિક બિન જઅફર બિન કિલાબ હતાં.

અને સમામાની મા ઉમરહ બિન્તે તુફૈલ (ફારસ કરઝલ) ઇબ્ને માલિક અલ અખઝમ બિન જ્ફર ઇબ્ને કિલાબ (રઇસુલ હવાઝિન) હતાં.

અને ઉમરહની મા કબસા બિન્તે ઉરવતુલ રેઝાલ બિન ઉતબા બિન જ્ફર બિન કિલાબ હતાં.

અને કબસાની મા ઉમ્મુલ ખશફ બિન્તે ફારસ હવાઝિન બિન અબાદહ બિન અકીલ બિન કિલાબ બિન રબીયા બિન આમિર બિન સઅસઅ હતાં.

અને ઉમ્મુલ ખશફની મા ફાતેમા બિન્તે જઅફર બિન કિલાબ હતાં.

અને ફાતેમાની મા આતિકા બિન્તે અબ્દુશ્શમ્સ બિન અબ્દે મનાફ ઇબ્ને કુસઇ ઇબ્ને કિલાબ હતાં.

અને આતિકાની મા આમેના બિન્તે વહબ બિન ઉમૈર બિન નુસૈર બિન કઇન બિન હરસ બિન સોઅલબા બિન ઝુદાન બિન અસઅદ બિન ખુઝયમા હતાં.

અને આમેનાની મા દુખ્તર હજદર બિન ઝબીયા અલઅગર બિન કૈસ બિન સોઅલબા બિન અકાશા બિન સઅસા બિન ઝૈદ બિન બકર બિન વાઇલ બિન રબીયા બિન નઝ્ઝાર હતાં.

અને તેમની વાલિદહ દુખ્તરે માલિક બિન કૈસ બિન શોઅલબા હતાં.

અને તેમની મા દુખ્તરે ઝુર્રૈરાસેન ખશીન બિન અબી અસમ ઇબ્ને શમખ બિન ફઝારહ હતાં.

અને તેમની મા દુખ્તરે અમરૂ બિન હરમા બિન ઓફ બિન અસઅદ બિન ઝીબાન બિન બગીઝ

બિન અર્રેસ ઇબ્ને ગતફાન હતાં. (નાસેખુત્તવારીખ ભાગ-૩ પેજ-૭૦૩, પ્રકાશન ઇરાન)

અલ્લામા કન્તૂરી લખે છે કે, ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાનો વંશ ઘણો જ શરીફ, પાક-પાકીઝા, સંસ્કારી હતો. જેથી આપ જેવાં એક શરીફુન્નફ્સ પાક પાકીઝા ખાતૂને જન્મ લીધો.

# ભાગ-૭ : હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા અને હઝરત અલી અલયહિસ્સલામની શાદી

## (૧) હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાનું ખ્વાબ (સ્વપ્ન)

જનાબે ફાતેમા ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા એક દિવસ વહેલી સવારે પોતાની મા સુમામા દુખ્તરે સુહૈલ કિલાબાની સેવામાં હાજર થયાં, અને કહ્યું : મેં આજે રાતે સ્વપ્નમાં એક ખૂબસૂરત જુવાનને જોયો છે. વદલિદહએ કહ્યું: તમારા માટે ભલાઇ થાય, આ એક સારૂં સ્વપ્ન છે. ફાતેમાએ આગળ કહ્યું : મેં તો આ પણ જોયું કે આસમાનથી ચાંદ અને ત્રણ સિતારા મારી ગોદમાં ઊતર્યા છે. મેં તેમને મારી છાતી સાથે લગાવ્યા છે.

જેમનાથી મને ખુશી ઉપજી રહી હતી એટલામાં હું સ્વપ્નમાંથી જાગી ઊઠી તો ગોદમાં કોઇપણ ચીજ ન હતી જેથી હું ગમગીન થઇ ગઇ.

મારી માએ ફરમાવ્યું : મારી સાથે ચાલ, જેથી કોઇ જાણકારથી એની તાબીર(રહસ્ય) જાણી લઇએ. પોતાના જ કબીલાના એક બુઝુર્ગથી પૂછ્યું કે આ ખ્વાબનું રહસ્ય શું છે? તેમણે જવાબ આપ્યો:

“તમારા માટે અને તમારી બેટી માટે ખુશખબરી છે. આ છોકરીની એક ઉચ્ચોચ્ચ અને શરીફ વ્યક્તિ સાથે શાદી થશે. તેનાથી તમારી બેટીને ચાર પુત્રો પેદા થશે, સૌથી મોટો પુત્ર તારા કબીલામાં એવો પ્રતિષ્ઠિત, ગૌરવશીલ અને બધાથી અલગ દેખાતો હશે જેવો કે સિતારાઓની વચ્ચે ચમકનાર કમર(ચંદ્ર) હોય છે. જ્યારે તાબીર

કરનારાઓથી આ ખુશખબરી સાંભળી તો સુમામા કિલાબીએ પોતાની બેટીને ઘ્યાનથી જોઇ ત્યારે ફાતેમાએ શરમાઇને મોં નીચે ઝુકાવી દીધું. પછી પોતાના ઘર તરફ ભાગવા લાગી. જ્યારે મા અને બેટી ઘેર પહોંચ્યા, હજી થોડી વાર થઇ હતી કે દરવાજા ઉપર ટકોરો પડ્યો. જોયું તો જનાબ અકીલ હતા. જેઓ હઝરત અલી અલયહિસ્સલામ તરફથી સગાઇ માટે તશરીફ લાવ્યા હતા.”

જો કે તે વખતે મોટા મોટા ખાનદાન અને કબીલાના સરદારોના ઘરોમાં ઘણી બધી કુંવારી છોકરીઓ સગાઇ માટે લાયક હતી. જેમ કે કબીલએ રબીઅ, બની તમીમ, ગતફાન અને હવાઝિન વગેરે વગેરે. વળી અકીલ સ્વયં અરબી વંશાવલીના

જાણકારોમાં નિષ્ણાંત હતા. તેથી સગાઇ માટે કબીલા બની કિલાબને પસંદ કર્યો.

(હયદર અલ મરજાની)

## (૨) હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાના નિકાહ

અફસોસની વાત છે કે જુના ઇતિહાસકારોએ જેમ બીજા મહત્ત્વના બનાવોને નોંધવાની ઉપેક્ષા કરી છે તેમ આ બનાવને પણ નઝરઅંદાઝ કરી દીધો છે. જો કે આ શાદી વ્યક્તિગત રીતે એટલી મહત્ત્વની હતી કે એની બધી જ પરિસ્થિતિનું વર્ણન કરવામાં આવત. બતાવવામાં આવત કે જનાબ અમીરૂલ મોઅમેનીન અલયહિસ્સલામે એક ખાસ ફરઝંદની તમન્ના માટે આ નિકાહ પઢેલો છે. જેથી તેના બધાં જ પાસાઓનું વર્ણન કરવામાં આવત.

કેટલાક ફારસી ઇતિહાસકારોએ આ ઘટનાના બધા જ પાસા આવરી લેતા સુંદર વર્ણન કર્યું છે. બુદ્ધિશાળી વ્યક્તિ બધી જ પરિસ્થિતિને દૃષ્ટિ સમક્ષ રાખીને ફેસલો કરી શકે છે કે જનાબ અમીરૂલ મોઅમેનીનને આ શાદી માટે શું શું વ્યવસ્થા કરી હશે અને જનાબ ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાની આ પવિત્ર ઘરમાં શું કારકિર્દી હશે. જનાબ ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાએ મૌલાએ કાએનાતના પવિત્ર ઘરમાં કદમ રાખતાં જ ઘરના દરવાજાને ચૂમી લીધો અને શહઝાદાઓને કહ્યું : હું તમારી મા બનીને નથી આવી બલકે એક ખાદિમાની હૈસિયતથી આવી છું.

જનાબે ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાએ હઝરત અલી અલયહિસ્સલામના ઘરમાં

કદમ રાખ્યો તો આપ તાહેરા, સિદ્દીકા, ઝેહરા, માસુમાની અઝમતથી પણ બાખબર હતાં. આપને આ વાતની જાણ હતી કે ફાતેમા ઝેહરા તે જલીલુલકદ્ર ખાતૂનનું નામ છે જેમની શાદીની વ્યવસ્થા ખાલિકે કાએનાત અલ્લાહ રબ્બુલ ઇઝ્ઝતે આસમાનો ઉપર કરી હતી. આ પાક પાકીઝા, માસૂમા, જન્નતની હુરથી શાદી ઇચ્છા કરનારાઓની માંગણીને સરકારે દો આલમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે રદ કરી દીધી હતી. વહીનો ફેંસલો સંભળાવતાં ફરમાવ્યું હતું "કે જો અલી ન હોત તો મારી બેટી ફાતેમાના માટે કોઇ એના દરજ્જાનો પતિ ન હોત." આ પવિત્ર ઘરમાં આવીને જનાબ ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા બખૂબી જાણતાં હતાં કે જનાબે ફાતેમા સલામુલ્લાહ

અલયહાની જેમ અલી અલયહિસ્સલામની એક પત્ની નથી. ન તો મને જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાનો દરજ્જો હાસિલ છે, ન તો મને હઝરત ઇમામ હસન અને હઝરત ઇમામ હુસૈન અલયહેમુસ્સલામની માદર કહેવાનો હક છે. બલકે આપ પોતાને હઝરત અમીરૂલ મોઅમેનીન અલયહિસ્સલામના પવિત્ર ઘરની એક ખાદિમા સમજતાં હતાં.

હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાના પાક અને બુલંદ નફસને હંમેશા આ એહસાસ રહ્યો કે ક્યાં હું અને ક્યાં બયતે ઝહરા સલામુલ્લાહ અલયહા? અલ્લાહે મને તો આ પવિત્ર ઘરમાં રાહે ખુદાનો એક મુજાહિદે ઇસ્લામ પેદા કરવા માટે મોકલી છે.

હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા આ પણ જાણતાં હતાં કે માલિકે કાએનાતે શેહઝાદીએ કૌનૈન જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાને આ ઇઝ્ઝત બક્ષી હતી કે તેમની હયાતીમાં મૌલાએ કાએનાતે બીજા નિકાહ ન કર્યા. આ ઇઝ્ઝત ઇતિહાસમાં ફક્ત બે જ સ્ત્રીઓને પ્રાપ્ત છે. એક તો જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા અને તેમની વાલિદહ જનાબે ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હા. કે રસૂલે ઇસ્લામે પણ જનાબે ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હાની હયાતીમાં નિકાહ ન કર્યા.

સરકારે કાએનાત હઝરત મોહંમદ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમને જનાબે ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હાની હયાતી સુધી

બીજા નિકાહ ન કર્યા અને જનાબ મૌલાએ કાએનાતે સિદ્દીકા, તાહેરા, ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહાની જિંદગી સુધી કોઇ બીજો નિકાહ ન કર્યો. અલ્લાહની મસલેહતો સિવાય આ માટે એક કારણ આ પણ હોઇ શકે કે ઇસ્લામે બીજા નિકાહની છૂટ ઇન્સાફની શરત સાથે આપી છે. કાનૂન છે કે જ્યાં સુધી તમામ પત્નીઓમાં અદાલત અને ઇન્સાફ શક્ય ન હોય, એક નિકાહ પછી બીજો નિકાહ કરવો જાઇઝ નથી.

અદાલતના માટે રિવાયતોમાં ઇશારા મળે છે. જેનાથી માલૂમ પડે છે કે જાહેરી સુલૂકની બરાબરી તો જરૂરી છે. બની શકે ત્યાં સુધી આ કોશિશ પણ કરવામાં આવે કે કલ્બી અભિરૂચિમાં

(હ્દયના વલણમાં) પણ તફાવત ન પડે. નહીં તો ઘરનો માહોલ ત્રાસજનક બની જશે.

ઘણી જ સ્પષ્ટ વાત છે કે જનાબે રસૂલે ઇસ્લામ કોઇ પણ પરિસ્થિતિમાં બીજી કોઇપણ પત્નીને હઝરત ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હાની બરાબર દરજ્જો આપી શકતા ન હતા. ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હા ફક્ત રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના પત્ની જ ન હતા કે તેમને અન્ય પત્નીઓની બરાબરીમાં મૂકી શકાય. જનાબ બીબી ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હાને તો કંઇ બીજી જ વિશેષતાઓ પ્રાપ્ત હતી. તેમની શાદીની એક અલગ જ શાન હતી. જેથી આ વાત નામુમકિન (અશક્ય) હતી કે તેમની સાથે સામાન્ય પત્નીઓ

જેવો સુલૂક કરવામાં આવે. આ અસમાનતાનો ભય મઆઝલ્લાહ (અલ્લાહ માફ કરે) નફસે રસૂલની કમજોરીનું કારણ ન હતો કે તેના મુકાબલામાં ઇસમત(માસુમ હોવાને) લાવવામાં આવે. તેનો પાયો ફઝાએલ અને કમાલાતની વિશેષતા હતી, જેને કદીપણ મિટાવી શકાતી નથી.

સ્વયં પેગંબરે ઇસ્લામે પણ આ નુકતાની તરફ ઇશારો ફરમાવ્યો છે. જ્યારે માતાજી આયશાએ પેગંબરે ઇસ્લામના વારંવાર ઉમ્મુલ મોઅમેનીન ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હાને યાદ કરવા ઉપર ટોક્યા કે તમે એક ઝઇફ સ્ત્રીને યાદ કરો છો? માલિકે આપને તેનાથી બેહતર પત્નીઓ આપેલી છે. ત્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે અત્યંત ગુસ્સે થઇને

ફરમાવ્યું : “અય આયશા! ખામોશ રહે! ખદીજાની બરાબર કોણ હોઇ શકે છે? તે ત્યારે ઇમાન લાવ્યાં જ્યારે કોઇ ઇમાન લાવનારૂં ન હતું. તેમણે ત્યારે મારી તસ્દીક કરી અને પોતાના સંપૂર્ણ માલ વડે મારી મદદ ફરમાવી. જ્યારે મારી પાસે કોઇ સહારો ન હતો. ખદીજાએ પોતાની સંપૂર્ણ દવલત મારા ચરણોમાં ધરી દીધી. તેમના દ્વારા અલ્લાહે મને અવલાદવાળો બનાવ્યો. જ્યારે લોકો મને અબતર(બેઅવલાદ-બેવારિસ) હોવાનો ટોણો મારતા હતા. ખુદાની નજીક ખદીજાની જે ઇઝ્ઝત અને દરજ્જો છે તે બીજી કોઇ ઓરતને પ્રાપ્ત નથી.”

હઝરત ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હા કૌષરની બુનિયાદ છે. હઝરત ખદીજા રઝિયલ્લાહો

તઆલા અન્હા અબતરના મહેણાનો જવાબ છે. હઝરત ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હાના પત્ની બનવામાં કોઇ મસલેહત કે રાજકારણને સ્થાન નથી. ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હાની જિંદગીમાં હિર્સ, લાલચ, લોભને કોઇ સ્થાન નથી. હઝરત ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હાએ તમામ સામાજિક બંધનોને તોડીને અરબની એક ધનાઢ્ય સ્ત્રી હોવા છતાં પેગંબરે ઇસ્લામની સાથે નિકાહ કર્યા. હઝરત ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હાએ મુશરિકોના રસ્મો રિવાજ ઉપર ઘા કરીને પેગંબરના મિશનને આગળ વધાવ્યું. હઝરત ખદીજાએ દવલતને ફઝાએલનો એહતેરામ કરવાનું શીખવ્યું. ખદીજાએ માલ અને ઇલ્મની કદ્રો કિંમતનો તફાવત સમજાવ્યો.

હઝરત ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હા રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની બીબીઓમાંથી કોઇપણ બીબીને આ વિશેષતાઓ પ્રાપ્ત નથી. અલ્લાહે પણ આ ન ઇચ્છ્યું કે હઝરત ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હાની વ્યક્તિગત શખ્સિયત અંગત લાક્ષણિકતાઓ ઉપર કોઇ આંચ આવે. જેથી ત્યાં સુધી પોતાના હબીબને બીજો નિકાહ કરવાની ઇજાઝત ન આપી. જ્યાં સુધી હઝરત ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હાને આ દુનિયામાંથી ઊઠાવી ન લીધાં.

જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાના નિકાહની મસલેહત ખૂબ જ વધારે સ્પષ્ટ છે. જ્યારે કે અલ્લાહ હઝરત ખદીજા જેવાં ગેરમાસૂમા

હસ્તીની સોહબતમાં બીજી ખાતૂનને શરીક નથી બનાવતી, વળી તેમના દરજ્જાનો એહતેરામ ઇચ્છે છે. તેમના મરતબાને સ્પષ્ટ કરે છે તો જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા તો માસૂમા છે. તેમના મુકાબલામાં કોઇ બીજી ખાતૂનના આવવાનો તો પ્રશ્ન જ પેદા થતો નથી.

આ વિશ્વનો પ્રથમ અને છેલ્લો નિકાહ છે જે આ પ્રકારનો છે. જેની શાન જ નિરાલી છે. નહીં તો બીજા દરેક નિકાહોમાં એક પક્ષ માસૂમ હોય છે. બીજા પક્ષને દરજએ માસૂમીન હાસિલ થયું નથી હોતું. આ ફક્ત ઝેહરા સલામુલ્લાહ અલયહા અને અલી અલયહિસ્સલામની વિશેષતા છે કે પતિ પણ માસૂમ છે અને પત્ની પણ માસૂમ છે. શાયદ આ જ કારણ છે કે વિશ્વના બધા જ નિકાહ જમીન ઉપર

થયા છે પરંતુ ઝેહરા સલામુલ્લાહ અલયહાના નિકાહ અર્શે અઝીમ ઉપર કરવામાં આવ્યા. ગેરમાસૂમના નિકાહ જમીન ઉપર થશે. જ્યારે બંને પતિ-પત્ની માસૂમ હશે તો નિકાહની વ્યવસ્થા પણ વિશ્વના માલિક તરફથી કરવામાં આવશે.

આ બધી જ પરિસ્થિતિને દૃષ્ટિ સમક્ષ રાખીને જનાબે ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાના માટે આ વિચારી પણ નથી શકાતું કે તે પોતાને પત્ની તરીકે જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા દુખ્તરે રસૂલના સમકક્ષ માને, બલકે તેઓ તો એમ કહેતાં હતાં કે હું એક કનીઝની હૈસિયતથી ખાનએ દુખ્તરે રસૂલમાં આવી છું. જનાબ ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા ઇલ્મ, ડહાપણ, વિવેક અને અખ્લાકની એક ઉચ્ચ મંઝિલ

પર હતાં. તેમણે સ્પષ્ટ કરી દીધું કે જનાબ ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહાના ઘરની હું એક કનીઝ છું. આ નિકાહ એક મહત્વના કાર્ય માટે થયા હતા. જેથી આ નિકાહનો જેટલો એહતેરામ કરવામાં આવે તે કમ છે. કરબલામાં એમના ચાર પુત્રોની શહાદત આ વાતને સાચી ઠેરવે છે. હકીકતની એક વર્ણનશક્તિ હોય છે. સત્ય તરી જ આવે છે.

(કમરે બની હાશિમ અઝ અલ્લામા સૈયદ ઝીશાનહૈદર જવાદી)

## (3) બિન્તે રસૂલના પછી હઝરત અલી અલયહિસ્સલામના નિકાહ

ઉમામા પછી ખુલા બિન્તે જઅફર પછી અસમા બિન્તે ઉમૈસ અને એક રિવાયત અનુસાર ઉમ્મે હબીબ બિન્તે અબાદ બિન રબીયા બિન યહ્યા

બિન અલકમા તગલબીયાથી જંગે યમામા અથવા અયનુત્તમરના પછી નિકાહ થયા. આ બીબી ઉમૈર અસગર અને રૂકય્યા બિન્તે અલીની વાલિદહ છે. હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાથી હઝરત અલી અલયહિસ્સલામના પાંચમાં કે છઠ્ઠા નિકાહ હતા.

## (૪) અકીલ ઇબ્ને અબી તાલિબથી હઝરત અલી અલયહિસ્સલામની ફરમાઇશ

હઝરત અલી અલયહિસ્સલામે અકીલને ફરમાવ્યું : મારા માટે એક એવી ઓરતની શોધ કરો જે ખાનદાની ઘરાનાથી હોય અને તે ઘરાનાની વ્યક્તિઓ બહાદુર અને શૂરવીર હોય. જેથી મને અલ્લાહતઆલા તરફથી એક બહાદુર અને શૂરવીર ફરઝંદ મળે.

આ વાતમાં શક નથી કે જનાબ અકીલ તે જમાનામાં “અનસાબે અરબ”ના (અરબોમાં નસબ જાણવામાં નિષ્ણાંત હતા) તમામ પરિસ્થિતિઓથી બાખબર હતા. સગાઇની શોધ કરવા માટે જનાબ અકીલ જેવી લાક્ષણિક વ્યક્તિને પસંદ કરવું એક શાણપણ ભર્યું કામ હતું. તેમાં બે પ્રકારની ફૂટનીતિ શામેલ હતી :

(૧) હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાની ફઝીલત પ્રદર્શિત થાય.

(૨) લોકોને આ વાત જણાવવા માટે કે સગાઇ સંબંધની પસંદગી સાલેહા સ્ત્રી અને સાલેહ પુરૂષ હોય છે. ઇતિહાસના અભ્યાસીઓ જાણે છે કે હઝરત ઝકરિયા અલયહિસ્સલામની દુઆ અને તમન્નાથી હઝરત યહ્યા અલયહિસ્સલામ પેદા થયા.

(કુરઆનમજીદ સૂરએ મરિયમ) હઝરત ફાતેમા બિન્તે અસદે અલ્લાહથી નેક અને બહાદુર ફરઝંદની માંગણી કરી હતી. અલ્લાહે આપને અલી અલયહિસ્સલામ જેવા ઇમામ ફરઝંદ તરીકે આપ્યા. આ જ રીતે હઝરત અલી અલયહિસ્સલામની દુઆ અને તમન્ના ઉપર અલમદારે કરબલા હઝરત અબ્બાસ અલયહિસ્સલામ પેદા થયા.

## (૫) હઝરત અલી અલયહિસ્સલામ અને જનાબ અકીલની વચ્ચે થયેલી વાતચીત

આ વાત સ્પષ્ટ છે કે ફરઝંદે રસૂલુસ્સકલૈન ઇમામ હુસૈન અલયહિસ્સલામ ઉપર પેશ આવનાર મુસીબત કરબલાથી હઝરત અલી અલયહિસ્સલામ બખૂબી વાકેફ હતા. વળી આપ આ પણ જાણતા હતા કે આ નાજુક સમયમાં હું હાજર હોઇશ નહિ,

જેથી હું પોતાના નૂરેનઝરની મદદ કરી શકું. આપને આ મુસીબતના મોકા પર પ્રત્યક્ષ હાજર ન હોવાનો રંજ થતો હતો. આ ફિકરમાં હતા કે દીલના ઊંડાણમાંથી એક જોશ અને તમન્ના પેદા થઇ. મોંથી શબ્દો સરી પડ્યા અય કાશ!કે મારી કોઇ એવી અવલાદ હોત જે હુસૈનની મુસીબતના વખતે કામ આવત.

દીલમાં તમન્નાનું પેદા થવું હતું કે આપે પોતાના ભાઇ અકીલને બોલાવ્યા. પછી તેમને કહ્યું અય ભાઇ મને કરબલાની ઘટનાની પુરી ખબર છે, મારૂં દીલ બેચેન છે. હું ઇચ્છું છું કે આપ અરબની એક એવી સ્ત્રીની શોધ કરો જે બહાદુરોની નસલથી હોય. જેથી હું તેની સાથે નિકાહ કરૂં અને તેના પેટથી એવો બહાદુર છોકરો પેદા થાય જે

કરબલામાં મારા ફરઝંદ હુસૈનની પોતાની જાનની પરવા કર્યા વગર મદદ કરે.

(કિતાબ બાબુલ અબ્બાસ પ્રકાશન ઇરાન, અસરારૂશ શહાદત પેજ-૩૧૯ પ્રકાશન ઇરાન હિ.સ. ૧૨૭૯, નાસેખુત્તવારીખ ભાગ-૩ પેજ-૫૩)

હઝરત અકીલ જે અરબની વંશાવલીના જાણકાર હતા. બલકે આ કદમમાં નિષ્ણાંત ગણાતા હતા. હઝરત અલી અલયહિસ્સલામના પ્રશ્નનો ઉત્તર આપતાં બોલ્યા: અય અલી આપ ઉમ્મુલબનીન કિલાબીયાની સાથે નિકાહ કરો. એટલા માટે કે તેના બાપદાદાઓથી વધારે બહાદુર કોઇ નથી.

## (૬) હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાની માંગણી માટે જનાબ અકીલનું જવું

હઝરત અકીલે અલી અલયહિસ્સલામને ઉમ્મુલબનીનની તારીફ કર્યા પછી કહ્યું : જો આપ રજા આપો તો હું વાત લઇને તેમના ઘેર જાઉં. હઝરત અલી અલયહિસ્સલામે હઝરત અકીલને વકીલ બનાવીને ઘણી વધારે મહેર અપીને કબીલા કિલાબની તરફ રવાના કર્યા. હઝરત અકીલ હુઝ્ઝામના ઘેર પહોંચી ગયા. તે લોકોએ આપને મિટિંગમાં પ્રમુખની જેમ આવકાર્યા. મહેમાનગિરીની રસમો અદા કર્યા પછી ઉમ્મુલબનીનના પિતાજી હિઝ્ઝામથી ઉમ્મુલબનીનની સગાઇ અંગે પ્રસ્તાવ મૂક્યો. હિઝ્ઝામે પૂછ્યું : કોના માટે મારા જિગરના ટુકડાને ઇચ્છો છો. ફરમાવ્યું:

હું હઝરત અલી અલયહિસ્સલામ બિરાદરે હઝરત મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ, તાજદારે અમીરૂલ મોઅમેનીન તરફથી વાત લઇને આવ્યો છું. આ સાંભળીને હિઝ્ઝામ ખુશીમાં ઝૂમી ઊઠ્યા. તરત જ ઘરમાં દાખલ થયા, બોલ્યાં, હું હમણાં આવું છું.

## (૭) હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા અને હિઝ્ઝામ વચ્ચે થયેલી વાતચીત

હિઝ્ઝામે ઘરમાં જઇને ઉમ્મુલબનીનને કહ્યું: અકીલ બિન અબીતાલિબ આવ્યા છે અને અલી બિન અબીતાલિબ તારાથી શાદી કરવાની ઇચ્છા ધરાવે છે. બેટી! તારો શું ઇરાદો છે? ઉમ્મુલબનીને જ્યારે આ સાંભળ્યું, ઘણાં જ ખુશ થયા અને કહ્યું: બાબાજાન! આપને ઇખ્તયાર છે.

અલબત્ત આ વિનંતી કરૂં છું કે મારા દીલમાં પહેલેથી જ તમન્ના હતી કે મારો પતિ એવા અજોડ, અદ્વિત્તીય, બેનમૂન બહાદુર નિડર યોદ્ધો અને ઉચ્ચોચ્ચ ઇલ્મવાળો હોય કે જેના જેવો બીજો કોઇ હોય જ નહિ. હું ખુશનસીબ છું કે મારી દીલી મુરાદ પૂર્ણ થવાના સંજોગો પેદા થયા છે. હું ઘણી જ ખુશ છું, ઇખ્તયાર આપના હાથોમાં છે.

હિઝ્ઝામ ઘરમાંથી બહાર આવ્યા. હઝરત અકીલે પૂછ્યું: હિઝ્ઝામ શું કહો છો? ઉત્તર આપ્યો, હું આપ ઉપર કુરબાન છું કે આપ વચ્ચે રહીને વસીલો બન્યા. કહેવાનું શું હોય, અલીથી સગાઇ સંબંધ કાયમ થવો અમારા માટે ઘણી મોટી ખુશનસીબી ગણાશે. બલકે આ સગાઇથી હઝરત અલીને કોઇ સન્માન નથી મળવાનું બલકે સન્માન

અને ઇઝ્ઝત તો અમારા માટે છે. ખુશકિસ્મતી તો અમારી છે. અકીલ! જ્યારે પણ તમે દિવસ અને તારીખ પસંદ કરો, મારા જિગરના ટુકડાને હઝરત અલી અલયહિસ્સલામની સેવામાં સોંપી દો.

જનાબ અકીલે ઘરે આવીને બધી પરિસ્થિતિ અને વાતચીત હઝરત અલી અલયહિસ્સલામને વર્ણવી. હઝરત અલી અલયહિસ્સલામે ખુશી વ્યક્ત કરતાં ફરમાવ્યું : અલ્હમ્દોલિલ્લાહ, અલ્હમ્દોલિલ્લાહ, સુબ્હાનલ્લાહ, સુબ્હાનલ્લાહ પછી ઉમ્મુલબનીનની સાથે નિકાહ પઢી લીધો. રસમો રિવાજ પ્રમાણે આપના ઘેરથી બે-ચાર સ્ત્રીઓને હિઝ્ઝામના ઘેર મોકલવામાં આવી, જેથી તેઓ ઉમ્મુલબનીનને લઇને આવે.

.

**(૮) જનાબ ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા હઝરત અલી અલયહિસ્સલામના ઘરે આવ્યાં**

સ્ત્રીઓ ગઇ અને જનાબ ઉમ્મુલબનીનને શણગાર સમજાવી, તૈયાર કરી લઇ આવી. હઝરત અલી અલયહિસ્સલામની ખિદમતમાં પેશ કર્યા. ઉમ્મુલબનીન કહે છે કે હું સમગ્ર દુનિયાની સ્ત્રીઓ ઉપર આ બાબત ફખર કરતી હતી કે હું જનાબ ફાતેમા ઝેહરા, દુખ્તરે રસૂલની કનીઝ છું અને તાજદારે આલમની પત્ની છું.

**(૯) નિકાહનો ખુત્બો**

અમીરૂલ મોઅમેનીનની તરફથી ખુત્બએ અકદ જનાબ અકીલ પઢ્યા.

**ખુત્બએ અકદનો તરજુમો :**

તમામ હમ્દ અને તારીફ પરવરદિગારે આલમના માટે અને દુરૂદ તેના રસૂલ અને તેમની એહલેબયતે અતહાર પર. અય બની કિલાબ અને અય બની આમીર બિન સઅસા અલ્લાહે યકીનન આપણા ઉપર એહસાન કર્યું. આપણામાંથી જ હઝરત મોહંમદ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમને રસૂલ બનાવીને મોકલ્યા. તેઓ આપણી પાસે આવ્યા અલ્લાહના મજબૂત અને સાચા દીનની સાથે જેને અલ્લાહે આપણા માટે પસંદ કર્યો છે. ત્યારે તો આમ ફરમાવ્યું કે "અલ્લાહની પાસે દીન ફક્ત ઇસ્લામ છે." (અલ કુરઆન) અને આ પણ કે "જે ઇસ્લામ સિવાય કોઇ બીજો દીન લઇને આવશે તેને કબૂલ કરવામાં આવશે નહિ. અને તે છેવટે

નુકસાન ઉઠાવનારાઓમાંથી હશે.” (અલ કુરઆન). તેમણે આપણને કીનો-કપટથી પાક રહેવાનો હુકમ આપ્યો. વળી એકબીજા સાથે મહબ્બતભરી પેહચાન અને સિલેરહમી અમારી ઉપર વાજિબ ઠેરવી. પછી ફરમાવ્યું : “અય ઇન્સાનો! ચોક્કસ અમે તમને એક પુરૂષ અને એક સ્ત્રી વડે પેદા કર્યા પછી તમારા માટે કોમ અને કબીલા બનાવ્યા. જેથી તમે એક બીજાને ઓળખી શકો. ચોક્કસ અલ્લાહની સમક્ષ તે તેટલો જ મુકર્રમ (ઇઝ્ઝતવાળો) છે જે જેટલો વધારે તકવાવાળો છે. ચોક્કસ અલ્લાહ ખૂબ જાણવાવાળો અને ખબર રાખવાવાળો છે. (અલ કુરઆન) અને ઝિનાને અમારા ઉપર હરામ કર્યો છે અમારા માટે નિકાહને હલાલ કર્યા છે. ત્યારે તો ફરમાવ્યું કે અલ્લાહની નિશાનીઓમાંથી આ છે કે

તેણે તમારામાંથી જ તમારા જોડાં બનાવ્યા. જેથી તમને એમાં સંતોષ પ્રાપ્ત થાય. વળી તમારી વચ્ચે મહબ્બત અને રહમત કાયમ કરી. ચોક્કસ એમાં ચિંતન-મનન કરવાવાળી કોમના માટે ઘણી નિશાનીઓ છે. (અલકુરઆન) અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું : નિકાહ કરો અને નસલ વધારો. ચોક્કસ હું બીજી ઉમ્મતો ઉપર આ બાબત ફખર કરીશ (હદીસ) અને આ અલી ઇબ્ને અબીતાલિબ બિન અબ્દુલ મુત્તલિબ બિન હાશિમ અલ્લાહના રસૂલ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના વસી અને તમારા નબીના ચચાઝાદ ભાઇ છે, ઇમામ છે, મોઅમેનીનના અમીર છે. ચોક્કસ તમારા માટે આ બેહતરીન સધિયારો છે.

તેમણે તમારી સાથે નિકાહ માટે ઇચ્છા વ્યક્ત કરી છે.

તમારામાંથી કરીમાબીબી ફાતેમા ઉમ્મુલબનીન બિન્તે હિઝ્ઝામ બિન ખાલિદ બિન રબીયાના માટે કિતાબે ઇલાહી અને સુન્નતે રસૂલ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ પર અલ્લાહ ફરમાવે છે. તે જમીન અને આસમાનોનો પેદા કરનારો છે. તેણે તમારા માટે તમારામાંથી જોડાં બનાવ્યાં અને પ્રાણીઓમાં પણ જોડાં બનાવ્યાં. વળી તેનાથી તમારી વંશમાં વધારો થાય છે.

“કોઇ શય અલ્લાહના જેવી નથી અને તે ખૂબ સંભાળે છે. શું બેહતરીન રક્ષણહાર છે.” (અલકુરઆન)

(ખસાઇસે અબ્બાસિયા, મોહંમદ ઇબ્રાહીમ અલકલબાસી નજફ પેજ-૩૪, ૩૫)

## (૧૦) હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા અમીરૂલ મોઅમેનીનના ઘેર આવ્યાં તો થોડા કલિમાત અદા કર્યા

જનાબ ઉમ્મુલબનીનને વળાવીને સાસરે લાવવામાં આવ્યાં. મકાનના મુખ્ય દરવાજા ઉપર જ્યાં લગભગ બધા જ બની હાશિમ મોજૂદ હતા, ફરમાવ્યું : મને રોકાવા દો, અહીં સુધી હું મારા સૈયદ અને સરદાર અમીરૂલ મોઅમેનીનના ઘરમાં અને મારી અગાઉ સૈયદા ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહાના ઘરમાં દાખલ થતાં અગાઉ રજા લઇ લઉં, અમારા શેહઝાદા હસન અને હુસૈન

અલયહેમુસ્સલામ અને શેહઝાદીઓ ઝયનબ અને ઉમ્મે કુલસુમ અલયહેમસ્સલામથી.

પછી આપ ઘરમાં દાખલ થયાં. શેહઝાદીઓ અને શેહઝાદીઓની નજીક જઇને ફરમાવ્યું : અય સરદારો, અય મોહંમદ મુસ્તફાના ખાનાદારો, અય ફાતેમા ઝેહરાના જિગરના ટુકડાઓ, હું તમારા ઘરમાં તમારી ખાદિમા બનીને આવી છું. શું તમે મને તમારી ખાદિમાની હૈસિયતથી કબૂલ કરો છો?

પછી શેહઝાદીઓ અને શેહજાદીઓએ આપને ખુશઆમદીદ કહ્યું : આપનું ભાવભીનું સ્વાગત કર્યું. પછી આપ ઘરમાં આવ્યા તો અમીરૂલ મોઅમેનીનને વિનંતી કરી:

યા અબલહસન! મારી તમને એક વિનંતી છે. મૌલાએ કાએનાતે ફરમાવ્યું : કહો, હું ઇન્શાઅલ્લાહ તેને પુર્ણ કરીશ.

જનાબ ઉમ્મુલબનીને કહ્યું : મને ફાતેમા કહીને ન બોલાવશો. જે મારૂં નામ છે, એટલા માટે કે આ બાબત શેહઝાદા અને શેહઝાદીઓના માટે દુ:ખનું કારણ બનશે. તેમને વારંવાર પોતાની મા યાદ આવશે. આ તેમની વાલિદહનું નામ છે. આપ મને ઉમ્મુલબનીનથી જ પોકાર આપશો.

(ઉમ્મુલબનીન અલ શૈખ નેઅમતુલ્લાહ સાઅદી પેજ-૩૬, ૩૭)

# ભાગ-૮ : હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા એક આદર્શ પત્નીના રૂપમાં

## (૧) હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા અને શહાદતે હઝરત અલી અલયહિસ્સલામ

૨૧ રમઝાન ૪૦ હિજરી-તે દુ:ખદાયક દિવસ છે તમામ ઇન્સાનિયત માટે. તે દિવસ કિયામતના જેવો છે. જેમાં ઇસ્લામના માલિકે દીન અને ઇમાનના સરદાર રસૂલુલ્લાહના સાચા જાંનિસાર, જાનશીને(ઉત્તરાધિકારીએ) કૂફાની મસ્જિદમાં ઝેર પાયેલી તલવાર વડે શહાદત પામી. આપની શહાદતમાં કોનો હાથ હતો? વળી આપની શહાદત માટે કોણ જવાબદાર હતો? મુખ્ય કારણ

શહાદતનું શું હતું? એમાં વિરોધાભાસ છે. અલ્લામા હુસૈન વાઇઝ કાશિફી કહે છે કે :

અબ્દુર્રેહમાન ઇબ્ને મુલ્જિમ મુરાદી એક વખત કૂફાની ગલીઓમાંથી પસાર થયો. તેણે એક મકાનમાંથી વાજાઓની અવાજ સાંભળી. તે મકાનની નજીક ગયો, જેમાંથી સ્ત્રીઓનો એક સમૂહ નીકળ્યો. તેની દૃષ્ટિ કોતામા નામની સ્ત્રી ઉપર પડી. તેનું રૂપ આ કમીના ઇન્સાનના દીલમાં ઊતરી ગયું. શું તું પરણેલી છે? તારે પતિ છે? તેણે કહ્યું, મારી પસંદગીનો પતિ મને હજી સુધી મળ્યો નથી. તેથી મેં હજી શાદી કરી નથી. ઇબ્ને મુલ્જિમે કહ્યું, શું આમ થઇ શકે છે કે તું મને કબૂલ કરી લે. તેણે કહ્યું મારા સગાવહાલાઓને કહો. તેના સગાવહાલાઓનો

સંપર્ક કર્યો તો તેમણે કોતામાની ઇચ્છા શું છે તેના ઉપર છોડ્યું.

કોતામા ખૂબ જ શુશોભિત અને વિશાળ ઘરની માલિક હતી. તેણે ત્રણ પ્રકારની મહેરનો પ્રસ્તાવ મૂક્યો. (૧) ત્રણ હજાર દિરહમ રોકડા (૨) એક સુંદર ગાનારી કનીઝ સેવા માટે લઇ આવો. (3) હઝરત અલીનું માથું કાપી લાવો.

આ સાંભળીને ઇબ્ને મુલ્જિમે કહ્યું : અવ્વલ બંને શરતો તો મંજૂર છે અને શક્ય પણ છે. પરંતુ ત્રીજી શરતથી હું આજિઝ છું. અલી તે છે જેમની તલવારથી પૂર્વથી પશ્ચિમ બધા ધ્રુજે છે. મોટા નામી પહેલવાનો પણ તેમની સામે ટકી શકતા નથી. ભલા મારાથી કેવી રીતે બની શકે છે કે હું તે બહાદુરનું માથું કાપી લાવું. કોતામાએ કહ્યું, મને તો

દરઅસ્લ અલીનું માથું જ જોઇએ છે. હું પ્રથમ બે શરતો પાછી લઇ લઉં છું. હવે મહેરમાં હું ફક્ત અલીનું માથું જ માંગુ છું.

જો મારી સાથે લુત્ફ ઉઠાવવાનું ઇચ્છે છે તો અલીનું માથું લાવ. નહીં તો મારૂં મોઢું પણ તને જોવા નહીં મળે. આ બદબખ્તે પેલી નાપાક સ્ત્રીની શરત કબૂલ કરી લીધી. તેણે મહેર તરીકે હઝરત અલી અલયહિસ્સલામનું માથું આપવાનો વાયદો આપી દીધો. કોતામાએ બીજા ત્રણેક માણસોની મદદ પણ તેને પહોંચાડી. તે હઝરત અલીને કતલ કરવા માટે ઊભો થઇ ગયો. (રોઝતુશ્શોહદા ભાગ-૫ પેજ-૧૯૮)

તારીખે અઇમ્માના કર્તા તારીખે તબરી ભાગ-૫ પેજ-૮૬ના હવાલાથી લખે છે કે જંગે

નહરવાન પછી ત્રણ ખારજીઓએ એવો મત પ્રદર્શન કર્યો હતો કે ઇસ્લામી આલમમાં ત્રણ વ્યક્તિઓના કારણે આ અફરાતફરી છે. (૧) મઆવિયા (૨) અમર ઇબ્ને આસ અને (૩) હઝરત અલી. જો આ ત્રણને મારી નાખવામાં આવે તો આ અફરાતફરીથી નજાત મળી જશે. આ કામ માટે ૧૯ રમઝાન નક્કી કરવામાં આવી. જેથી આ ત્રણેએ પોતપોતાની તલવારોને ઝહેર પાવાનું શરૂ કર્યું. પછી રવાના થયા. એક દમિશ્ક મઆવિયા માટે રવાના થયો. બીજો અમર બિન આસને મારી નાખવા માટે મિસર રવાના થયો અને ઇબ્ને મુલ્જિમ હઝરત અલી અલયહિસ્સલામને મારી નાખવા માટે કૂફા રવાના થયો.

અમર બિન આસ અને મઆવિયા તો બચી ગયા. પરંતુ ઇબ્ને મુલ્જિમ જ્યારે આ ઇરાદાથી કૂફા પહોંચ્યો અને મસ્જિદે કૂફામાં છુપાઇ રહ્યો. હઝરત અલી અલયહિસ્સલામ એક રાતે હઝરત ઇમામ હસન અલયહિસ્સલામના ઘેર અને એક રાતે હઝરત ઇમામ હુસૈન અલયહિસ્સલામના ઘેર રોઝો ઇફતાર કરતા હતા. ત્રણ લુકમાથી વધારે ખાવાનું ખાતા ન હતા. જ્યારે ૧૯મી રમઝાન ૪૦ હિજરીના આપ ફજરની નમાઝ માટે ઘેરથી નીકળ્યા તો ઘરમાની બતકો ચીખવા લાગી. હઝરત ઉપર એની અસર થઇ, મસ્જિદે તશરીફ લાવ્યા, અઝાન આપી. જ્યારે આપ સિજદામાં દાખલ થયા ત્યારે ઇબ્ને મુલ્જિમે આપના માથામાં તલવાર મારી. જેનાથી મગજ સુધી અસર પહોંચી. આપે ફરમાવ્યું : બખુદા

હું તો મારા મકસદમાં કામ્યાબ થઇ ગયો. (તારીખે અઇમ્મા પેજ-૨૭૪)

બધી પરિસ્થિતિઓ જોતાં માલૂમ પડે છે કે આપની શહાદત કોતામાના કારણે અમલમાં આવી અથવા ખારજીઓના ષડયંત્રના કારણે અમલમાં આવી. પરંતુ જ્યારે આપની શહાદત ઉપર દૃષ્ટિપાત કરવામાં આવે છે તો હકીકત કંઇ જુદી જ માલૂમ પડે છે.

**(૨) હઝરત અલી અલયહિસ્સલામની શહાદતમાં શામની હુકુમતનો હાથ હતો**

મઆવિયા અને અમર બિન આસ જંગે જમલ અને જંગે સિફ્ફીનમાં જોઇ ચૂક્યા હતા કે હઝરત અલી અલયહિસ્સલામથી જંગ જીતવી અશક્ય છે. સિફ્ફીનમાં હઝરત અલી

અલયહિસ્સલામે એમનો એટલો બુરો હશ્ર કરેલો જેને આ લોકો ભોગવી ચૂક્યા હતા. આ બંને બખૂબી જાણતા હતા કે હઝરત અલી અલયહિસ્સલામની હયાતીમાં અમને ચેન નસીબ થઇ શકશે નહિ. જેથી કોઇપણ રીતે આપને રાહિયે જન્નત કરી દેવામાં આવે. અહીં સુધી કે આ લોકો પોતાની કોશિશોમાં કામ્યાબ થઇ ગયા. કેમ ન થાય કારણ કે ષડયંત્રો રચવામાં તો આ લોકો ખૂબ જ પાવરધા હતા. બંનેએ આખી જિંદગી આ ધંધો કર્યો હતો. જેથી મઆવિયાએ ઇબ્ને મુલ્જિમ મુરાદીને હઝરત અમીરૂલ મોઅમેનીનની કતલ માટે તૈયાર કર્યા. કારણ કે ઇબ્ને મુલ્જિમ ખારજી હતો. જેથી તરત જ આ કામે તૈયાર થઇ ગયો તેણે મસ્જિદે કૂફામાં હઝરત અલી અલયહિસ્સલામને શહીદ કરી દીધા.

સાહેબે મનાકિબે મુરતઝવીએ લખ્યું છે કે કુદવતુલ મુહક્કેકીન હકીમ સનાઇ કહે છે :

મુલ્જિમ મુરાદીનો પુત્ર જે બદબખ્ત કુતરા જેવો લઅનતના કાબિલ હતો, એક સ્ત્રી ઉપર આશિક થઇ ગયો. આ બદબખ્ત માટે કહેવાય છે કે રોમનો રાહિબ જે ખૂબ કમીનો હતો તેનાથી પણ વધારે કમીનો આ હતો. આ સ્ત્રી મઆવિયાના સગાઇ સંબંધોમાંથી હતી. ખુશહાલ, માલદાર, ખૂબસૂરત અને યુવાન હતી. મઆવિયાને આ વાતની જાણ થઇ ગઇ કે ઇબ્ને મુલ્જિમ કમીના કોતામા ઉપર આશિક થઇ ગયો છે. મઆવિયાએ તેને કહ્યું : અય ઇબ્ને મુલ્જિમ! જો તું ઇચ્છે છે કે તારો મકસદ પૂર્ણ થાય અને કોતામા જેવી હસીન સ્ત્રી તારા હાથમાં આવી જાય. તો સાંભળ, એક

થોડીક બહાદુરી બતાવી દે, અલીનું માથું લાવી દે, એટલા માટે કે એની મહેર જ “ખૂને અલી”  છે. આ નામુરાદ, નાકામ, બદબખ્ત આ કામે તૈયાર થઇ ગયો અને તેણે હઝરત અલી અલયહિસ્સલામના મુબારક સર ઉપર ઝર્બ લગાવી. તલવારથી વાર કર્યો. જ્યારે તેને લોકોએ પૂછ્યું કે તેં આ કેમ કર્યું? તેનો જવાબ હતો. “મેં મઆવિયાના કહેવાથી આ કાર્ય કર્યું છે પરંતુ અફસોસ કે કોઇ જ ફાયદો ન થયો.”

(મનાકિબે મુરતઝવી પેજ-૧૨૭૭)

મતલબ સરે અકદસ ઉપર ઘા થયો. મુનાદીએ આવાજ આપી. દોડો દોડો અમીરૂલ મોઅમેનીન ઉપર હુમલો થયો છે. આપના સંતાનો તથા અસહાબ દોડતા દોડતા મસ્જિદે કૂફામાં

આવ્યા. આપને લોહીમાં લથપથ જોઇને રડવાની અવાજો બુલંદ થઇ. પછી મકાન ઉપર લાવવામાં આવ્યા. જે ખાટલીમાં સૂવાડીને ઘેર લાવવામાં આવ્યા, તેમાં સિરહાનાનો ભાગ હઝરત ઇમામ હસન અલયહિસ્સલામે પકડ્યો હતો. પગ તરફના ભાગે હઝરત ઇમામ હુસૈન અલયહિસ્સલામ હતા અને વચ્ચે હઝરત અબ્બાસ અલયહીસ્સલામ ખાટલીને ટેકો આપી રહ્યા હતા.

ઘેર પહોંચ્યા પછી સુબહ થઇ તો સવારને ઉદ્દેશીને ફરમાવ્યું : અય સુબહ તને ખુદાની કસમ! તુ ખુદાના હુકમથી થાય છે તુ મને બતાવ કે તેં મને કદી સૂતો જોયો નથી. એટલે કે તુ ગવાહી આપજે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની સાથે યુવાનીની શરૂઆતથી

જ્યારે નમાઝ પઢવાની શરૂ કરી છે તેં મને સૂતો ન જોયો. મતલબ આપ સુબ્હ સાદિકથી અગાઉ જાગી જતા હતા. જ્યારે તુ દેખાતી થઇ મને જાગતો જ જોયો.

પછી આપે અલ્લાહતઆલાને ઉદ્દેશીને અરજ કરી : બારે ઇલાહા! તુ ગવાહ રહેજે કે હું તારા હુકમો બજાવી લાવ્યો છું. તેં જે ચીજથી રોકયો, રોકાઇ ગયો. તેં જે વાતનો હુકમ કર્યો, મેં તરત જ અમલ કર્યો, કદી ભૂલથી પણ તારા પેગંબરના વિરૂદ્ધ કોઇ વાત દીલમાં પણ નથી લાવ્યો. ત્યાર બાદ આપને બેહોશી આવી ગઇ.

(અલ કર્રાર પેજ-૪૦૨ પ્રકાશન બનારસ હિ.સ. ૧૩૨૭)

જ્યારે હોશમાં આવ્યા, હઝરત ઇમામ હસન અલયહિસ્સલામે દૂધનો પ્યાલો પેશ કર્યો. આપે થોડુંક પીધા પછી મોં હટાવી લીધું, ફરમાવ્યું : આપણા કેદી ઇબ્ને મુલ્જિમને આપી આવો.

(અખબારે માતમ પેજ-૧૪૪ અને કુતુબે તવારીખ)

## (3) હઝરત અલી અલયહિસ્સલામનું પોતાની અવલાદને વસીય્યત ફરમાવવું

અલ્લામા મજલિસી લખે છે કે હઝરત અલી અલયહિસ્સલામે હઝરત અબ્બાસ અને બીજી અવલાદો જે જનાબે ફાતેમાથી ન હતી, સર્વેને એકત્ર કરી. પછી ફરમાવ્યું: હું તમને આ વાતની વસીય્યત કરૂં છું. તમે લોકો ફરઝંદાને રસૂલે સકલૈન હસન અને હુસૈનની હંમેશા મદદ કરતા રહેજો. કદી એનો વિરોધ કરવાનો વિચાર દીલમાં

પણ લાવશો નહિં. હું તમારાથી રૂખસત થાઉં છું. ખુદા તમને સર્વેને સબર આપે.

(કશકુલ અનવાર તરજુમા બિહાર ભાગ-૯ પેજ-૨૧૭)

અલ્લામા કુલૈની છ સનદોથી એક રિવાયત નકલ કરે છે કે હઝરત અલી અલયહિસ્સલામે પોતાના ૧૨ બેટાઓને એકત્ર કરીને ફરમાવ્યું : જુઓ મારા આ બંને નૂરેનઝર હઝરત મોહંમદ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના ફરઝંદ છે. તેમના ફરમાનને ખૂબ જ ધ્યાનથી સાંભળજો અને તેમની પૂરેપૂરી ઇતાઅત કરજો. દરેક પ્રકારની મદદ કરવામાં આગળ આગળ રહેજો.

(ઉસૂલે કાફી પેજ-૧૪૧ પ્રકાશન ઇરાન હિ.સ. ૧૨૮૧)

## (૪) હઝરત અલી અલયહિસ્સલામે ઇમામ હસન અલયહિસ્સલામના હાથમાં બધા જ બેટાઓના હાથ આપી દીધા

વસીય્યત ફરમાવ્યા પછી આપે હઝરત અબ્બાસના સિવાય પોતાના ફરઝંદોના હાથ હઝરત ઇમામ હસન અલયહિસ્સલામના હાથમાં આપી દીધા. મતલબ કે આપે બધાને ઇમામ હસન અલયહિસ્સલામને સોંપી દીધા.

(કિતાબ તવારીખ વ મકાતિલ)

## (૫) હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાની બેચેની, પરેશાન થવું

હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા-હઝરત અબ્બાસ અલયહિસ્સલામના વાલિદહ મોહતરમાએ જ્યારે આ જોયું કે પોતાના

બધા જ ફરઝંદોને હઝરત ઇમામ હસન અલયહિસ્સલામને સોંપી દીધા છે પરંતુ મારા નૂરેનઝર અબ્બાસને કોઇના હવાલે નથી કર્યો. તો આપ ઘણાં જ પરેશાન થયાં. ગભરાહટમાં વિનંતી કરી :

મારા સરતાજ! મારા આકા! મારા માલિક! શું આ નાચીજ કનીઝથી કોઇ ભૂલ થઇ ગઇ છે અથવા હુસૈનના ખાદિમ અબ્બાસથી કોઇ ગુનો થઇ ગયો છે? સરદારે આલમ જનાબ અમીરૂલ મોઅમેનીન અલી ઇબ્ને અબીતાલિબ અલયહિસ્સલામે જણાવ્યું, કેમ ઉમ્મુલબનીન શું વાત છે? આટલી બધી પરેશાન કેમ છો? વિનંતી કરી મૌલા! આપે બધા જ બેટાઓને ઇમામ હસન અલયહિસ્સલામને સોંપી દીધા અને આ ખાદિમાના

બેટાને કોઇને હવાલે ન કર્યો, મારૂં દીલ બેચેન થઇ રહ્યું છે.

## (૬) હઝરત અલી અલયહિસ્સલામનું રડી પડવું

જનાબ ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાના બેચેની ભર્યા પ્રશ્નોથી હઝરત અલી અલયહિસ્સલામ રડી પડ્યા. અય ઉમ્મુલબનીન જો તમે આ ભેદથી પરિચિત હોત તો આ પ્રશ્ન ન કરત અને આ ગભરાહટ પણ ન અનુભવત, વિનંતી કરી કે મૌલા મને રાઝથી વાકેફ કરો. હું તો એમ જ ઇચ્છું છું કે મારા ફરઝંદ અબ્બાસનો હાથ પણ હસનના હાથમાં આપી દેવામાં આવત.

## (૭) દસ્તે હુસૈન અલયહિસ્સલામમાં અલમદારનો હાથ

હઝરત અલી અલયહિસ્સલામે તાજદારે કરબલા ઇમામ હુસૈન અલયહિસ્સલામને નજીક બોલાવ્યા. પછી જનાબ અબ્બાસ અલમદારને પણ યાદ કરી બોલાવ્યા. પછી ઇમામ હુસૈન અલયહિસ્સલામના મુબારક હાથોમાં તેમના હાથની શક્તિ અલમદારે કરબલાનો હાથ અબ્બાસ બિન અલી મુરતઝાનો હાથ આપીને ઇરશાદ ફરમાવ્યો :

બેટા! આ તમને સોંપું છું. હું તેને તમારી ગુલામીમાં આપું છું. પછી હઝરત અબ્બાસને ફરમાવ્યું : બેટા! આ તમારા આકા છે. તેમની વફાદારી અને મદદ તમારી અવ્વલીન ફરજ છે. જ્યારે તેઓ કરબલામાં દુશ્મનોના ઝુંડોમાં ઘેરાઇ

જાય ત્યારે તેમની મદદ કરજો. જનાબ ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા અબ્બાસની આ ખાસ ઇઝ્ઝત જોઇને સંતોષિત થઇ ગયાં.

(રિયાઝુલ કુદસ પેજ-૬૯, ખુલાસા અલમસાએબ પેજ-૧૦૦ પ્રકાશન નવલકિશોર પ્રેસ લખનવ હિ.સ. ૧૨૯૩ ભાગ-૨ પેજ-૧૧૧)

અલ્લામા કિશવરી લખે છે કે હઝરત અલી અલયહિસ્સલામે જનાબ અબ્બાસને ઇમામ હુસૈન અલયહિસ્સલામને સોંપ્યા, બીજા કોઇના હવાલે ન કર્યા.

(મરકાતુલ ઇકાન ભાગ-૧ પેજ-૪૦)

## ભાગ-૯ : (૧) હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા એક આદર્શ મા ના રૂપમાં

મૌલાના સૈયદ આગા મેહદી લખે છે કે શેહઝાદા અબ્બાસની માનું નામ ફાતેમા અને કુન્નીયત ઉમ્મુલબનીન (બચ્ચાઓની મા) હતી. અરબમાં ફાતેમા નામી જનાબ ફાતેમા માસૂમા સલામુલ્લાહ અલયહાના પહેલાં અને પછી પણ સ્ત્રીઓ થઇ છે. તેઓમાં આ ખાતુન ઘણી જ નસીબદાર હતી. ફાતેમા બિન્તે અસદના વહુ બનવું, જનાબ અલી અલયહિસ્સલામની જિંદગીની રફીકા બનવું, કદી નષ્ટ ન થનારી અનાશ્વંત ઇઝ્ઝત છે. જેની ઇચ્છાઓ અરબના કબીલાઓના દીલમાં રહેતી હતી. વળી એક વિશેષ ઇઝ્ઝત તો આ ખાતૂનને આ હતી કે સ્વંય મુશ્કિલકુશા સામે ચાલીને

તલબગાર બન્યા, માંગણી કરી. તે ઘરમાં આવ્યા જ્યાં જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહા પછીના બીજાં ફાતેમા જેવી શખ્સિયત પ્રાપ્ત કરી, સૌથી મોટો ફખ્ર તો આ હતો કે જન્નતના જવાનોના સરદાર અને સાનિયે ઝેહરા જેમને કહેવાય છે એવાં ઝયનબના મા કહેવાયાં. બંને ફરઝંદ હઝરત હસન અલયહિસ્સલામ અને ઇમામ હુસૈન અલયહિસ્સલામ ઇમામતના ઉચ્ચ દરજ્જા ઉપર સ્થાપિત અને અર્શને શોભાવનાર હતા પરંતુ ઉમ્મુલબનીન તેમના પણ મા હતાં. આ શાદી એક ઉચ્ચ ધ્યેય માટે હતી. કોઇ પ્રકારના એશ માટે ન હતી. એક નસલના ઉદ્ભવસ્થાન માટે કરવામાં આવી હતી.

ઇસ્લામી રિવાજ પ્રમાણે તે સ્ત્રી ઇઝ્ઝતના કાબિલ નથી જે વાંઝ હોય. તે સ્ત્રીને ઇસ્લામ ઉચ્ચ

સ્થાને બેસાડે છે જે સાહબે અવલાદ હોય. છૈયાં છોકરાવાળી હોય. પેગંબરે ઇસ્લામની હદીસ જે શીયા-સુન્ની બંને ફિરકાની રિવાયત છે:

“નિકાહ કરો, નસલ વધારો, હું કિયામતના દિવસે મારી ઉમ્મતની બહુમતિ ઉપર ખફર કરીશ.” (૧. જામેઉલ અખબાર ૨. મફાતીહુલ ગયબ ૩. તફસીરે કબીર ભાગ-૨ પેજ-૪૦૨)

રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમનો ઇરશાદ છે : એવી સ્ત્રી સાથે શાદી કરો જે વધારે બાળકો પેદા કરનારી હોય. (જામેઉલ અખબાર)

જનાબ ઉમ્મુલબનીનનું ખાનદાન વધુ અવલાદ પેદા કરવા માટે મશહૂર હતું. તે તો ભરેલા ઘરમાં રહેનારી વ્યક્તિ હતી. અરબસ્તાનમાં તો શું?

બલ્કે ઇસ્લામમાં પણ આ વિચારધારા પ્રચલિત છે કે નસબ(વંશ) બાપની તરફથી છે અને મા એક પનાહગાહ-આશ્રયસ્થાન છે જે હમલની મુદ્દત પછી બાળકને પરવરિશ માટે બાપને સોંપી દે છે.

ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાની ફક્ત બાપ તરફથી વંશાવલી નોંધાયેલ નથી બલ્કે તેમના નાનીના મોશાળ પક્ષ તરફની વંશાવલી પણ ૧૨ રીતે નોંધાયેલ છે જે અરબના ઇતિહાસમાં એક આશ્ચર્યચકિત ઘટના છે. આજકાલનો જમાનો જે પ્રગતિશીલ કહેવાય છે. આ જમાનાએ નસબની ખોજને નાબૂદ જેવી કરી દીધી છે. જો કે નસબ-વંશાવલીનું ઘણું મહત્ત્વ છે. ઇલ્મો જ્ઞાનમાં પણ આ ઇલ્મની વિશેષતા છે.

કેટલાક સંશોધકોએ પુરાતત્ત્વ વસ્તુઓના જ્ઞાનને દૃષ્ટાંત દ્વારા સમજાવવામાં આવતા, જ્ઞાન અને દલીલો દ્વારા સાબિત કરવામાં આવતા, જ્ઞાનને વર્ણવ્યા પછી લખે છે કે ઇલ્મે અન્સાબની નોંધ (વંશાવલીનું જ્ઞાન) લોકો સિત્તેર સિત્તેર પેઢી સુધી રાખતા.

મોહતરમા ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા મૌલાએ કાએનાતની સાથે ૨૦ વરસ રહ્યાં. ઇમામ હસન અને ઇમામ હુસૈન અલયહેમુસ્સલામની સાથે રહ્યાં પરંતુ કરબલા પછી ગિર્યા ઝારીમાં આપની ઉમર ખતમ થઇ ગઇ. શહાદતે હુસૈન અલયહિસ્સલામના પછી હુકુમતે બની ઉમય્યાની કાળી ઘટાઓ મદીના ઉપર છવાયેલી રહી. ૬૪ હિજરીમાં આપ અલ્લાહની

રહમતમાં પહોંચી ગયા. કરબલાની ઘટના પછી લગભગ ત્રણ વર્ષ હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા હયાત રહ્યાં.

## (૨) હઝરત અબ્બાસ અલમદાર અલયહિસ્સલામની વિલાદત

વંશાવલી અને ઇતિહાસના અભ્યાસ પછી માલૂમ પડે છે કે હઝરત અબ્બાસ અલયહિસ્સલામ હઝરત અલી અલહયહિસ્સલામના પાંચમાં સાહબઝાદા છે.

(૧) હઝરત ઇમામ હસન મુજતબા(અલ્લાહે ચૂંટી કાઢેલા) અલયહિસ્સલામ

(૨) હઝરત ઇમામ હુસૈન અલયહિસ્સલામ આપની વિલાદત ૪ હિજરી, શહાદત ૧૦ મોહર્રમ હિ.સ. ૬૧.

(૩) હઝરત મોહસિન અલયહિસ્સલામ જેમની શહાદત ૧૧ હિજરીમાં થઇ.

(૪) હઝરત મોહંમદ હનફિયા વિલાદત ૧૫ હિજરી, શહાદત ૮૧ હિજરી.

(૫) હઝરત અબ્બાસ અલમદાર અલયહિસ્સલામ વિલાદત ૨૨ હિજરી, શહાદત ૧૦ મોહર્રમ ૬૧ હિજરી.

આ વાત માન્ય છે કે ખુલાહ (મોહંમદ હનફિયાના મા)નો નિકાહ હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાના નિકાહથી પહેલાં થયો હતો.

જે દિવસ હઝરત અબ્બાસની વિલાદત થઇ તો હઝરત અલી અલયહિસ્સલામે તેમને પોતાની પાસે મંગાવ્યા, પછી તેમનો લકબ અબુલ ફઝલ

અને કુન્નીયત અબુલ કુરબા (કુરબાનો અર્થ થાય છે પાણીથી ભરેલી મશક) આપી.

હઝરત અલી અલયહિસ્સલામ ઘણેભાગે હઝરત અબ્બાસને પોતાની જાનુ ઉપર બેસાડતા હતા. પછી પોતાના દૂધ પીતા બાળકની બાંયો ઊંચી કરતા, પછી બંને હાથ ચૂમતા હતા, પછી રડતા હતા. એક દિવસ હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાએ રડવાનું કારણ પૂછ્યું : હઝરતે ફરમાવ્યું કે એક દિવસ આ બાળકના હાથ પોતાના ભાઇની મદદમાં કપાઇ જશે. આ કારણથી મને રડવું આવે છે.

**(3) હઝરત અબ્બાસ અલમદારની વિલાદત વખતે હઝરત અલી અલયહિસ્સલામ, હઝરત ઝયનબ સલામુલ્લાહ અલયહા અને હઝરત**

**ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા વચ્ચે વાતચીત.**

જ્યારે હઝરત અબ્બાસ પેદા થયા તો અકીલએ બની હાશિમ-રબીબએ વહી વ અસમત જનાબ ઝયનબે કુબરા સલામુલ્લાહ અલાયહાએ અમીરૂલ મોઅમેનીનની ખિદમતે અકદસમાં (પવિત્ર સેવામાં) વિનંતી કરી :

બાબા-આપે જન્મનાર બાળકનું શું નામ રાખ્યું? અને કુન્નીયત લકબ શું નક્કી કરી? મૌલાએ કાએનાતે ઘણાં જ પ્રેમ મહબ્બતથી ફરમાવ્યું : હાં બેટા, અમે તેમનું નામ પણ રાખી લીધું છે અને કુન્નીયત લકબ પણ નક્કી કરી દીધી છે.

જનાબ ઝયબ સલામુલ્લાહ અલયહા : બાબા તે શું છે?

અમીરૂલ મોઅમેનીન અલયહિસ્સલામ : બેટા! નામ તો તેમનું "અબ્બાસ" રાખ્યું છે. અને કુન્નીયત અને લકબ પણ રાખી લીધો છે.

બાબા તે શું છે? જનાબ ઝયનબ સલામુલ્લાહ અલયહા

જનાબ અમીરૂલ મોઅમેનીન : બેટા, નામ તો તેમનું અબ્બાસ છે. કુન્નીયત "અબુલ ફઝલ" છે. લકબ "કમર બની હાશિમ" અને સક્કા

જનાબે ઝયનબ સલામુલ્લાહ અલયહાએ ઘણાં જ આશ્ચર્યથી પૂછ્યું, બેશક "અબ્બાસ" નામ તો શુજાઅત અને બહાદુરીનું પ્રતીક છે. આ કુન્નીયત અબુલ ફઝલ છે એ શરાફત અને રહમદિલી સૂચવે છે. અને આ "કમરે બની હાશિમ" બની હાશિમનો

ચાંદ, એનો પ્રતાપ, જલાલ, ધાક, ડર ખોફ સૂચવે છે. પરંતુ આ સક્કા લકબ શા માટે છે?

અમીરૂલ મોઅમેનીન અલયહિસ્સલામે રડતાં રડતાં ફરમાવ્યું : બેટા! મારો આ લાલ કરબલામાં તરસ્યાઓને પાણી પાશે. આ સાંભળી જનાબ ઝયનબ સલામુલ્લાહ અલયહા પણ રડવા લાગ્યાં. તેમને પોતાના માદરે ગિરામીએ (વહાલી મા) જણાવેલા કિસ્સા યાદ આવી ગયા. જનાબ ઝયનબ સલામુલ્લાહ અલયહાનો ચેહરો ફિક્કો પડી ગયો. મૌલાએ ફરમાવ્યું: અય બેટા! સબરથી કામ લો, દીલને મજબૂત બનાવો, આંસુઓને રોકો. તમારા આ ભાઇને તેની માની પાસે લઇ જાઓ ચોક્કસ આ નવજાત શિશુને તમારા સંગાથે ઉચ્ચ પ્રકારની ઇઝ્ઝત અને શાને અઝીમ છે. ત્યારે આપ

આ નાના શિશુને લઇને ઉમ્મુલબનીનની પાસે ગયા. તેમના પૂછવા ઉપર કે મારા સરદારે આ નવજાત શિશુનું શું નામ રાખ્યું?

જનાબ ઝયનબે બધો કિસ્સો સંભળાવી દીધો. જનાબ ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાએ ફરમાવ્યું : "સર્વે તારીફ તે પરવરદિગારના માટે છે. જેણે મારા ખ્વાબને સાચું કરી બતાવ્યું અને મારા માટે મારા વાયદાને પૂર્ણ કર્યો."

આ સાંભળી જનાબ ઝયનબે પૂછ્યું "તે ખ્વાબ શું હતું?" જનાબ ઉમ્મુલબનીને તે ખ્વાબ વર્ણવ્યું. જેમાં આપે પોતાના ખોળામાં ચાંદ ઊતરતો જોયો હતો. (અલ ખસાઇસે અબ્બાસિયા-મોહંમદ ઇબ્રાહીમ નજફી પેજ-૬૯ થી ૭૧)

**(૪) હઝરત અબ્બાસ અલમદાર અલયહિસ્સલામ ખુશઅખલાક, પાક સીરત, જીવંત અંતરાત્માવાળા અને પ્રભાવશાળી વ્યક્તિત્વના માલિક હતા.**

મકાતિલુત્તાલિબીનમાં રિવાયત છે કે તેમની બે આંખો દરમ્યાન સજદાની નિશાની હતી. ઇબ્ને જવઝીએ હિશામ બિન મોહંમદથી, તેમણે કાસિમ બિન અસબગ ફજાશઇથી રિવાયત કરી છે કે જ્યારે શહીદોના માથાં કૂફા લાવવામાં આવ્યા તો મેં એક માથાને જોયું કે ઘણું જ ખૂબસૂરત છે. તેનો ચેહરો ચાંદની જેમ ચમકે છે અને સજદાના નિશાનો હતાં, મેં પૂછ્યું આ માથું કોનું છે? એક વ્યક્તિએ કહ્યું કે અબ્બાસ બિન અલીનું છે. મેં પૂછ્યું કે તમે કોણ

છો? તેણે જવાબ આપ્યો કે હું હુરમુલા બિન કાહિલ અસદી છું.

થોડો સમય વીત્યો ન હતો કે મેં હુરમુલાને ફરીથી જોયો. તે વખતે તેનું મોં કોયલા જેવું કાળું થઇ ગયું હતું. મેં પૂછ્યું શું કારણ છે કે તમારી આવી હાલત થઇ ગઇ? જ્યારથી મેં આ માથાને ભાલાની અણી ઉપર એક સ્થળેથી બીજા સ્થળે ફેરવ્યું ત્યારથી મારી સૂરત આવી બગડી ગઇ છે, જે તમે જોઇ રહ્યા છો.

હઝરત અબ્બાસ અલયહિસ્સલામ ખૂબ જ ઇબાદતગુજાર હતા. અમીરૂલ મોઅમેનીન અલયહિસ્સલામની જેમ રાતના નમાઝમાં મશગૂલ રહેતા હતા. જેથી તેમની પેશાની ઉપર સજદાના નિશાન પડી ગયા હતા. હઝરત અબ્બાસ

અલમદારની એહલેબયતથી મહબ્બત, તેમના ગમમાં ભાગીદારી અને તેમનું રક્ષણ કરવું વગેરે આપના ગુણોથી દરેક વ્યક્તિ વાકેફ છે.

હઝરત ઇમામ જઅફર સાદિક(અલ.)થી રિવાયત છે કે મારા કાકા અબ્બાસ વિવેકી, દુરંદેશ ઉચ્ચ કક્ષાના બુદ્ધિશાળી અને કામિલ ઇમાન હતા. તેમણે અલ્લાહના રસ્તામાં પોતાના ભાઇની સાથે જેહાદ કર્યો અને ઇમ્તેહાનમાં પૂરા ઉતર્યા. અહીં સુધી કે શહાદતના દરજ્જે પહોંચ્યા.

શૈખ સુદૂક અલયહિર્રેહમાએ રિવાયત કરી છે કે હઝરત ઝયનુલ આબેદીન અલયહિસ્સલામે એક દિવસ અબ્દુલ્લાહ બિન અબ્બાસને જોયા અને રડીને ફરમાવ્યું : રસૂલેખુદા ઉપર ઓહદના દિવસથી વધારે સખત દિવસ કોઇ નથી પડયો જે

દિવસે એમના કાકા હઝરત હમઝા બિન અબ્દુલમુત્તલિબ અસદુલ્લાહ* અને અસદુર્રસૂલ* શહીદ થયા અને મારા બાબા હુસૈન અલયહિસ્સલામ ઉપર આશૂરાના દિવસથી વધારે બીજો કોઇ સખત દિવસ નથી પડ્યો. જે દિવસે એમને ત્રીસ હજાર માણસોએ ઘેરી લીધા હતા. વળી તેઓ આ પણ જાણતા હતા કે ઇમામ હુસૈન અલયહિસ્સલામ પેગંબર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના નવાસા છે. છતાંય તેમની કતલ કરવી ખુશીનું કારણ સમજતા હતા. એમ છતાંય કે હઝરત તેઓને રસૂલુલ્લાહ સાથેની પોતાની સગાઇ-નઝદીકી જણાવતા હતા પરંતુ તેઓ કશું જ સાંભળવા તૈયાર ન હતા. અહીં સુધી કે ઝુલમની હદ વટાવીને આપને શહીદ કરી દીધા.

પછી હઝરત ઝૈનુલ આબેદીન અલયહિસ્સલામે ફરમાવ્યું: કે અલ્લાહપાક મારા કાકા અબ્બાસ ઉપર રહમત નાઝિલ ફરમાવે. કારણ કે તેમણે પોતાના ભાઇની મદદમાં પોતાની જાન આપી દીધી. ઘણી જ ભારે કસોટીમાંથી પસાર થયા, પોતાના બંને હાથો કપાવી નાખ્યા. તેના બદલામાં અલ્લાહે તેમને બે પાંખો હઝરત જઅફરે તૈયારના જેવી આપી છે. તેના દ્વારા તેઓ મલાએકાની સાથે ઊડે છે. મારા કાકા અબ્બાસનો ખુદાતઆલાની પાસે ઘણો મોટો દરજ્જો છે. કયામતના દિવસે તમામ શહીદો એમના મરતબાને જોઇને ઇર્ષા કરશે.

શૈખ સુદૂકે અબુઝર ગિફારીથી રિવાયત કરી છે, તેમણે એક દિવસ હઝરત રસૂલેખુદાને ગમગીન

જોયા. કારણ પૂછ્યું, હુઝૂર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું:

મારા દીલને પોતાના ભાઇઓને જોવાનો શોખ થયો, તમન્ના થઈ. અબુઝરે કહ્યું, શું અમે તમારા ભાઇ નથી. હુઝુરે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું: તમે મારા અસહાબ છો અને તે લોકો તે હશે, જેઓ અલ્લાહની ખુશ્નૂદી માટે પોતાના મા-બાપ, ભાઇઓ, બહેનો અને અઝીઝોને છોડીને ચાલી જશે. ફક્ત એટલા માટે કે મારા હુસૈનની મદદ કરે. ત્યાર પછી ફરમાવ્યું: અય અબુઝર! તેમની શહાદતનો સવાબ શોહદાએ બદરના સવાબ કરતાં સિત્તેર ગણો વધારે છે. હઝરત અબુલ ફઝલ અબ્બાસ અલયહિસ્સલામના ઉચ્ચ મુકામ માટે આટલું કહેવું કાફી છે કે "તમામ

શહીદો હઝરત અબ્બાસના દરજ્જા ઉપર ઇર્ષા કરશે.”

ઇબ્ને શહર આશૂબે મનાકિબમાં, સમઆનીએ રિસાલતુલ કવામામાં, જઅફરાનીએ ફઝાએલુસ્સહાબામાં, અકબરીએ અબાનમાં, ઇબ્ને મોઅઝ્ઝીને અરબઇનમાં, ઇબ્ને બાબવયહ કુમ્મીએ ઓયુનુલ અખ્બારમાં, મજલિસીએ બેહારમાં તે સિવાય પણ તમામ ઇતિહાસકારોએ હઝરત ઇમામ રઝા અલયહિસ્સલામથી રિવાયત કરી છે કે હઝરતે ફરમાવ્યું: કે કયામતના દિવસે હઝરત ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહા મહેશરના મેદાનમાં આવશે અને મદદ માટે બારગાહે ખુદાવંદીમાં ફરિયાદ કરશે.

રસૂલુલ્લાહ ફરમાવશે, અય મારી પ્યારી બેટી ફાતેમા! આજે તો શફાઅતનો દિવસ છે, ન કે મદદ કરવાનો. આ રિવાયત ઘણી લાંબી છે. ખબરના છેલ્લે છે કે હઝરત ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયાહ ફરમાવે છે કે મારી શફાઅતનો સામાન લાવો. પછી ફરમાવ્યું : શફાઅતના માટે અબ્બાસના બે કપાયેલા હાથ પૂરતા છે.

આ રિવાયતથી પરિણામ આ નીકળે છે કે હઝરત ઝહેરા સલામુલ્લાહ અલયહાએ અબ્બાસને પોતાના હુસૈનની જેવા પોતાની અવલાદ કહ્યા છે. ત્યાર પછી ફરમાવ્યું : કે શફાઅતના માટે અબ્બાસના બે કપાયેલા હાથ પૂરતા છે. આ રિવાયતથી જનાબે અબ્બાસનો દરજ્જો એટલો

બધો ઉચ્ચ થઇ જાય છે કે મકામે ઇમામતની લગોલગ.

હા! આ જ ફઝાએલના કારણે અલ્લાહતઆલાએ જનાબ અબ્બાસ અલયહિસ્સલામની બારગાહને લાખો એહલેદીલ વ અદબની તવાફ કરવાની જગ્યા અને કરોડો હાજતમંદોની હાજત પૂરી થવાની જગ્યા બાબુલ હવાઇજ બનાવી.

## (૫) હઝરત અબ્બાસ અલમદાર અલયહિસ્સલામ પોતાની વાલિદહ માજિદહની દ્રષ્ટિમાં

અલ્લાહની મખ્લૂકના દાએરાની મહબ્બતને પાંચ વિભાગમાં વહેંચવામાં આવી છે :

(૧) **મહબ્બતે નુઝૂલી** : એટલે કે મોટાઓની નાનાઓ તરફ ઊતરતી, જે મા-બાપને અવલાદથી હોય છે.

(૨) **મહબ્બતે સુઊદી** : એટલે નાનાની મોટા તરફથી મહબ્બત જે અવલાદને પોતાના મા-બાપથી હોય છે.

(૩) **મહબ્બતે અરઝી** : જે સરખા લેવલની, જે પતિ-પત્ની અને ભાઇ બહેનમાં હોય છે.

(૪) **મહબ્બતે ફિતરી** : ખુદાએ કુદરતની નાખેલી જે નેઅમત આપનારની શુક્રગુઝારી માટે હોય છે. આ જ સાચી હકીકી મહબ્બત છે.

(૫) **મહબ્બતે ખ્યાલી** : જે નકલી-મજાઝી જે ઇન્સાનોના દરમ્યાન હોય છે. એક બીજાની જરૂરત, ગરઝ વગેરેને કારણે હોય છે.

મા-બાપની મહબ્બત પોતાની અવલાદ સાથે નુઝૂલી છે. હઝરત ઇમામ જઅફર સાદિક અલયહિસ્સલામથી રિવાયત છે કે હઝરત આદમ અલયહિસ્સલામ અબુબશર ખાકમાંથી પેદા કરવામાં આવ્યા. પેદાઇશનો સબબ મહબ્બત બની. આ જ કારણથી આદમ અલયહિસ્સલામની પેદાઇશમાં અવલાદની મહબ્બતની હરકડીમાં નુઝૂલી છે. દરેક બાપ અને મા પોતાની અવલાદને મજબૂર થઇને મહબ્બત કરે છે. બલકે આ મહબ્બત પ્રાણી, પક્ષીઓ, ફાડી ખાનારા જાનવરો, જીવજંતુઓ-બધામાં જોવા મળે છે. અહીં સુધી કે ફિલોસોફરો તો વનસ્પતિ અને પથ્થરો, ખનીજ પદાર્થો વગેરેમાં પણ પોતાની અવલાદ જેવી મહબ્બત હોવાની માન્યતા ધરાવે છે. કેમ કે અવલાદનો સંબંધ

જિગરથી સંબંધ ધરાવે છે. જેથી અવલાદને પારએ જિગર-જિગરનો ટુકડો કહેવામાં આવે છે. ઘણા ભાગે જોવામાં આવે છે કે માઓ પોતાના બાળકોને દરિન્દા ફાડી ખાનાર જાનવરથી બચાવવા માટે પોતાની શક્તિથી વધારે બહાદુરી બતાવે છે. મા પોતાના બાળકને બચાવવા વાઘથી, સાપથી, વરૂથી કે વિશ્વની કોઇપણ શક્તિથી મુકાબલો કરવા તૈયાર થઇ જાય છે. આ તે મહબ્બત છે જે અલ્લાહ રબ્બુલ ઇઝ્ઝતે નાખી છે.

જે સ્ત્રીઓ ખાનદાની અને સંસ્કારી હોય છે. શિક્ષણ-પ્રશિક્ષણ પામેલી હોય છે. તેઓ પોતાના પતિનો હુકમ માથે ચઢાવે છે, માની લે છે. પછી પોતાના પતિની ઇચ્છા પ્રમાણે અવલાદની પરવરિશ કરે છે. આ જ કારણથી હઝરત અલી

અલયહિસ્સલામે હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાની પસંદગી કરી. જેથી બહાદુર અને પ્રભુત્વશાળી બાળક પેદા થાય. હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા પણ પોતાના પતિની ખૂબ જ ઇતાઅત અને ફરમાંબરદારી કરતાં હતાં. ઘરના કામકાજ સાથે બાળકોની તાલીમો તરબિયત પણ કરતાં જતાં હતાં.

**(૬) હઝરત અબ્બાસ અલમદાર અલયહિસ્સલામ પોતાના ભાઇની દૃષ્ટિમાં**

હઝરત અબ્બાસ અલમદારે હઝરત અલી અલયહિસ્સલામના હાથ નીચે શિક્ષણ-પ્રશિક્ષણ મેળવ્યું. હઝરત હસનૈન અલહેમુસ્સલામના પછી હઝરત અલી અલયહિસ્સલામનું ધ્યાન અને પ્રેમ સૌથી વધુ હઝરત અબ્બાસ તરફ રહેતુ હતું. જે રીતે

પૈગંબરે ઇસ્લામે હઝરાત હસનૈન અલયહેમુસ્સલામની ખાસ પ્રકારની ખૂબ જ ધ્યાન સાથે તરબિયત ફરમાવી, પોતાની જીભ મુબારક અને આંગળી મુબારક પણ તેમના મોંમાં આપી. પોતાની જાંગો ઉપર બેસાડીને રમાડ્યા, વળી તમામ મુસલમાનોથી તેમની દરેક મોકા ઉપર જાહેરી અને બાતિની સિફારિશ ફરમાવી, તેઓની અઝમતની ઓળખ આપી. આ જ રીતે હઝરત અલી અલયહિસ્સલામે હઝરત અબ્બાસની તરબિયત કરી. આ મકસદથી કરી કે તેઓ પોતાના ભાઇ હુસૈનની મદદ ત્યારે કરે જ્યારે તેઓ મેદાને જંગમાં એકલા રહી ગયા હોય. હઝરત અબ્બાસ અલયહિસ્સલામ પોતાની ફરજને બરાબર જાણતા હતા, ભૂલમાં પણ કદી બેઅદબી કરતા ન હતા.

હઝરત અબ્બાસ અલયહિસ્સલામ માટે ન જોવામાં આવ્યું, ન સાંભળવામાં આવ્યું કે પોતાના બાપની હયાતીમાં જ્યારે કે આપની ઉમર ફક્ત સત્તર વરસની હતી ત્યારથી લઇને પોતાની શહાદત સુધી કોઇપણ કદમ અદબના દાયરાના બહાર ઉઠાવ્યો હોય. તેઓ હંમેશા ભાઇઓના હુકમનું પાલન દીલોજાનથી કરતા હતા. ઘણી જ ખુશી સાથે હસતા ચેહરે પોતાના કાર્યો અંજામ આપતા હતા.

ઘણે ભાગે એવું જોવામાં આવે છે કે પ્રભૂત્વશાળી- શક્તિશાળી લોકો પોતાના હાથની શક્તિ ઉપર ભરોસો કરતાં ઘમંડી અને લોકો સાથે સખ્તાઇ કરનારા બની જાય છે. પરંતુ હઝરત અબ્બાસ અલયહિસ્સલામ ખૂબ જ કદાવર, શક્તિશાળી, હિંમતવાન, બહાદુર, હોવા છતાં

પોતાના બુઝુર્ગોની અદબ અને કમજોરો તથા નાના બાળકોની મદદ કરતા, તેમનાથી મહબ્બત રાખતા. જેમની ઇમામ હસન અલયહિસ્સલામ, ઇમામ હુસૈન અલયહિસ્સલામ જેવા દિલાવર, બહાદુર અને સખી દાતાઓએ તરબિયત કરી હોય, અલી જેવા શેરેખુદા જેમના પિતાજી હોય, તેમનું શું પુછું?

## (૭) હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાની સબર અને હિંમત

અરબ દેશોના ઇતિહાસમાં કેટલીક સ્ત્રીઓ એવી છે જેઓ વિશેષ ગુણો ધરાવનારી, ખાસ પ્રકારની સ્ત્રીઓ છે. જેઓ આપણી જિંદગી માટે રોશની બની શકે છે અને આ વિશાળ દુનિયાની સ્ત્રીઓ માટે ઇન્કિલાબી રેહબર બની શકે છે. જ્યારે અરબ જઝીરામાં ઇસ્લામનું નૂર ચમકવા લાગ્યું તો

મક્કા અને મદીના ઇસ્લામની તાલીમો તરબિયતના મજબૂત કેન્દ્રસ્થાનો બની ગયાં. આ મરકઝોમાં મરદોની સાથે સાથે ઓરતો પણ ભાગ લેતી હતી. અમૂક સ્ત્રીઓ તો પુરૂષો સાથે જંગોમાં પણ ભાગ લેતી હતી. તેમના ભાગ લેવા માટે વિશેષ પરિસ્થિતિ અને ખાસ નિયમો પણ હતા.

કેટલીક સ્ત્રીઓ તો પોતાના પતિ, યુવાન પુત્રો સાથે જંગોમાં શરીક થઇ છે. આવી સ્ત્રીઓએ દીને ઇસ્લામ માટે ન પોતે બલકે પોતાનો તમામ જિંદગીનો સામાન પણ અલ્લાહને હવાલે કરી દીધો હતો.

આવા ગુણો ધરાવનારી સ્ત્રીઓમાં જનાબ ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા પણ છે. તેમની સાથે ઉમ્મે રૂબાબ અને હઝરત ઝયનબે કુબરા

વગેરે છે. જેમણે પોતાના ભાઇ ઇમામ હુસૈન અલયહિસ્સલામ અને અસહાબે ઇકરામની કતલગાહમાં ઊભા રહીને બારગાહે ખુદાવંદીમાં અર્જ કરી:

اَللّٰهُمَّ تَقَبَّلْ مِنَّا هٰذَا الْقُرْبَانِ

એટલે કે ખુદાયા! અમારા તરફથી આ કુરબાની ને કબૂલ ફરમાવ. એટલે દરજ્જે સબર, તહમ્મુલ અડગતા અને રૂહાની કુવ્વતની કમાલ તેમના નફસની શરાફતની પરાકાષ્ટાના કારણો છે. આ જુમ્લો(વાક્ય) "ખુદાયા! અમારા તરફથી આ કુરબાનીઓ કબૂલ ફરમાવ" તે પણ કત્લગાહે હુસૈનમાં બોલવું જ્યાં પોતાના સગાં, ભાઇ, ભાંડુઓ, પતિઓ, બેટાઓ, ભત્રીજાઓ, ભાણીયાઓ કતલ થઇ

ગયા છે. તે કત્લગાહમાં ઊંચા અવાજે આવું કોણ બોલી શકે? જેનામાં કમાલ દરજ્જાની રૂહાની શક્તિ હોય, જે યકીનની ઉચ્ચોચ્ચ બુનિયાદ ઉપર હોય, જેમનો નફસ શરાફતથી ભરપૂર હોય, જેમના દીલમાં ખુદા સિવાય કોઇની મહબ્બત ગાલિબ ન હોય તે જ સ્ત્રીઓ આવા કપરા સંજોગોમાં અડગ રહી આવા વાક્યો બોલી શકે. આનાથી માલૂમ પડે છે કે આ સ્ત્રીઓમાં ખુદાની કેટલી મઅરેફત હતી.

જ્યારે ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાને આ ખબર પહોંચ્યા કે તમારા અબ્બાસના બંને હાથ કપાઇ ગયા છે.

**اَلْحَمْدُ لِلّٰہِ الَّذِيْ جَعَلَ فِدَاءً الْاَبْنِ بِنْتِ رَسُوْلِ اللّٰہِ صَلَّى اللّٰہُ عَلَيْہِ وَ آلِہٖ وَسَلَّم.**

બધી જ તારીફ તે પરવરદિગાર માટે છે જેણે મારા બેટાને દિલબંદે બતુલનો ફિદયો બનાવ્યો. (ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા શેખ નેઅમત અલ સાદી પેજ-૨૯)

## (૮) હઝરત અબ્બાસ અલયહિસ્સલામની વિલાદતની તારીખ અંગે તેહકીક

અલમદારે કરબલા હઝરત અબ્બાસ અલયહિસ્સલામનું ૨૨ હિજરીમાં પેદા થવું વિશ્વાસપાત્ર માનવામાં આવે છે. કેટલાક વિશ્વાસપાત્ર ઇતિહાસકારાએ વિલાદતની સાલમાં

ઇખ્તલાફ કર્યો છે. તેઓ કહે છે કે આપ ૨૬ હિજરીમાં પેદા થયા. (અબસારૂલ ઓયૂન પેજ નં. ૨૫ પ્રકાશન નજફે અશરફ હિજરી સન ૧૩૪૧. તનકીહુલ મકાલ પેજ-૧૩૮ પ્રકાશન ઇરાન)

સને વિલાદતની જેમ વિલાદતની તારીખમાં પણ ઘણો ઇખ્તેલાફ છે.

(૧) મિરઝા દબીરે ૨૩ જમાદુઉલ અવ્વલ ૨૯ હિજરી તારીખ અને સન બતલાવી છે.

(૨) જનાબ મોલ્વી સૈયદ મોહંમદ ઝામિન કરારવી જિલ્લો ઇલાહાબાદે પોતાનો રિસાલો જવાહિર અઝ જવાહિરમાં કલમી (હાથ લખાણ) પેજ નં. ૧૦૯ આપની તારીખે વિલાદત ૧૯ જમાદિઉલ અવ્વલ જણાવી છે.

(૩) જનાબ મૌલાના સૈયદ અકબર મેહદી સલીમ જરવલીએ પોતાની કિતાબ જવાહિરૂલ બયાનના પેજ નં. ૩૭ ઉપર અલફવાદના હવાલાથી ૨૬ જમાદિઉલ આખર લખી છે.

(૪) ઇરાનીઓને આપની વિલાદત ૪ શાબાનુલ મોઅઝ્ઝમ મનાવવામાં આવે છે. મશહદે મુકદ્દસના ઇલ્મી મુજલ્લા “નિદાએ તરક્કી” જે માહે શાબાન હિજરી ૧૩૫૦માં પ્રકાશિત કરવામાં આવ્યો હતો. તેના પેજ નં. ૨૨૭ ઉપર આ વાત નોંધવામાં આવેલ છે.

બાબુલ હવાઇજ કમરે બની હાશિમ હઝરત અબુલ ફઝલ અબ્બાસ અલયહિસ્સલામની વિલાદત ૪ શાબાન છે.

તેહકીક કરતાં ઉપરોક્ત બધા જ માતમતાંતરો ઉપર દૃષ્ટિપાત કરતાં ૪ શાબાન વિલાદત જ વધુ સાચી લાગે છે. આ મજલ્લા “નિદાએ તરક્કી” ઓલમાએ નજફ અને ઇરાનની શોધખોળ છે. તેઓનો હવાલો મોઅતબર

(વિશ્વાસપાત્ર) ગણવામાં આવશે. ઓલમાએ નજફના મુકાબલામાં અન્ય ખબરોને રદ ગણવામાં આવશે.

શહાદત વખતે આપની ઉમર ૩૮ વર્ષ હતી. તે વાત પણ મોઅતબર (વિશ્વાસપાત્ર) છે.

હવે ૪ શાબાન ૨૨ હિજરીની તારીખને વિલાદત માનીને ૧૦ મોહર્રમ ૬૧ હિજરી સુધી આપની ઉમરનો હિસાબ લગાવવામાં આવે તો લગભગ ૩૮ વર્ષ થાય છે.

ટૂંકમાં અમારી બધી ચર્ચાના અંતે અમે આ નિચોડ ઉપર આવ્યા છીએ કે, વિશ્વાસપાત્ર સૂત્રો દ્વારા પ્રસ્થાપિત થાય છે કે હઝરત અબ્બાસ અલમદારની વિલાદત ૪ શાબાન ૨૨મી હિજરી

મુતાબિક ૨૮ જૂન ૬૪૩ ઇ.સ.ના યકશમ્બા (રવિવાર)ના દિવસ પેદા થયા.

ઇરાન, ઇરાક, હિંદુસ્તાન અને પાકિસ્તાનમાં હઝરત અબ્બાસ અલમદારની વિલાદતની મેહફિલો ૪થી શાબાને રાખવામાં આવે છે.

આ એક બેહતર ખૂબીભર્યો ઇત્તેફાક છે કે તાજદારે કરબલા ઇમામ હુસૈન અલયહિસ્સલામ ૩ શાબાનુલ મોઅઝ્ઝમ અને અલમદારે કરબલા હઝરત અબ્બાસ અલયહિસ્સલામ ૪થી શાબાને પેદા થયા.

وَالشَّمْسِ وَضُحٰهَا ﴿١﴾ وَالْقَمَرِ اِذَا تَلٰىهَا ﴿٢﴾

આફતાબ (સૂર્ય) અને તેની રોશનીની કસમ અને ચાંદની કસમ જ્યારે તેની પાછળ આવે. હુસૈન

આફતાબ હતા અને અબ્બાસ ચાંદ હતા. આફતાબ ૩ શાબાને તુલૂઅ થયો (બહાર આવ્યો, ઊગ્યો) પછી ૨૫ વરસ પછી ચાંદ ૪ શાબાને તુલૂઅ થયો. મીર અનીસ કહે છે :

**આઇનએ તસ્વીરે યદુલ્લાહ હૈ અબ્બાસ**

**શબ્બીર તો ખુરશીદ હૈ ઔર માહ હૈ અબ્બાસ**

**શબ્બીર** : હઝરત ઇમામ હુસૈન અલયહિસ્સલામનું નામ

**ખુરશીદ** : સૂર્ય, આફતાબ

**માહ** : ચંદ્ર, ચાંદ

## (૯) હઝરત અલી અલયહિસ્સલામની પેશાની સજદએ ખાલિકમાં

ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાના પેટથી ચાંદ જેવો બાળક પેદા થઇ ગયો. લોકોએ

અમીરૂલ મોઅમેનીન હઝરત અલી અલયહિસ્સલામને ખુશીની મુબારકબાદીઓ આપી. હઝરત અલી અલયહિસ્સલામને જેવા કે આ બચ્ચાના પેદા થયાની ખબર પહોંચી, તરત જ આપે પોતાની પેશાની મુબારક સજદામાં ઝુકાવી દીધી. મતલબ આ હતો કે ખાલિક! મારા દીલની તમન્ના પૂરી થઇ ગઇ, હવે મારા હુસૈનની મદદ થઇ શકશે.

(રિયાઝુલ કુદસ પેજ-૬૭)

## (૧૦) હઝરત અબ્બાસ અલયહિસ્સલામની પ્રથમ દૃષ્ટિ હઝરત ઇમામ હુસૈન અલયહિસ્સલામના મુબારક ચેહરા ઉપર પડી

ઇતિહાસ ઉપર જે લોકોની દૃષ્ટિ હોય છે તેઓ જાણે છે કે જ્યારે હઝરત અલી

અલયહિસ્સલામ પેદા થયા હતા ત્યારે પોતાની આંખોને ત્યાં સુધી બંધ રાખી હતી જ્યાં સુધી પેગંબરે ઇસ્લામ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ તશરીફ ન લાવ્યા. જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ તશરીફ લાવ્યા તો પોતાના ખોળામાં તાજદારે ઇસ્લામને લઇ લીધા ત્યારે અલી અલયહિસ્સલામે આંખો ખોલી અને આપની પ્રથમ દૃષ્ટિ ચેહરએ રિસાલત ઉપર પડી.

ઝિયારતે નાહિયાના શારેહની તેહકીક છે કે જ્યારે હઝરત ઇમામ હુસૈન અલયહિસ્સલામને ખબર પહોંચી તો આપ તશરીફ લાવ્યા. પોતાના ભાઇને ઇમામતના ખોળામાં લીધો, કાનોમાં અઝાન ઇકામત કહ્યાં. હઝરત અબ્બાસે તરત જ આંખો

ખોલી નાખી અને પોતાની પ્રથમ દૃષ્ટિ ઇમામના ચેહરા મુબારક ઉપર નાખી.

## (૧૧) ઝબાન મુબારક ઇમામ હુસૈન અલયહિસ્સલામની હઝરત અબ્બાસના મોં માં

ઇતિહાસ સાક્ષી છે કે જ્યારે હઝરત અલી અલયહિસ્સલામ પેદા થયા ત્યારે પેગંબરે ઇસ્લામે પોતાની ઝબાન મુબારક અલીના મોં માં આપીને જાંબાજીનો ઇકરાર લઇ લીધો. આ જ કારણથી હઝરત અલી અલયહિસ્સલામ રિસાલત ઉપર દરેક સમયે દરેક પ્રકારની કુરબાની આપવા પોતાનો જાન હંમેશા હાજર રાખતા. કદીપણ રસૂલુલ્લાહનો સાથ નથી છોડ્યો. જ્યારે લડવાનો મોકો આવ્યો, દીલોજાનની બાજી લગાવીને લડ્યા. જાંનિસારીનો વખત આવ્યો તો અલીએ રસૂલના પસીના ઉપર

પોતાનું લોહી વહાવી દીધું. હિજરતના સમયે રસૂલના બિસ્તર ઉપર તલવારોની વચ્ચે સૂઇ જઇને પણ બતાવી આપ્યું કે હું જાનની બાજી લગાવવા તૈયાર છું.

હઝરત મોહંમદ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમનો જે વર્તાવ હઝરત અલી અલયહિસ્સલામની સાથે અને હઝરત અલી અલયહિસ્સલામનો જે વર્તાવ હઝરત મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની સાથે હતો તે જ વર્તાવ હઝરત ઇમામ હુસૈન અલયહિસ્સલામનો હઝરત અબ્બાસ અલમદારની સાથે અને હઝરત અબ્બાસ અલમદારનો હઝરત ઇમામ હુસૈન અલયહિસ્સલામની સાથે હોવો જોઇએ.

ઝિયારતે નાહિયાના શરહ કર્તા લખે છે કે હઝરત અબ્બાસે પણ પેદા થયા પછી ન માનું દૂધ પીધું ન દાઇનું. જ્યારે ઇમામ હુસૈન અલયહિસ્સલામ તશરીફ લાવ્યા અને પોતાના મુબારક ખોળામાં લઇને હઝરત અબ્બાસ અલયહિસ્સલામના સુંદર મોંમાં પોતાની પાક જીભ આપી. હઝરત અબ્બાસે તેને ચૂસવાનું શરૂ કર્યું. જાણે ઇમામ હુસૈન અલયહિસ્સલામે આ રીતે જાંબાઝીનો ઇકરાર લઇ લીધો. જેવી રીતે સરવરે કાએનાતે પોતાનું લુઆબે દહન (મોંનું થુંક) ચુસાવીને હઝરત અલી અલયહિસ્સલામથી વફાદારીનો અહદ(પ્રતિજ્ઞા) લીધો હતો. જેથી આપ આખી ઉમર ફરમાવ્યા કરતા હતા.

.

## (૧૨) હઝરત અબ્બાસ અલમદાર મસ્જિદમાં

હઝરત ઇમામ હુસૈન અલયહિસ્સલામ લુઆબે દહનથી સેરાબ કર્યા પછી હઝરત અબ્બાસને અબાથી ઢાંકીને મસ્જિદમાં દાખલ થયા. પછી હઝરત અલી અલયહિસ્સલામથી વિનંતી કરી "બાબાજાન! આ બાળક મને ઘણું જ વહાલું છે. તેની પરવરિશ અને દેખભાળ હું કરીશ." હઝરત અલી અલયહિસ્સલામે ફરમાવ્યું : બેટા, ઘણી જ ખુશીની વાત છે.

ઇમામ હુસૈન અલયહિસ્સલામ મસ્જિદમાંથી પાછા ફરતાં વિનંતી કરે છે. બાબાજાન! શું વાત છે કે જ્યારે આ બાળકની મહબ્બત જોશ મારે છે તો સાથે સાથે મારૂં દીલ પણ ભરાઇ આવે છે. હઝરત અલી અલયહિસ્સલામે ફરમાવ્યું: બેટા, ખુદાના ખાસ

બંદાઓ માટે ખુશી અને ગમ સાથે સાથે જેહાદ હોય છે. આજે આ બાળક તમને ખુશી આપી રહ્યું છે. પરંતુ એક દિવસ એવો પણ આવનારો છે કે તમે اَلْاٰنَ اِنْکَسَرَ ظَهْرِی અર્થાત કહીને રડતા હશો. ઇમામ હુસૈન અલયહિસ્સલામે બાબાના આ ઇશારાને વિસ્તારથી સમજવા ઇચ્છા વ્યક્ત કરી. આપે ફરમાવ્યું : બેટા જિબ્રઇલ તમારી શહાદતની ફેહરિસ્ત લઇને આવ્યા હતા તેમાં લખ્યું હતું.

اَلْحُسَیْنُ سَیِّدُ الشُّهَدَاء وَالْعَبَّاسُ حَامِلُ اللِّوَاء.

હઝરત હુસૈન શહીદોના સરદાર અને અબ્બાસ અલમદારે કરબલા હશે.

હઝરત અલી અલયહિસ્સલામ ફરમાવે છે કે મેં વારંવાર રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે

વઆલેહી વસલ્લમને આમ કહેતા સાંભળ્યા કે હુસૈન ત્રણ દિવસના ભૂખા પ્યાસા કરબલાના રણમાં શહીદ થશે. (યનાબેઉલ મવદ્દત પેજ-૩૧૮ તેહરીરે શહાદતૈન, શરહ શહાદતૈન પેજ-૮૩ પ્રકાશન લખનવ)

અને અબ્બાસ ફુરાતની નહેર ઉપર જઇને પોતાના હાથ કપાવી નાખશે, અય હુસૈન જરા અબ્બાસના ખભા ખોલો. ખભા ખોલવામાં આવ્યા. હઝરતે તેના ઉપર બે નિશાન બતાવ્યા. ફરમાવ્યું એક અલમનું નિશાન છે અને બીજું સકીનાની સૂખી મશકનું નિશાન છે. (રિયાઝુશ્શોહદા પેજ-૩૫૯ પ્રકાશન દિલ્હી હિજરીસન ૧૩૫૨)

.

## (૧૩) હઝરત અબ્બાસ અલયહિસ્સલામની શહાદતની ખબર અને ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાનું રૂદન

અલ્લામા શરફુદ્દીન કઝવીની લખે છે કે હઝરત અલી અલયહિસ્સલામ એક વખત ઉમ્મુલબનીનના ઘેર ગયા. ફરમાવ્યું : મારા નૂરેનઝરને મારી પાસે લાવો. સફેદ કપડામાં લપેટીને હઝરત અબ્બાસને આપના હવાલે કરવામાં આવ્યા. આપે અબ્બાસના ચેહરા મુબારક ઉપરથી કપડું હટાવ્યું. કમરે બની હાશિમ ઉપર દૃષ્ટિ નાખી. બની હાશિમના ચંદ્ર તરફ જોયું. ફરઝંદની પેશાનીને ચૂમી. ત્યારબાદ નાના નાના હાથોને બહાર કાઢ્યા, કલાઇ, હાથ, પંજા, માથું વગેરેને ધ્યાનથી જોવા લાગ્યા. ત્યારે આપની

આંખોમાંથી મોતી જેવાં આંસુ ટપકી પડ્યાં. આપ રડી પડ્યા.

ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાનું ધ્યાન દોરાયું કે પ્યારા શોહર આ માસૂમને જોઇને રડી પડ્યા છે. ખરેખર તો ખુશ થવું જોઇએ. તરત જ વિનંતી કરી, મારા મૌલા! તમે મારા ફરઝંદના હાથોમાં શું જોયું તે રડી પડ્યા. આપે ફરમાવ્યું: ઉમ્મુલબનીન આ ન પૂછો. જીદ કરી તો ફરમાવ્યું, એમાં ભેદ છે. તે ખુલી જતાં તમે સહનશક્તિ ગુમાવી બેસશો. પરંતુ માનું દીલ તો બેચેન થઇ ગયું હતું. જીદ કરતાં જ રહ્યાં. છેવટે જણાવી દીધું.

**યે આશિકે શબ્બીર હૈ બેટોંમેં તુમ્હારા**
**શાનોં કો કટાએગા યે દરિયા કે કિનારે**

આ સાંભળીને ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા બેચેન થઇને રડવા લાગ્યાં.

## (૧૪) હઝરત અબ્બાસ અલયહિસ્સલામના અકીકાની રસમ અને આપનું મુબારક નામ

અકીકો ઇસ્લામી શરીઅતમાં સુન્નતે મોઅક્કેદા છે.

(મફાતીહુશ શરાએ કલમી ઇ.સ. ૧૨૪૭)

આપની વિલાદતના સાતમા દિવસે આ રસમ અમલમાં લાવવામાં આવી અને અબ્બાસ નામ રાખવામાં આવ્યું.

વહાલા વાચકો! આ બહાદુર ફરઝંદનું નામ અબ્બાસ રાખવું ઘણું જ યોગ્ય હતું. એટલા માટે કે સિંહનું બાળક સિંહ જ હોય છે. હઝરત અલી અલયહિસ્સલામનું નામ હૈદર પણ હતું. ઉમ્દતુલ

મતાલિબમાં છે કે “અમીરૂલ મોઅમેનીન અલીને હૈદર એટલા માટે કહે છે કે આપ ઘણાં જ બહાદુર હતા અને હૈદર સિંહના નામોમાંથી એક નામ છે.” આવી જ રીતે અબ્બાસ પણ સિંહના નામોનું એક નામ છે.

## (૧૫) હઝરત અબ્બાસનું નામ અને શબ્દકોષ

યોગ્ય લાગે છે કે આપના નામના વિષયમાં લુગાત (શબ્દકોષ)ના લેખકોના વર્ણનો રજૂ કરવામાં આવે જેથી આપના નામની ઉચ્ચતા અને પ્રતિષ્ઠાનો ખ્યાલ આવે.

(૧) મિસ્ટર યવ : એસ મસીહી અલ મુન્જિદ પેજ નં. ૫૦૩ ઉપર લખે છે કે અબ્બાસનો અર્થ વધારે સખત, બહાદુર એવો થાય છે. આ સિંહોના નામોમાંથી એક નામ છે.

(૨) રાજા રાજેશવરા અમાપત રાવ પોતાની કિતાબ અફસરૂલ લુગાત પ્રકાશન હૈદરાબાદ દક્કન ઇ.સ. ૧૩૨૩ના પેજ નં. ૬૭૪ ઉપર લખે છે કે અબ્બાસ ઇસ્મ ફરઝંદે અલી મુરતઝા, એટલે કે શેરે દરીન્દ અને પહેલવાન મરદ એવો થાય છે.

(૩) મુલ્લા અબ્દુલ અઝીઝ બિન મોહંમદ સઇદ પોતાની કિતાબ લુગાતે સઇદી પ્રકાશન કાનપુર ઇ.સ. ૧૯૩૯ ના પેજ ૩૫૬ ઉપર લખે છે કે અબ્બાસ સિંહ સખત પહેલવાન નામ હુઝુર સરવરે કાએનાતના કાકા અને હઝરત અલી અલયહિસ્સલામના એક બેટાનું નામ છે.

(૪) ગિયાષુલ્લુગાતના મુસન્નિફ ફસલુલ ઐન મઅલબાઅ લખનવના પેજ નં. ૨૮૦ ઉપર લખે છે કે “અબ્બાસ”નો અર્થ શેર-ફાડી ખાનાર થાય છે. આ

નામ આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના એક કાકાનું હતું. જેમના તરફથી ખોલફાએ અબ્બાસિયા કહેવાયા છે. આ નામ હઝરત અલી અલયહિસ્સલામના એક બેટાનું હતું. જે હઝરતની એક પત્નીથી પેદા થયા હતા. જેનાથી આપે જનાબે સૈયદાની વફાત પછી નિકાહ કર્યા હતા.

(૫) લુગાતે સરવરના કર્તા પ્રકાશન લખનવ ઇ.સ. ૧૮૭૭ પેજ નં. ૨૮૬ ઉપર લખે છે કે અબ્બાસ નામ હઝરત મોહંમદુર્રસૂલુલ્લાહના કાકાનું છે. આ નામ હઝરત અલી અલયહિસ્સલામના ફરઝંદનું પણ છે. અર્થ થાય છે ફાડી ખાનાર, સિંહ, મરદ, પહેલવાન.

(૬) નુરૂલ્લુગાત જિલ્દ-૩ પેજ નં. ૫૩ પ્રકાશન લખનવમાં છે કે અબ્બાસનો અર્થ થાય છે. એવો સિંહ જે ફાડી નાખે.

(૭) જામેઉલ્લુગાત મોહંમદ રફીઅ પ્રકાશન ઇલાહાબાદ ઇ.સ. ૧૯૩૪ના પેજ નં. ૪૭૧ પર છે કે અબ્બાસ આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના કાકાનું નામ હતું. જેમની અવલાદ ખોલફાએ અબ્બાસિયા છે. ત્યાર પછી આ નામ હઝરત અલી અલયહિસ્સલામના એક સાહબઝાદાનું નામ છે જેઓ કરબલામાં શહીદ થયા છે.

ઉપરોક્ત દસ્તાવેજી નોંધો દ્વારા માલૂમ પડે છે કે હઝરત અબ્બાસ અલયહિસ્સલામ બહાદુર હતા. અલ્લામા શહીર લખે છે કે શુજાઅતમાં કમાલિયતના કારણે આપનું નામ “અબ્બાસ”

રાખવામાં આવ્યું છે. કિબરીયતે અહમર ભાગ-3 પેજ નં. ૨૪ આ બાબતમાં શંકાને કોઇ સ્થાન નથી કે હઝરત અબ્બાસ શુજાઅતે અવલીયાના વારસદાર હતા.

## (૧૬) હઝરત અબ્બાસ અલયહિસ્સલામનું બાળપણ અને અલ્લાહની મઅરેફત (ઓળખ)

ગિયાષુલ્લુગાત પેજ નં. ૩૪૫ ઉપર છે કે યકીનના ત્રણ દરજ્જા છે.

(૧) ઇલ્મુલ યકીન

(૨) અયનુલ યકીન

(૩) હક્કુલ યકીન

આ વાત સ્પષ્ટ છે કે જે દરજ્જાઓ યકીનમાં છે. તેમનામાંથી જેટલા દરજ્જાઓ હાસિલ કરી શકાશે, વ્યક્તિ તે પ્રમાણે મઅરેફતે બારી

તઆલાની ઓળખ પામી આગળની મંઝિલો પામી શકશે.

ઇન્જીલ યુહનામાં આયત ૨૬ પ્રકાશન લાહોરમાં છે કે હઝરત ઇસા અલયહિસ્સલામ પાણી ઉપર ચાલતા હતા...

આ અનુસંધાનમાં પેગમ્બરે ઇસ્લામ ઇરશાદ ફરમાવે છે કે :

لو ازداد يَقِيْنًا امشى عَلَى الْهَوَا

જો ઇસાનું યકીન હજી વધારે કમાલ દરજ્જાનું હોત તો ચોક્કસ તેઓ હવા ઉપર ઊડી શકત. હવે જાજમ(પથારી) વાળી હદીસ ઉપર યકીન રાખનારા ખયબરમાં હવાના ખભા ઉપર અલી અલયહિસ્સલામના કદમ જોવાવાળા અલીના

યકીનના દરજ્જાનો અંદાજો લગાવે. વળી જો ઇન્સાની શક્તિ આ બાબતનો અંદાજો લગાવવાથી અશક્ત હોય તો અલીને પુછો કે તમારૂં યકીન કઇ હદ સુધીનું છે. તો તેઓ ફરમાવશે, હું મઅરેફતે ઇલાહીમાં એટલો આગળ વધી ગયો છું કે,

لَوْ كُشِفَ الْغِطَاءُ لَمَا ازْدَدْتُ يَقِيْنًا

હવે જો મારી આંખો ઉપરથી પરદા હટાવી દેવામાં આવે, ઊઠાવી લેવામાં આવે,તો પણ મારા યકીનની હદોમાં વધારો શક્ય નથી.

બાપની અસરો બેટામાં જરૂર હોય છે. હવે વિચારો અલી જેવા આરિફ બિલ્લાહની પીઠ મુબારકમાંથી જે બાળક પેદા થયું તેમાં પણ અલવી

કમાલની ઝલક જરૂર હોવી જોઇએ. અલ્લામા બરગાની લખે છે કે,

રિવાયતમાં છે કે હઝરત અબ્બાસ ઘણા જ બાળપણમાં હઝરત અલી અલયહિસ્સલામની જાંગો ઉપર બેઠેલા હતા. દુનિયાના રિવાજ મુજબ તાલીમ આપતાં હઝરત અલી અલયહિસ્સલામે ફરમાવ્યું: નૂરે નઝર આ પ્રમાણે ગણતરી કરતાં શીખો, બોલો એક, અબ્બાસે કહ્યું: એક, પછી હઝરતે ફરમાવ્યું : કહો બે, કહ્યું : અબ્બાજાન! ગુસ્તાખી માફ કરજો.

હું એકને માનું છું, કદી બે કહીશ નહિ.

અય બાબાજાન! મને શરમ આવે છે કે જે જીભથી એક કહીને વહદતે બારી તઆલાનો ઇકરાર કરી ચૂક્યો છું. હવે આ જ જીભથી બે કેમ કરીને

કહું? હઝરત અલીએ આ મઅરેફતથી ભરપૂર જવાબ સાંભળીને અબ્બાસના હોઠને ચૂમી લીધા.

(મજાલિસુલ મુત્તકીન પેજ-૪૭ પ્રકાશન ઇરાન હિ.સ. ૧૨૨૬)

જુઓ આ અલ્લાહની મઅરેફત-એને યકીને ખુદાવંદી કહેવાય છે. ખોળામાં રમનારૂં બાળક કેવી રીતે કુરઆનની આયત,

لَا تَتَّخِذُوْ اِلٰهَيْنِ اثْنَيْنِ

બે ખુદાનો ઇકરાર ન કરો. ઇકરાર ન કરીને પોતાની મઅરેફતની કમાલ અને અકીદાની ઓળખની સાબિતી આપી. ખરેખર આ શરૂઆતનું પરિણામ છે.

(ઉમદતુલ મતાલિબ પેજ-૩૨૩)

## (૧૭) હઝરત અબ્બાસ અલયહિસ્સલામનું બાળપણ અને ઇમામ હુસૈન અલયહિસ્સલામની ખિદમત

હઝરત ઇમામ હુસૈન અલયહિસ્સલામ કરબલાની ફેહરિસ્ત જાણી ચૂક્યા હતા. પેગંબરે ઇસ્લામથી સાંભળી ચૂક્યા હતા. હઝરત અલી અલયહિસ્સલામથી માલૂમ કરી ચૂક્યા હતા. આપ જાણતા હતા કે વાકેયએ કરબલા થશે, જરૂર થશે. (ઝખીરતુલ માલ અલ્લામા અજીલી અને મુસનદે ઇમામ અહમદ બિન હમ્બલ ભાગ-૧ પેજ-૮૫)

સાથે સાથે આ પણ જાણતા હતા કે આ જ બિરાદરે અઝીઝ મારી પુરી શક્તિથી મદદ કરશે. આ કારણથી પણ આપ હઝરત અબ્બાસથી ખૂબ જ મહબ્બત કરતા હતા. હઝરત અબ્બાસ પોતાના

ઉપર સૈયદુશ્શોહદા તરફથી એહસાનોને પણ જોતા હતા. આપ બાળપણથી જ શમ્એ ઇમામતના પરવાના બનેલા હતા. સાંભળવામાં આવ્યું છે કે આપ મહબ્બતના જોશમાં ઇમામ હુસૈન અલયહિસ્સલામના પગ નીચેની ખાક પોતાની આંખોથી લગાવ્યા કરતા હતા.

હઝરત અબ્બાસને આ વાત પસંદ ન હતી કે ઇમામ હુસૈન અલયહિસ્સલામની કોઇ એવી સેવા હોય જે પોતાના સિવાય કોઇ બીજો બજાવી લાવે. મસ્જિદે કૂફાની એક પ્રખ્યાત ઘટના છે. એક દિવસ હઝરત અમીરૂલ મોઅમેનીન અલયહિસ્સલામ તશરીફફરમા હતા. આપના ફરઝંદો આપની પાસે નીચે બેઠા હતા. બાદશાહે કરબલાને પ્યાસ મહસૂસ

થઇ. કમ્બર પાસે જે આપના ખાનદાની ગુલામ હતાં પાણી માંગ્યું, ફરમાવ્યું:

اَسْقِنِیْ مِنَ الْمَاء

કમ્બર જરા પાણી પીવડાવી દો. હુકમ મળતાં જ કમ્બર ઊઠ્યા. હઝરત અબ્બાસ જેઓ તે સમયે ઘણા જ કમસિન(નાની ઉમરના) હતા. કમ્બરને કહ્યું : મારા આકા માટે હું પાણી લાવીશ.

હઝરત અબ્બાસ પાણી માટે ગયા. પાણીનો એક મોટો જામ ભર્યો. બાળપણનો સમય હતો. હુસૈની જામને માથા ઉપર રાખ્યો, પછી ચાલ્યા. પાણી છલકતું રહ્યું અને આપ તરબોળ થવા લાગ્યા. ઇમામ હુસૈન અલયહિસ્સલામની પાસે પહોંચ્યા. બદન મુબારક ઉપર છલકાયેલું પાણી

જોયું. કરબલાની ઘટના યાદ આવી ગઇ. ઇમામ ગમગીન થઇ ગયા.

(ચહલ મજાલિસ પેજ-૩૧૨ પ્રકાશન લખનવ)

આ ઘટનામાં આમ કહી શકાય છે કે કમસિની (બાળપણ)ના કારણે આપે પાણીનો ભારે જામ માથા ઉપર રાખ્યો હતો. પરંતુ હું કહું છું કે હઝરત અબ્બાસને આ બતાવવું હતું કે હું મારા આકાના કામોને સરઆંખોથી કરૂ છું, માથે ચઢાવીને અંજામ આપું છું.

# ભાગ-૧૦ : હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાનો બહાદુર પુત્ર- હઝરત અબ્બાસ અલમદાર અલયહિસ્સલામ

## (૧) શુજાઅતે હઝરત અબ્બાસ અલયહિસ્સલામ(બહાદુરી)

શુજાઅત, બહાદુરી જવાંમર્દી ઇન્સાનમાં એક પૈદાઇશી ગુણ હોય છે. આપણે બધા હઝરત અમીરૂલ મોઅમેનીન અલયહિસ્સલામની બહાદુરી અને જવાંમર્દીથી વાકેફ છીએ. અત્રે એનું વર્ણન કરવાની જરૂર નથી. આવા બહાદુર બાપનો બેટો હઝરત અબ્બાસ છે.

અબ્બાસમાં અબસ મૂળ છે. ક્રિયાપદનું મૂળ, ઉદ્ગમ સ્થાન. અબસનો અર્થ થાય છે. કઠોર હોવું, કડક હોવું, અબ્બાસ વિફરેલા સિંહને કહે છે.

મઆલી અલ સિબ્તૈનના કર્તા લખે છે કે હઝરત અબ્બાસ અલયહિસ્સલામ મેદાનમાં ઉતરતા હતા તો દુશ્મનોના શરીરો ભયથી ધ્રુજતા હતા. શરીરના સાંધાઓ ભયથી ફફડતા હતા. એક શએર છે તેનો તરજુમો છે :

દુશ્મનોના મોં મોતના ભયથી બગડી જતાં હતાં જ્યારે અબ્બાસ મેદાનમાં મુસ્કુરાતા હતા.

## (૨) વાલિદહની હયાતીમાં શુજાઅત

મકતલે તુરેયહીના કર્તા લખે છે અમીરૂલ મોઅમેનીન અલયહિસ્સલામની હાજરીમાં હઝરત અબ્બાસ જંગમાં શરીક થતા હતા ત્યારે મોટા મોટા બહાદુરોને પછાડી દેતા હતા. જંગે સિફ્ફીનમાં ઇમામ હુસૈન અલયહિસ્સલામે જ્યારે મઆવિયાની ફોજ પાસેથી ફુરાત નદીનો ઘાટ છોડાવ્યો ત્યારે

હઝરત અબ્બાસ ઇમામ હુસૈન અલયહિસ્સલામની મદદમાં એમની સાથે જ હતા. અબુલ અલ અઅવદને હરાવીને પાછો ધકેલ્યો.

(મઆલી અલ સિબ્તૈન)

## (3) જંગે સિફ્ફીનની એક ઘટના

જંગે સિફ્ફીનમાં એક નવજવાન શેહઝાદા નકાબપોશ (મોં ઢાંકીને) મેદાને જંગમાં ઊતર્યો. મોટા મોટા શૂરવીરોના છક્કા છૂટી ગયા. મઆવિયાનું લશ્કર મેદાન છોડી ભાગવા લાગ્યું. મઆવિયાએ ઇબ્ને શઅષા નામી એક ફોજીને કહ્યું, કે તમે મુકાબલા માટે જાઓ. તેણે કહ્યું: દસ હજારના મુકાબલામાં હું એકલો લડી શકું છું પરંતુ આ છોકરાના મુકાબલા માટે કેવી રીતે જાઉં? મારા

સાત છોકરા આ જ લશ્કરમાં છે, કોઇ એક તો એનું માથું લઇ આવશે.

પછી તો એકના પછી બીજો એમ સાતેય લડાઇમાં ઊતર્યા. તે નવયુવાન છોકરાએ સાતેયને જહન્નમમાં મોકલી દીધા. ઇબ્ને શઅષા ગુસ્સામાં ભરેલો જાતે જ મેદાનમાં આવી ગયો. બોલ્યો કે હવે તો હું આ નવયુવાનના મા-બાપને એના ગમમાં રડતાં કરી દઉં. પહેલી જ ઝડપમાં આ નવયુવાને ઇબ્ને શઅષાના બે ટુકડા કરી નાખ્યા. આ જોઇ બંને તરફના લશ્કરો આશ્ચર્યચકિત થઇ ગયા. એટલામાં હઝરત અલી અલયહિસ્સલામે અવાજ આપીને બોલાવી લીધા. નકાબ ઊઠાવી લેવાયો. સૌએ જોયું કે આ નકાબપોશ નવયુવાન કમરે બની હાશિમ હઝરત અબ્બાસ હતા.

(કિબરીયતે અહમર મઆલિસ્સિબતૈન)

## (૪) ઇબ્ને ઝિયાદે હઝરત અબ્બાસ અલમદારને અમાન લખી આપી

હઝરત અબ્બાસની બહાદુરીનો એ આલમ હતો કે મોટા મોટા બહાદુરોના પગ ઢીલા થઇ જતા હતા. હ્રદય પાણી પાણી થઇ જતાં હતાં. શરીરના વાળ ઊભા થઇ જતા હતા. (મઆલિસ્સિબતૈન) આ જ કારણથી ઇબ્ને ઝિયાદે અમાન લખી આપી કે અમારે તમારી સાથે લડવું નથી, તમને અમાન છે. અમે તમારૂં રક્ષણ કરીશું, તમે અમારા તરફથી કોઇપણ પ્રકારનો ડર-ખોફ અનુભવો નહિ. તેથી જ ઇબ્ને ઝિયાદે અમાન લખી આપી કે શાયદ હઝરત અબ્બાસ અલગ થઇ જાય તો આપણો ભય ઘટી જાય અને આપણા સૈનિકો જંગ લડી શકે.

## (૫) હઝરત અબ્બાસ અલયહિસ્સલામ જ્યારે પાણી લેવા ગયા

હઝરત અબ્બાસે કરબલામાં કમસે કમ ત્રણ જંગો લડી છે. પ્રથમ હુમલો આપે તલવારથી ત્યારે કર્યો જ્યારે હઝરત કાસિમની શહાદત થઇ. પોતાના ઇમામની સાથે ગઝબનાક શેરની જેમ જંગ કરીને કાસિમની લાશ લઇ આવ્યા. બીજી જંગ ફુરાત ઉપર જતા થઇ અને ત્રીજી જંગ ફુરાતથી વાપસી ઉપર થઇ. આપે મૌલા અલીની જેમ તલવાર ચલાવી છે.

## (૬) જનાબ અબ્બાસ અલયહિસ્સલામ ફુરાતના કિનારે

અસરારે શહાદતના હવાલાથી દસ હજાર શામી ફોજ ફુરાતના કિનારે તૈનાત હતી. કિબરિયાતના લખાણ મુજબ જનાબ અબ્બાસે અહીં

છ હુમલા કરીને દરિયાએ ફુરાતનો કિનારો કબ્જે કરી લીધો. શામી ફોજને વેરવિખેર કરી નાખી.

**(૭) હઝરત અબ્બાસ અલયહિસ્સલામની એક હાથ વડે જંગ**

જ્યારે જમણો હાથ શહીદ થઇ ગયો તો ડાબા હાથમાં તલવાર લઇને એવો હુમલો કર્યો કે એકસો એંસી એવા પહેલવાન દુશ્મનોને જહન્નમમાં મોકલી દીધા જેમનો દાવો એક એક હજાર અને બે બે હજારની સાથે મુકાબલો કરવાનો હતો.

**(૮) વીસ અસહાબ**

એટલામાં હઝરત અબ્બાસે જોયું કે લશ્કરે ઇમામના વીસ આદમી દુશ્મનોના ઘેરાવામાં આવી ગયા. એકલા જ હઝરત અબ્બાસે હુમલો કર્યો અને

તે વીસેવીસને દુશ્મનોનો ઘેરાવો તોડીને લઇ આવ્યા.

(કિબરીતે અહમર)

## (૯) બહાદુરીની ચરમસીમા

જ્યારે ડાબા હાથથી એકસો એંસી લઅનતીઓને કતલ કરી નાખ્યા ત્યારે અબ્દુલ્લાહ ઇબ્ને યઝીદ શિબાઇએ ડાબા હાથ ઉપર તલવાર મારી દીધી. તે હાથ તલવાર સાથે હવામાં ફંગોળાયો. હઝરત છુટી પડતી તલવારને હવામાંથી પોતાના મોંમાં લઇને મોંનો હાથ બનાવી દુશ્મનો ઉપર હુમલો કર્યો.

(હવાલો ઉપર મુજબ)

## (૧૦) કતલ થયેલાઓની સંખ્યા

રિવાયતો અનુસાર દસ હજારની ફોજ તો આ ૭૨ મઝલૂમોને ઘેરી લડતી હતી. બીજી ૪ લાખ ૬૦ હજારની ફોજ બગદાદની દિવાલો પાસે અનામત સૈન્ય તરીકે ઊભી હતી. જ્યારે અહીં બૂમ બરાડા પડતા, ફોજ ભાગતી તો બગદાદની દિવાલો પાસે ઊભેલી અનામત ફોજની સાથે અથડાઇ જતી, ચીસો પાડતી. ફોજની આ ચીસોથી બગદાદની શહેરી પ્રજા ધ્રુજી ઊઠતી. યઝીદના મુકાબલામાં ઇમામના સૈન્યની સંખ્યા એક સહસ્ત્રાંશ ટકો પણ ન હતી. ચીખવું તો તે લોકોએ જોઇએ ત્યારે ચીખતું હતું યઝીદ લઅનતુલ્લાહનું લશ્કર. જ્યારે હઝરત અબ્બાસ અલયહિસ્સલામ મેદાનમાં આવ્યા ત્યારે શામી લશ્કરને પૂરેપૂરૂં આપની સામે કરી દેવામાં

આવ્યું. હઝરત અબ્બાસે સેંકડોની સંખ્યામાં કાફિરોને જહન્નમ રસીદ કર્યા છે. યઝીદની ફોજમાં એટલી કત્લેઆમ થઇ છે કે ઊંચે ઊડતા પક્ષીઓ આ ચીખોથી ડરીને ભાગી જતાં. સામાન્ય રીતે આમ છે કે ગીધ, ચીલ, સમડી વગેરે માંસ ખાનારા પક્ષીઓ કૂચ કરતા લશ્કરની સાથે આકાશમાં ચાલતા(ઊડતા) હોય છે. તલવારો અને ભાલા, બખ્તરો જોઇને તેઓ જાણી જાય છે કે યુદ્ધ થવાનું છે. પરંતુ અહીં તો યઝીદના લશ્કરની જે કત્લેઆમ થઇ છે તે એટલી વધુ સંખ્યામાં થઇ છે કે ઇન્સાની અક્કલ હૈરાન રહી જાય. તેથી જ્યારે પણ કોઇ યોદ્ધો હુસૈની લશ્કરમાંથી નીકળતો તો આ લોકો ઉપર ખોફ છવાયેલો હતો કે આ લોકો ચીખો પાડીને બગદાદની દિવાલો તરફ ભાગતા. ભાગનારાઓના

દબાણથી લશ્કર દિવાલો સાથે અથડાઇ જતું. કંઇ લોકો-લશ્કરીઓ કચડાઇ જતા. આ લોકો ઉપર ખુદાઇ ખોફ સવાર હતો. આ બધા મોઅજિઝાઓ સર્જાઇ રહ્યા છે.

હઝરત અબ્બાસે સેંકડો ઝાલિમોને મોતને ઘાટ ઊતાર્યા છે. તમામ શહીદોએ પણ સૈંકડોને કતલ કર્યા છે. હઝરત ઇમામ હુસૈન અલયહિસ્સલામે એકલાએ જાતે જ સેંકડોને કતલ કર્યા છે.

(અસરારે શહાદત, દરબંદી)

## (૧૧) દરબારે યઝીદમાં ઝયનબની તકરીર

અલ્લામા બિરજન્દીએ કિબરીયતે અહમરમાં આ વાત નોંધી છે કે જ્યારે એહલેબયત શામ પહોંચ્યા ત્યારે યઝીદે એક મલઊન સિપાહીને

કરબલાના હાલ પૂછ્યા. યઝીદને ખુશ કરવા એક મલઊન સિપાહીએ કહ્યું : હુસૈન ઘણા થોડા અસહાબ સાથે આવ્યા હતા. અમે જ્યારે હુમલો કર્યો તો તેઓ એકબીજાની પનાહમાં આશરો લેતા હતા.

આ સાંભળી જનાબ ઝયનબ સલામુલ્લાહ અલયહાએ ફરમાવ્યું : અય કઝ્ઝાબ! (જુઠ્ઠા) તારી મા તારા ગમમાં રડે, મારા ભાઇ હુસૈનની તલવારે શામ અને કૂફાનું કોઇ ઘર નથી છોડ્યું. જે ઘરમાંથી રડવા અને ચીખવાની અવાજો ન આવતી હોય અને તે બધા મારા ભાઇની તલવારથી કતલ થયા. (આ તો ઇમામતની તલવાર હતી જે ઇમામતનો દરજ્જો રસૂલે ખુદા પછી તમામ અંબિયાથી ઉચ્ચ ગણાય છે. બે વ્યક્તિઓ સૌથી વધુ બદબખ્ત ગણાય છે. જે નબી કે તેમના વસીને કતલ કરે અને

બીજો તે વ્યક્તિ જે નબી કે ઇમામની તલવારથી કતલ થાય, કારણ કે નબી કે ઇમામ મજબૂરીના દરજ્જામાં જ તલવાર ઉપાડે છે. મજબૂરીમાં જ કતલ કરે છે. અઇમ્માથી કતલ થનારા અને અઇમ્માને શહીદ કરનારા બંને બદબખ્ત ઇન્સાનો છે. અલ્લાહની દૃષ્ટિમાં અત્યંત બુરા ઇન્સાનો છે.)

## (૧૨) હઝરત અબ્બાસ અલયહિસ્સલામની અવલાદની શુજાઅત

જનાબ અબ્બાસ અલયહિસ્સલામની શહાદતના પછી જનાબ ઇમામ હુસૈન અલયહિસ્સલામ ઉપર હુમલો થયો ત્યારે મૌલાએ મઝલૂમને જનાબ અબ્બાસ યાદ આવ્યા. આપે અવાજ આપી કારણ કે હુસૈન અલયહિસ્સલામ પાસેથી તો અલ્લાહે પોતાનું સર્વસ્વ ઇસ્લામને

ખાતર લુંટાવી દેવાની- હાથની અંગૂઠીઓના નગીના તથા સ્ત્રીઓના કાનની બુટ્ટીઓ સુધ્ધા લુંટાવી દેવાની કુરબાની માંગી હતી. જેથી આપે અવાજ આપી છે કોઇ... તરત જ હઝરત અબ્બાસ અલયહિસ્સલામના બે ફરઝંદ મોહંમદ ઇબ્ને અબ્બાસે અને કાસિમ ઇબ્ને અબ્બાસે પોતાને ઇમામની સામે પેશ કર્યા.

હઝરતે ફરમાવ્યું : બેટા! તમારા બાપની શહાદત કાફી છે. કહ્યું : નહીં આકા! અમે પણ આપ ઉપર કુરબાન થઇશું. જેથી બંને મેદાનમાં ઊતર્યા અને દુશ્મનોની એક મોટી તાદાદને કતલ કર્યા. (કિબરીયતે અહમર)

.

## (૧૩) હઝરત અબ્બાસ અલયહિસ્સલામની બહાદુરી "મા" ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાની દ્રષ્ટિમાં

હઝરત અબ્બાસ અલમદાર અલયહિસ્સલામની મા જનાબ ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાએ જ્યારે હઝરત અબ્બાસની શહાદતના સમાચાર સાંભળ્યા તો આપે અશઆર પઢ્યાં. જે અશઆરને અબુલહસન અખફશે પણ કામિલની શરહમાં લખ્યા છે. જેનો ભાવાનુવાદ પ્રસ્તુત છે.

અય તે વ્યક્તિ જેણે મારા જિગરના ટુકડા અબ્બાસને ચુંટી કાઢેલા, તીફ્રી દીલ ઇન્સાનોની જમાઅતો ઉપર હુમલો કરતાં જોયો.

અને તેમના સિવાયના શેરે ખુદાના એવા બેટાઓને હુમલો કરતાં જોયા જેઓ પોતાના બાપના જેવા જ શેર અને બહાદુર છે.

કે મને ખબર પહોંચ્યા છે કે મારા રગે જાનથી વધારે વહાલા ફરઝંદ અબ્બાસના સરને બંને હાથો સાથે કાપવામાં આવ્યું.

અય મારા બહાદુર બેટા! ખુદાની કસમ! મને યકીન છે કે તારા હાથમાં તલવાર હોત તો તારી નજીક પણ કોઇ ફરકી શકત નહીં.

આહ! આહ! મને સંતોષ આ વાતનો છે કે મારૂં લોહી રાહે ખુદામાં કામ આવ્યું અને ઇમામની મદદમાં મારા બેટાઓ કુરબાન થઇ ગયા.

## ભાગ-૧૧ : (૧) હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાના ચાર બહાદુર બેટાઓ

હઝરત ઉમ્મુલબનીન ફાતેમા કિલાબિયા સલામુલ્લાહ અલયહાના ચાર બહાદુર સાહબઝાદા હતા. તેથી તેઓ ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાની કુન્નિયતથી પ્રખ્યાત થયાં. અરબીમાં ઉમ્મુલબનીનનો અર્થ થાય છે. “બેટાઓની મા” જો કોઇ ખાતૂનના બે થી વધારે ત્રણ બેટા હોય તો તેને અરબો ઉમ્મુલબનીન કહેતા હતા. જનાબ ફાતેમા કિલાબિયાને અલ્લાહે ચાર બેટાઓથી નવાઝ્યા હતા. પછી આપ ઉમ્મુલબનીન કેમ ન કહેવાય?

## (૨) હઝરત અબ્બાસ અલયહિસ્સલામના ભાઇઓનો જન્મ

(૧) હઝરત અબ્બાસ અલયહિસ્સલામ જેમની ઉમર (અમારી શોધખોળ અનુસાર) કરબલામાં ૩૮ વર્ષની હતી.

(૨) અબ્દુલ્લાહ જેમની ઉમર આશૂરાના દિવસે ૩૦ વર્ષની હતી. તેમનો કાતિલ હાની બિન ષબીત હઝરમી હતો.

(૩) ઇમરાન જેમની ઉમર શહાદત વખતે ૨૮ વર્ષની હતી અને તેમનો કાતિલ બની દારમમાંથી એક વ્યક્તિ હતો.

(૪) જઅફર જેમની ઉમર કરબલાની કરૂણાંતિકાના સમયે ૨૬ વર્ષની હતી. એમનો કાતિલ ખૂલી બિન યઝીદ હતો.

ચારેય સાહબઝાદા હઝરત અલી અલયહિસ્સલામની પાસે શિક્ષણ-પ્રશિક્ષણ પમ્યા હતા. તે સિવાય આપના મોટા ભાઇઓ ઇમામ હસન અલયહિસ્સલામ અને ઇમામ હુસૈન અલયહિસ્સલામની દર્સગાહમાં તરબિયત પામ્યા હતા. તેથી આ યુવાનો કરબલામાં ઘણી જ બહાદુરીથી જંગ લડ્યા.

હઝરત અબ્બાસ અલયહિસ્સલામ હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાની અવલાદમાંથી સૌથી મોટા હતા. તેથી જ પ્રતિષ્ઠામાં, ગુણોમાં, સરસાઇમાં, બુદ્ધિમાં, તકવા પરહેઝગારીમાં, ઇબાદતમાં, અદબમાં, ઘણાં જ ઊંચા સ્થાને બિરાજમાન હતા. તેમને હઝરત ઇમામ હુસૈન અલયહિસ્સલામ અને હઝરત ઝયનબ

સલામુલ્લાહ અલયહાની સાથે ઘણી જ મહબ્બત હતી. બાળપણથી જ આપ પોતાની ફરજોને જાણતા હતા અને પોતાના ભાઇઓ અને બહેનોના હુકમની તાબેદારી કરતા હતા. હઝરત અબ્બાસ અલયહિસ્સલામનો દરજ્જો હઝરત અલી અલયહિસ્સલામની બધી અવલાદમાં હઝરત ઇમામ હસન અલયહિસ્સલામ અને હઝરત ઇમામ હુસૈન અલયહિસ્સલામ પછી સૌથી અશરફ અને ઉચ્ચ છે. રોજે આશૂરા જ્યારે આપે પોતાના ભાઇ હુસૈન ઇબ્ને અલીને અવાજ આપી  સાંભળી ત્યારે આપે પોતાના નાના ભાઇઓને ફરમાવ્યું કે મારી ઇચ્છા છે કે તમે મારાથી પહેલાં આપણા સરદાર અને મૌલાની મદદ માટે નીકળો. તેઓ એક પછી એક મેદાનમાં ગયા. ખૂબ લડ્યા. પોતાના બહાદુર પિતાની બહાદુરી જે

તેઓને વારસામાં મળી હતી, બતાવીને શહીદ થઇ ગયા.

## હઝરત અબ્બાસ અલયહિસ્સલામના ભાઇઓનો જન્મ

હઝરત અબ્બાસ અલયહિસ્સલામના ભાઇ જનાબ અબ્દુલ્લાહ, જનાબ ઇમરાન અને જનાબ જઅફર હતા. હઝરત અબ્બાસ અલયહિસ્સલામના જન્મ પછી લગભગ નવ કે દસ વર્ષ પછી જનાબ અબ્દુલ્લાહ પેદા થયા. જનાબ અબ્દુલ્લાહ પછી બે વર્ષ પછી જનાબ ઇમરાન બિન અલી પેદા થયા. પછી જનાબ ઇમરાનથી લગભગ બે વર્ષ પછી જનાબ જઅફર બિન અલી પેદા થયા.

(અબસારૂલ ઓયૂન)

## (3) અબ્દુલ્લાહ નામ રાખવાનું કારણ

સરકારે ખતમી મરતબત સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના વાલિદે ગિરામીનું નામ અબ્દુલ્લાહ હતું. જે હઝરત અલી અલયહિસ્સલામના સગા કાકા હતા. કાકાના નામ પરથી પોતાના આ બેટાનું નામ અબ્દુલ્લાહ રાખ્યું હતું.

## (૪) ઇમરાન નામ રાખવાનું કારણ

આપની પેદાઇશ પછી હઝરત અમીરૂલ મોઅમેનીન અલયહિસ્સલામે આપનું નામ ઇમરાન નક્કી કરતાં ફરમાવ્યું: મેં આ બાળકનું નામ મારા પિદરે ગિરામી (માનનીય પિતાજી) અબુ તાલિબના નામ પરથી એટલા માટે રાખ્યું છે કે જેથી મારા વાલિદ મોહતરમની યાદ તાજી રહે.

હઝરત અબુતાલિબનું સાચું નામ ઇમરાન હતું. નજફે અશરફના એક આલિમને હઝરત અલી અલયહિસ્સલામે ખ્વાબમાં આવીને ફરમાવ્યું : “મારા બેટાને ઇમરાન કહ્યા કરો. મેં એનું નામ ઇમરાન રાખ્યું છે. લોકોએ તેનું નામ ઉસ્માન પ્રખ્યાત કરી દીધું છે. જેથી મારા પિતાજી જનાબ ઇમરાન(અબુતાલિબ અલયહિસ્સલામ)ની યાદ તાજી રહે.”

(તોહફએ હુસૈનિયા ભાગ-૧ પેજ-૧૬૩ મકતલે અવાલેમ પેજ-૯૩)

ઇબ્ને અબિલ હદીદે શરહ નહજુલ બલાગાહમાં ભાગ-૯ પેજ નં. ૨૪૩ ઉપર ઉસ્માનની જગ્યાએ અબ્દુર્રેહમાન લખ્યું છે.

## (૫) જઅફર નામ રાખવાનું કારણ

આપના જન્મ પછી હઝરત અલી અલયહિસ્સલામે આપનું નામ જઅફર રાખ્યું હતું. જેથી જઅફરે તૈયારની યાદ તાજી રહે હઝરત અલી અલયહિસ્સલામ પોતાના ભાઇ જઅફરે તૈયારને બેહદ ચાહતા હતા. જેથી આપના ભાઇ જઅફર ઇબ્ને અબીતાલિબના નામ પરથી આપનું નામ જઅફર રાખ્યું. (અબસારૂલ ઓયૂન પેજ-૩૫ પ્રકાશન નજફે અશરફ)

## (૬) કરબલામાં હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાના બધા જ બેટાઓની કુરબાનીઓ

કરબલામાં જ્યારે જંગનું બજાર ગરમ થઇ ગયું, એહલેબયતના લોહીના પ્યાસા ઝાલિમો એક

એક પર પડી રહ્યા હતા. અસહાબ અને અનસાર કતલ થઇ ગયા હતા. હવે બની હાશિમ લોહીમાં તરબતર થઇને હુસૈન અલયહિસ્સલામ ઉપર ન્યોછાવર થઇ રહ્યા હતા. હવે તેઓમાંથી દરેક મેદાને જંગમાં જવા માટે તલપાપડ થઇ રહ્યા હતા. જેને મોકો મળી જાય છે તે જંગમાં જવાની ઇજાઝત મેળવી લે છે. તે મેદાનની તરફ દોડે છે અને મોતની આંખોમાં આંખો નાખીને બાનિયે ઇસ્લામની દૃષ્ટિમાં ખુશી મેળવી લે છે. ઘણાં બધા બની હાશિમના નવયુવાનો પોતાની કુરબાનીઓ આપી ચૂક્યા છે.

હઝરત અબ્બાસ જેમના માથા ઉપર કરબલાની જીતનો દારોમદાર છે તેઓ દરેક રીતે કોશિશ કરી રહ્યા છે કે મને જંગમાં જવાની ઇજાજત

મળે. જેથી હું મારી જાતને ખુદાની બારગાહમાં પેશ કરીને બાબાજાન અલીની બારગાહમાં ચમકતા ચેહરે પહોંચી જાઉં. સાથે આપને આ વાત સાબિત કરી દઉં કે આપે જે ઇચ્છા મારી વિલાદત સમયે રાખી હતી તે હું પૂરી કરીને આવ્યો છું. પરંતુ અબ્બાસ અલમદારે લશ્કર હોઇ, હુસૈનના કુવ્વતે બાજૂ હોઇ મેદાનમાં જવાની છૂટ જલ્દીથી કેવી રીતે મેળવી શકે ?

તમામ ઇતિહાસકારો એકમત છે કે હઝરત અબ્બાસ અલયહિસ્સલામ સાથે ચાર સગા ભાઇઓ હતા. (૧) હઝરત અબ્બાસ અલયહિસ્સલામ (૨)જનાબ અબ્દુલ્લાહ (૩) જનાબ ઇમરાન (૪) જનાબ જઅફર. તેમના વાલિદહ માજીદહ જનાબ

ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા અને વાલિદ માજિદ હઝરત અલી અલયહિસ્સલામ હતા.

મતલબ હઝરત અબ્બાસ અલયહિસ્સલામે પોતાના ભાઇઓને હિંમત આપી. તેઓ બધા શહાદત માટે જલ્દીથી જલ્દી મેદાનમાં જવાની ઇચ્છા વ્યક્ત કરવા લાગ્યા. નામૂસે ઇસ્લામ પેજ નં. ૧૬૩ ઉપર છે કે બાગે મુરતઝવીના ફૂલ ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાના તારા દરિયાએ ફનામાં ડૂબવાના શરૂ થયા. હુસૈન અલયહિસ્સલામના હાથોની શક્તિ હણાવા લાગી. બાપની નિશાનીઓ, અલીની યાદગારો મિટ્ટીમાં ભળવા લાગી.

હઝરત અબ્બાસ અલયહિસ્સલામે ભાઇઓની તરફ જોયું, પછી ફરમાવ્યું : પ્યારો! તમે

મને મારા જીવથી વધારે પ્યારા છો, અઝીઝ છો પરંતુ આજે મારી ઇચ્છા છે કે તમે બધા બાબા અલી મુરતઝાની ખિદમતમાં, દરબારે રસૂલમાં ચમકતા ચેહરે પહોંચી જાવ. તમારા જવાની મુસીબતને અમે સીનામાં સહન કરીએ, તમારા ગમમાં સબર કરીએ, રઝાએ ઇલાહીના દરજાત પ્રાપ્ત કરીએ.

પરંતુ આ બહાદુર ભાઇ અબ્બાસના ભાઇઓ તો હુસૈન ઉપર ફિદા થવા માટે શહાદતના શોખમાં પહેલેથી બેચેન હતા. ખુશ થઇને વિનંતી કરે છે. બડે ભૈયા, અમારી પણ એ જ તમન્ના છે. આપથી પહેલાં ખૂનમાં ડૂબીએ અને આપણા બુઝુર્ગ ભાઇ ઇમામ આકા હુસૈન ઉપર ન્યોછાવર થઇ જઇએ. હથિયાર સજીને તલવારો ઉઠાવે છે. સલામે વિદાઅ

કરીને મેદાન તરફ રૂખસત થાય છે. હઝરત હુસૈન અલયહિસ્સલામ એક એક ભાઇને હસરત ભરી દ્દષ્ટિથી જુએ છે અને તેઓને રૂખસત કરે છે. હૈદરના સિંહો વારાફરતી મેદાનમાં જાય છે, શુજાઅતે અલવીના જાહર બતાવે છે, સિંહગર્જના સાથે હુમલા ફરમાવે છે, તીરો વાગે છે, બરછીઓ પડે છે, ઝખ્મી થઇને પડી જાય છે, અને ભાઇ ઉપર કુરબાન થઇ જાય છે, ઇમામ હુસૈન અલયહિસ્સલામ લાશોને ઊઠાવે છે, મેદાનમાંથી ઊંચકીને ખૈમામાં લાવે છે.

હવે હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાના ચાર ફરઝંદોના ટૂંકા વર્ણનો અમો ઇતિહાસની રોશનીમાં વર્ણવીએ છીએ.

## (૭) હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાના બીજા

ફરઝંદ અબ્દુલ્લાહ ઇબ્ને અલી અલયહિસ્સલામ

અબ્દુલ્લાહ ઇબ્ને અલી હઝરત અબ્બાસ અલયહિસ્સલામના સગા ભાઇ હતા. આપ હઝરત અબ્બાસ અલયહિસ્સલામથી લગભગ આઠ વર્ષ નાના હતા. આપની કુન્નીયત નાસિખુત્તવારીખના મુતાબિક અબુ મોહંમદ હતી. આપની ઉમર ૨૫ વર્ષની હતી. આપને બહાદુરી અને યુદ્ધકળા વારસામાં મળી હતી. જ્યારે આપ મેદાનમાં તશરીફ લઇ ગયા તો અપાર બહાદુરી બતાવીને લોકોને આશ્ચર્યચકિત કરી દીધા. આપની ઉમરના વિષયમાં ઇતિહાસકારો લખે છે કે આપ પોતાના ભાઇ

અબ્બાસના કરતાં ઉમરમાં ૮ વર્ષ નાના છે. આપની વાલિદહ મોહતરમા પણ જનાબ ફાતેમા કિલાબિયા(ઉમ્મુલબનીન) હતાં. આપે પોતાના પિતાજી સાથે દસ વર્ષ, હઝરત ઇમામ હસન અલયહિસ્સલામની સાથે ૨૦ વર્ષ અને ઇમામ હુસૈન અલયહિસ્સલામની સાથે 30 વર્ષમાં જિંદગી બસર કરી અને આ જ 30 વર્ષ આપની ઉમર છે.

(દમઅતુસ્સાકેબા પેજ-૨૩૬ અનવારૂલ હુસૈનીય પેજ-૬૮)

અબ્દુલ્લાહ ઇબ્ને અલીને કોઇ અવલાદ ન હતી. હઝરત અબ્બાસ અલયહિસ્સલામના ત્રણે ભાઇઓની શાદીઓ થઇ ચૂકી હતી. નાના નાના બાળકો પણ સાથે હતાં. સળગતા તંબુઓ અને દોડતા ઘોડાઓની વચ્ચે આ કમસિન બાળકો પણ

શહીદ થઇ ગયાં. બીબીઓને કેદી બનાવવામાં આવી.

## (૮) મેદાને જંગની તરફ આગેકૂચ અને જાંનિસારી

આપમાં કુદરતી બહાદુરી અને જોશ હતો. મોટા ભાઇ અબ્બાસ પણ હોસલા અફઝાઇ કરી રહ્યા હતા, હિંમત વધારી રહ્યા હતા. આપ ઘણી જ બેજિગરી સાથે લડ્યા. યઝીદીઓની સફો ચીરી નાખી ઝબરદસ્ત હુમલા કર્યા. આપ આ શબ્દોમાં રજઝ પઢતા હતા. યુદ્ધ દરમ્યાન પઢવામાં આવતા જોશીલા અશઆરને રજઝ કહેવાય છે.

**તરજુમો** : “હું એક અઝીમુશ્શાન બહાદુર અને અઝીમુશ્શાન સખીનો ફરઝંદ છું. આ જ કારણ છે કે મારા કાર્યો અને અમલોમાં અચ્છાઇ દ્રષ્ટિમાન

થાય છે. તમે સમજ્યા? તે અઝીમુશ્શાન હસ્તી કોણ છે? તે રસૂલુલ્લાહની ઊઘાડી તલવાર છે. તેમના આમાલ અને કાર્યો તો સૂર્યના પ્રકાશની જેમ દુનિયા ઉપર રોશન છે, તેઓ અલી છે."

## (૯) હઝરત અબ્દુલ્લાહ ઇબ્ને અલી અલયહિસ્સલામની શહાદત

રજઝ પઢ્યા પછી આપે આ રીતે હુમલો કર્યો કે સમગ્ર લશ્કર કાંપી ઊઠ્યું. ઇતિહાસકારો લખે છે,

આપે ચક્કીની માફક ચક્કર લગાવીને ઝાલિમોને તલવારથી કાપવાની શરૂઆત કરી તો યઝીદના લશ્કરમાંથી ચીખોની અવાજો બુલંદ થઇ. (તોહફએ હુસૈનીયા ભાગ-૧ પેજ-૧૬૩ અનવારે હુસૈનિયા પેજ-૬૮)

દુશ્મનોએ જોયું કે આ બહાદુર ઉપર કાબૂ મેળવવો મુશ્કેલ છે. ત્યારે પાંચ હજારના લશ્કરે એક સાથે હુમલો કરી દીધો. હઝરત અબ્દુલ્લાહે જોયું કે દુશ્મનો હવે સંપૂર્ણ તાકાતથી હુમલો કરી રહ્યા છે તો હકાએકુલ મુસીબતના કર્તાના વર્ણાનુસાર આપે હઝરત અબ્બાસને અવાજ આપી. આપ ઓન બિન અલીને લઇને મેદાનમાં પહોંચ્યા પછી ત્રણેએ દુશ્મનો ઉપર હુમલો કરી દીધો. જનાબ અબ્દુલ્લાહની બિલકુલ સામે હાની ઇબ્ને સબીત હઝરમી હતો. આપ ઘણાં ઝખ્મી થઇ ચૂક્યા હતા. જેથી દુશ્મનો આપ ઉપર ગાલિબ આવી ગયા.

આપના મુબારક સર ઉપર તેણે તલવાર મારી જેનાથી આપ શહીદ થઇ ગયા.

(અબસારૂલ અયન પેજ-૩૪, બેહારૂલ અનવાર ભાગ-૧ પેજ-૨૩૨, તારીખે તબરી જિ-૬ પેજ-૨૫૭, દમ્અતુસ્સાકેબા પેજ-૩૩૬)

**(૧૦) હઝરત અબ્દુલ્લાહ ઉપર ઇમામે માસૂમ હઝરત હુજ્જતના સલામ**

અબ્દુલ્લાહ ઇબ્ને અલી અલયહિસ્સલામ ઉપર સલામ થાય, જેમણે મુસીબત ઉપર મુસીબત ઝીલીને ઇમ્તેહાનમાં કામ્યાબી હાસિલ કરી અને જેઓ જાહેર રીતે કરબલામાં ઇસ્લામની મહબ્બતની સાબિતી આપી ગયા. દુશ્મનોએ જેમને દરેક તરફથી ઝખ્મી કર્યા. ખુદા એમના કાતિલ હાની બિન સબીત હઝરમી ઉપર લઅનત કરે.

(શિફાઉસ્સુદૂર પેજ-૧૧૧ પ્રકાશન મુંબઇ)

## (૧૧) હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાના ત્રીજા ફરઝંદ ઇમરાન ઇબ્ને અલી

હઝરત ઇમરાન હઝરત અબ્બાસના બીજા ભાઇ હતા. આપ જનાબ અબ્દુલ્લાહથી બે વર્ષ મોટા હતા. આપની ઉમર ૨૮ વર્ષ અને કુન્નીયત અબુલહસન હતી. આપનું નામ મુબારક "ઇમરાન" "એટલા માટે રાખવામાં આવ્યું હતું કે હઝરત અલી અલયહિસ્સલામના વાલિદે ગિરામીનું નામ "ઇમરાન" હતું. માટે આપના દાદાના નામ ઉપરથી આપનું નામ ઇમરાન રાખવામાં આવ્યું.

આપની ઉમરના વિષયમાં ઇતિહાસકારો લખે છે કે આપ પોતાના ભાઇ અબ્દુલ્લાહથી બે વરસ પછી પેદા થયા. આપની માદરે ગિરામી પણ ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા હતાં. આપે

પોતાના પિદરે બુઝુર્ગવાર(પિતાજી)ની સાથે આઠ વર્ષ અને પોતાના ભાઇ ઇમામ હસન અલયહિસ્સલામની સાથે અઢાર વર્ષ અને ઇમામ હુસૈન અલયહિસ્સલામની સાથે ૨૮માં વર્ષમાં જીવન બસર કર્યું. અને આ જ (૨૮ વર્ષ) આપની કુલ ઉમર છે. (અબસારૂલ ઐન પેજ-૩૪, અનવારૂલ હુસૈનિયા પેજ-૬૮ પ્રકાશન નજફે અશરફ)

## (૧૨) મેદાને જંગની તરફ આગેકૂચ અને જાંનિસારી

મેદાને જંગમાં જવા માટે હઝરત અબ્બાસ અલયહિસ્સલામ હિંમત આપી ચૂક્યા હતા. હવે હઝરત અબ્દુલ્લાહની શહાદતે હઝરત ઇમરાનના દીલમાં વધારે જોશ પેદા કરી દીધો. આપ કમાલ

દરજ્જાના જોશ સાથે મેદાનમાં તશરીફ લઇ ગયા. આપ આ રજઝ પઢ્યા,

**તરજુમો** : અય ઇસ્લામના દુશ્મનો! હું તમને બતાવી દેવા ઇચ્છું છું કે હું મરતબાવાળા અલીનો બેટો છું. જેમના ઉપર ફખ્ર કરી શકાય છે. મારા પિતાજી બુઝુર્ગ આકા નામદાર અલી છે. જેમના કારનામા વિશ્વમાં રોશન છે. તેઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના ઇબ્ને અમ્મ એટલે કે કાકાના દીકરા ભાઇ છે. અને મારા ભાઇ હુસૈન અલયહિસ્સલામ છે જે સર્વે ઇન્સાનોમાં ખુદાએ ચૂંટી કાઢેલા મકબૂલ છે.

તે હુસૈન અલયહિસ્સલામ જેઓ રસૂલુલ્લાહ અને વલીયુલ્લાહના પછી વિશ્વના તમામ નાના મોટાઓના સરદાર છે. (નાસિખુત્તવારીખ જિ-૨

પેજ-૨૫૭, બેહારૂલ અનવાર ભાગ-૧ પેજ-૬૨૩, દમ્અતુસ્સાકેબા પેજ-૩૩૬)

### (૧૩) હઝરત ઇમરાન બિન અલીની શહાદત

આપ પણ અજોડ બહાદુરી સાથે જંગમાં પડ્યા.

અચાનક ખૂલી ઇબ્ને યજીદ અસ્બહીએ એક તીર માર્યું. જે તીરથી આપ ઘણાં જ કમજોર થઇ ગયા. આપ કમરની તરફથી જમીન ઉપર પડી ગયા. ત્યાં તો એક વ્યક્તિ બની ઇમાન ઇબ્ને દારમનો આવ્યો. તેણે આપનું માથું કાપી લીધું

(અબસારૂલ અયન પેજ-૩૪, મજાલિસુલ મુત્તકીન પેજ-૪૭ તારીખે તબરી ભાગ-૬ પેજ નં. ૨૫૭, બેહારૂલ અનવાર ભાગ-૧ પેજ ૨૩૩)

## (૧૪) જનાબ ઇમરાન ઉપર ઇમામ મઅસૂમની સલામ

**તરજુમો** : જનાબ ઇમરાન ઇબ્ને અબ્દુલ મુત્તલિબના હમનામ ઇમરાન બિન અમીરૂલ મોઅમેનીન પર સલામ હો. ખુદા તેમને શહીદ કરનારા ખુલી ઇબ્ને યઝીદ અસબહી ઉપર લઅનત કરે.

(શિફાઉસ્સદર શરહ ઝિયારતે આશૂરા પેજ-૧૧ પ્રકાશન મુંબઇ)

## (૧૫) હઝરત ઉમ્મુલબનીનના ચોથા ફરઝંદ જઅફર બિન અલી અલયહિસ્સલામ

જનાબ જઅફર બિન અલી હઝરત અબ્બાસ અલમદારના ત્રીજા ભાઇ હતા. આપ જનાબ ઇમરાનથી લગભગ બે વર્ષ નાના હતા. આપની

ઉમર ૨૬ વર્ષની હતી. આપની કુન્નીયત નાસેખુત્તવારીખના કર્તાના ઉલ્લેખ પ્રમાણે અબુ અબ્દુલ્લાહ હતી. આપની હયાતના વિષયમાં ઇતિહાસકારો લખે છે કે,

આપ પોતાના ભાઇ ઇમરાનના બે વર્ષ પછી પેદા થયા. આપના માતૃશ્રી જનાબ ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા હતાં. આપે પોતાના વાલિદ મોહતરમની સાથે ૬ વર્ષ અને ભાઇ ઇમામ હસન અલયહિસ્સલામની સાથે ૧૬ વર્ષ અને ભાઇ ઇમામ હુસૈન અલયહિસ્સલામની સાથે ૨૬ વર્ષ ગુજાર્યા. તેથી આ જ તેમની ઉમર છે.

અલ્લામા શેખ મોહંમદ બિન કમાલુદ્દીન શાફેઇ લખે છે કે હઝરત અલીના ભાઇ જનાબ

જઅફરે તૈયાર હતા. જેમને હઝરત અલી અલયહિસ્સલામ બેહદ ચાહતા હતા. આપનો આ હાલ હતો કે જો કોઇ આપને જઅફરે તૈયારના નામનો વાસ્તો દેતો હતો તો આપનો ગુસ્સો પાણી પાણી થઇ જતો હતો.

(જુઓ કિતાબ મતાલિબુસ્સઉલ પેજ-૧૧૭)

અલ્લામા યજદી લખે છે કે જ્યારે જંગે મુતામાં જઅફરે તૈયાર શહીદ થયા હતા ત્યારે હઝરત અલી અલયહિસ્સલામે ફરમાવ્યું હતું :

ભૈયા હવે મારી કમર તૂટી ગઇ (અનવારૂશ્શહાદત પેજ-૨૯) અબસારૂલ ઐનના કર્તા લખે છે કે :

હઝરત અલી અલયહિસ્સલામે પોતાના ફરઝંદ જઅફરનું નામ એટલા માટે જઅફર રાખ્યું હતું, જેથી હઝરત જઅફરે તૈયારની યાદ તાજી રહે.

**(૧૬) આપની મેદાને જંગમાં આગેકૂચ અને જાંનિસારી**

આપ પોતાના બીજા ભાઇઓની જેમ ઘણાં બહાદુર હતા. આપ મર્દે મેદાન હતા. વળી હઝરત અબ્બાસે બાપની વસીય્યત યાદ અપાવીને જોશમાં વધારો કર્યો. ઇતિહાસકારો લખે છે :

આપે તલવાર સાથે મેદાને જંગમાં જઇને દુશ્મનો ઉપર એવા હુમલા કર્યા કે તેઓને ફનાના ઘાટ ઊતારીને વેરવિખેર કરી દીધા. આપ આ રજઝ પઢી રહ્યા હતા :

તરજુમો : હું બુલંદીનો બાદશાહ જઅફર છું અને હઝરત અલી અલયહિસ્સલામનો ફરઝંદ છું. જેઓ ઘણા શક્તિશાળી અને રહમદિલ હતા. મારા કાકા અને મામૂની શરાફત વંશાવલી પ્રમાણે મારી શરાફતની શ્રેષ્ઠ ગવાહ છે. હું મારા ઇમામ અને મારા મોટા ભાઇ હુસૈનનો મદદગાર છું, જેઓ ઘણી મોટી બક્ષિસ કરનારા છે.

(તોહફતુલ હુસૈનિયા ભાગ-૧ પેજ-૧૬૩, અબસારૂલ ઐન પેજ-૩૫, બેહારૂલ અનવાર ભાગ-૧ પેજ-૨૨૩)

## (૧૭) જનાબ જઅફર બિન અલીની શહાદત

આપ અજોડ બહાદુરી સાથે હુમલા કરતા રહ્યા કે અચાનક આપ ઉપર હાની ઇબ્ને સબીત

હઝરમીએ વાર કર્યો. આપ શહીદ થઈ ગયા. (અબસારૂલ ઐન પેજ-૩૫)

## (૧૮) જનાબ જઅફર ઉપર હઝરત ઇમામ માસૂમ હુજ્જત(અજ.)ની સલામ

જઅફર ઇબ્ને અમીરૂલ મોઅમેનીન અલયહિસ્સલામ ઉપર સલામ થાય જેઓ પોતાની જાનની કુરબાની પેશ કરવામાં ઘણાં જ સબર કરનારા હતા. ગુરબતની હાલતમાં વતનથી કાઢવામાં આવ્યા હતા. જેઓ જંગ માટે દીલોજાનથી તૈયાર હતા. જેઓ મેદાને કારઝારમાં આગળ વધીને હુમલો કરનારા હતા. જેમને લોકોએ તેમની બહુમતિના કારણે મગલૂબ કરી દીધા. ખુદા તેમના કાતિલ હાની બિન સબીત ઉપર લઅનત કરે.

(અશફાઉસ્સોદૂર શરહ ઝિયારતે આશૂરા પ્રકાશન મુંબઇ)

# ભાગ-૧૨ : હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાની શિમરની સાથે કોઇ સગાઇ ન હતી

## (૧) શિમર ઝિલજોશન ઝુબાબી નસબ અને વંશ

નફરતજનક વૃક્ષનું કડવું ફળ, ૧૦ અથવા ૧૧ હિજરીમાં ખનાઝ બિન હારિસ બિન ઝનઅના પેટથી પેદા થયો હતો અને તે બની અઝરહ બિન ઝૈદ લાતના કબીલાનો હતો. ખનાઝનો ડિક્ષનરીમાં અર્થ બદબોદાર સ્ત્રી છે જેને સફેદ કોઢની બીમારી હોય. અસલ નામની ખબર નથી. શિમરને કોઢની બીમારી પોતાની માથી વારસામાં મળી હતી. તેના બાપનું નામ શરજીલ બિન આવર હતું. ઝિલજોશન

એટલા માટે કહેવાય છે કે તેની છાતી આગળ નીકળેલી હતી. ઝબાબ એક બીમારીનું નામ છે.

શિમરના વિષયમાં હઝરત રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની ભવિષ્યવાણી :

ઇબ્ને અસીર બની ઉમય્યાને વેચાઇ ગયેલો. તેનું નમક ખાતો માણસ હતો. તેણે ઉસદુલગાબામાં ઝિલજોશનને સહાબીએ રસૂલ સાબિત કરવાની કોશિશ કરી છે. જો કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ તેના વિશે આ ભવિષ્યવાણી કરી ચૂક્યા હતા :

રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ ફરમાવે છે કે :

"હું એક કોઢી કુતરાને જોઇ રહ્યો છું. જે મારી એહલેબયતનું ખૂન ચૂસી રહ્યો છે." શિમરને સફેદ દાગની બીમારી હતી. (તારીખ ઇબ્ને કષીર)

અલ્લામા કિશવરી મઆતયનના પેજ નં. ૩૬૯ ઉપર લખે છે કે ઝુહૈર બિન કૈન બજલીએ કરબલામાં શિમરને યબ્નલ બોલ અલા અકીબેય્હી કરીને પોકાર્યા, અર્થાત અય નાપાકના પુત્ર જે ઉલટી ધારથી પેશાબ કરતો હતો. ઝુહૈર જેવા બુઝુર્ગનું આ વ્યંગ કરવું હકીકતથી વિમુખ ન હતું. શિમરનો બાપ કોઇ પાગલ બીમારીમાં સપડાઇને ઊંટની જેમ પેશાબ કરતો હતો.

**(૨) નસબ વંશ**

શિમરના બાપનો શજરો આ છે.

શરજિલ ઇબ્ને આવર ઇબ્ને ઉમર ઇબ્ને ઝુબાબ ઇબ્ને માલિક ઇબ્ને રબીયા ઇબ્ને નુમૈર.

શિમરનો બાપ ઉમર ઇબ્ને ઝબાબની અવલાદથી છે તેથી જ શિમરને "અઝઝુબાબી" કહેવાય છે. જો કે શિમર ઝિનાઝાદહ હતો જેથી તેનો શજરો મળતો નથી. તે કબીલએ બની કિલાબથી નથી.

શિમરની ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાના ખાનદાનથી દૂર દૂરની પણ સગાઇ સાબિત થતી નથી. આ તો બની ઉમય્યાના નોકર બની ચૂકેલા, વેચાઇ ગયેલા ઇતિહાસકારોની કાલ્પનિક વાતો છે. તેથી જ ઉમર બિન ઝુબાબની અવલાદ ઝુબાબી કહેવાય છે.

શિમર બની ઝુબાબથી હતો, બની કિલાબથી નહિ.

(ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા સૈયદતુન્નિસાઇલ અરબ સૈયદ મેહદી સવીજુલ ખતીબ પેજ-૫૮)

## (3) હુલિયા ચેહરો-મહોરૂં શકલ સુરત

શિમરનું ચપટું અને લાંબુ, નાની આંખો અંદર ઘુસેલી, દાઢી ભરાવદાર, મોંથી હંમેશા બદબો આવતી હતી. ચેહરા ઉપર શીતળાના દાગ હતા. કદ ઘણું ઊંચુ અને શરીર ખૂબ જ ભરેલું હતું. આગળના બે દાંત આગળ નીકળેલા હતા. છાતી ઉપર સફેદ દાગ હતા. ઘણો જ લાલચી માણસ હતો.

(કહલુલ અનઝાર)

## (૪) બશારતે ઇમામ - ઇમામની ભવિષ્યવાણી

મઆતિનના કર્તા કિતાબ મનાકિબના હવાલાથી લખે છે કે આપના મદીનાથી ઇરાક જવાના સફર દરમ્યાન આપ ઉકબતુલ બતન ઉપર પહોંચ્યા ત્યારે આપ ઉપર કંઇક ગુનૂદગી જેવું લાગ્યું, જેને ઊંઘ-જાગતી હાલત કહે છે. એકદમ જલ્દીથી જાગી ગયા. પોતાના સાથીઓને સંબોધન કરીને ફરમાવ્યું : મેં સ્વપ્ન જોયું છે. જેમ કે ઘણાં બધા કૂતરાઓએ મારી ઉપર હુમલો કર્યો જેથી મને ફાડી નાખે, મારી નાખે. એક કાબરચીતરા રંગનો કૂતરો આગળ વધી વધીને મારી ઉપર હુમલો કરતો હતો. મારૂં માનવું છે કે મારો કાતિલ તે ટોળામાં તે જ છે, જે સફેદ દાગવાળો છે. આ

ભવિષ્યવાણી કાતિલની ઓળખ માટેની હતી.

## (૫) શિમરનો ધંધો

શિમરના ધંધા રોજગારમાં આ લખ્યું છે કે સ્ત્રીઓની દલાલી કરતો હતો. તેની પોતાની એક છોકરી શમરાના જે ઘણી જ હસીન અને ખૂબસૂરત હતી. તે શરૂઆતમાં તો યઝીદની પાસે રહી. પાછળથી ઇબ્ને ઝિયાદના ઘરની શોભા બની.

ઇબ્ને મરજાનાએ ૯ મોહર્રમ જુમેરાતના દિવસે શિમરના નામે એક પત્ર લખ્યો કે :

"જો ઇબ્ને સઅદ જંગથી કિનારે થતો દેખાય એવું લાગે કે એ જંગથી કતરાય છે, દૂર ભાગે છે તો તેને કતલ કરીને હુકુમતની લગામ તારા હાથમાં લઇ લેજે."

કેટલાક કહે છે કે શિમર જાતે જ જઇને ઇબ્ને ઝિયાદથી આ પ્રમાણેનું લખાણ લખી લાવ્યો હતો. ઇબ્ને સઅદને આ વાતની ગંધ આવી ગઇ, જેથી બીજા જ દિવસે જંગનું બ્યુગલ બજાવી દીધું.

ઉબેદુલ્લાહ બિન ઝિયાદે જ્યારે કૂફાનો ચાર્જ સંભાળ્યો ત્યારે તે દિવસોમાં શિમર યઝીદની પાસે હતો, તેનો મિત્ર હતો. શિમરે દરખાસ્ત કરી કે મને પણ કૂફા મોકલી દેવામાં આવે. યઝીદ એકદમ જલ્દી તો રાજી ન થયો, પછી ફાયદો દેખાતાં ઇજાજત આપી દીધી. શિમર ચાર હજાર સિપાહીઓનો કમાન્ડર બનીને મેદાને કરબલામાં મોકલી આપવામાં આવ્યો. આશૂરાના દિવસે જાણે કે શિમર ઇબ્ને સઅદના હાથ નીચે હતો. પરંતુ હકીકતમાં તે ઇબ્ને સઅદનો પ્રતિક્ષક, તેની દેખરેખ

રાખનારો હતો. જે જે વાતો ઇબ્ને સઅદના મોઢેથી નીકળતી હતી તેની આ ખૂબ જ જાંચપડતાલ કરતો હતો, તોળતો હતો. કારણ કે એના દીલની ઇચ્છા તો આ જ હતી કે જો જરાપણ વહેમવાળી વાત ઇબ્ને સઅદના મોંથી નીકળે તો તરત જ તેને બહાનું બનાવી હુકુમતની લગામ પોતાના હાથમાં લઇ લે. ઇબ્ને ઝિયાદનો ઇરાદો પણ આ પ્રમાણેનો જ હતો. પરંતુ ઇબ્ને સઅદની મક્કારી અને ચાલાકીએ શિમરનો કોઇ દાવ ચાલવા ન દીધો.

## (૬) શિમરની અધમતા, નીચતા અને સંગદિલીપણું

કહે છે કે અન્યાય, અત્યાચાર, અનીતિ અને ઝુલમની મનહૂસ સૂરત બોલતા કુરઆનના પવિત્ર સીના ઉપર સવાર થઇ ગયો. નિ:સહાય

સૈયદુશ્શોહદાએ હુજ્જત તમામ કરવા માટે પૂછ્યું, તુ મને જાણે છે? કહ્યું, હાં, તો પછી કેમ કતલ કરે છે? જવાબ આપ્યો, સોનાની લાલચ.

સબર અને ખુદાની રઝામંદીના વારસદાર હજી સજદામાં હતા કે અલ્લાહની બારગાહથી ધુત્કારાયેલ, તિરસ્કૃત, લઅનતીથી આટલી સબર ન થઇ કે આપને સજદામાંથી ઊઠવા દે. પવિત્ર જિસ્મ પર મુબારક ગરદન તરફથી બેસી ગયો, એવી રીતે ખન્જર ફેરવવાનું શરૂ કર્યું જેવી રીતે કસાઇ ઘેટાને ઝબહ કરે છે. અલ્લાહ! અલ્લાહ! જરાય રહમ ન આવી આ પથ્થરદીલને, સર મુબારકને તન મુબારકથી જુદું કરી ઉમર બિન સઅદની સામે ધરી દીધું.

ખુશીમાં નાચવા લાગ્યો. આ નાપાક શાહે કરબલાના સર મુબારકને ભાલા ઉપર ટેકવી ફોજની આગળ આગળ રહેતો હતો. કરબલાથી કૂફા અને કૂફાથી દમિશ્ક પહોંચ્યો. કિલ્લાના દરવાજાની નજીક જઇને સરે ઇમામ હુસૈન અલયહિસ્સલામને બશીરના પુત્ર માલિકને આપી દીધું.

દમિશ્કમાં એક લાંબી મુદ્દત સુધી યઝીદના દરબારમાં ઇન્આમની લાલચમાં રોકાયો. કાલ્પનિક પુલાવ પકાવતો રહ્યો, પરંતુ ચાવલ તો પથ્થરના હતા, પુલાવ ક્યાંથી પાકે, હવે ઉમ્મીદની લાકડીઓ બળી ચૂકી હતી. યઝીદના જહન્નમ રસીદ થયા સુધી આશ લગાવી બેસી રહ્યો. લાલચની ઇમારત પડી ગઇ. વળી આ પણ સાંભળી લીધું કે ઇમામ હુસૈન અલયહિસ્સલામના કતલનો બદલો લેનારાઓની

તલવારો મ્યાનથી નીકળી ચૂકી છે. શિમરે આ તલવારોની વાત સાંભળતાં હોશહવાશ પણ ગુમાવી દીધા. છેવટે મુસઅબ બિન ઝુબૈરની બગલમાં ભરાવા ત્યાં ભાગ્યો.

## (૭) શિમરની મોત

આ જહન્નમી લઅનતી માયૂસીનો શિકાર હતો. એક રાતે દસ આવા લઅનતીઓ જેમાં સનાન બિન અનસ, યઝીદ બિન મહારીબ અને સુરદ બિન અબ્દુલ્લાહ વગેરે પણ હતા, કૂફાથી બસરા તરફ ભાગ્યા. કારણ કે અમીર મુખ્તાર કરબલાનો બદલો લેવા માટે ઊભા થયા હતા. આ દરમ્યાન અમીર મુખ્તારના ગુલામ ખૈરને આ વાતની ખબર થઇ કે આ હુસૈન અલયહિસ્સલામના કાતિલો ભાગી ચૂક્યા

છે. ખૈર મોત બનીને તેમની પાછળ પડ્યા. ખૈરે પોતાની સાથે કેટલાક સવારોને પણ લીધા.

આ બદમાશ કાતિલોનો ભેટો તો થયો, થોડીક ઝપાઝપી મારામારી પણ થઇ. પરંતુ આ નાપાક શિમર ભાગી છૂટ્યો. કુલતાનિયા નામના ગામમાં જઇને છુપાઇ ગયો. અમીર મુખ્તારે અબ્દુલ્લાહ બિન કામિલ અને ઉમર બિન હાજિબને ૩૦૦ હથિયારબંધ સવારો સાથે શિમરની તલાશમાં રવાના કર્યા. અબ્દુલ્લાહ બિન કામિલે પણ પોતાના લશ્કર સાથે કુલતાનિયામાં જ પડાવ નાખ્યો હતો. કુલતાનિયા ગામમાં આશરો લઇ આ ખૂની ટોળાએ એવો ફેંસલો કર્યો કે મુસઅબ બિન ઝુબેરને પોતાના અહીં આવવાની ખબર આપવામાં આવે જેથી એક

યહૂદી નવયુવાનને મજૂરી અને એક કાગળ આપીને બસરા રવાના કર્યો.

અમીર મુખ્તારના લશકરે સંદેશો લઇ જનારને ગિરફતાર કરી લીધો. અબ્દુલ્લાહની સમક્ષ રજૂ કર્યો અને પત્ર વાંચતા ખબર પડી કે શિમર અને તેના સાથીદારો કુલતાનિયામાં જ છુપાયા છે. જેથી અબ્દુલ્લાહ ઇબ્ને કામિલે ગામને ઘેરો નાખ્યો. શિમરે જોયું કે આ તો જાન પર જ આવેલા છે. તલવાર ઉઠાવીને સીધો અબ્દુલ્લાહ બિન કામિલની સમક્ષ હાજર થઇ ગયો. ઉમર બિન હાજિબે શિમરને જોયો તો તલવારનો એવો ઘા કર્યો કે તલવાર શિમરની છાતીમાં ઊતરી ગઇ. તેના બે ટૂકડા થઇ ગયા. જમીન ઉપર ઢેર થઇ પડ્યો. (મુખ્તારનામા)

અનાસિરૂશ્શહાદતૈનના કર્તા લતાઇફે અશરફીના હવાલાથી લખે છે કે કરબલામાં લૂંટફાટ દરમ્યાન શિમરને થોડુંક સોનું મળી ગયું હતું. તે સોનું તેણે પોતાની દીકરીને તોહફામાં આપી દીધું. તે સોનુ છોકરીએ સોનીને ઘરેણું બનાવવા માટે આપી દીધું. અબ્દુલ કરીમ બિન યગફૂર સૈફી રાવી છે કે સોનીએ જ્યારે સોનાને આગ ઉપર મૂક્યું તો રાખ બનીને ઊડી ગયું. શિમરને આ વાતની ખબર આપવામાં આવી. તેણે ગુસ્સે થઇને સોનીને ઠપકાર્યો. કહ્યું કે તું સોનું ચોરી ગયો છે. મારી પાસે બીજું સોનું છે તેને મારી સમક્ષ આગમાં નાખીને બતાવ. જ્યારે બીજું સોનું આગ ઉપર મૂક્યું તો તે પણ રાખ બનીને રહી ગયું. શિમર કરબલામાંથી ઇમામ હુસૈન અલયહિસ્સલામનો એક ઊંટ પણ હાંકી

લાવ્યો હતો. તેણે તેને ઝબહ કરીને તેનું ગોશ્ત ફૂફાવાસીઓને વહેંચ્યું. શિમરે ખાસ તે લોકોમાં આ ગોશ્ત વહેંચ્યું હતું જેઓ કરબલાની જંગમાં મોજૂદ હતા અને એહલેબયતે અતહારના દુશ્મન હતા. અમીર મુખ્તારે એક એક વાતની નોંધ કરી. જેમના જેમના ઘરોમાં તે ગોશ્ત પહોંચ્યું હતું તેમના ઘરોને પડાવી નાખી તેઓને કતલ કરી નાખ્યા.

(કહલોલ અન્ઝાર પેજ-૧૮૨)

અબુબકર બિન અબ્બાસ અબુ ઇસ્હાક સબઇ રિવાયત કરે છે કે એક દિવસ શિમર તેમની સાથે નમાઝ પઢી રહ્યો હતો. નમાઝ પછી તે મગફિરતની દુઆ માંગવા લાગ્યો. કોઇએ તેને કહ્યું, તારી બક્ષિસ કેવી રીતે શક્ય છે? જ્યારે તેં નવાસએ રસૂલ અને વખતના ઇમામને બેગુનાહ કતલ કર્યા છે. તેણે

કહ્યું, મેં જે કંઇ કર્યું તે હાકિમના હુકમથી કર્યું છે. જો ન કરત તો ગધેડાથી બદતર હતો.

(કહલુલ અન્ઝાર)

આ વાતોથી સ્પષ્ટ જાહેર થાય છે કે આ લોકો ઇમામ હુસૈન અલયહિસ્સલામના કતલને ગુનોહ સમજતા ન હતા બલકે સવાબ સમજતા હતા. જો ગુનોહ સમજત તો જરૂર શહાદતે ઇમામ ઉપર રંજોગમ કરત. રંજોગમ કરનારાઓની સાથે ભાગીદાર બનત. કહે છે કે કતલ કરતા વખતે શિમરની ઉમર ૫૬ કે ૫૭ વરસની હતી. જેથી તેનો જન્મ ૧૦ કે ૧૧ હિજરીસન હોઇ શકે છે. ૬૬ કે ૬૭ હિજરીમાં કતલ થયો. દુનિયા એના પાપથી મુક્ત થઇ.

(અશકિયાએ કુરાત)

## (૮) અમાનનામાની હકીકત

યઝીદ અને ઇબ્ને ઝિયાદ બંને મલઉનો એક ચાલબાજી રમવા ગયા પરંતુ તેમાં ફાવ્યા નહિ. અમે આગળ શિમર મલઉનનો શજરો-વંશ-નસબ વર્ણવી ચૂક્યા છીએ. તેનો વંશ-નસબ ક્યાંયે જનાબ ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાને મળતો આવતો નથી. છતાંય આ મક્કારોએ એક નવી ચાલ ચાલી. આ ચાલ ચાલવા પાછળનો આ ઝાલિમોનો હેતુ આ હતો કે કોઇપણ રીતે ઇમામને કમજોર બનાવી દેવામાં આવે. આ મલઉનો જાણતા હતા કે તેમણે હૈદરે કર્રાર-ગૈરે ફર્રાર શેરેખુદા અલીની ઔલાદથી મુકાબલો કરવાનો છે. જો કોઇપણ બહાને ઉમ્મુલબનીનને બહેન બનાવી દેવામાં આવે અને તેમના ચારે બેટાઓને ભાણીયા બનાવી

તેઓને અમાન બખ્શી મેદાનમાંથી ખસેડી લેવામાં આવે તો હુસૈન કમજોર થઇ જાય. જેથી હજારો યઝીદી સૈનિકોની કતલ જે ઉમ્મુલબનીનના આ બહાદુરો દ્વારા થવાની છે તે પણ અટકી જાય. આમ એક કાંકરે બે પક્ષી મરી જાય.

**અલ્લામા શેખ તાહિર સમાવી નજફી લખે છે કે,**

અબ્દુલ્લાહ બિન અબી અલ મહલ બિન હિઝામ બિન ખાલિદ બિન રબીયા બિન આમિરલ વહીદી મોઅઝ્ઝમા અને મોહતરમા ઉમ્મુલબનીનના ભત્રીજા થતા હતા. જેઓ કૂફામાં ઇઝ્ઝતપાત્ર વ્યક્તિ ગણાતા હતા. આ ત્યારની વાત છે જ્યારે શિમર ઇબ્ને ઝિયાદનો પત્ર લઇને કરબલા તરફ જઇ રહ્યો હતો. તે વખતે આ અબ્દુલ્લાહ (ઉમ્મુલબનીનના ભત્રીજા) ઇબ્ને

ઝિયાદના દરબારમાં હાજર હતા. તેમણે અબ્દુલ્લાહ ઇબ્ને ઝિયાદને કહ્યું કે અમારા ખાનદાનની એક છોકરીના પુત્રો હુસૈન અલયહિસ્સલામની સાથે છે. આપ તેમના માટે અમાન લખી આપો. ઇબ્ને ઝિયાદે લખાણ લખી આપ્યું. અબ્દુલ્લાહ બિન અબી મહલે પોતાના એક ગુલામ સાથે જેનું નામ કઝમાન હતું, આ લખાણને રવાના કર્યું. ગુલામ આ લખાણ લઇને આ જાંબાઝ બહાદુરોની પાસે આવ્યો અને કહ્યું : આ આપના મામુઝાદ ભાઇએ અમાનનામુ મોકલ્યું છે. આ ચારે યુવાનોએ કહ્યું, અમારા ભાઇને અમારા સલામ કહેશો સાથે કહેશો કે અમને આ અમાનની જરૂરત નથી. ખુદાની અમાન અમારા માટે ઇબ્ને ઝિયાદની અમાનથી બેહતર છે.

શિમર બિન ઝિલજોશને આ વાતનો ફાયદો ઉઠાવવા ઇચ્છ્યું. કરબલા પહોંચીને પ્રથમ કાર્ય તેણે આ કર્યું કે તે હુસૈની લશ્કરની સામે આવ્યો અને કહ્યું કે મારી બહેનના પુત્રો અબ્દુલ્લાહ, જઅફર, અબ્બાસ અને ઇમરાન ક્યાં છે?

આ યુવાનો શિમરના પ્રશ્નોનો ઉત્તર પણ આપવા માંગતા ન હતાં. પરંતુ ખુદ મઝલૂમે કરબલાએ ભાઇઓ તરફ જોયું, ફરમાવ્યું : શિમર ફાસિક તો છે જ પરંતુ તેના પ્રશ્નનો જવાબ આપો. તે તમારા મામા બની રહ્યો છે. ઇમામનો હુકમ પામીને અબ્બાસ, જઅફર, ઇમરાન અને અબ્દુલ્લાહ તંબુની બહાર આવ્યા. પછી એકી અવાજે કહ્યું: તુ શું ઇચ્છે છે? શિમરે કહ્યું, મારી બહેનની અવલાદ હોવાના કારણે તમે લોકો અમાનમાં છો. બહાદુરોએ

કહ્યું, ખુદા લઅનત કરે તારી ઉપર અને તારી અમાન ઉપર. અમને તો અમાન મળે છે અને ફરઝંદે રસૂલ ઇમામ હુસૈન અલયહિસ્સલામને અમાન નથી? અય દુશ્મને ખુદા! તુ અમને હુકમ આપે છે કે અમે અમારા ભાઇ ફરઝંદે રસૂલ અને અમારા સરદારને છોડીને ફાસિક અને હરામીની બયઅત કરીએ? આ સખત જવાબથી ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાના સિંહોની અડગતા અને વફાદારીનો ખ્યાલ આવે છે કે જીવન જીવવાનો રસ્તો સાફ હતો. હજી તો ઊગતી યુવાની હતી છતાંય આ બહાદુરોએ મોતને પ્યારી બનાવી-ઇખ્તયાર કરી. આ કોઇ મામૂલી દીલના વ્યક્તિનું કામ નથી.

(અબસારૂલ ઐન ફી અનસારીલ હુસૈન પેજ-૪૧)

# ભાગ-૧૩ : હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાની અવલાદ-બેટાઓ અને તેમની અવલાદ

## (૧) સૌથી મોટા ફરઝંદ હઝરત અબ્બાસ અલયહિસ્સલામ

સૌથી મોટા પ્રથમ પુત્ર “અબ્બાસ” છે. આપના ફઝાએલ કિતાબમાં ઘણા વિસ્તારથી આવે છે. બિહારૂલ અનવારમાં આ રિવાયત મોજૂદ છે :

હઝરત અબ્બાસ બહાદુર હતા. ઊંચા કદના અને ખૂબસૂરત હતા. એટલા ઊંચા હતા કે જ્યારે તેઓ ઘોડા ઉપર સવાર થતા તો બંને પગના અંગૂઠા જમીનની સાથે લગાવી લકીર બનાવી શકતા.

આપની તારીફમાં ઇમામ જઅફર સાદિક અલયહિસ્સલામે ફરમાવ્યું : મારા કાકા અબ્બાસ દીની દૂરંદેશી ધરાવતા હતા. ઇમાનમાં ઘણાં જ મજબૂત હતા. રોજે આશૂરાના આપના કારનામા અને બહાદુરી ભર્યા હુમલા આપના મજબૂત ઇમાનની ગવાહી છે. આપની ઇસ્લામથી મહબ્બત આપના રોજે આશૂરાના કારનામાઓથી જાહેર થાય છે.

આપની ઇસ્લામથી મહબ્બત, ઇમામથી વફાદારી અને ઇમાનની પુખ્તગી (મજબૂતાઇ) તો ત્યારે જાહેર થઇ જ્યારે અબ્દુલ્લાહ બિન અબી અલમહલ બિન હિઝ્ઝામ બિન કિલાબીએ આપના નામે એક પત્ર લખ્યો, જેમાં હઝરત અબ્બાસ અલયહિસ્સલામ અને આપના ત્રણ ભાઇઓના નામે

એક અમાનનામું હતું કે હુસૈનના લશ્કરથી જુદા થઇને ઉમર સઅદના લશ્કરની સાથે ભળી જાઓ, અથવા ફક્ત ઇમામ હુસૈનથી અલગ થઇ જાઓ. આ જ પત્ર લઇને શિમર કરબલા આવ્યો હતો. ખરેખર આ પત્ર હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાના ભત્રીજાનો હતો. શિમર આ પત્રની ક્રેડિટ ઝિdૈં પોતાના નામે કરવા માંગતો હતો. છેવટે ઝલીલ થઇ ગયો. ઉમ્મુલબનીનની સાથે શિમરને કોઇ સગાઇ સબંધ ન હતો.

ઇબ્ને ઝિયાદે આ પત્રમાં કેટલાક વધારાના વાક્યો પણ લખ્યાં હતાં. અબ્બાસને હુકુમતમાં ઉચ્ચ હોદ્દો પણ આપવામાં આવશે. સાથે એક મોટું ઇનામ પણ આપવામાં આવશે.

આ પત્ર લઇને શિમર હઝરત અબ્બાસ અલયહિસ્સલામની સેવામાં હાજર થયો. પરંતુ હઝરત અબ્બાસ અલયહિસ્સલામે તો તેના અમાનનામાને સખ્તી સાથે રદ કરી દીધું. આપ એટલા બધા ગુસ્સે થઇ ગયા કે શિમર ડરી ગયો કે કંઇ જાન ન ગુમાવવી પડે. શિમરે જ્યારે આ હાલત જાણી લીધી તો નિરાશવદને પાછો ફર્યો.

આ અમાનનામાને ત્યારે ઠુકરાવવામાં આવી રહ્યું છે જ્યારે ચારે તરફથી આપને લાખોના લશ્કરે ઘેરામાં લઇ લીધા છે. ન તો યઝીદ લઅનતુલ્લાહ સાથે સુલેહની કોઇ ઉમ્મીદ છે. આ અમાનનામું એક ડુલમુલ-ડગમગ ઇમાનવાળા માટે તો ગનીમત હતું. પરંતુ આ તો હઝરત અલી અલયહિસ્સલામના ખોળામાં પરવરિશ પામેલા,

જેઓ કુલ્લે ઇમાન હતા, તેઓ શિમર અને ઇબ્ને ઝિયાદ જેવા દુનિયાપરસ્ત ઇન્સાનોના દગાફટકામાં કેવી રીતે આવી શકે છે. અમાનનામાને ઠુકરાવવાથી હઝરત અબ્બાસ અલમદાર અલયહિસ્સલામની કમાલે દીનદારી અને ઇસ્લામી દૂરંદેશી જાહેર થાય છે.

**(૨) ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાના બીજા ફરઝંદ હઝરત અબ્દુલ્લાહ ઇબ્ને અલી અલયહિસ્સલામ**

હઝરત અબ્બાસ અલયહિસ્સલામના જન્મ પછી દસ વર્ષે હઝરત અબ્દુલ્લાહનો જન્મ થયો. કરબલાના મેદાનમાં આશૂરાના દિવસે હઝરત અબ્દુલ્લાહની ફિદાકારી અને બહાદુરી જાહેર થઇ.

જેથી એમની ઝિયારતમાં પઢવામાં આવતા જુમલાઓથી આ વાતને પૃષ્ટિ મળે છે.

સલામ થાય અમીરૂલ મોઅમેનીન અલયહિસ્સલામના ફરઝંદ મોહતરમ અબ્દુલ્લાહ પર જેઓ શ્રેષ્ઠ બહાદુરીના માલિક હતા.

**(3) ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાના ફરઝંદ હઝરત ઇમરાન ઇબ્ને અલી અલયહિસ્સલામ**

હઝરત અબ્બાસના ત્રીજા ભાઇ ઇમરાન હતા. જેઓ કરબલાના મેદાનમાં આપની સાથે હતા, શહીદ થયા, જેઓ રોઝે આશૂરા ૨૮ વર્ષના હતા.

## (૪) હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાના ચોથા ફરઝંદ હઝરત જઅફર ઇબ્ને અલી અલયહિસ્સલામ

આપનું નામ મુબારક જઅફર હતું. ઉમરમાં સૌથી નાના હતા. કરબલામાં આપની ઉમર ૨૬ વરસની હતી. કેટલીક રિવાયતોમાં ૧૯ વર્ષની ઉમર પણ બતાવવામાં આવે છે જે સદંતર ગલત છે. સૌથી સીધી જ વાત અને જરાય ભૂલભાલ વગરની વાત કે હઝરત ઇમામ અલી અલયહિસ્સલામની શહાદત અને વાકેયએ કરબલા બંને વચ્ચે ૨૦ વરસનું અંતર છે. વળી આ બંને ઘટનાઓનું વરસ ચોક્કસ છે. જેથી હઝરત અલી અલયહિસ્સલામનો કોઇપણ બેટો ૧૯ વરસનો હોઇ શકતો જ નથી. આ એક સીધો હિસાબ છે. લોકો આ

ચારેય ભાઇઓને “અકબરના” લકબથી પોકારતા હતા. દૃષ્ટાંતરૂપે અબ્બાસ અલ અકબર, ઇમરાન અલ અકબર, અબ્દુલ્લાહ અલ અકબર, જઅફર અલ અકબર. હઝરત અબ્બાસે આશૂરાના દિવસે આ ત્રણે ભાઇઓને બિરાદરે મોઅઝ્ઝમ હઝરત હુસૈન અલયહિસ્સલમની સેવામાં કુરબાન થઇ જવા માટે પેશ કર્યા. આ ભાઇઓને ઉદ્દેશીને ફરમાવ્યું : ભાઇઓ આગળ વધો, તમારી ફિદાકારીને જોઉં, તમારી નિષ્ઠા અને સમર્પણ થઇ જવાની ભાવનાને જોઉં. બેશક તમે અલ્લાહ અને તેના રસૂલના હકમાં સમર્પણ કર્યું ગણાશે. જેથી ત્રણે ભાઇ લડતાં લડતાં હઝરત અબ્બાસ અલયહિસ્સલામની સામે જ શહીદ થઇ ગયા.

## (૫) હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાની દુખ્તર(બેટી) ખદીજા બિન્તે અલી અલયહિસ્સલામ

હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાની દુખ્તર ખદીજા બિન્તે અલી છે. હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાની ઝિયારતમાં આપની દુખ્તર ખદીજાબીબી ઉપર આ રીતે સલામ છે :

“સલામ થાય આપની દુખ્તર ઉપર જે કિંમતી મોતી સંપૂર્ણ પાક-પાકીઝા છે, અલ્લાહ જેનાથી રાજી છે અને નામ તેમનું ખદીજા છે. અલ્લાહ જઝા (સારો બદલો) દે આપને અને તે સર્વેને.”

"ઉમ્દતુત્તાલિબ" માં છે કે જનાબ ખદીજા બિન્તે અલી અલયહિસ્સલામની શાદી અબ્દુર્રેહમાન ઇબ્ને અકીલ ઇબ્ને અબીતાલિબની સાથે થઇ હતી. જનાબ ખદીજા બિન્તે અલી અલયહિસ્સલામ હઝરત અબ્બાસ ઇબ્ને અલી અલયહિસ્સલામથી નાના હતાં. પરંતુ બીજા ત્રણ ભાઇઓ અબ્દુલ્લાહ, ઇમરાન અને જઅફર કરતાં મોટાં હતાં. સૈયદ અબ્દુલમજીદ હાએરીની કિતાબ "ઝખીરતુદ્દારૈન" માં છે કે ખદીજા બિન્તે અલી કરબલામાં હાજર હતાં. અતિશય પ્યાસના કારણે આશૂરાના દિવસે આપની શહાદત થઇ.

હઝરત અલી અલયહિસ્સલામની બે સાહબઝાદીઓના નામ ખદીજા છે. એક ખદીજતુલ કુબરા છે જે હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ

અલયહાની બેટી છે. એમને રૂકય્યા સુગરા પણ કહે છે, અને બીજી ખદીજા સુગરા છે, જેઓ કૂફામાં વફાત પામ્યાં. એમની કબર મસ્જિદે કૂફાના એક રોઝામાં આ જ સુધી મોજૂદ છે. ખદીજા સુગરા ૨૧ રમઝાન ૪૦ હિજરીમાં વફાત પામ્યાં. જે દિવસે અમીરૂલ મોઅમેનીન અલયહિસ્સલામને નજફે અશરફમાં દફન કરવામાં આવ્યા. બાપના મૃત્યુથી આ બચ્ચીને એટલો આઘાત લાગ્યો કે એ જ આઘાતમાં રડતાં રડતાં બાપની સાથે અલ્લાહને પ્યારી થઇ ગઇ.

**જનાબ અકીલના ત્રણ ફરઝંદોના નામ અબ્દુર્રેહમાન છે.**

(૧) અબ્દુર્રેહમાન અકબર : તેમની શાદી નફીસા બિન્તે અલી અલયહિસ્સલામથી થઇ.

તેમને ઝયબે સુગરા અથવા ઝયનબે અવસત પણ કહેવાય છે.

(૨) અબ્દુર્રેહમાન અવસત : એમની શાદી રમ્લા બિન્તે અલી અલયહિસ્સલામથી થઇ.

(૩) અબ્દુર્રેહમાન અસગર : એમની શાદી ખદીજા બિન્તે અલી અલયહિસ્સલામથી થઇ.

## (૬) હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાના પૌત્ર અને પરપૌત્ર (દોહિત્ર)

હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાના ચારેય બેટા, ત્યાર બાદ આપના પૌત્રો અને દોહિત્રો વગેરે બધા જ વંશપરંપરાગત બધા જ ઇલ્મ આવડત, તકવા પરહેઝગારી, બહાદુરી, સખાવત પોતાના સમયના શ્રેષ્ઠ હતા. બધાનો ઇસ્લામના ઇતિહાસમાં અને સીરતની કિતાબોમાં

ઉલ્લેખ મળે છે. આપના પુત્રો, પૌત્ર અને દોહિત્ર બધાની જ બુઝુર્ગ સાદાતમાં ગણતરી થતી હતી.

**(૭) ફિદક અને અવલાદે ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા**

હઝરત ફાતેમા ઝહરા સલામુલ્લાહ અલયહાએ હઝરત અબ્બાસ અલમદારને પોતાના ફરઝંદ કહ્યા છે. તેથી ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાની અવલાદને કેટલાક વિદ્વાન આલિમોએ હઝરત ફાતેમા ઝહરા સલામુલ્લાહ અલયહાના સમકક્ષ ગણે છે.

કોઇક રાવીએ ઇમામ જઅફર સાદિક અલયહિસ્સલામને પૂછ્યું મૌલા! ફિદકની જમીન પાછી મળ્યા પછી અવલાદે ફાતેમાની વચ્ચે કેટકેટલી અને કેવી રીતે વહેંચાશે?

ઇમામ અલયહિસ્સલામે ફરમાવ્યું :

ચોથો ભાગ હઝરત અબ્બાસ અલમદારની અવલાદનો ગણાશે બાકીની અમારા માટે, અવલાદે ફાતેમાની ગણાશે.

હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાનો વંશવેલો હઝરત અબ્બાસ બિન અલી અલયહિસ્સલામની અવલાદ આજદિન સુધી દુનિયામાં બાકી છે. ઇરાક, બગદાદ, બસરા, ઇરાન, યમન, હિંદુસ્તાનમાં આ વંશના સાદાત મોજૂદ છે જેમને અલવી કહેવાય છે. કેટલાક પોતાના નામની સાથે હાશમી પણ લખે છે.

ઇતિહાસકારોએ અને સીરતવેત્તાઓએ તથા ઇલ્મ અન્સાબના નિષ્ણાંતોએ (નસ્લ અને વંશના જાણકારોએ) હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ

અલયહાના પોત્રાઓનું વર્ણન નીચે પ્રમાણે ક્રમવાર કર્યું છે.

(૧) ફઝલ બિન અબ્બાસ અલમદાર (કરબલાથી મદીના પાછા આવ્યા.)

(૨) મોહંમદ બિન અબ્બાસ અલમદાર (ઇબ્ને શહર આશૂબે લખ્યું છે કે કરબલામાં શહીદ થઇ ગયા.)

(૩) કાસિમ બિન અબ્બાસ અલમદાર (કરબલામાં શહીદ થયા.)

(૪) હસન બિન અબ્બાસ અલમદાર (શેખ ફતુનીનો મત છે કે હસન બિન અબ્બાસથી પણ વંશ ચાલ્યો.)

(૫) અબ્દુલ્લાહ બિન અબ્બાસ અલમદાર (મદીનામાં દાદીની પાસે રહી ગયા હતા. કરબલા ગયા ન હતા.)

(૬) એક બેટી નફીસા.

# ભાગ-૧૪ : (૧) હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાના પૌત્રો

સૈયદ અબ્દુર્રઝ્ઝાક મૂસવી અલમુકર્રમ લખે છે કે હઝરત અબુલ ફઝલ અબ્બાસના ચાર છોકરાઓ અને એક છોકરી હતી. ફઝલ, હસન, કાસિમ, ઉબેયદુલ્લાહ, પરંતુ ઇબ્ને શહર આશૂબે શોહદાએ કરબલામાં પાંચમાં ફરઝંદ મોહંમદના નામનો વધારો કર્યો છે. જે કરબલામાં શહીદ થયા. ફઝલ અને ઇબેયદુલ્લાહની મા લબાબા છે જે જનાબ અબ્દુલ મુત્તલિબની પૌત્રી છે. વંશવિદ્યાના જાણકારો એકમત છે કે જનાબ અબુલ ફઝલ અબ્બાસની નસલ જનાબ ઉબેયદુલ્લાહથી બાકી રહી. શૈખ ફતુનીનો મત છે કે હઝરત અબ્બાસ

અલમદારના બીજા ફરઝંદ જનાબ હસનથી પણ આપની નસલ ચાલી છે.

(કિતાબ અલ અબ્બાસ)

**હૈદર અલ મરજાની લખે છે કે :**

ફારસીના મકાતિલની કિતાબોમાં હઝરત અબ્બાસની ચાર અવલાદો લખી છે.

(૧) ફઝલ (૨) મોહંમદ (૩) કાસિમ (૪) ઉબેયદુલ્લાહ એમનામાંથી મોહંમદ અને કાસિમ આશૂરાના દિવસે શહાદત પામ્યા અને બે ભાઇ ફઝલ અને ઉબેયદુલ્લાહ મદીનામાં હતા. કેટલીક ફારસી અને અરબી મકાતિલની કિતાબોમાં આ ઇખ્તલાફ જોવામાં આવે છે કે ફઝલ પોતાના બાપની હયાતીમાં ઇન્તિકાલ પામ્યા? કે મદીના પાછા ગયા? કે પછી કરબલાથી મદીના આવતાં

રસ્તામાં શહાદત પામ્યા? પરંતુ આ વાત તો પ્રખ્યાત અને માન્ય છે કે ઉબેયદુલ્લાહ તો મદીનામાં જ હતા અને એમની અવલાદે ઇસ્લામી દેશોમાં ઇલ્મ અને પરહેઝગારીમાં ખ્યાતિ મેળવી છે.

અલ્લામા સૈયદ મોહસિન શામી આમુલી પોતાની કિતાબ "આઅ્યાનુશ્શીયા" ના ચોથા ભાગમાં લખે છે કે હઝરત અબ્બાસ અલયહિસ્સલામના બે પુત્રો મોહંમદ અને કાસિમ કરબલામાં શહીદ થઇ ગયા અને બે પુત્રો ફઝલ અને હસન મદીનામાં પાછા ફર્યા.

હવે અમે ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાના પાંચેય પોત્રાઓની જિંદગીના હાલાત, જે કંઇ અમે મેળવી શક્યા છીએ તે વર્ણવીએ છીએ.

## (૨) શહઝાદા મોહંમદ બિન અબ્બાસ (શહીદે કરબલા)

જ્યારે હઝરત અબ્બાસ અલમદારના ત્રણેય ભાઇ શહીદ થઇ ગયા તો હઝરત અબ્બાસે પોતાના ફરઝંદ જેમનું નામ મોહંમદ હતું, બોલાવ્યા. પ્રથમ તેમને છાતી સાથે લગાવ્યા, પ્યાર કર્યો, પેશાની ઉપર બોસો આપીને ફરમાવ્યું: અય ફરઝંદ, અય દીકરા, અય નુરેચશ્મ! આ વાત સાચી છે કે તુ મારી આંખોનું નૂર છે. તારૂં કતલ થવું મારા ઉપર મારી મોતનો ઘા છે. છતાં પણ વલ્લાહ! તુ મને રસૂલેખુદાના બેટા ઇમામ હુસૈન અલયહિસ્સલામથી હરગિઝ વધારે પ્યારો નથી.

બેહારૂલ અનવારની રિવાયત મુજબ મોહંમદ ઇબ્ને અબ્બાસ પણ યઝીદ

લઅનતુલ્લાહના બેદીન લશ્કરની સાથે લડીને બહાદુરી પૂર્વક શહીદ થઇ ગયા. બેહારૂલ અનવારમાં આ વાતનો ઇશારો મળે છે કે "આ લડાઇમાં મોહંમદ ઇબ્ને અબ્બાસ શહીદ થઇ ગયા."

(ખુલાસતુલ મસાએબ પેજ-૧૦૨, તૌઝીહુલ અઝા પેજ-૩૩૬)

## (3) શહઝાદા કાસિમ ઇબ્ને અબ્બાસ અલમદાર (શહીદે કરબલા)

જ્યારે મોહંમદ ઇબ્ને અબ્બાસની શહાદત તેમના સગા ભાઇ કાસિમ ઇબ્ને અબ્બાસ અલમદારે પોતાની આંખોથી જોઇ તો બેચેન થઇ ગયા. પછી કહેવા લાગ્યા, ભાઇ તમારી મોત પછી મારી જિંદગી મુશ્કેલ થઇ ગઇ. આમ બોલીને આપ મેદાને

કાળઝારની તરફ દોડ્યા. અબુ ઇસ્હાક અસફહાની લખે છે કે :

હઝરત કાસિમ ઇબ્ને અબ્બાસ જ્યારે મેદાન તરફ રવાના થઇ રહ્યા હતા, આપની ઉમર ૧૯ વર્ષની હતી. આ મેદાને કાળઝારમાં આ રજઝ(અશઆર) પઢ્યા. હું તમારી ઉપર નબી મુખ્તારના સદકામાં એવો હુમલો કરીશ કે તમે લોકો તમારા હોશ હવાસ ગુમાવી બેસસો.

અય ઝાલિમો! હું તમારામાંના દરેકને ટૂકડે ટૂકડા કરી નાખીશ.

રજઝ પઢ્યા પછી આપે એક ઝબરદસ્ત હુમલો કર્યો. ત્યાર બાદ એક પછી એક હુમલા કરતા રહ્યા. કેટલાય વખત યઝીદી ફોજો એટલી પાછી હટતી ગઇ કે મકાનોની દીવાલોથી ટકરાઇ. આપના

બધા જ હુમલા એક મોઅજીઝાઇ શક્તિ હતા. આપે એકલાએ લગભગ આઠસો ઝાલિમોને જહન્નમ રસીદ કર્યા. ભૂખ, પ્યાસ અને ઝખ્મોથી પરેશાન આપ તંબુમાં આવ્યા. ઇમામ હુસૈન અલયહિસ્સલામની સેવામાં હાજર થયા, અર્જ કરી, ચચાજાન! થોડું પાણી મળી જાય, મારી આંખોમાં અંધારા આવે છે. હું ફરીથી દુશ્મનોથી લડવાને શક્તિમાન થઇ જાઉં. આ સાંભળીને ઇમામે ફરમાવ્યું: બેટા! થોડીવાર સબર કરો, તમારા દાદા રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ એવા જામથી તમને સૈરાબ કરશે કે પછી તમને કદીપણ પ્યાસ લાગશે નહિ. આ સાંભળીને જનાબ કાસિમ ફરીથી મેદાને કાળઝારની તરફ પાછા ફર્યા. પછી દુશ્મનો ઉપર હુમલો કર્યો. આ હુમલામાં આપે ૨૦ દુશ્મનોને

કતલ કર્યા. પછી તો ભૂખ પ્યાસથી નઢાલ જેવા ઝખ્મોથી ચૂર થઇ શહીદ થઇ ગયા.

ઇમામ હુસૈન અલયહિસ્સલામ મેદાને કાળઝારમાં તશરીફ લાવ્યા. દુશ્મનોથી જંગ કરી, આપ તો પગથી માથા સુધી મોઅજિઝાઇ હતા. ચારસો દુશ્મનોને કતલ કરીને હઝરત શેહઝાદા મોહંમદ બિન અબ્બાસની લાશને લઇને પાછા ફર્યા. (જુઓ નુરૂલ ઐન ફી મશહદુલ હુસૈન અબુ ઇસ્હાક અસફરાઇની પેજ-૫૨, ૫૩ ખુલાસતુલ મસાએબ પેજ-૧૦૨, તવઝીહુલ અઝા પેજ-૨૨૦)

## (૪) શેહઝાદા ફઝલ ઇબ્ને અબ્બાસ અલમદાર અને શેહઝાદા હસન ઇબ્ને અબ્બાસ અલમદાર

હઝરત અબ્બાસ અલયહિસ્સલામના આ બંને ફરઝંદો ઘણાં જ નાની ઉમરના હતા. હઝરત

અબ્બાસ અલયહિસ્સલામની શહાદત પછી જીવતા હતા. ઇતિહાસકારોએ લખ્યું છે કે બંનેમાંથી એક મદીના પાછા ફર્યા છે અથવા બંને કરબલામાં શહીદ કરી દેવામાં આવ્યા.

આ બંને શેહઝાદાઓનું વર્ણન મરસિયા પઢનારા શોઅરાએ કર્યું છે.

## (૫) હઝરત ઇબેયદુલ્લાહ ઇબ્ને અબ્બાસ અલમદાર

હઝરત ઉબેયદુલ્લાહ ઇબ્ને અબ્બાસ હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાના પૌત્ર છે. આપ કરબલા ગયા ન હતા. પોતાની દાદી ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાની સેવામાં હાજર રહ્યા. મદીનામાં જ હતા. તે વખતે તેમની ઉમર પાંચ વરસ કે સાત વરસ બતાવવામાં આવે

છે. એહલે હરમ ખાનદાને રસૂલનો લુંટાયેલો કાફલો જ્યારે મદીના પાછો ફર્યો ત્યારે બશીર બિન જઝલમે મદીનામાં હઝરત ઇમામ હુસૈન અલયહિસ્સલામની શહાદતની ખબર સંભળાવી. કહ્યું કે સૈયદે સજ્જાદ અલી ઝયનુલ આબેદીન ઇબ્ને હુસૈન અલયહિસ્સલામ લુંટાયેલો કાફલો લઇને આવી રહ્યા છે. તો જનાબ ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા પોતાના પૌત્ર ઉબેયદુલ્લાહની સાથે રડતાં રડતાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના રોઝા ઉપર તશરીફ લાવ્યાં.

આ સમયે મકાતિલના વર્ણનોમાં એક જ રિવાયતને જુદી જુદી રીતે વર્ણવવામાં આવે છે.

ઉબેયદુલ્લાહ ઇબ્ને અબ્બાસની વાતચીત જે બશીરની સાથે થઇ.

આ પરિસ્થિતિમાં એક ખૂબસૂરત છોકરાને બશીરે જોયો જે એક ખાતૂનની સાથે હતો. બલકે આગળ વધીને બશીરને પૂછ્યું : બશીર! તમે કહ્યું કે અમારા કાકા ઇમામ હુસૈન અલયહિસ્સલામ શહીદ થઇ ગયા. આ બતાવ કે મારા બાબા આવ્યા છે કે નહીં! બશીરે પૂછ્યું : શેહઝાદા! તમારા બાબા કોણ છે? અને તમે કોની રાહ જોઇ રહ્યા છો? ઉબેયદુલ્લાહ ઇબ્ને અબ્બાસ અલમદારે કહ્યું : મારા બાબા અબ્બાસ અલમદાર છે. બશીર ધ્રુજી ઊઠયા. માથું નમાવીને કહ્યું : શેહઝાદા, માતમી લિબાસ પહેરી લો.

આપના બાબાને કરબલામાં ફુરાતના કિનારે શહીદ કરી દેવામાં આવ્યા. (રિયાઝુલ કુદસ પેજ-૧૫૮)

હઝરત ઇમામ ઝયનુલ આબેદીન અલયહિસ્સલામની દૃષ્ટિમાં જનાબ ઉબેયદુલ્લાહનું ઘણું જ મહત્વ હતું. જેથી જ્યારે પણ ઇમામની દૃષ્ટિ એમના ઉપર પડતી, આંખોમાંથી અશ્રુ વહી જતાં હતાં. લોકોએ હઝરતને રડવાનું કારણ પૂછ્યું તો ફરમાવ્યું : “કરબલામાં હઝરત અબ્બાસ અલમદારની બહાદુરી અને વફાદારી યાદ આવે છે તો મારી આંખોમાંથી બેઇખ્તયાર આંસુ નીકળી પડે છે.” જનાબ ઉબેયદુલ્લાહ પોતાની દાદી ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાની ખૂબ જ

ખિદમત કરતા હતા. જ્યારે દાદી જન્નતુલ બકીઅ જતાં હતાં તો આપ પણ સાથે થઇ જતા હતા.

હઝરત ઉબેયદુલ્લાહ યુવાન થયા તો તેમની ગણતરી જલીલુલ કદ્ર આલિમોમાં થવા લાગી. ખૂબસૂરતી અને હોશિયારીમાં પણ અજોડ હતા. હઝરત ઇમામ અલી ઝયનુલ આબેદીન અલયહિસ્સલામના ખાસ શિષ્યો અને સહાબીઓમાં આપની ગણતરી થાય છે. ઇમામ આપની ઘણી જ ઇઝ્ઝત કરતા હતા.

**હઝરત ઉબેયદુલ્લાહ ઇબ્ને અબ્બાસે ત્રણ શાદીઓ કરી હતી. ત્રણે પત્નીઓના નામો નીચે પ્રમાણે છે :**

(૧) જનાબ રૂકય્યા-દુખ્તરે ઇમામ હસન અલયહિસ્સલામ

(૨) દુખ્તર-મઅબદ બિન અબ્દુલ્લાહ બિન અબ્બાસ બિન અબ્દુલ મુત્તલિબ (રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના કાકા અબ્બાસની પરપૌત્રી)

(૩) દુખ્તર-મૈસૂર બિન મખઝૂમા ઝુબૈરી

જનાબ ઉબેયદુલ્લાહ ઇબ્ને અબ્બાસ અલમદાર ૧૫૫ હિજરીમાં વફાત પામ્યાં. આપને ઘણીબધી સંતાનો હતી. તેમાના એક ફરઝંદ હસન છે. જેમની અવલાદમાંથી ઓલમા, ઓમરા, અશરાફ લોકો પેદા થયા. અહીં સુધી કે ઇરાક, યમન, હિંદુસ્તાન, તબરસ્તાન, શામ, મિસર, ઇરાન વગેરે દેશોમાં આપની અવલાદ ફેલાઇ ગઇ.

**(૬) જનાબ હસન બિન ઉબેયદુલ્લાહ બિન અબ્બાસ અલમદાર અલયહિસ્સલામ**

જનાબ હસન ૬૭ વરસની જિંદગી જીવ્યા. આપના પાંચ ફરઝંદ હતા.

(૧) ફઝલ (૨) હમઝા (૩) ઇબ્રાહીમ (૪) અબ્બાસ (૫) અબ્દુલ્લાહ

આ પાંચે ભાઇઓ પોતાના સમયના અવ્વલ દરજાના આલિમો હતા. શાએરીમાં પણ પ્રખ્યાત હતા. આ પાંચે ભાઇઓમાં જે અવલાદ થઇ તે તમામ વંશ પરંપરાગત બધા જ આલિમ, ફાઝિલ, સરદારી, મુત્તકી, પરહેઝગારી વગેરે ખૂબીઓના માલિક હતા. દયાળુ, સખી, નીડર, અડગ, બહાદુર પણ હતા. સમાજ આ પાંચેય ભાઇઓના ઇલ્મથી ફાયદો ઉઠાવતો રહ્યો.

## (૭) ફઝલ બિન હસન બિન ઉબેયદુલ્લાહ ઇબ્ને અબ્બાસ અલમદાર અલયહિસ્સલામ

જનાબ ફઝલ વાકચાતુર્યમાં ઘણાં પાવરધા હતા. દીનના મામલામાં ઘણા જ સખત અને પાબંદી કરનારા હતા. પોતાના સમયના એક સારા લેખક હતા. આપના ત્રણ ફરઝંદ હતા અને ત્રણેય લેખક હતા.

(ઉમદતુત્તાલિબ)

ફઝલ હાજર જવાબી પણ હતા. બાહોશ વક્તા હતા. ખલીફાઓ આપને ઇઝ્ઝતની નિગાહથી જોતા હતા અને "ઇબ્ને હાશમીયા"ના લકબથી સંબોધતા હતા.

(મુકર્રમ પેજ-૩૦૯)

એમનો વંશ ત્રણ બેટાઓથી ચાલ્યો છે. તેઓમાં પણ બધાની અવલાદો હતી જેઓ કુમ, તબ્રસ્તાન અને ઇરાનમાં ફેલાયેલી હતી. બધા જ બેટાઓ પોતપોતાના સમયગાળાના લેખકો અને વક્તા હતા. શાએર પણ હતા.

## (૮) અબુલ અબ્બાસ ફઝલ બિન મોહંમદ બિન ફઝલ બિન હસન, બિન ઉબેયદુલ્લાહ બિન અબ્બાસ અલમદાર અલયહિસ્સલામ

આપના વાલિદ મોહંમદ બિન ફઝલ અને દાદા ફઝલ બિન હસન છે. દાદાના બાપ ઉબેયદુલ્લાહ અને ઉબેયદુલ્લાહના બાપ હઝરત અબ્બાસ અલમદાર અલયહિસ્સલામ છે. આપના દાદા ફઝલ બિન હસન ઘણા મોટા ખતીબ, વક્તા અને શાએર પણ હતા. તેમા અશઆરમાં એક

મરસિયા છે જે એમણે પોતાના પરદાદા હઝરત અબ્બાસ અલમદારના માટે પઢ્યા છે. જનાબ ફઝલ અવલાદવાળા હતા.

(અહસનુલ મકાલ પેજ-૨૨૪)

**મૌલાના સૈયદ આગા મેહદી લખે છે કે :**

ફઝલ બિન ફઝલ બિન મોહંમદ બિન હસન બિન ઉબેયદુલ્લાહ બિન અબ્બાસ (અલમદાર) બિન ઈમામ અલી અલયહિસ્સલામ, પાંચમી પેઢીની અસર આ હતી કે :

**અરબી અશઆરનો તરજુમો**

(૧) હું યાદ અપાવું છું મેદાને કરબલાની જગ્યાને હઝરત અબ્બાસ ઊંચી જગ્યાએથી દીનના દુશ્મનો ઉપર તુટી પડયા હતા અને દુશમનો આપની ચારે તરફ વરસાદના વાદળોની જેમ છવાઇ ગયા.

(૨) તેઓ પ્યાસની હાલતમાં હઝરત ઈમામ હુસૈન અલયહિસ્સલામની હિમાયત કરી રહ્યા હતા. ન તો આપે દુશ્મનોને પીઠ બતાવી, ન તો પોતાના હુમલાઓમાં કમજોર થયા.

(૩) હઝરત અબ્બાસે ઈમામની સાથે શહીદ થઈને જે બુઝુર્ગી પ્રાપ્ત કરી જે બીજા કોઈ શહીદની શહાદતમાં દ્રષ્ટિમાન થતી નથી.

પાંચ પેઢીઓમાં વધતો ઓછો સિત્તેર વર્ષનો ઝમાનો ગુજરે છે. આપની પાસે તલવાર પણ હતી. કારણ કે ભાલાથી તો ઘા પડે છે. જ્યારે તલવારથી સર કપાય છે. આપે તો સેંકડોની સંખ્યામાં દીનના દુશ્મનોના માથાં ધડથી જુદાં કર્યાં છે.

.

**(૯) જાફર ઈબ્ને ફઝલ ઈબ્ને હસન**

એમનું ઉપનામ ગરીબ હતું, તેઓની આરામગાહ શિરાઝ(ઇરાન)માં છે. ત્યાં તેઓ સૈયદ હાજી ગરીબના નામથી પ્રખ્યાત છે. (મુન્તખબ તવારીખ પેજ નં ૨૧૨)

**(૧૦) હમઝા અકબર ઈબ્ને હસન બિન ઉબેયદુલ્લાહ બિન અબ્બાસ અલમદાર**

હમઝાની કુન્નીયત અબુલ કાસિમ છે. તેઓ હઝરત ઈમામ અલી ઈબ્ને અબી તાલિબ અમીરુલ મોઅમેનીનની સાથે શકલ, સુરત, ઊંચાઈ, બોડી વગેરેમાં ઘણું સરખાપણું ધરાવતા હતા. આ તેજ બુઝુર્ગ છે. જેમના માટે ખલીફા મામુન રશીદે પોતાના હાથ વડે લખ્યું છે કે હમઝા બિન હસન પ્રિતિબંબ - એકરુપ- ના જેવા અમી\લ મોઅમેનીન

અલી ઇબ્ને અબી તાલિબ અલયહિસ્સલામને એક લાખ દિરહમ આપવામાં આવે.

અલ્લામા અબ્દુર્રઝ્ઝાકના લખાણ અનુસાર એમની શાદી જનાબ અબદુલ્લાહ બિન જઅફર તૈયારના દીકરા અલી બિન અબદુલ્લાહના દીકરા હુસૈનની પુત્રી ઝયનબની સાથે થઈ હતી. જેમના દાદાને લોકો અલી ઝયનબીના નામથી યાદ કરતા હતા. તેમની ખ્યાતી, તેમની બુઝુર્ગીમાં જનાબે ઝયનબે કુબરાના કારણે હતી.

## (૧૧) અલી બિન હમઝા બિન હસન

કિતાબ ખુલાસાના કર્તાએ એમને સિકા, ભરોસા પાત્ર ગણ્યા છે. નજાશીની દ્રષ્ટિમાં પણ સાચા હદીસના રાવીઓમાં છે. હાથ લખાણ કિતાબનો એક નુસખો એમની પાસે હતો. જેની

બધીજ હદીસો ઈમામ મુસા કાઝિમ અલયિહસ્સલામથી હતી.

## (૧૨) મોહમ્મદ બિન અલી બિન હમઝા

હમઝા ઈબ્ને હસન ઈબ્ને ઉબેયદુલ્લહના પૌત્ર થાય છે. વિદ્વાન,વક્તા અને શાએર પણ હતા. શેખ નજાશીએ આપને સૌથી વધારે સાચા કહયા છે. વળી સહી એતેકાદ પણ હતા.

આપ બસરામાં રહેતા હતા. આપે ઈમામ રઝા અલયહિસ્સલામથી હદીસો રિવાયત કરી છે. પોતાના જમાનાના પ્રખ્યાત આલિમ અને શાએર હતા. ૨૮૬ હિજરીમાં વફાત પામ્યા. (ઉમ્મદતુત્તાલિબ)

ઈમામ અલી નકી અલયહિસ્સલામ અને ઇમામ હસન અસ્કરી(અલ.)ના રાવી હતા. આપની

અવલાદો સમરકંદ અને તબરસ્તાનમાં સ્થાઈ થઈ. આપની બધીજ સંતાનો પોતપોતાના વિસ્તારમાં કાઝી (ન્યાયાધીશ) રહી ચુકી છે. કિબરીતે અહમર)

## (૧૩) અબુ ઉબેયદુલ્લાહ બિન મોહંમદ

અબુ ઉબેયદુલ્લાહ બિન મોહંદ બિન અલી બિન હમઝા બિન હસન બિન ઉબેયદુલ્લાહ બિન અબ્બાસ અલમદાર લેખક, શાએર, આલિમ, અને અહાદીસના રાવી હતા. પોતાના વાલીદથી અને દાદાથી રિવાયત કરતા હતા.પોતાના ઉસ્તાદના હવાલાથી અબ્દુલ્લાહ બિન અબ્બાસથી રિવાયત કરી છે કે તેમણે કહ્યું કે જ્યારે ખુદા કોઈ મખ્લુક ઉપર ગુસ્સે થાય છે ત્યારે તેમના ઉપર અઝાબ મોકલવામાં ઉતાવળ નથી કરતો. (દૃષ્ટાંત રૂપે હવા

કે એના જેવી બીજી આફતો દ્વારા હલાક કરે જેમ કે તેણે બીજી આગલી ઉમ્મતોને એક સાથે હલાક કરી નાખી છે) તો પછી એવી મખલુક પેદા કરે છે જે અલ્લાહને નથી ઓળખતી અને તે મખલુક તેમને અઝાબ કરે છે.

(અહસનુલ મકાલ પેજ નં. ૨૨૪)

અબુ ઉબેયદુલ્લાહનો આલે મોહંમદની નજીક ઘણો ઉંચો દરજો હતો. જ્યારે તે સમયની હુકુમતને આ ખબર પહોંચી કે અગિયારમાં ઈમામ હસન અસકરી અલયહિસ્સલામના ફરઝંદ બારમા ઈમામ મહેદી સાહેબુઝઝમાન ઝુલમ અને જોરને મિટાવી દેશે. ત્યારે હુકુમતના જાસુસ ઈમામના રહેઠાણમાં દાખલ થઈ ગયા. આપની વાલિદહની શોધ કરવા લાગ્યા.

તે સમયે અગિયારમાં ઈમામ હસન અસકરી અલયહિસ્સલામની શહાદતનો સમય નજીક જ હતો. આપના અહલીયા મોહતરમા અને બારમા ઈમામ મહેદી અલયહિસ્સલામના વાલિદહ મોહતરમા જનાબે નરજિસ ખાતુન ખૂબજ બેચેન અને પરેશાનીની હાલતમાં પોતાના પાંચ વરસના બેટાને ગોદમાં લઈને ઈમામ હસન અસકરી અલયહિસ્સલામની સેવામાં હાજર હતાં. આપ ડરતા હતાં કે મારા નાના ફરઝંદનું શું થશે? સાથે કહેતાં જતાં હતાં કે, અય મારા સૈયદ, સરદાર, અય મારા વાલી ઘરને દુશ્મનોએ ઘેરી લીધું છે. બિલકુલ થોડી વારમાંજ મને અને મારા લાલને (બારમા ઈમામ સાહેબુઝઝમાન ઈમામ મહેદી અલયહિસ્સલામ) ગિરફતાર કરી લેશે. ઈમામ હસન અસકરી

અલહિસ્સલામે ફરમાવ્યું, નરજિસ તમે પરેશાન ન થાઓ. દજલાના કિનારે જાઓ, એક કશ્તી મોજુદ છે. તમે મારા બેટાને લઈને બેસી જાઓ. સુર્રમનરાયની એક ગલીમાં તમને એક મકાન મળશે. તે મકાનમાંથી એક બુઝુર્ગ નિકળશે, જે અમારા ફરઝંદની અને તમારી હિફાઝત કરશે.

જનાબ નરજિસ ખાતુને ફરમાવ્યું : આકા તે કોણ બુઝુર્ગ છે? ઈમામ હસન અસકરી અલયહિસ્સલામે ફરમાવ્યું : નરજિસ સાંભળો, કરબલામાં અમારા કાકા અબ્બાસ અલમદારે પોતાની અવલાદને કસમ આપી હતી કે જ્યાં સુધી દુનિયામાં રહો મારા આકા હુસૈન ઈબ્ને અલીની અવલાદની હિફાઝત કરતા રહેજો જેથી અબ્બાસ બિન અલીની અવલાદ દરેક જમાનામાં ઈમામ

હુસૈન અલયહિસ્સલામની હિફાઝત કરતી રહી છે.નરજિસ ! ચચા અબ્બાસની અવલાદમાંથી એક બુઝુર્ગ તે મકાનમાંથી નિકળશે. જેમનું મુબારક નામ અબુ ઉબેયદુલ્લાહ હશે. તેઓ તમારી હિફાઝત કરશે. જનાબ અબુ ઉબેયદુલ્લાહ બિન મોહંમદ, બિન અલી, બિન હમઝા, બિન હસન, બિન ઉબેયદુલ્લાહ બિન અબ્બાસ અલમદાર હઝરત અબ્બાસ અલમદારની છઠ્ઠી પેઢીના બુઝુર્ગ અબુ ઉબેયદુલ્લાહે જનાબ નરિજસ ખાતુનને પોતાના ઘરમાં છુપાવી  દીધાં. જેથી દુશ્મનોના ઉપદ્રવથી મહફુઝ રહે. આ વાકેઆથી ખબર પડે છે કે જે ઘરમાં જનાબ નરજિસ ખાતુન સલામુલ્લાહ અલયહા તશરીફ ફરમા હશે તે ઘરમાં જરૂર ઈમામે અસ્ર મહેદી અલયહિસ્સલામની આમદોરફત હશે.

અને તે ઘર ઈઝઝત અને કદ્રો મંઝિલતને કાબિલ ગણાશે.

હઝરત ઉબેયદુલ્લાહે અઈમ્માએ તાહેરીન અલયહિસ્સલામથી રિવાયતો નકલ ફરમાવી છે. જબરજસ્ત આલિમ અને શાએર, લેખક હતા. સમાજમાં આપનો મોભો ઘણો ઊંચો હતો.

## (૧૪) અબુ મોહંમદ અલ કાસિમ

બની હમઝામાંથી છે. અબુ મહંમદ કાસિમ બિન હમઝા અલ અકબર જેઓ યમનમાં ઘણીજ ઈઝઝતના માલિક હતા. ઘણાં જ ખુબસુરત હતા, પરહેઝગાર હતા. જેથી લોકો આપને સુફી કહ્યા કરતા હતા.

## (૧૫) અબુયાઅલા હમઝા બિન કાસિમ બિન અલી બિન હમઝા

બની હમઝામાંથી હતા. અબુ યાઅલા હમઝા બીન કાસિમ બિન અલી બિન હમઝા બિન હસન બિન ઉબેયદુલ્લાહ બિન અબ્બાસ અલમદાર છે.

અબુ યાઅલા અબ્બાસ અલમદારની સાતમી આઠમી પેઢીના બુઝુર્ગ છે. આપના આદરણીય, સત્ય નિષ્ઠ હોવા વિશે શેખ નજાશી અને બીજા આલિમોએ વર્ણન કર્યા છે. આપ પોતાના સમયના શ્રેષ્ઠ આલિમોમાં સ્થાન ધરાવતા હતા. ત્રીજી સદીના અંત ભાગમાં ને ચોથીની શરૂઆતમાં આપની હયાતે જિંદગી હતી .જેના કારણે આપ કુલૈનીના (કાફીના લેખક) સમકાલીન

(એકજ સમયગાળાના) હતા. એમની કબર હિલ્લામાં છે.

(અહસનુલ મકાલ પે જ નં. ૨૨૬)

શેખ નજાશીએ નજમુસ્સાકિબમાં વર્ણવ્યું છે કે આપ ગયબતે કુબરામાં ઈમામે અસ્રની ખિદમતમાં હાજર થયા. અબુ યાઅલા હમઝા જલીલુકદ્ર આલિમ અને સરદાર હતા. છ વાસ્તાથી આપનો વંશ હઝરત અબુલફઝલ અબ્બાસ સુધી પહોંચે છે. મિરઝા મોહંમદ અલી ઉરદબાદીએ આપના જીવન વૃતાંત ઉપર એક કિતાબ લખી છે. તેઓ લખે છે કે અબુયાઅલા ઓલમાએ એહલેબયતમાંથી છે. વહીના ખાનદાનથી અને હાશ્મી બગીચાના પ્રખ્યાત વ્યકિત છે. આપની ગણતરી મશાયેખે રીવાયતમાં થાય છે. આપ

આલીમોના પણ આલિમ ગણાય છે. આપ પોતાના સમયના આલમ-મરજએ તકલીદ હતા. જે જે ઈલ્મી શખ્સીયતોએ આપથી ફાયદો ઉઠાવ્યો છે, તેઓ નીચે પ્રમાણે છે.

· અબુ મોહંમદ હારૂન બિન મુસા તલઅકબરી છે. આપની ગણતરી બેહતરીન આલિમોમાં થાય છે, આપની વફાત ૩૮૫ હિજરીમાં થઈ છે.

· હુસૈન બિન હાશિમ મોવદ્દબ

· અલી બિન અહમદ બિન મોહંમદ બિન ઈમરાન બિન દક્કાક અને હુસૈન બિન હાશિમ આ બંને મશાએખ શેખ સુદૂક ઈબ્ને બાબ્વેય્હ કુમી છે.

· અલી બિન મોહંમદ કલાન્સી અને અબ્દુલ્લાહ ગઝાઈરી બંને બુઝુર્ગો ઈલ્મે રીજાલમાં નિષ્ણાત હતા. તેઓ મશાએખમાંથી હતા.

· અબુ અબ્દુલ્લાહ હુસૈન બિન અલી ખઝઝાઝી કુમી આ બુઝુર્ગોના જીવન વૃતાંતો વાંચવાથી ખબર પડે છે કે જનાબ હમઝા મરહુમ કુલૈનીના ઝમાનામાં હતા. ત્રીજી સદી હીજરીના અંત ભાગથી ચોથી સદી હિજરીના શરૂઆત સુધી હયાત રહ્યાં. તેથી આગા બુઝુર્ગ તેહરાનીએ પોતાની કિતાબ" નાબેગતુર્રૂવાત ફી રાબેઅતિલ મિઆત" માં જનાબ હમઝાની ઘણીજ તારીફ કરી છે.

જનાબ હમઝાની ઈલ્મી અસરો કિતાબુત્તવહીદ "કિતાબુઝ ઝિયારાત" અલ મનાસિક કિતાબુ ર્રદ અલા મોહંમદ બિન જઅફર અસદી અને મન રવા અન જઅફર બિન મહંમદ કરેલી છે.

આગા બુઝુર્ગ તેહરાનીએ જનાબ હમઝાની ઓલમાએ રિજાલમાં ગણતરી કરીને પોતાની

કિતાબ રિજાલમાં વર્ણન કર્યું છે. (મુસફલ મકાલ ફી મુસન્નીફી ઉલમાએ રિજાલ)

નજાશીની કિતાબની સનદો ઈબ્ને ગઝાઈરીના વાસ્તા થી કલાનસી સુધી પહોંચે છે. અને કલાનસીથી જનાબે હમઝા સુધી પહોંચે છે.

પ્રાચીન અને સમકાલીન તમામ આલિમોએ જનાબ હમઝાને સાચા અને વિશ્વાસપાત્ર માન્યા છે. મર્હુમ શેખ અબ્બાસ કુમીએ આપને તે આલિમોમાથી ગણ્યા છે. જેઓ સાહિબે ઈજાઝએ હદીસ હતા. તેથી રિજાલના બધાજ આલિમોએ આપને તકવા અને પરહેઝગારીમાં શ્રેષ્ઠ ગણાવ્યા છે.

(નજાશી, અલ્લામા મજલિસી, મામકાની, શેખ અબ્બાસ કુમ્મી)

જો કે સાહિબે ઇજાઝએ હદીસ હોવું જનાબ હમઝા માટે કોઇ મરતબો ન ગણાય. કારણ કે સાહિબે ઇજાઝએ હદીસ હોવું અપરિચિત લોકો માટે હોય છે. જ્યારે જનાબ હમઝા તો તમામ ઓલમાએ રિજાલના માટે પ્રખ્યાત હતા. જેમ કે પાછલા પેજોમાં આ બાબતનો ઉલ્લેખ થઇ ચૂક્યો છે. આપના મકબરામાંથી જે કરામાતો જાહેર થઇ છે તે કરામાતો પોતે જ આપની અઝમત અને બુઝુર્ગીની ગવાહ છે.

જનાબ હમઝા રઝિયલ્લાહો તઆલા અન્હો ઓલમાએ એહલેબયત અલયહેમુસ્સલામના પ્રખ્યાત વ્યક્તિ છે. બધા જ સદ્ગુણો અને સારી ટેવો આપની પોતાની છે. આપ કોઇની તારીફના મોહતાજ નથી. આપથી અસંખ્ય હદીસોનું વર્ણન

થવું આપની બુઝુર્ગી માટે પુરતું છે. હઝરાત અઇમ્માએ તાહેરીન અલયહેમુસ્સલામે ફરમાવ્યું છે: "અમારા આલિમોની બુઝુર્ગી અને મહાનતા અમારી રિવાયતોના પ્રમાણમાં છે." માસુમનું આ ફરમાન આ તરફ ધ્યાન દોરે છે કે આપણે ચહારદા માસૂમીન અલયહેમુસ્સલામની વધારેમાં વધારે હદીસો ઇન્સાનો સુધી પહોંચાડવી જોઇએ જેથી તેઓની મઅરેફત ઇન્સાનો સુધી પહોંચે. આ જ વસ્તુ ઇન્સાનને ખુદાની નજદીક કરે છે. જનાબ હમઝામાં બંને વાતો ભરપૂર હતી. એક તરફ તો આપ શજરએ તૈયબા રિસાલત-રિસાલતના પાક વૃક્ષના વ્યક્તિ હતા, બીજી તરફ આપ અઇમ્માએ તાહેરીન અલયહેમુસ્સલામના વિશ્વાસપાત્ર રાવી હતા.

જનાબ હમઝાની મશાઇખે રિવાયતની એક અનુક્રમણિકા છે જે રેજાલ અને અહાદીસની કિતાબોમાં શોધખોળના અંતે મળી શકી છે. દ્રષ્ટાંતરૂપે રેજાલે શેખ ફેહરિસ્ત નજાશી, કમાલુદ્દીન શેખ સુદૂક અલયહિર્રહમા. તે મશાઇખો નીચે પ્રમાણે છે :

(૧) સઅદ બિન અબ્દુલ્લાહ અશઅરી (૨) હસન બિન મયસલ (૩) મોહંમદ બિન ઇસ્માઇલ બિન ઝારવિયા કુમ્મી (૪) અલી બિન અબ્દુલ્લાહ યહ્યા (૫) જ્ફર બિન માલિક કુઝારી કુફી (૬) અબુલહસન અલી બિન જુનેદ રાઝી અને (૭) આ બધા મશાએખમાં સૈથી વધારે જેમનાથી જનાબ હમઝાએ ફાયદો ઊઠાવ્યો તેઓ આપના કાકાના દીકરા-ભાઇ અબુ ઉબેયદુલ્લાહ છે. અબુ

ઉબેયદુલ્લાહનો આલે મોહંમદમાં એક ખાસ દરજ્જો છે. જ્યારે તે સમયના ખલીફાઓને આ ખબર પહોંચી કે ઇમામ હસન અસકરીના (અગિયારમાં ઇમામના) ફરઝંદ દુનિયામાંથી ઝુલમને નાબૂદ કરી દેશે, અદલો-ઇન્સાફ કાયમ કરશે ત્યારે હુકુમતના જાસૂસો ઇમામે અસ્રના ઘરમાં આપની વાલિદહ માજેદહની શોધમાં દાખલ થઇ ગયા. જનાબ અબુ ઉબેયદુલ્લાહે જનાબ નરજીસ ખાતૂનને પોતાના ઘરમાં છુપાવી દીધાં. જેથી દુશ્મનોના ઉપદ્રવથી રક્ષિત રહે.

(ફેહરિસ્ત નજાશી)

આ ઘટનાથી માલૂમ પડે છે કે જે ઘરમાં જનાબ નરજીસ ખાતૂન સલામુલ્લાહ અલયહા તશરીફફરમા હશે તે ઘરમાં જરૂર ઇમામે અસ્રની

આવનજાવન રહેશે. તે ઘર ઇઝ્ઝત અને બુઝુર્ગીને કાબિલ ગણાશે. જનાબ ઇમામ અસ્રથી અબુ ઉબેયદુલ્લાહના આટલા ગૂઢ અને ગહન સંબંધો હોઇ તેમની બુઝુર્ગી અને ઇઝ્ઝત માટે બીજા કોઇ આધારની જરૂરત જ નથી. આ જ અબુ ઉબેયદુલ્લાહ જનાબ હમઝાના મશાએખમાંથી છે. જેથી આટલી જાણકારી પછી જનાબ હમઝા માટે પણ કોઇ અન્ય આધારની જરૂરત નથી.

ઇબ્ને અબ્નાએ પોતાની કિતાબ “ઉમદહ”માં લખ્યું છે કે જનાબ અબુ ઉબેયદુલ્લાહ બસરામાં સ્થાઇ થયા. (રહેતા હતા) હઝરત ઇમામ અલી રઝા અલયહિસ્સલામ આઠમા ઇમામથી અને બીજા અઇમ્માએ તાહેરીન અલયહેમુસ્સલામથી રિવાયતો

નકલ કરી, આલિમ, શાઇર અને તમામ લોકોમાં પ્રિય વ્યક્તિ હતા.

નજાશીના મતાનુસાર અબુ ઉબેયદુલ્લાહે ઇમામ અલી નકી દસમા ઇમામ અને ઇમામ હસન અસ્કરી અગિયારમાં ઇમામથી પણ હદીસો નકલ કરી છે. તેઓના દર્સમાં પણ હાજરી આપી છે. આપે એક કિતાબ પણ લખી હતી જેનું નામ મકાતિલુત્તાલિબીન હતું જે અબુલ ફર્જ અસફહાનીની કિતાબથી અલગ હતી.

જનાબ હમઝાનો મકબરો હિલ્લામાં આજે પણ છે. "કરીયા હમઝા" મોમેનીનના માટે ઝિયારતની જગ્યા છે. આપના હરમમાંથી કરામાતો પણ જાહેર થાય છે. વળી દર્દમંદોની મુરાદો પણ પૂરી થતી રહે છે. પહેલાં આપની કબર માટે એમ

કહેવામાં આવતું હતું કે આપ ઇમામ મૂસા કાઝિમ, સાતમા ઇમામના ફરઝંદ છે પરંતુ પુરી તેહકીકાત અને શોધખોળના અંતે આ વાત સાબિત થઇ કે સાતમા ઇમામના ફરઝંદ જનાબ હમઝાની આરામગાહ કબર શાહ અબ્દુલઅઝીમની બાજૂમાં છે.

## (૧૬) હિલ્લામાં હઝરત હમઝા રઝિયલ્લાહો તઆલા અન્હોનો રોઝો

મરહૂમ ફકીહ મરજઅ બુઝુર્ગ મેહદી કઝવીની જે સમયે તબ્લીગના માટે હિલ્લામાં રોકાયા હતા. બની ઝૈદની તબ્લીગના માટે હમઝાની મઝાર પાસેથી ગુજર્યા પરંતુ ઝિયારત ન કરી. બીજા કોઇક સમયે આપ જ્યારે ફરીથી ગુજર્યા તો ગામવાસીઓએ આપને ઝિયારતે હમઝાની

દરખાસ્ત કરી. પરંતુ ફકીહ કઝવીનીએ તેઓની રખાસ્તને આમ કહીને રદ કરી દીધી કે જેને ઓળખતો નથી તેની ઝિયારત માટે જઇશ નહિ.

તે રાત સૈયદ કઝવીનીએ તે જ ગામમાં ગુજારી. સવારે બીજી વસ્તીમાં જવાનું હતું. નમાઝે શબ પઢી સહર-ફજર થવાની રાહ જોતા મુસલ્લા ઉપર બેઠા હતા. એટલામાં એ જ વસ્તીના એક સૈયદ જેઓ મુત્તકી અને પરહેઝગાર હતા, જેમને સૈયદ કઝવીની અગાઉથી જાણતા હતા, તેઓ આપની પાસે આવ્યા, સલામ કરી પછી કહ્યું : સૈયદ કઝવીની આપે જનાબ હમઝાની કબરની ઝિયારત નથી કરી અને ન તો તેમને કોઇ મહત્ત્વ આપ્યું. સૈયદ કઝવીનીએ ફરમાવ્યુ : હાં, ઝિયારત નથી કરી, કારણ કે હું તેમને જાણતો નથી. સૈયદ

અલવીએ ફકીહ સૈયદ કઝવીનીને ઉત્તરમાં કહ્યું કે સામાન્ય જનતામાં આ વાત મશહૂર છે કે આ ઇમામ મૂસા કાઝિમ અલયહિસ્સલામ, સાતમા ઇમામના ફરઝંદની કબર છે. પરંતુ હકીકતમાં કબર હમઝા બિન કાસિમની છે. ઓલમાએ રિજાલે આપની ઘણી જ તારીફ કરેલી છે. સાહબે ઇજાઝએ હદીસ છે. પરંતુ સૈયદ કઝવીનીએ આપને એક સામાન્ય મોમિન માનીને સૈયદ અલવીની વાત ઉપર કોઇ ધ્યાન આપ્યું નહિ અને ફજરની નમાઝનો સમય થયો કે નહિ એની જાણ મેળવવા માટે મુસલ્લા ઉપરથી ઊભા થયા તો સૈયદ અલવી પણ ચાલતા થયા.

નમાઝે ફજર પઢીને સૈયદ કઝવીનીએ પોતાની પાસે જે ઇલ્મુલ રિજાલની કિતાબો હતી

તેને ઉથલાવવાનું શરૂ કર્યું તો જનાબ હમઝાના માટે બરાબર તે જ લખેલું જોયું જેની ખબરો સૈયદ અલવીએ આપી હતી.

દરરોજના રિવાજ મુજબ સવારમાં જ્યારે મોઅમેનીન આપની મુલાકાત માટે એકત્ર થઇ ગયા તો પેલા સૈયદ અલવી પણ ત્યાં દેખાયા, જેઓ નમાઝે ફજરની અગાઉ સૈયદ કઝવીનીથી મળ્યા હતા. આપે તેમને બોલાવ્યા, પછી ફરમાવ્યું: આપે ફજરની નમાઝ અગાઉ જે વાતો કહી હતી તે કોઇ કિતાબમાં જોઇ હતી? તે સૈયદે કસમ ખાઇને કહ્યું કે તેઓ તો રાતે આ વસ્તીમાં જ ન હતા. પછી સૈયદ કઝવીનીનું ધ્યાન દોરાયું કે તે સૈયદ અલવી હઝરત બકીય્યતુલ્લાહુલ આઅ્ઝમ ઇમામ મેહદી અલયહિસ્સલામ પોતે હતા. આ ઘટના પછી સૈયદ

કઝવીની રહમતુલ્લાહ અલયહ જનાબ હમઝાની ઝિયારત માટે ચાલ્યા. ફરમાવ્યું કે મને હવે કોઇ શંકા નથી. આપના આ અમલ પછી મોમેનીનનું ધ્યાન પણ હઝરત હમઝાની મઝાર તરફ વધી ગયું. પછી તો સૈયદ કઝવીનીએ "ફલકુન્નજાત" માં આ ઘટનાનું વર્ણન કર્યું. પરિણામ એ આવ્યું કે પાછળના બધા જ આલિમોએ પણ આપની તાબેદારીમાં આ કબરને જનાબ હમઝા-ફરઝંદે કાસિમની કબર તરીકે સ્વીકારી લીધી.

હૈદર અલ મરજાની લખે છે કે, આ રીતે ઉબેયદુલ્લાહે અવ્વલના(ફરઝંદ હઝરત અબ્બાસ અલમદાર અલયહિસ્સલામ) એક ફરઝંદ જેમનું નામ હમઝા હતું તેમનો શજરો આ પ્રમાણે છે.

હમઝતુલ ગરબી કુન્નીયત અબુયાઅ્લા, અલી બિન કાસિમ ઇબ્ને અલી ઇબ્ને હમઝા ઇબ્ને હસન ઇબ્ને ઉબેયદુલ્લાહ ઇબ્ને અબ્બાસ. જેથી કરીને બેહરૂલ ઉલૂમે “તોહફતુલ આલમ”માં રિજાલ નજાશીના હવાલાથી વર્ણન કર્યું છે.

તેમની કબર હિલ્લાની નજીક મહોલ્લા ઝયદીયામાં આજે પણ મોજૂદ છે. કમૂનાએ પોતાની કિતાબ “મશાહિદુલ ઇતરત”માં લખ્યું છે કે હમઝા ગરબીના રોઝામાંથી ઘણીબધી કરામતો જાહેર થાય છે.

આ મકબરાની ઇમારત હિજરીસન ૧૩૩૯માં નવેસરથી બનાવવામાં આવી હતી. ત્યાંના વેપારીઓના સહકારથી કુબ્બાનું બાંધકામ અને ગુંબદની સુંદરતા વધારવામાં આવી હતી.

છેલ્લે ઇ.સ. ૧૯૮૪ મુતાબિક હિજરી ૧૩૯૪માં સદર અહસનુલ બકરની હુકુમતમાં ફરીથી બીજી વખત બનાવવામાં આવ્યો. અહસનુલ બકરે પોતાની આંખો વડે પ્રત્યક્ષ કરામતનો અનુભવ કર્યો હતો. હમઝા ઇબ્ને ઉબેયદુલ્લાહનો મકબરો હાલમાં પણ ખૂબ જ પ્રખ્યાત છે.

તમામ ઝાએરીન હજારોની સંખ્યામાં દરરોજ રોઝાની ઝિયારત કરે છે. આપનો રોઝો આજદિન સુધી પબ્લિકનું આકર્ષણ બનેલો છે. આસપાસના સ્ત્રી-પુરૂષો તો ઘણી જ અકીદતની સાથે રોઝા ઉપર નિયમિત હાજરી આપે છે, પોતાની મુરાદો પૂરી કરે છે. આ નાચીજ (મોલાના ઝમીર અખ્તર નકવી) પણ બે વખત કરબલાએ મોઅલ્લાની ઝિયારત માટે ગયા. બન્ને વખત

હિલ્લામાં જનાબે હમઝાના રોઝામાં હાજરી આપી. માલિકે કાએનાત અલ્લાહ રબ્બુલ ઇઝ્ઝત હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા અને હઝરત અબ્બાસ અલયહિસ્સલામના વંશના આ જલીલુલકદ્ર ફરઝંદના તુફૈલમાં ઝાએરીનની મુરાદો પૂર્ણ કરે છે.

**(૧૭) ઇબ્રાહીમ(જરૂકા) બિન હસન બિન ઉબેયદુલ્લાહ બિન અબ્બાસ અલમદાર અલયહિસ્સલામ**

ઇબ્રાહીમ જરૂકા (જરૂક = રોટલીઓ વહેંચનારો સખી) પોતાના સમયના ઇબાદત ગુજાર, ફકીહ અને લેખક પણ હતા. આપની ગણતરી પ્રખ્યાત લેખકોમાં થાય છે. આપના ત્રણ ફરઝંદો હતા. હસન, મોહંમદ અને અલી.

## (૧૮) અલી બિન ઇબ્રાહીમ

બની હાશિમના સખીઓમાંથી હતા, ખૂબ જ ઇઝ્ઝતદાર માણસોમાંથી હતા, પ્રતિભાશાળી પણ હતા, ઘણા જ ઉદાર અને સખી હતા, નરમદીલ હતા. હિજરીસન ૨૬૪માં આપનો ઇન્તિકાલ થયો. એમના ૧૯ ફરઝંદો હતા. ૧૯માંથી કેટલાક બગદાદમાં રહ્યા અને કેટલાક મિસર તથા બસરા તરફ ચાલ્યા ગયા.

## (૧૯) અબ્દુલ્લાહ બિન અલી બિન ઇબ્રાહીમ જરૂકા

જેમના એક અબ્દુલ્લાહ બિન અલી બગદાદના ખતીબ હતા. આપની કુન્નીયત અબુ અલી હતી. તેઓ બગદાદના રહેવાસીઓમાંથી હતા. મિસરમાં જઇને ત્યાં જ સ્થાઇ થયા. આપની પાસે

કેટલીક કિતાબો “મજમૂઆ જઅફરિયા”ના નામથી હતી. જેમાં ફકહે એહલેબયત હતી. તેને શીયા ફિકહ ઉપર બતાવવામાં આવે છે. તેમની વફાત મિસરમાં હિજરીસન ૩૧૨માં થઇ.

(અહસનુલ મકાલ પેજ-૨૨૬)

અલી બિન ઇબ્રાહીમના બીજા ફરઝંદ મોહંમદ બિન અલી હતા. જેઓ બસરા ચાલ્યા ગયા હતા. ઉચ્ચ કોટિના આલિમ હતા. તેઓ હઝરત ઇમામ રઝા અલયહિસ્સલામની હદીસોના રાવી પણ છે. મોટા દરજ્જાના ફકીહ, મુજ્તહિદ, પરહેઝગાર અને શાઇર પણ હતા.

## (૨૦) અબ્બાસ (ઉચ્ચ પ્રકારના ખતીબ) બિન હસન બિન ઉબેયદુલ્લાહ બિન અબ્બાસ અલમદાર

અબ્બાસ બિન હસનની કુન્નીયત અબુલ ફઝલ છે. પોતાના સમયના ઘણા મોટા લેખક વિદ્વાન હતા. આપની કારકિર્દીથી ઇતિહાસના પાના ભરપૂર છે. ઉચ્ચ પ્રકારના વક્તા હોવા સાથે શાએર પણ અજોડ હતા. બની અબ્બાસનો ખલીફા હારૂન રશીદ આપની ઘણી જ ઇઝ્ઝત કરતો હતો. બીજા કોઇ હાશમી આપથી વધારે ઝડપથી અને સ્પષ્ટ ભાષામાં બોલનાર જોવામાં આવ્યા નથી. પ્રથમ મદીનામાં રહેતા હતા. પછી હારૂન રશીદના શાસનકાળમાં બગદાદ આવ્યા, ત્યાં જ સ્થાઇ થઇ

ગયા. આપના જલાલ અને પ્રતાપથી અંજાઇ જઇ બાદશાહ આપને કુન્નીયતથી જ બોલાવતો હતો.

હઝરત ઇમામ રઝા અલયહિસ્સલામની વલી અહદીના મામૂન રશીદના દરબારમાં ઇમામની તારીફમાં સૌ પ્રથમ અબ્બાસ ઇબ્ને હસને (અવલાદે હઝરત અબ્બાસ અલમદાર અલયહિસ્સલામ) કસીદહ પઢી સંભળાવ્યો ત્યારબાદ અરબ અને અજમના સેંકડો શાઇરોએ પોતપોતાના કસીદા પેશ કર્યા. (તોહફતુલ રિઝવીયાહ ફૈક બિલગિરામી પેજ-૫૨૧)

કેટલાકે આપના દસ બેટા હોવાનું લખ્યું છે. કેટલાકે ચારનો ઉલ્લેખ કર્યો છે.

## (૨૧) અબ્દુલ્લાહ ઇબ્ને અબ્બાસ બિન હસન બિન ઉબેયદુલ્લાહ બિન અબ્બાસ અલમદાર

અબ્દુલ્લાહ પોતાના બાપની જેમ ગુણોનો ભંડાર હતા. શાએર અને ઉચ્ચ કોટિના વક્તા હતા. મામૂન રશીદ આપની ઘણી જ ઇઝ્ઝત કરતો હતો. જ્યારે આપનો ઇન્તિકાલ થયો ત્યારે મામૂને પગપાળા આપના જનાઝામાં હાજરી આપી. મામુને આપને સરદાર ઇબ્ને સરદારનો લકબ આપ્યો હતો. તેમના ફરઝંદનું નામ હમઝા છે. હમઝાની અવલાદો શામના ઇલાકા તિબરીયામાં છે. હમઝાના ફરઝંદ અબુ તૈયબ મોહંમદ બિન હમઝા છે.

(અહસનુલ મકાલ પેજ-૨૨૭)

## (૨૨) અબુ તૈયબ મોહંમદ બિન હમઝા બિન અબ્દુલ્લાહ બિન અબ્બાસ

આપનો શજરો આ છે. અબુ તૈયબ મોહંમદ બિન હમઝા બિન અબ્દુલ્લાહ બિન અબ્બાસ બિન હસન બિન ઉબેયદુલ્લાહ બિન હઝરત અબ્બાસ અલમદાર.

આપ હમઝાના સાહબઝાદા છે. આપ શર્મો હયાથી ભરપૂર અને ખુદ્દાર હતા. પોતાના સગાવહાલાઓ સાથે સિલે રહમી ઘણી કરતા હતા. જેના કારણે ઘણી જ ઇઝ્ઝતના માલિક બન્યા હતા. ઉર્દૂન(જોર્ડન)ના ઇલાકા તિબરીયામાં આપની ઘણીબધી જમીન જાગીર હતી. બહાદુરીમાં પ્રખ્યાત હતા. કરામતાની હુકુમતના જમાનામાં આપને જોર ઝુલમથી શહીદ કરવામાં આવ્યા. (હૈદર મરજાની)

તગજ બિન જફ ખરગાનીએ આપને હસદના કારણે પોતાના સિપાહીઓ દ્વારા કતલ કરાવી નાખ્યા. આ ગમનાક બનાવ હિજરીસન ૨૯૧નો છે. શાએરોએ આપની શહાદત ઉપર મરસિયા અને શોગનામા કહ્યા હતા. (મુકર્રમ)

## (૨૩) બનુ શહીદ બિન અબુ તૈયબ મોહંમદ બિન હમઝા બિન અબ્દુલ્લાહ બિન અબ્બાસ બિન હસન

આ વાતની ચોક્કસ માહિતી ઇતિહાસકારો પાસે નથી કે બનુ શહીદ અબુ તૈયબ મોહંમદના ફરઝંદ છે કે પૌત્ર. ભલે "મોઅજમુશ્શોઅરા" ના કર્તાએ લખ્યું છે કે આપ એક ઉમદા શાએર હતા. પોતાના બુઝુર્ગોની કારકિર્દીની પ્રશંસા કરતા હતા. ખલીફા મુતવક્કિલના સમય પછી પણ આપ હયાત

હતા. કિતાબ “અલગદીર” માં અલ્લામા અમીનીએ “શોઅરાએ ગદીર” ગદીરના વાકેઆ ઉપર શએર લખનારાઓમાં આપનું વર્ણન કર્યું છે. કિતાબ “બહરૂલ અનસાબ” માં પણ આપનું વર્ણન છે.

**(૨૪) અબ્દુલ્લાહ (અમીર મક્કા) બિન હસન બિન ઉબેયદુલ્લાહ બિન અબ્બાસ અલમદાર**

અબ્દુલ્લાહ બિન હસન બિન ઉબેયદુલ્લાહ બિન અબ્બાસ અલમદાર. તેઓ હરમૈન(મક્કા)ના ઉચ્ચ ન્યાયાધીશ (કાઝિયુલ કુઝ્ઝાત) હતા. આપ પોતાના બધા ભાઇઓમાં ઉમરમાં મોટા હતા. લોકો આપને અમીર કહીને પોકારતા હતા કારણ કે આપ બની અબ્બાસની હુકુમતના અવ્વલ સમયમાં મક્કા અને મદીનાના કાઝી(ન્યાયાધીશ) રહી ચૂક્યા હતા.

(તારીખે તબરી, અહસનુલ મકાલ પેજ-૨૨૭)

આપથી વધારે રોફવાળો અને દબદબાભર્યો વ્યક્તિ જોવામાં નથી આવ્યો. આપ ખલીફા મામૂનના જમાનામાં પણ હરમૈનના મુતવલ્લી અને શહેર કાજી હતા.

મોહંમદ બિન યુસુફ જઅફરી આપના વિષયમાં લખે છે કે પ્રતિભા, દેખાવ, શર્મોહયામાં આપના જેવા માણસ ભાગ્યે જ જોવા મળે. ખલીફા મામૂન રશીદના સમયમાં મક્કા અને મદીનાના હરમૈનના મુતવલ્લી અને શહેર કાજી હતા.

(તબરી ભાગ-૧ પેજ-૩૫૫)

હિજરી ૨૦૪ થી હિજરી ૨૦૬ માં મામૂન રશીદે આપને અમીરે હજ પણ નિયુક્ત કર્યા હતા. મામૂનની જ ખિલાફતમાં બગદાદમાં વફાત થઇ.

(તારીખે બગદાદ ભાદ-૧૦ પેજ-૩૧૩)

અબ્દુલ્લાહ બિન હસનના ત્રણ પુત્રો હતા. અલી, હસન અને મહંમદ

## (૨૫) ઇબ્રાહીમ બિન મોહંમદ

ઇબ્રાહીમ બિન મોહંમદ બિન અબ્દુલ્લાહ બિન હસન બિન ઉબેયદુલ્લાહ બિન અબ્બાસ અલમદાર. આપ કઝવીનમાં શહીદ કરવામાં આવ્યા. કબર પણ કઝવીનમાં છે.

(મુન્તખબુત્તવારીખ પેજ-૩૭૦)

અલી બિન અબ્દુલ્લાહ બિન હસન બિન ઉબેયદુલ્લાહ બિન અબ્બાસ અલમદાર

અલી-આપની અવલાદ “દમિયાત”માં આબાદ થઇ ત્યાં જ સ્થાઇ રહેવા લાગી. બનુ હારૂનના નામથી પ્રખ્યાત થઇ. દમિયાતના શહેરના

“ફસા” નામના સ્થળે આબાદ થઇ. તે સ્થળને “બનુ હુદહુદ” પણ કહેવાતું હતું.

હસન બિન અબ્દુલ્લાહ બિન હસન બિન ઉબેયદુલ્લાહ

જનાબ હસન-જનાબ અલીના ભાઇ આપના ફરઝંદનું નામ અબ્દુલ્લાહ છે.

અબ્દુલ્લાહ બિન હસન બિન અબ્દુલ્લાહ બિન હસન બિન ઉબેયદુલ્લાહ

અબ્દુલ્લાહ બિન હસન-આપને અગિયાર પુત્રો હતા.

કાસિમ બિન અબ્દુલ્લાહ બિન હસન બિન અબ્દુલ્લાહ બિન હસન બિન ઉબેયદુલ્લાહ

કાસિમ અબ્દુલ્લાહના બેટા છે. મક્કા અને મદીનાના હાકિમ અને કાઝી હતા. મદીના મુનવ્વરામાં આપ સાહબે રાય અને મુતકલ્લિમ

હતા. આપ મોહદ્દિસ હતા, ફકીહ હતા, મોટી જમાતના અમીર હતા. આપ ઇમામ હસન અસ્કરી અલયહિસ્સલામ-અગિયારમા ઇમામના ખાસ સહાબી હતા.

(હૈદર અલ મરજાની)

ફરઝંદો અલી અને જઅફર(કદાચ) ઇમામ અલી નકી અલયહિસ્સલામના ફરઝંદ છે. એમના દરમ્યાન પ્યાર મહબ્બત કાયમ રાખી. જનાબ કાસિમ ઇમામ હસન અસ્કરી અગિયારમા ઇમામના અસહાબમાં ગણાતા હતા.

(ઉમ્દતુત્તાલિબ)

હઝરત અબુલ ફઝલ અબ્બાસની પાકીઝા નસ્લ(વંશ)માં દરેક જમાનામાં બાકમાલ, બાકરામાત, વિદ્વાનો પેદા થતા રહ્યા. આ વિદ્વાનો

વિશ્વને ઇલ્મો-હુનરથી માલામાલ કરતા રહ્યા. પોતાના પૂર્વજોનું નામ રોશન કરતા રહ્યા. હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાની વંશના કેટલાક લોકો હિંદુસ્તાનમાં પણ આવ્યા હતા

મૌલાના સૈયદ આગા મેહદી લખનવી લખે છે કે અવલાદનું બાકી રહેવું પણ શહાદતના ફળોમાંથી એક ફળ છે અને આ એક અલગ વિષય છે જેના ઉપર ફાઝિલ હનફી ઝફરાબાદી પોતાની એક કિતાબમાં નૂરૂદ્દીન મુલ્લા મોહંમદ ઓઝની હાલાતે જિંદગી આલેખતાં લખે છે કે તેઓ પોતાના જમાનાના પ્રખ્યાત આલિમ હતા. ઇબાદત ગુજાર પણ એટલા જ હતા. તેમની ગણતરી જોનપુરના વિદ્વાનોમાં થતી હતી. તેઓના વંશનો સિલસિલો હઝરત અબ્બાસ અલમદાર સુધી પહોંચે છે. તેઓ

શેખ અલી હઝીનના (પ્રખ્યાત ફકીહ અને લેખકના) સમકાલીન હતા. તેમના ફરઝંદનું નામ મુલ્લા ફતેહ મોહંમદ હતું. આનાથી આ વાત સાબિત થાય છે કે અવલાદે અલમદારના અસ્તિત્વથી અંધકારમય હિંદુસ્તાન પણ ખાલી રહ્યું નથી.

**(૨૬) બ્રિટિશ મ્યુઝિયમ લંડનમાં અવલાદે હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા ઉપર કિતાબ છે**

મૌલાના સૈયદ આગા મેહદી લખે છે કે બ્રિટિશ મ્યુઝિયમની અનુક્રમણિકા દાક્તર ચાર્લ્સ પેજ-૪૩૭ ને વાંચવાથી ખબર પડે છે કે બુઝુર્ગો જનાબે રિસાલત મઆબ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના વાલિદ મોહતરમ જનાબ અબ્દુલ્લાહ અને જનાબ અબુતાલિબ

અલયહિસ્સલામ તથા તેમની અવલાદના વિષય ઉપર એક ખાસ કિતાબ છે. તેના લેખક મોહંમદ બિન અબ્દુલ્લાહ હુસૈની સમરકંદી છે. “તોહફતુત્તાલિબ” કિતાબનું નામ છે જેમાં હાંસિયામાં તથા વચ્ચે પણ મોહંમદ બિન હનફિયા તથા હઝરત અબ્બાસ અલમદારની વિગતો પણ સારી એવી વિસ્તૃત લખાયેલી છે. આ કિતાબ મોહંમદ હુસૈની બિન અબ્દુલકરીમની કલમથી ૬ માહે ઝિલહજ, રોજે જુમ્માના દિવસે હિજરીસન ૧૧૭૯માં લખાયેલા હાથ કલમનો નુસખો છે. આવી બેહતરીન કિતાબો, સમગ્ર દેશમાંથી સેંકડો નહિ, હજારો નહિ, બલકે લાખોની સંખ્યામાં આપણા કિંમતી પુસ્તકો જેની કિંમત કીમતી જવાહિરાતથી પણ વધારે ગણાય. અંગ્રેજો ઇ.સ. ૧૮૫૭ના વિપ્લવ પછી

લૂંટીને યુરોપ લઇ ગયા ત્યારે લખનવને પણ લૂંટ્યું હતું. કેટલાક ગરીબ લોકોએ પોતાના કિંમતી પુસ્તકો બસો ત્રણસો રૂપિયાની કિંમતમાં અંગ્રેજોના હાથે વેચી પણ દીધાં હતાં.

હઝરત અબ્બાસ અલમદારની અવલાદો મિસર, બગદાદ, કઝવીન, શીરાઝ, તબ્રસ્તાન, ઉર્દૂન(જોર્ડન) દમીયત, કાયન, સમરકંદ, બસરા વગેરેમાં ફેલાઇ ગઇ.

**સરકાર અબુલ ફઝલ અબ્બાસ અલયહિસ્સલામ**

ઉપરોક્ત તમામ ઇતિહાસનું અવલોકન કરતાં જણાય છે કે સરકાર અબુલ ફઝલ અબ્બાસ અલયહિસ્સલામ મહાન વિદ્વાન, તીવ્ર બુદ્ધિશાળી, દુરંદેશ, ફકીહ અને આલિમ હતા. કારણ કે હઝરત ઇમામ હસન અલયહિસ્સલામ અને હઝરત ઇમામ

હુસૈન અલયહિસ્સલામ અને જનાબ ઝયનબ આલિયા સલામુલ્લાહ અલયહા અને ખાસ તો હઝરત અલી અલયહિસ્સસલામ ઇમામે અવ્વલ તથા પોતાના વાલિદહ હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાથી તાલીમ હાસિલ ફરમાવી હતી. આપની અવલાદ પણ જ્યાં જ્યાં રહી- આલિમ, ફકીહ, શાઇર, વિદ્વાન, લેખક, ખતીબ અને કાઝી(ન્યાયાધીશ) અમીર રહી. મતલબ આ છે કે હઝરત અબુલ ફઝલ અબ્બાસની અવલાદો દરેક સમયમાં, દરેક જગ્યાએ મુસલમાનો માટે ફાયદાકારક બની રહી. ઉમ્મતે મુસ્લેમાની શ્રેષ્ઠ ઉધ્ધારક બની રહી. આ સરકાર અબુલ ફઝલ અબ્બાસ અલયહિસ્સલામની ઝાતે બરકતનું પરિણામ છે.

હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા જેવી શ્રેષ્ઠ માની શ્રેષ્ઠતા તેમની અવલાદોમાં બરાબર ઊતરી છે. આ માની શ્રેષ્ઠતાની જીવંત દલીલ છે. જેટલી સારી મા હશે તેટલી જ બેહતરીન અવલાદ હશે.

## ભાગ-૧૫ : હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા ઇમામ હુસૈન અલયહિસ્સલામની અઝાદાર

### (૧) મદીનામાં ઇમામ હુસૈન અલયહિસ્સલામની શહાદતની ખબર પહોંચતાં જ હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાનું સંદેશવાહકથી વાકેયએ કરબલા સાંભળીને માતમ કરવું

ઇમામે અવ્વલ હઝરત અલી અલયહિસ્સલામની અઝવાજમાં જે ઇઝ્ઝત, અઝમત, બુઝુર્ગી, શ્રેષ્ઠતા જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા, દુખ્તરે પેગંબરે ઇસ્લામને મળી, તેવી જ બુઝુર્ગી આપની વફાત પછી જનાબ ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાને મળી. જેઓ

જનાબે મુશ્કિલ કુશાના પત્ની હતાં. જનાબ અબ્બાસ અલમદારના વાલિદહ હતાં.

વાકેઆત વાંચતાં અને વર્ણન કરતાં પણ ઇન્સાનની આંખોમાં આંસુ આવી જાય કે આપ પોતાના ફરઝંદો કરતાં પણ વધારે રસૂલુલ્લાહના ફરઝંદો ઇમામ હસન અલયહિસ્સલામ અને ઇમા હુસૈન અલયહિસ્સલામને ચાહતા હતા. જ્યાં સુધી સૈયદુશ્શોહદા ઇમામ હુસૈન અલયહિસ્સલામ મદીનામાં રહ્યા ત્યાં સુધી જનાબ ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાની જેમ જ ઇમામ મઝલૂમની મા બનીને રહ્યાં. જ્યારે આપ કૂફાની તરફ તશરીફ લઇ ગયા. જનાબ ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા બીમાર

સુગરાની સેવા ચાકરીમાં લાગેલાં રહ્યાં. બલકે આ સેવા ચાકરી પોતાના ઉપર વાજિબ કરી લીધી.

છતાંય આપનું દીલ ફરઝંદાને રસૂલે સકલૈન, પારએ જિગર ફાતહે બદર વ હોનૈનની જુદાઇથી હંમેશા ગમગીન રહેતું હતું કારણ કે આપને ઇમામ હુસૈન અલયહિસ્સલામની સાથે પોતાના ફરઝંદો કરતાં પણ વધારે મહબ્બત હતી.

કૂફાની દિશામાંથી આવતા દરેક મુસાફિરને જનાબ ઉમ્મુલબનીન શેહઝાદએ કૌનૈનના હાલ પૂછતાં હતાં. પરંતુ યઝીદ પલીદે નાકાબંદી કરી દીધી હતી કે કોઇ મુસાફિર અથવા સંદેશવાહક કરબલાથી મદીનાની તરફ ન જવા પામે. જેથી જનાબ ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાને ઇમામ હુસૈન અલયહિસ્સલામની કંઇપણ ખબરો

મળતી ન હતી. છતાંય એક સગી માની જેમ આપનો આ નિયમ રહ્યો કે ફાતેમા સુગરાને દરરોજ દવા પીવડાવીને ઘરનો જે દરવાજો કરબલા તરફ પડતો હતો ત્યાં આવવું. એક એક મુસાફરિને ખબર પૂછવી, પછી સાંજે માયૂસ થઇને ઘરમાં જવું. મતલબ આ રીતનો ઇમામ હુસૈન અલયહિસ્સલામના વિયોગનો ગમ આપને સતાવતો હતો. આ તરફ કરબલામાં આ મજલૂમના તમામ સગાંવહાલાં ભૂખ્યા, પ્યાસા, તંબુઓમાં બેચેન હતા. પ્યાસના કારણે દરેક બાળક રડી પણ શકતું ન હતું. ઇમામના તમામ યારો મદદગાર શહીદ થઇ ચૂક્યા હતા. લોહી તરસ્યા ઝાલિમોની ફોજ વચ્ચે ઇમામ એકલા, ઝખ્મોથી ચૂર, લોહીલુહાણ, ભૂખ્યા પ્યાસા ઊભેલા હતા.

છેવટે આ ઝાલિમોએ આ ગરીબુલ વતનને ભાલાઓ અને તલવારોથી ચૂર ચૂર કરીને શહીદ કરી દીધા. પછી લાશ મુબારકને પણ ઘોડાઓના પગો નીચે પામાલ કરી, ત્યાર પછી તમામ તંબુઓમાં આગ લગાવી દીધી. રસૂલુલ્લાહની બેટીઓને, નવાસીઓને લૂંટી લીધી. નાની નાની બચ્ચીઓના કાનમાંથી બુટ્ટીઓ ખેંચીને છીનવી લીધી, તેમને લોહીલુહાણ કરી દીધી. એહલે હરમ, મા બહેનો ઉપર જે ઝુલમ કર્યો તે વર્ણવવાની શક્તિ કોની જીભમાં હોય. મુસલમાનો આ વાત યાદ રાખે કે આ ઝુલમ નવાસએ રસૂલ, તેમના ઘરની સ્ત્રીઓ, રસૂલની બેટીઓ, નવાસીઓ ઉપર થઇ રહ્યો છે. જેમના નામનો કલિમો તમે પઢો છો, જે રસૂલુલ્લાહથી મહબ્બત હોવાના તમે દાવેદાર છો.

ઇબ્ને સઅદે યઝીદ ઉપર કાગળ લખ્યો, જેમાં લખ્યું કે યુદ્ધ શરૂ કરતાં પહેલાં મને ભય હતો કે આ બની હાશિમ બહાદુર યોદ્ધાઓ છે. બહાદુરી અને હિંમત તેમના લોહીમાં વણાયેલી છે. આ તો અવલાદે અલી છે. જેમણે દૂધ પીવાની ઉમરે, પારણામાં સુવાની ઉમરે અજગરને ચીરી નાખ્યો હતો. આ જ અલી અલયહિસ્સલામે ખયબરના કિલ્લાનો લોખંડનો ટનો વજનનો દરવાજો હાથ વડે ઊખાડીને ફેંકી દીધો હતો. હજારને એકલો પછાડી શકે એવા પહેલવાન મરહબને અલી અલયહિસ્સલામે એકલા પછાડી નાખ્યો હતો. હૌનૈન અને ખંદકમાં એમના કારણે જ ફતેહ થઇ હતી. જિન્નોની મોટી ફોજમાં પણ અલી અલયહિસ્સલામથી મુકાબલો કરવાની શક્તિ ન હતી. જેથી આવા

બહાદુરોથી લડવામાં સમય લાગશે. ઇબ્ને સઅદે કાતિલને હુકમ આપ્યો કે મદીના રવાના કરવાના પત્રમાં આ પણ લખી દેવામાં આવે કે વાલીએ મદીનાને કહો કે હવે કોઇપણ જાતના ભય અને ડરખોફ વગર મિમ્બરે નબી ઉપર યઝીદના નામનો ખુત્બો પઢવામાં આવે. ખાનદાને રસૂલે ખુદામાં હવે કોઇ પુરૂષ આબિદે બીમાર (ઇમામ અલી ઝયનુલ આબેદીન (ચોથા ઇમામ) અલયહિસ્સલામ) સિવાય કોઇ જીવીત રહ્યું નથી અને તે પણ તોક અને ઝંજીરોમાં જકડાયેલો છે, અમારો કેદી છે.

આ ખબર સાંભળીને હઝરત સુગરા બીમારીના બિસ્તર પરથી ઊઠી અને હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાને કહેવા લાગી કે અય દાદીજાન! સાંભળો છો? કોઇ સંદેશો લઇને

આવ્યું છે. જે મસ્જિદે નબવી માટે સંદેશો લાવ્યો છે. વાંચી સંભળાવશે, આપ જાઓ, જેથી બાબાજાન, માના, અકબરના, અસગરના પોતાની બહેનના સકીનાના હાલ પૂછી આવો.

અલ્લાહ! અલ્લાહ! શું શોખ છે? શું આરઝુ છે? આ બીમાર માસૂમાને દાદીએ કહ્યું કે બેટી, તું આરામ કર, હું હમણાં ખબર સાંભળીને આવું છું.

કાસિદે કરબલાનો હાલ સંભળાવવાનો શરૂ કર્યો. અય ઉમ્મુલબનીન! હુસૈનની કઇ કઇ મુસીબતોનું વર્ણન કરૂં? સામી તરફ કંઇ લાખ ખંજર, તલવારો, ખૂનખ્વાર ઝાલિમો આ તરફ એક હુસૈન, બે ચારો મદદગાર. ચારે તરફથી ઝાલિમો ખંજર અને તીરો-તલવારોના વાર કરી રહ્યા હતા. અય ઉમ્મુલ હુસૈન તેમના સાથીદારો પાસે છેલ્લા

ત્રણ દિવસથી ન કંઇ ખાવાનું હતું ન પાણી હતું. નાના બાળકોને પીવા માટે પણ એક કતરો પાણી આ ઝાલિમો આપતા ન હતા. ઇમામ મેદાને જંગમાં જવા માટે સવાર થયા તે વખતે કોઇ રિકાબ થામનારૂં પણ ન હતું. અય ઉમ્મુલબનીન! કેટલી વિગતો કહીશ હું તમને, જે તમે સાંભળી નહીં શકો. તમે બેહોશ થઇ જશો. છેવટે હઝરત ઝયનબ તંબુમાંથી બહાર આવ્યા, તેમણે રિકાબ થામી અને ભાઇને સવાર કર્યા.

ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાને ખબર ન હતી કે અબ્બાસ શહીદ થઇ ગયા છે. જેથી આપ ગુસ્સામાં કાંપવા લાગી. ફરમાવ્યું કે અબ્બાસ ક્યાં ગયા હતા? કે ઇમામની રિકાબ થામે. તે તો

હંમેશા ઇમામની નઅલૈન(જૂતિયાં) ઊઠાવીને ચાલતો હતો.

જ્યારે આ શિકાયત પયગામ આપનારે સાંભળી તો કહેવા લાગ્યો. અય માદરે અબ્બાસ, ખુદા ગવાહ છે, અબ્બાસ જેવા બાવફા ભાઇ ન જોવામાં આવ્યા, ન સાંભળ્યા. ઉમ્મુલબનીન! આ હાલ તો બપોરના વખતનો છે. પ્રથમ સવારના વખતે ઇમામ સવાર થવા લાગ્યા ત્યારે તો ભાણીયા, ભત્રીજા, યારો મદદગાર, અનસાર બધા જ જલવામાં મોજૂદ હતા. જનાબ અબ્બાસે જ રિકાબ થામી હતી, પરંતુ આ હાલત તો બપોર પછીની છે. ઇમામની હાજરીમાં જ, ઇમામની આગળ તમામ અનસાર, યારો મદદગાર, ભાણીયા,

ભત્રીજા બધા જ શહીદ થઇ ગયા હતા. બપોરે તો આ બહાદુરોમાંથી કોઇ બાકી ન હતું.

કાસિદે કહ્યું કે અય મોઅઝ્ઝમા! અબ્બાસની વફાદારીનો હાલ તો બયાન થઇ શકે એમ જ નથી. જ્યારે સાતમી તારીખથી આ કાફલા ઉપર પાણી બંદ થઇ ગયું, ચારે તરફથી લશકરે ઘેરો ઘાલી દીધો ત્યારે આપના બહાદુર અને શક્તિશાળી બેટાએ ચાર કૂવા ખોધ્યા. પરંતુ આ તો રાહે ખુદાના શહીદોની કસોટી હતી, પાણી ન મળ્યું. તમારા બહાદુર બેટાએ તો ફુરાત ઉપર પાણી લેવા જતાં વારા ફરતી બે હાથ ગુમાવ્યા પછી શહાદત પામ્યા. અય ઉમ્મુલબનીન! શિમરે તો અબ્બાસને પોતાની ફોજના સેનાપતિ બનવાની ઓફર કરી હતી પરંતુ આ બહાદુર અને વફાદાર ભાઇએ

ઇમામનો સાથ છોડવાની વાતને સ્વીકારી નહિ. આ સાંભળીને જનાબ ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા સજદામાં પડી ગયાં. ખૂબ રડ્યાં, ખૂબ આહોઝારીથી રડ્યાં, પછી કાસિદને કહ્યું : તું મારા પ્યારા બેટા ઇમામ હુસૈન અલયહિસ્સલામનો હાલ જણાવ.

કાસિદે કહ્યું : અય મોઅઝ્ઝમા! હજી તો આપ આપના ત્રણ બેટાઓનો હાલ સાંભળો! અબ્દુલ્લાહ, ઓન અને જઅફરે પણ પોતાની જાનો મેદાને કાળઝાળમાં ઇમામ ઉપર ન્યોછાવર કરી દીધી.

આ સાંભળીને જનાબ ઉમ્મુલબનીન ગુસ્સે થઇ ગયા. અય કાસિદ! હું તને શહેનશાહ કૌનૈનનો હાલ પૂછું છું અને તું ગુલામોનો હાલ વર્ણવે છે. મને

ઇમામ હુસૈનના હાલથી વાકેફ કર. આ સાંભળીને કાસિદે કહ્યું : અય મોઅઝ્ઝમા! જો તમારે હુસૈનના હાલ સાંભળવા હોય તો ઊભી ન રહો બેસી જાઓ! શાયદ તમે પડી જશો. તમારી આસપાસ હાશમી સ્ત્રીઓને પણ બેસી જવા કહો. બંને હાથો વડે કલેજું થામી લો. મારી વાતોથી તમે કંઇ બેહોશ ન થઇ જાઓ. શાહે ઉમમના શરીર ઉપર સવારથી લઇ બપોર સુધીમાં હજારો ઝખમ નાના મોટા લાગી ચૂક્યા હતા. ત્રણ દિવસથી પુરો કાફલો ભૂખ્યો અને પ્યાસો હતો. ઇમામ પણ ભૂખ અને પ્યાસથી નધાર થઇ ગયા હતા. ત્યાં આપના હલક ઉપર એક ભારે ખંજર લાગ્યું. ઇમામ જમીન ઉપર આવી ગયા. ઝાલિમ શિમર આપના સીના ઉપર ચઢી ગયો અને આપનું સર મુબારક કાપી લીધું.

આ સાંભળીને જનાબ ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા બેહોશ થઇ ગયાં. રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમને ફરિયાદ કરવામાં આવી. થોડીવારે ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા હોશમાં આવ્યાં. ઝયનબ સલામુલ્લાહ અલયહાનો હાલ પૂછ્યો. જનાબ ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા હૈયાફાટ રૂદન સાથે માતમ કરવા લાગ્યાં. તમામ હાશમી ઓરતો પણ રડવા માતમ કરવા લાગી. કાસિદે જણાવ્યું કે આબિદે બીમાર તંબુમાં હતા. તે જ ફકત બાકી રહી ગયા, તેમની ગરદનમાં તોક છે અને શરીર ઉપર સાંકળો બાંધી છે. ઉમ્મુલબનીન વિચારતાં હતાં કે બીમાર ફાતેમા સુગરાને શું કહેવું? તે માસૂમ તો પોતાના બાપની-માની-ભાઇઓની-બહેનોની સારી

ખબર જાણવા માટે આતુર બેઠી છે. ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા બોલ્યાં હાય! હું તબાહ થઇ ગઇ, બરબાદ થઇ ગઇ, મારી જિંદગી પૂરી થઇ ગઇ, મને હવે જીવનમાં શું રસ રહ્યો હોય, મારાં વહાલાં તો બધાં ખુદાને પ્યારાં થઇ ગયાં. પછી ઘેર આવ્યાં. ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાએ ફાતેમા સુગરાને દિલાસો અપતાં. રડતાં રડતાં જણાવ્યું કે બેટા, અંબિયા અને અંબિયાની અવલાદોનું ઇમ્તેહાન લેવાય છે. દીનને ખાતર તેઓનું લોહી માંગવામાં આવે છે. બેટા તારા બાબા, દાદા અને નાનાના ખાનદાનોએ આ ઇમ્તેહાન આપેલું છે. તેમાં તેઓ કામ્યાબ થઇ ગયા પરંતુ રડવાવાળાઓને જેનું કોઇ અઝીઝ મરી જાય તેને લાખ તસલ્લી આપો તે રડતાં જ રહે છે. ફાતેમા સુગરા રડતી રહી. બોલી

દાદી! ઓ દાદી! ગરીબુલ વતન આખું કુટુંબ પરદેશમાં ત્રણ દિવસની ભૂખ-પ્યાસ, ઓ દાદી લાખો ઝાલિમોની સામે ફક્ત મારા બાબા, કાકા, ભાઇઓ મુઠ્ઠીભર ઇન્સાનો, ઓ દાદી, મારા કુટુંબની સૈદાનીઓને લૂંટી લીધી? છીનવી લીધી, ઓ દાદી, અંધારી રાતના સળગતા તંબુઓ વચ્ચે મારી માઓ, માસીઓ, કાકીઓનો અને બહેનોના શું હાલ થયા હશે. ઓ દાદી, આપણું રસૂલુલ્લાહનું ખાનદાન! તેમની સાથે આ લોકોનો આવો વ્યવહાર. ઓ દાદી! હું કેમ સાથે ન ગઇ... રડતાં રડતાં... હું શા માટે જીવતી રહી ગઇ. હંમેશા પોતાના બાબા અને ભાઇઓને યાદ કરીને રડ્યા કરતી હતી.

(ચહલ મજલિસ, તાલીફ અઝ સૈયદ વઝીર હુસૈન રિઝવી રાયબરેલી)

એહલે સુન્નત બિરાદરીની કિતાબોમાં છે કે ઉમ્મુલ મોઅમેનીન હઝરત ઉમ્મે સલમા રઝિયલ્લાહો તઆલા અન્હાને રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે એક શીશીમાં કરબલાની માટી આપી હતી. કહ્યું હતું કે અય ઉમ્મે સલમા! જ્યારે આ માટી ખૂન થઇ જાય ત્યારે તું જાણી લેજે કે મારો બેટો હુસૈન કરબલામાં શહીદ થઇ ગયો. રોઝે આશૂરા જનાબ ઉમ્મે સલમા રઝિયલ્લાહો તઆલા અન્હાએ જોયું તો તે શીશી, જેમાં રસૂલે કરબલાની ખાક આપી હતી, ખૂન થઇ ગઇ હતી, ખૂન ઊભરાતું હતું. ઉમ્મે સલમા આ જોઇને ચીખી ઊઠે છે. વા હુસૈના! આ સાંભળીને જનાબ ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા નવહા પઢે છે. ચારે તરફથી બની હાશિમની સ્ત્રીઓ એકત્ર

થાય છે, ગિર્યા અને માતમ કરે છે. (ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા મોહંમદ રઝા અબ્દુલ અમીર અનસારી પેજ-૨૬)

## (૨) હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા ઉપર વાકેયએ કરબલાની અસરો

### શહાદતની ખબર

એક વરસ સુધી કેદબંદીની મુસીબતો ઝિલ્યા પછી રસૂલુલ્લાહની બેટીઓને છૂટકારો નસીબ થયો. આ લુંટાએલો કાફલો કરબલા થઇને મદીના જવા માટે રવાના થયો. એક મુદ્દત પછી "મદીનાવાળા" મદીના પાછા ફર્યા તો આ પરિસ્થિતિમાં જનાબ ઉમ્મે કુલસુમે મદીનાને જાતાં જ અવાજ દીધી. નાનાના મદીના! અમારા આવવાને કબુલ ન કરીશ. અમે તો અફસોસ જ

અફસોસ લઇને આવ્યાં છીએ. અય મદીના! અમે તારાથી જુદાં પડયાં હતાં તો અમારૂં ભર્યું ભાદર્યું ઘર હતું અને જ્યારે પાછા ફર્યાં છીએ તો અમારી સાથે ન બાળકો છે ન યુવાનો છે, ન યુવાનોના વાલીવારસો છે.

મદીનાની બહાર હરમે રસૂલુલ્લાહનો આ કાફલો રોકાયો.

ઇમામ અલી ઝયનુલ આબેદીન અલયહિસ્સલામે નોઅમાન બિન બશીર બિન હઝલમને હુકમ આપ્યો કે મદીનાવાળાઓને અમારા આવવાના સમાચાર પહોંચાડી દો, બશીર હુકમ સાંભળીને ચાલ્યા. શહેરમાં દાખલ થઇને અવાજ આપી.

**(અરબી અલફાઝનો તરજુમો)**

મદીનાવાળાઓ! મદીના રહેવાની જગ્યા નથી. હુસૈનને મારી નાખવામાં આવ્યા. જુઓ મારા આંસુ બરાબર વહી રહ્યાં છે. મદીનાવાળાઓ! કયામત છે કે હુસૈનનું શરીર લોહીમાં લથપથ કરબલાની જમીન ઉપર રહ્યું અને તેમના સર મુબારકને ભાલાની અણી ઉપર પરોવીને શહેરે શહેર ફેરવવામાં આવ્યું.

બશીરની ઉપરોક્ત અવાજો સાંભળીને આખું મદીના વ્યગ્ર બનીને બહાર નીકળી પડયું. ચારેતરફ હાહાકાર મચી ગયો. મક્કા, મદીના અને જઝીરતુલ અરબના બાદશાહ રસૂલુલ્લાહના નવાસા, હુસૈનનો પુત્ર, મદીનાનો શેહઝાદો મદીનામાં આવી રહ્યો છે.

બશીર મહોલ્લા બની હાશિમમાં પહોંચ્યો તો શું જુએ છે કે એક મોઅઝ્ઝમા ઓરત ચિંથરેહાલ પરિસ્થિતિમાં તે દિશામાં દોડી જઇ રહી છે. જ્યાં કાફલો રોકાયેલો હતો. આ સ્ત્રી જીભથી વા હુસૈના! વા હુસૈના! ના નારા લગાવી રહ્યા છે.

પૂછતાં માલૂમ પડ્યું કે તે ખાતૂન ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા છે. માદરે જનાબ અબ્બાસ અલમદાર છે. જેમને નબીનો શેહઝાદો યાદ આવી રહ્યો છે. જેને આપ પોતાના શેહઝાદો કહેતા હતાં તે હુસૈન યાદ આવી રહ્યા છે. હુસૈનના ગમમાં પોતાના ચાર ચાર ફરઝંદોને આ પરહેઝગાર ઓરત ભૂલી ગઇ છે.

(નાસેખુત્તવારીખ ભાગ-૬ પેજ-૨૭૪)

આ પરિસ્થિતિમાં બશીરની દૃષ્ટિ એક બાળક ઉપર પડી જે રસ્તાની બાજુમાં ચાલતો હતો, બશીર પાસે ગયો, બાળકે બશીરને રોકીને પૂછ્યું, બશીર, મૌલા તો શહીદ થઇ ગયા. આ બતાવો કે મારા બાબા આવ્યા છે? બશીરે પૂછ્યું ફરઝંદ તમારા બાબા કોણ છે? તમે કોના ઇન્તિઝારમાં છો?

ઉબેયદુલ્લાહ બિન અબ્બાસે કહ્યું : મારા બાબા “અબ્બાસ અલમદાર” છે.

બશીરનું દીલ કાંપી ઊઠ્યું, માથુ નમાવી કહ્યું : બેટા! હવે માતમ ચાલૂ જ રાખો. તમારા બાબા પણ મૌલાની સાથે જ શહીદ થઇ ગયા. (રિયાઝુલ કુદ્સ પેજ-૧૫૮)

હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાએ જ્યારે આ ખબર સાંભળી કે અબ્બાસના

બંને હાથ પ્રથમ કલમ થઇ ગયા પછી આપ શહાદત પામ્યાં. તો આપે ફરમાવ્યું : સારી તારીફ તે પરવરદિગાર માટે છે જેણે મારા બેટાને બતૂલના જિગરના ટુકડા માટે ફિદયો બનાવી દીધો.

(ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા શૈખ નેઅમત અલ સાદી પેજ-૨૯)

## (3) પરદાનશીન પાક બીબીઓની મદીનામાં આમદ અને જનાબ ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાની વ્યગ્રતા-આક્રંદ

તારીખે કામિલમાં છે કે કરબલામાં બચી ગયેલ એહલેબયતે મોહંમદ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની સ્ત્રીઓ, બાળકો, બચ્ચીઓ વગેરેને એક વર્ષ કેદમાં રાખી નોઅમાન બિન બશીરે મદીના પહોંચાડી દીધા. કિતાબ મિઅતૈન

અને કિતાબ નાસિખુત્તવારીખમાં છે કે આ એહલેબયતનો કાફલો મદીનાની બહાર એક સ્થળે રોકાઇ ગયો. રોઝતુલ અહબાબમાં છે કે જ્યારે મદીનાવાસીઓને આ રસૂલુલ્લાહના ઘરાનાના લુંટાયેલા કાફલાની આમદની ખબર પહોંચી તો નાના મોટા બધા જ સ્વાગત માટે હાજર થતાં રહ્યાં. ઉમ્મુલ મોઅમેનીન ઉમ્મે સલમા એક હાથમાં તે શીશી જે રસૂલુલ્લાહે આપને આપી હતી, જેમાં કરબલાની માટી જે લોહી થઇ ગઇ હતી તે અને બીજા હાથમાં ફાતેમા સુગરાનો હાથ પકડેલો હતો. તશરીફ લાવ્યાં. કરબલાની માટી ભરીને આ શીશી રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ઉમ્મે સલમા રઝિયલ્લાહો તઆલા અન્હાને આપી હતી. સાથે કહ્યું હતું કે જ્યારે આ શીશીમાંની માટી

લોહી થઇ જાય તો સમજજે કે મારા બેટા હુસૈનને કરબલામાં ઝાલિમોએ શહીદ કર્યા છે.

ઇમામ અબુ ઇસહાક અસફેરાઇની લખે છે કે જનાબ ઉમ્મે સલમાએ એહલેબયતે રસૂલની પાકદામન બીબીઓની મુલાકાત કરીને પેલી શીશીમાંના ખૂનને પોતાના મોં ઉપર લગાવી દીધું, પછી ફરિયાદ કરવા લાગ્યાં.

(નુરૂલ ઐન પેજ નં. ૧૦૮)

આ પાકદામન પેગંબરે ઇસ્લામના ઘરાનાની ઓરતોને આપ રોઝએ રસૂલ ઉપર લઇ ગયાં. તમામ સ્ત્રીઓ ત્યાં રસૂલુલ્લાહને ફરિયાદ કરવા લાગી.

અલ્લામા સિપહર કાશાની લખે છે કે આ એલાન કે એહલેબયતે રસૂલના ઘરાનાનો કાફલો

જેમને કરબલામાં લૂંટી લેવામાં આવ્યાં, જેમના તંબુઓ સળગાવી દેવામાં આવ્યા, જેમના પુરૂષોમાં વૃદ્ધો, બાળકો અને યુવાનો, તમામે તમામને કતલ કરી નાખવામાં આવ્યા. તેઓની પાકદામન ખાતૂન મદીનામાં આવી રહી છે.

આ જાહેરાત મદીનામાં થઇ તે સાંભળતાં જ જનાબ ઉમ્મુલબનીન જેઓ ફાતેમા સુગરાના બીમાર હોવાથી કરબલા ગયાં ન હતાં. તે સ્થળ તરફ દોડયાં જતાં હતાં. જ્યાં મદીનાની બહાર આ મઝલૂમ સ્ત્રીઓ-બાળકો રોકાયેલાં હતાં. આપ વ્યગ્રતા અને હૈયાફાટ રૂદન સાથે ઇમામ હુસૈન અલયહિસ્સલામના નામનો પોકાર કરતાં દોડતાં હતાં. આપ તે વખતે પોતાના ચાર ચાર બેટાઓની

શહાદતને ભૂલી ગયાં હતાં. આપના રૂદનને જોઇ પથ્થર કલેજાનો માનવી પણ રડી પડે.

(નાસેખુત્તવારીખ ભાગ-૬ પેજ-૩૭૪)

## (૪) મદીનામાં મજાલિસનું આયોજન

મદીનામાં પેગંબરે ઇસ્લામની એહલેબયતની પાકદામન સ્ત્રીઓની કરબલાથી આમદ પછી મજાલિસે ગમનો સિલસિલો શરૂ થઇ ગયો. સૌ પ્રથમ માતમી મજલિસ જનાબ ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાના ઘરમાં રાખવામાં આવી, પછી બીજી મજલિસ ફાતેમા સુગરાના ઘરમાં રાખવામાં આવી, પછી ત્રીજી મજલિસ ઇમામ હસન અલયહિસ્સલામના ઘરમાં રાખવામાં આવી, પછી મોહંમદ બિન હનફિયાના ઘરમાં મજલિસ થઇ, પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહો

અલયહે વઆલેહી વસલ્લમના રોજા મુબારક ઉપર મજલિસ થઇ. રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના રોજા મુબારક ઉપર તો નવહા પઢવામાં આવ્યા, જેનો પ્રથમ શએર આ હતો. **અરબી શએરનો તરજુમો** :

અય પૈગંબરે ઇસ્લામ! અલ્લાહના રસુલ! અય બેહતરીન મુરસલ! આપના હુસૈન કરબલામાં કતલ કરી દેવામાં આવ્યા અને આપની નસલ બરબાદ કરી નાખવામાં આવી.

પેગંબરે ઇસ્લામના રોઝા મુબારક ઉપર નવહા અને માતમ કર્યા પછી બધો જ મજમુઓ હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહા અને ઇમામ હસન અલયહિસ્સલામના રોજા મુબારક ઉપર આવ્યો. ખૂબ જ ગિર્યા સાથે નવહા અને માતમ

કરવામાં આવ્યું. જે નવહા પઢવામાં આવ્યા તેનો પ્રથમ શએર આ હતો. અરબી શએરનો તરજુમો :

અય લોકો, નવહા કરો અને રડો, ખૂબ જ રડો, તે પ્યાસા અને ભૂખ્યા કતલ થઇ જનારાઓ ઉપર જેમને કરબલામાં ત્રણ દિવસના ભૂખ્યા પ્યાસા શહીદ કરવામાં આવ્યા.

(રિયાઝુલ કુદ્સ ભાગ-૧ પેજ-૨૪૬)

અલ્લામા કશુરી લખે છે કે નવહા અને માતમનો આ સિલસિલો પંદર દિવસ-રાત લગાતાર ચાલૂ રહ્યો. અનેક હાશમીઓના ઘરોમાં મજાલિસ થઇ, અનેક ચાહકોના ઘરોમાં મજાલિસ થઇ. અમૂક દિવસમાં તો બે બે ત્રણ ત્રણ મજાલિસ થઇ જેમાં કરબલાની કરૂણ કહાનીઓ રજૂ કરવામાં આવી. પ્રથમ વાકેયએ કરબલાનું વર્ણન કરવામાં આવતું,

પછી નવહા પઢવામાં આવતા અને માતમ કરવામાં આવતું.

કંઇ દિવસો સુધી બની હાશિમના ઘરોમાં આગ રોશન નથી થઇ. દોસ્ત અહબાબ જે કંઇ પહોંચાડી દેતા તેના ઉપર ચલાવી લેવામાં આવતું. ચૂલો સળગાવવાની જરૂરત ન જણાતી.

(મિઅતૈન પેજ-૮૦૦)

## (૫) ઉમ્મુલબનીન અને હુસૈન અલયહિસ્સલામની મજાલિસ

હઝરત ઝયનબ સલામુલ્લાહ અલયહા હઝરત ઉમ્મુલબનીનનો ઘણો જ એહતેરામ અને ઇઝ્ઝત કરતાં હતાં. જેમકે શહીદે અવ્વલ લખે છે કે,

હઝરત ઉમ્મુલબનીનની શખ્સીયત અને અઝમતના કારણે જ ઝયનબ સલામુલ્લાહ અલયહા કરબલાથી મદીના પાછા ફર્યા. તેઓ ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાની પાસે પુરસો આપવા તશરીફ લઇ ગયા. હઝરત ઇમામ હુસૈન અલયહિસ્સલામની અઝાદારી તેમના જ ઘરમાં હંમેશા અદા થતી રહી.

(રિયાઝુલ અઝહાન પેજ-૬૦)

ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાના ઘરમાં થતી અનેકોવાર અઝાદારીમાં બની હાશિમની સ્ત્રીઓ એકત્ર થઇને ઇમામ હુસૈન અલયહિસ્સલામના મઝલૂમ ખાનદાન ઉપર ગિર્યા કરતી. મજલિસ પઢનારાઓમાં કોઇક વખત ઉમ્મુલ મોઅમેનીન ઉમ્મે સલમા પણ હતાં. ઉમ્મે સલમા,

ઉમ્મતના મા કોઇપણ જાતના ડર-ખોફ વગર ઝાલિમો ઉપર લઅનત મોકલતી. કહેતી કે ખુદા ઝાલિમોની કબરોને પોતાના ગઝબની આગથી ભરી જલાવી દે.

(અદબુત્તફ ભાગ-૧ પેજ-૭૪)

જનાબ ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા ઝાલિમો ઉપર લઅનત કરતાં ફરમાવતાં :

ખુદાયા! તેમના ઉપર લઅનત મોકલ અને તેઓને ઝલીલો ખ્વાર કર અને તેમને હલાક કર કે જેમણે અહલેબયતને કતલ કર્યા.

(કશકુલ ગમ્મા પેજ-૫૮૨)

ઉમ્મે લુકમાન બિન્તે અકીલ બિન અબીતાલિબે આ રીતે મરસિયા પઢ્યો. (અરબીની ચાર લાઇનોનો અનુવાદ)

તમે ત્યારે શું જવાબ આપશો? જ્યારે રસૂલ તમને પૂછશે કે તમે આ શું કર્યું? જ્યારે કે તમે આખરી ઉમ્મતમાંથી હતા. આ તમે મારી ઇતરત (નસલ) અને ખાનદાનની સાથે કેવો વર્તાવ કર્યો? તેમના મરદોને શહીદ કરી દીધા અને તેમની ઓરતો તથા બાળકોને કેદી બનાવ્યા. શું મારી નસીહતો અને મેહનતનો બદલો આ છે કે મારી એહલેબયત સાથે તમે બૂરો સુલૂક કર્યો.

હઝરત ઝયનબ ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાને તસલ્લી આપતાં. તેમની અવલાદની બહાદુરીના કિસ્સા સંભળાવતી કે કેવી રીતે એમણે મેદાને કરબલામાં મુકાબલો કર્યો. ફરમાવે છે :

જ્યારે અબ્બાસે જોયું કે બધા શહીદ થઇ રહ્યા છે તો પોતાના ભાઇઓને કહ્યું : મૌલાની

હિમાયતમાં જામે શહાદત પીઓ. આ સાંભળીને અબ્દુલ્લાહ આગળ વધ્યા અને આ રજઝ પઢ્યા.

હું દિલેર બહાદુર બાપનો ફરઝંદ છું. તે અલી અલયહિસ્સલામ જેઓ ખુદાની નજીક સૌથી વધારે અઝમત ધરાવનાર અને નેકોકાર છે.

(કશકુલ ગમ્મા પેજ-૬૮૨)

પછી જઅફરે એવા જ પ્રકારની રજઝ પઢીને દુશ્મનોનો મુકાબલો કર્યો.

(મકાતિબુત્તાલિબીન પેજ-૮૧)

ત્યારબાદ ઇમરાને પણ એક બેહતરીન રજઝ પઢીને પોતાની ઓળખ આપી, દુશ્મનોના મુકાબલા માટે નીકળ્યા. તેઓ ખુલી મલઉનના તીરથી ઝખ્મી થઇને ઘોડા પરથી નીચે આવી ગયા અને બની અબાન કબીલાના એક વ્યક્તિએ તેમના

સરને ધડથી જુદું કર્યું. પછી છેવટે હઝરત અબ્બાસનો વારો આવ્યો. પછી જનાબ અબ્બાસની બહાદુરીના કિસ્સા સંભળાવ્યા.

(બેહારૂલ અનવાર પેજ-૩૭ થી ૪૫)

અલ્લામા સિપહર કાશાની લખે છે કે જ્યારે ઓન અને મોહંમદની શહાદતની ખબર અબ્દુલ્લાહ જઅફર ઇબ્ને તૈયારને થઇ તો આપ اِنَّا لِلّٰهِ وَاِنَّا اِلَيْهِ رَاجِعُوْنَ પઢ્યા, રડી પડયા. આ જોઇને આપનો એક ગુલામ જેનું નામ મુસમ્મા અબુ સલાસિલ હતું તેણે કહ્યું : હુઝૂર! આ મુસીબત તો આપણને હુસૈન ઇબ્ને અલીના કારણે નસીબ થઇ છે. આ સાંભળતા જ અબ્દુલ્લાહ ઊભા થયા અને અબુ સલાસિલને પોતાની જુતીથી મારવાનું શરૂ કર્યું. પછી ફરમાવ્યું : બેવકૂફ, તુ ઇમામે વક્ત અને નબીના નવાસાને

કસૂરવાર ઠેરવે છે? જેઓ માસૂમ છે, ખુદાનો શુક્ર છે કે મારા ફરઝંદો હુસૈન અલયહિસ્સલામના કામમાં આવ્યા. મને આ વાતનો રંજ છે કે હું કેમ ન જઇ શક્યો. હું ત્યાં હોત તો જરૂર હું પણ શહાદતની ઇઝ્ઝત પ્રાપ્ત કરત.

(નાસિખુત્તવારીખ ભાગ-૬ પેજ-૩૩૬ પ્રકાશન મુંબઇ)

**(૬) હઝરત ઝયનબ સલામુલ્લાહ અલયહાનું જનાબ ઉમ્મુલબનીનના ઘેર ઇદના દિવસે જવું**

હિજરી ૧૦ આયતે તતહીરના નુઝૂલ વખતે એહલેબયતના ઘરાનામાં કુલ એટલી વ્યક્તિઓ હતી જે એક ચાદરની નીચે આવી ગઇ હતી. પરંતુ કુદરત ચાહતી હતી કે અમારા મહબૂબનું ઘર ફૂલફાલે, વિશાળ ઘરાનું બને જેથી સમય પસાર થતો ચાલ્યો કે જનાબે ફાતેમા સલામુલ્લાહ

અલયહાના ઘરમાં વસંત આવવાની શરૂઆત થઇ. આ વસંતમાં ફૂલો આવ્યાં, યુવાની આવી, સર્વોત્તમ સમય આવ્યો કે ૫૦ હિજરી પછી તો એહલેબયતના ઘરાનામાં દરેક ઘેર ખૂબસૂરત ફૂલો ખીલ્યાં. અવલાદે અકીલ, અવલાદે જઅફર, અવલાદે અલી અલયહિસ્સલામ. આ ઘરમાં જનાબ ઝયનબને બીજા ફાતેમા ઝહરા હોવાની ઇઝ્ઝત પ્રાપ્ત છે. (સાનીએ ફાતેમા : જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહાની કાર્બન કોપી-એમના જેવા જ)

જેથી જનાબ ઝયનબ દરેક ઘરનો ખ્યાલ રાખતાં હતાં. વિશેષ રીતે ઇતિહાસે આ વાતનું વર્ણન કર્યું છે કે હઝરત ઝયનબ પ્રસંગોપાત તો ખરૂં જ પરંતુ દર વરસે ઇદ ઉપર તો ખાસ જનાબ ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાના ઘેર જતાં

હતાં. આપ જનાબ ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાનો વિશેષ રીતે એહતેરામ કરતાં. તેમને ખૂબ જ માન આપતાં. જનાબ ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાના ચાર પુત્રો જનાબ અબ્બાસ, જનાબ અબ્દુલ્લાહ, જનાબ જઅફર અને જનાબ ઇમરાન હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાના ચાંદ અને સિતારા હતા. ૬૦ હિજરી સુધી તો આ ઘરમાં જનાબ અબ્બાસ અને તેમની અવલાદ અને શક્ય છે કે બાકીના સાહિબઝાદાઓની અવલાદો(ફેમેલીજ) પણ આ જ ઘરમાં જનાબ ઉમ્મલબનીન સલામુલ્લાહ અલયહાની સાથે જરૂર રહી હશે.

જનાબ ઝયનબ સલામુલ્લાહ અલયહા દરેક ખુશીના પ્રસંગોએ જ્યારે પોતાના ભાઇઓના ઘેર

આવતાં હશે ત્યારે જનાબ ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા અને એમના ચારે સાહિબઝાદાઓની ખુશી તો એક તરફ, પરંતુ ખુદ પોતે જનાબ ઝયનબ પોતાના ચાર સિંહ જેવા બહાદુર ભાઇઓને જોઇને કેટલાં ખુશ થતાં હશે કે આ અમારા પરદાના રક્ષણહાર છે, આ અમારા દીલોની કુવ્વત છે, શક્તિ છે, આ અમારા ઇરાદાઓની મક્કમતા છે, આ જ અમારી હિંમત અને સંકલ્પ છે, આ જ અમારો ગર્વ છે.

જ્યારે જનાબ ઝયનબ ઉમ્મુલબનીનના ઘરમાં દાખલ થતાં હતાં ત્યારે જનાબ ઉમ્મુલબનીન જાતે પણ અને આપની તમામ સંતાનો જનાબ ઝયનબના સ્વાગત માટે, એહતેરામ માટે ઊભા થઇ જતાં હતાં. ઘણી ઇઝ્ઝત સાથે ઘરમાં લઇ જવામાં

આવતાં. જનાબ ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાના ચારે સાહિબઝાદા જનાબ ઝયનબને મા જેટલું જ માન આપતા હતા. જે ઘર અબ્બાસ, અબ્દુલ્લાહ, જઅફર અને ઇમરાનના નૂરોથી પ્રકાશિત રહેતું હતું તેમની અને તેમની અવલાદની ખુશબોથી સુગંધિત મહેકતું રહેતું હતું. હવે તે ઘર ............ ઉજડી ગયું.

પરંતુ દર વરસની જેમ કરબલા પછીની પ્રથમ ઇદ આવી ત્યારે નિયમાનુસાર જનાબ ઝયનબ ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાના ઘરમાં દાખલ થયા હશે, તો તે દિવસે શું શું યાદ ન આવ્યું હોય. તે સિંહ જેવો ભાઇ અને તેમના ઝગમગતા હુજરાઓ જ્યારે વેરાન દેખાયા હશે તો શું તે વખતે જનાબ ઝયનબ સલામુલ્લાહ

અલયહાએ એક એક ભાઇનું નામ લઇને તેમને યાદ કર્યા ન હશે?

પરંતુ કરબલા પછીની આ ઇદ ઉપર ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાના ઘરે આવતાં જ પોક મૂકીને રડી પડ્યાં. ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાને બાઝી પડ્યાં. ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા પણ પોક મૂકીને રડી પડ્યાં. ભલભલા મજબૂત દીલના માણસોનું કાળજું પણ કાંપી જાય એવું દૃશ્ય આ બંને ખાતૂનોનું સર્જાયું. બંને બાઝી પડ્યાં, અવાજ સાથે રડી પડ્યાં. ખૂબ જ રડી લીધા પછી જનાબ ઝયનબને ઉમ્મુલબનીને પૂછ્યું કે બીબી મને બતાવો, તમે તો કરબલામાં હાજર હતાં, મારા અબ્બાસે ઇમામની વફાદારીનો હક અદા કર્યો કે નહિ. જનાબ ઝયનબે રડતાં રડતાં

પોતાના ભાઇની બહાદુરી અને વફાદારીના વર્ણનો કર્યાં. પોતાની આંખોએ જોયેલો અહેવાલ રજૂ કર્યો. જનાબ ઝયનબ સલામુલ્લાહ અલયહાએ જણાવ્યું કે કેવી રીતે તમારા ચારે બહાદુરોએ હુસૈન અને તેમના બાળકોની છેલ્લી ઘડી સુધી હિફાઝત કરી, અને જંગ કરતાં કરતાં કેવી રીતે જાન આપી દીધી તેના વર્ણનો કર્યાં.

જનાબ ઉમ્મુલબનીને પૂછ્યું : બીબી મારો બેટો અબ્બાસ કેવી રીતે ઘોડા પરથી પડી ગયો? શું ઘોડા પરથી નીચે પડતાં અગાઉ મારા અબ્બાસના હાથ કપાઇ ગયા હતા? જનાબ ઝયનબ સલામુલ્લાહ અલયહાએ માથું પીટ્યું પછી જણાવ્યું, બીબી દરેક શહીદ જ્યારે ઘોડા પરથી પડ્યો તો પોતાના હાથોના સહારે જમીન ઉપર આવ્યો.

જમીન ઉપર હાથો ટેકવી દીધા. પરંતુ હાય અફસોસ! અબ્બાસનું પડવાનું શું બતાવું? મારા ભાઇ અબ્બાસના બંને હાથ વારાફરતી કપાઇ ચૂક્યા હતા. જેથી મારો ભાઇ શહીદ થતી વખતે માથા ઉપર જમીન પર પડ્યો. આ વર્ણનોથી ઘરમાં હાહાકાર મચી ગયો. ત્યારબાદ જનાબ ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાએ ઝયનબને અને અબ્બાસ અલમદારના બેટા અબીદુલ્લાહને છાતી સાથે લગાવીને કહ્યું : મારા લાલ! તમે તમારા બાબાની વફાદારીનું વર્ણન સાંભળ્યું તો હવે હું તમને પણ એ જ વસીય્યત કરૂં છું જે મેં અબ્બાસને કરી હતી. અય અબીદુલ્લાહ! હવે જનાબે ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહાના ઘરની એક નિશાની બચી છે જે રીતે તારા બાબાએ (અબ્બાસ

અલયહિસ્સલામે) છેલ્લા શ્વાસ સુધી ઇમામ હુસૈન અલયહિસ્સલામની હિફાઝત કરી, તમે પણ જ્યાં સુધી જિંદગી છે, હુસૈનના લાલ સૈયદે સજ્જાદની (ચોથા ઇમામ હઝરત અલી ઝયનુલ આબેદીન- બીમારે કરબલા) હિફાઝતમાં પોતાની જિંદગી વકફ કરશો.

## (૭) દિવસની ગરમી અને રાતનું ઝાકળ

હઝરત ઇમામ હુસૈન અલયહિસ્સલામની શહાદત પછી પાંચ બીબીયો છાંયડામાં બેઠી નથી. હઝરત ઝયનબ, હઝરત ઉમ્મુલબનીન, હઝરત ઉમ્મે ફરવા, હઝરત ઉમ્મે લયલા, હઝરત ઉમ્મે રબાબ સલામુલ્લાહ અલયહિન્ન. દિવસની ધુપમાં અને રાતના ઝાકળમાં ખુલ્લા આસમાન નીચે આ ખાતુનો રહેતી, ત્યાં બેસીને ગિર્યા કરતી રહેતી,

ઇબાદતોમાં જિંદગી પૂરી કરી દીધી, અહીં સુધી કે આ બુઝુર્ગ સ્ત્રીઓ અલ્લાહને પ્યારી થઇ ગઇ.

## પાંચેય બીબીઓની ઓળખ

(૧) હઝરત ઝયનબ સલામુલ્લાહ અલયહા - ઇમામ હુસૈન અલયહિસ્સલામના બહેન.

(૨) હઝરત ઉમ્મુલબનીન - હઝરત અબ્બાસ અલમદારના માદર.

(૩) હઝરત ઉમ્મે ફરવા સલામુલ્લાહ અલયહા - હઝરત ઇમામ હસન અલયહિસ્સલામના પત્ની.

(૪) હઝરત ઉમ્મે લયલા - ઇમામ હુસૈન અલયહિસ્સલાના પત્ની, અલી અકબર અલયહિસ્સલામના માદર

(૫) હઝરત ઉમ્મે રબાબ સલામુલ્લાહ અલયહા - ઇમામ હુસૈન અલયહિસ્સલામના પત્ની, હઝરત અલી અસગરના માદર.

ઉપરોક્ત બુઝુર્ગ ઓરતોના ઘરોની પાછળના ભાગોમાં ઉપરથી ખુલ્લા વાડા હતા જેમાં કમ્પાઉન્ડ જેવી-કાંટાણા ઝાંખરા, પાળિયાં, લાકડાં વગેરેની મજબૂત ઊંચી વાડો હતી. કોઇ ઝાંખી કે ઘુસી શકે નહિ.

## (૧) હઝરત અબ્બાસ અલમદાર અલયહિસ્સલામના વિષયમાં અરબી સાહિત્યમાં મરસિયા

આ વાત જાણવામાં આવે કે અરબી સાહિત્યમાં મરસિયા ખૂબ જ પ્રચલિત વસ્તુ છે. જેમાં ઇન્સાનની ઉત્કટ લાગણી, ઉત્કટ પ્રેમ, આવેશ, ભાવના, જોશ, જાહેર કરવાનો ઝરીયો સમજવામાં આવે છે. જેના દ્વારા શાઇરનો અકીદો જે એના દીલમાં છે અને મહબ્બતનો અંદાઝ જે પ્રેમી માટે દીલમાં ઢબુરાયેલો છે. તે મરસિયા દ્વારા જાહેર થાય છે.

મરસિયા પઢવાનો રિવાજ ઇસ્લામથી અગાઉ અરબોમાં બહુ પ્રચલિત ન હતો, મર્યાદિત-સીમિત હતો. ઇસ્લામ પહેલાંના જમાનાને જમાનએ જાહિલીયત કહેવાય છે. ત્યારે કોઇ મૃત્યુ પામે તો તેના સગાઓ તેની જુઠી તારીફમાં અશઆર પઢતા જે આમ ઇન્સાનો માટે કોઇ ફાયદાકારક ન બનતા.

ઇસ્લામ આવ્યા પછી શાએરીની કળા, ગઝલની કળા, તારીફ, ગર્વ, અભિમાન, નાઝ, શર્મો હયા, સખાવત અને બહાદુરી વગેરેના વિષયમાં અશઆર પઢવાનો દાએરો વિશાળ થતો ચાલ્યો. અનેક વ્યક્તિઓના સામૂહિક મરણના મુકાબલામાં એક વ્યક્તિના મરણ ઉપર શાએરી કે મરસિયાનું વર્તુળ સીમિત હોય છે, પરંતુ મરસિયા પઢવાનો રિવાજ કરબલા પછી તો ખૂબ જ વધી ગયો.

મરસિયા પઢવાનો દાયરો વાકેયએ કરબલા પછી ખૂબ વિશાળ થઇ ગયો. વળી દરેક શએરનો અંદાઝે બયાન અને વર્ણન પદ્ધતિ એક બીજાથી અલગ અલગ હોય છે. શોહદાએ કરબલાના વિષયો અને ગુણો અસિમિત હોય છે. કરબલાના શહીદો, શોહદાએ અવ્વલીન અને આખેરીનનો એક મજમૂઓ છે. શોહદાએ કરબલા આપણી જિંદગીના માટે નૂરે હિદાયત અને તાગૂતી-શયતાની શક્તિઓના મુકાબલા માટે બેહતરીન નમૂના અને જરૂરતના વખતે દીનના માટે કુરબાની રજૂ કરવાનો ઉચ્ચોચ્ચ બેહતરીન નમૂનો છે.

તેથી જ અમે આશૂરા હિ.સ. ૬૧ પછીથી આજદિન સુધી દીન ઉપર ફિદાકારીના કુરબાન થઇ જવાના આ સબકમાંથી સબક હાસિલ કરીએ છીએ.

જેનો નમૂનો ન પહેલાંના જમાનામાં મળી શકે છે ન હવે પછી આવનારા સમયમાં મળશે. એક અરબી શાએરે ખૂબ સરસ કહ્યું છે :

**તરજુમો** :

તારી ફિદાકારી અને કુરબાની અઝીમ છે, શ્રેષ્ઠ નામ છે. જેહાદની શરૂઆત અહીંથી થાય છે અને અંત પણ.

નીચેના શાનદાર છટાદાર મરસિયા હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાએ પોતાના ચાર બેટા જેઓ કરબલામાં શહીદ થઇ ગયા તેમના માટે ફરમાવ્યા છે:

(આજના પછી) મને ઉમ્મુલબનીન (બેટાઓની મા) કહીને ન પોકારો આ પુકારથી તમે

મને મારા બહાદુર શેર જેવા બેટાઓની યાદ અપાવો છો.

મારા ચાર બેટા જીવતા હતા તેથી મને બધા ઉમ્મુલબનીનના નામથી પોકારતા હતા. આજે મેં સવાર આ હાલતમાં કરી કે મારા કોઇ ફરઝંદ નથી.

મારા બેટા પહાડી ઇલાકાના બુલંદ પરવાઝ ઉકાબ જેવા હતા. મોતે તેમની તમામ ધોરી નસ કાપી નાખી.

તેમના શરીર ઉપર એટલા મોટા પ્રમાણમાં ભાલાઓના ઝખમ પડ્યા કે તેઓ ભાલાઓની અણી વડે શહીદ થઇ ગયા.

અય કાશ કે મને ખબર હોત જેવી કે મુખબિરે મને ખબર સંભળાવી કે શું મારા

અબ્બાસના બંને હાથ શરીરથી અલગ કરી દેવામાં આવ્યા હતા.

આવા દીલને હલાવી દેનારા મરસિયા જનાબ ઉમ્મુલબનીને હૈયાફાટ રૂદન સાથે પઢ્યા. કારણ કે અવલાદની જુદાઇનો ડાઘ વાલેદૈનને હ્રદય અને કલેજા ઉપર પડે છે. જેથી હઝરત રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ ફરમાવે છે :

અમારી અવલાદ અમારા જિગર છે, જો જીવતા રહે તો અમને આઝમાઇશોમાં નાખે છે અને જો મૃત્યુ પામે તો ગમ અને ફિકરમાં નાખી દે છે.

મહબ્બતનો જોશ-વલવલો જેટલા પ્રમાણમાં માના દીલમાં હોય છે, બાપના દીલમાં નથી હોતો. મા પોતાની જાન કુરબાન કરી દે છે.

પરંતુ આવલાદ ઉપર મામૂલી તકલીફ પણ સહન નથી કરતી.

(હૈદર અલમરજાની)

## (૨) હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા જન્નતુલ બકીમાં

જ્યારે કરબલાનો કરૂણ કિસ્સો બની ગયો, સમગ્ર વિશ્વની બધી જ કોમોએ આ વાકેયાની નોંધ લીધી છે. આ ઘટનાની કરૂણા આ છે કે ઇન્સાનની ઇન્સાન પ્રત્યેની ફરજ (જેને હિંદુ બિરાદરો માનવધર્મ કહે છે) તે પણ યઝીદની ફોજોએ અદા કરી નથી. લાખોની ફોજ સામે ૭૨ પુરૂષો અને બાકીના બાલબચ્ચાં જેનો આ લોકોને શું ડર-ખોફ હોઇ શકે? છતાંય ત્રણ ત્રણ દિવસ અને રાતો તેમના ઉપર દાણો-પાણી બંધ કરવું કેટલું અધમ

કૃત્ય છે. તે બધુંય કર્યા પછી તેમને મારી નાખવું તેનાથીયે અધમ કૃત્ય છે. ત્યારબાદ શહીદોની લાશો ઉપર ઘોડા દોડાવ્યા, તેનાથીયે આ ઝાલિમો ન ધરાયા. યતીમ બાળકો અને બેવા સ્ત્રીઓને લુંટી તેમના તંબુઓ સળગાવ્યા. રાતના અંધારામાં મેદાને કરબલામાં આ ભૂખ્યા પ્યાસાનો શું હાલ થયો હશે? જેમના સરતાજ શહીદ થઇ ગયા છે. જેમને મારી નાખવામાં આવ્યા તે નબીની બેટીના બેટા-નબીના નવાસા-નબીને ફક્ત એક જ બેટી હતી. બીજા કોઇ નવાસા પણ ન હતા. કરબલામાં રસૂલુલ્લાહનું જ લોહી હતું. હઝરત અલી અલયહિસ્સલામની અવલાદ પણ રસૂલુલ્લાહનું જ લોહી ગણાશે કારણ કે હઝરત અલી અલયહિસ્સલામ અને હઝરત મોહંમદ સલ્લલ્લાહો

અલયહે વઆલેહી વસલ્લમ-બંને એક જ દાદાના બે દીકરાઓની અવલાદ-બંને ચચાઝાદ ભાઇ.

રસૂલે ખુદાની વફાત હિ.સ. ૧૧ માં થઇ અને આ ઘટના હિ.સ. ૬૧ માં બની ૫૦ વર્ષના ગાળામાં રસૂલુલ્લાહની આ ઉમ્મતે પોતાના રસૂલની જ અવલાદને ઝબહ કરી દીધી, જેનો કલિમો આ લોકો પઢતા હતા. હુકૂમત યઝીદની હતી, લોકો યઝીદના ઝુલમથી કાંપતા હતા. જ્યારે કરબલાના કરૂણ બનાવની ખબર જનાબ ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા-જનાબ અબ્બાસ અલમદારના વાલીદહને પહોંચી તો આપે તે જ દિવસથી બકીઅમાં આવીને આસમાન ફાટી જાય એવી રીતે રડવાની પોકારો શરૂ કરી. આપની આવાજમાં તે દર્દ હતું કે બકીઅ અને મદીનાની

દિવાલો-દરવાજા જાણે ગિર્યા કરતા હોય એમ માલૂમ પડતું. આપના હૈયાફાટ રૂદનને જોઇને શું દોસ્ત અને શું દુશ્મન બધા જ રડી પડતાં. બધાંને તો જવા દો-મદીનાનો વાલી (ગવર્નર) મરવાન શકી લઅનતુલ્લાહ અલયહ - જે પથ્થરદીલનો માનવી હતો નિર્દયતા- કઠોરતામાં તેની તોલે આવે એવું કોઇ જ ન હતું. દૃષ્ટાંત પોતે જ હતો. તે પણ આપના દર્દ ભર્યા કલિમાત સાંભળીને રડી પડતો હતો. (જુઓ કિતાબો : અબસારૂલ ઐન પેજ-૩૧ પ્રકાશન નજફે અશરફ ઇરાક, તોહફતુલ હુસૈનીયા ભાગ-૧ પેજ-૧૭૮, અસરારૂશ્શહાદત, નાસેખુત્તવારીખ ભાગ-૬ પેજ-૨૯૧ પ્રકાશન મુંબઇ, જેલાઉલ ઓયૂન પેજ-૨૦૮, મફાતિહુલ જિનાન પેજ-૫૫૦, મજાલિસુલ મુત્તકીન પેજ-૨૭ પ્રકાશન

ઇરાન, મકતલે અવાલિમ પેજ-૯૪ પ્રકાશન ઇરાન, દમ્અતુસ્સાકેબા પેજ-૩૩૭)

હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા હઝરત અબ્બાસ અલયહિસ્સલામના બેટા ઉબેયદુલ્લાને લઇને દરરોજ બકીઅમાં જઇને મરસિયા પઢતા અને એટલી વ્યગ્રતા સાથે ગિર્યા કરતાં કે તમામ મદીનાવાસીઓ તેને સાંભળવા માટે એકત્ર થઇ જતાં. વળી તેઓ બધાં જ આપની સાથે રડતાં પણ થઇ જતાં. અહીં સુધી કે મદીનાનો વાલી મરવાન બિન હકમ પણ આ દર્દભર્યા નવહા સાંભળીને રડી પડતો હતો.

વાત સાચી છે કે માનુ દીલ ઘણું જ નરમ અને નાજૂક હોય છે. જનાબ ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા જેટલા પ્રમાણમાં પણ ગિર્યા

કરતાં, ઓછું હતું. એક તો ઇમામ હુસૈન અલયહિસ્સલામની શહાદતની મુસીબત, બીજું પોતાના ચાર બેટાઓની શહાદતની મુસીબત. બેટા પણ કેવા? જેમનું દૃષ્ટાંત પણ ન મળે. કોઇ વફાદારીમાં બાદશાહ, કોઇ બહાદુરીમાં અજોડ તો કોઇ ફરમાંબરદારીમાં લાજવાબ. આ જ તે કારણો હતાં, જે જનાબ ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાને ખૂનના આંસુ મોત સુધી રડાવતાં રહ્યાં.

અખ્લાકી દુનિયાની ઉચ્ચોચ્ચ ફરજ અને વ્યક્તિના મનોભાવને રજૂ કરનારૂં દૃશ્ય મરસિયા છે. મરસિયા દીલના તે જઝબાતને રજૂ કરવાનું નામ છે જે કોઇ ઇન્સાનના ગમમાં પેદા થાય છે. જે ઇન્સાનોના દીલોને ભુંજી નાખે છે. સીધી રીતે જોઇએ તો મરસિયા દીલના ગમને રજૂ કરવાનું

નામ છે. આ એક અલગ વાત છે કે મૃત્યુ પામેલા વ્યક્તિના વ્યક્તિત્ત્વનો, તેની શખ્સિયતનો, તેની હૈસિયતનો પણ અંદાઝો આવી જાય છે.

કસીદા અને મરસિયામાં તફાવત છે. કસીદા તે જજબાતને જાહેર કરવાનું નામ છે જે કોઇ સાહિબે કમાલના (ઉચ્ચ દરજ્જાના વ્યક્તિને) કમાલ-ગુણગાન માટે હોય છે, તારીફમાં હોય છે. જ્યારે મરસિયા તે જઝબાતના જાહેર કરવાનું નામ છે જે સાહિબે કમાલના ગમ અને મુસીબતથી પેદા થાય છે.

મરસિયાનો ઇતિહાસ ઘણો જ જૂનો છે, જેટલો માનવી જુનો છે. આ વાત મુમકિન જ નથી કે કમાલ દરજ્જાનો વ્યક્તિ દુનિયાથી ચાલ્યો જાય અને તેની સાથે જોડાયેલા લોકો તેના માટે મરસિયા

ન પઢે. આ એક અલગ બાબત છે કે મરસિયા કદી ગદ્યમાં(લેખ લખીને) પણ હોય છે અને કદી પદ્યમાં(કવિતા જેવા રૂપમાં) હોય છે.

ભાષાની ખાસ સંજ્ઞામાં જેને આપણે પરિભાષા કહીશું તો પરિભાષાની રીતે ગદ્યમાં ગમને જાહેર કરવાને મરસિયા કહેવામાં આવતા નથી. પરંતુ ગદ્યમાં વર્ણવાયેલ ગમનો ભાવાર્થ મરસિયાની ઊણપ નથી. આ તો ફક્ત અરબી ભાષાની આદત હતી કે અરબો સ્વભાવે જ એવા હતા કે કુદરતી રીતે જ શાએર પેદા થતા હતા. તેઓ પોતાના અંતરાત્માની અવાજને નજમમાં જ જાહેર કરતા હતા. તેમની રજઝ (લડાઇ વખતે જોશ પેદા કરવા માટે પઢવામાં આવતી નજમ) કે તારીફ

કે વ્યંગ-બુરાઇ નજમમાં (પદ્યમાં) જાહેર કરવામાં આવતી. મરસિયા પણ આ કલામાં વધારો ગણાયો.

ધીરે ધીરે એના કાયદા બનતા ગયા. ઉર્દૂ શાએરીમાં મરસિયા કસીદાથી બિલકુલ અલગ જ એક પ્રકાર બની ગયો. મતલબ મરસિયા અને કસીદા ઉર્દૂમાં એકબીજાથી તદ્દન અલગ ગણાય છે.

અરબી શાએરીમાં આ પ્રકારની વિશેષતાને અસ્તિત્વ જ ન હતું. ત્યાં કસીદા અને મરસિયાનો તફાવત ફક્ત ભાવના-આવેગના માટે હતો. ઉર્દૂ ભાષામાં બંનેનો તફાવત બનાવટ-બંધારણ અને શક્લ-સૂરત બંનેમાં દેખાઇ આવે છે.

સ્પષ્ટ છે કે મરસિયા પઢવું એક અખ્લાકી ફરજ છે. ભાવના-આવેશ અને જોશની માંગણી છે કે મરસિયા પઢવામાં આવે તો જેટલા પ્રમાણમાં

મરનાર વિશેષ ગુણોનો માલિક હશે, એટલા જ પ્રમાણમાં મરસિયા પણ સર્વવ્યાપી આલમગીર હશે અને જેટલા પ્રમાણમાં મરનાર વ્યક્તિની અસરો તેજ હશે એટલા જ પ્રમાણમાં મરસિયાની અસરો પણ વધારે હશે.

જનાબ અબ્બાસ અલમદારની શખ્સિયત પણ બાકમાલ ગુણો ધરાવનાર હતી. આપ ઉચ્ચોચ્ચ વ્યક્તિત્ત્વના માલિક હતા. આપના કમાલાત-ગુણો આલમગીર અને સર્વવ્યાપી છે. જેથી આપના ઉપર પઢવામાં આવતા મરસિયાનો અંદાઝ સામાન્ય વ્યક્તિઓના માટે પઢવામાં આવતા મરસિયા કરતા જુદો જ હોવો જોઇએ.

આ જ કારણ હતું કે જ્યારે બકીઅના કબ્રસ્તાનમાં જનાબ ઉમ્મુલબનીન સલામુલ્લાહ

અલયહા આપના માટે મરસિયા પઢતાં હતાં ત્યારે મરવાન જેવો દુશ્મને એહલેબયત પણ થોડીકવાર ઊભો રહીને આંસુ વહાવી લેતો હતો અને આપના વર્ણનોથી અસર લીધા વગર રહી શકતો ન હતો.

## (3) હઝરત અબ્બાસ અલયહિસ્સલામના વિષયમાં ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાના મરસિયા

સામાન્ય રીતે આ વાત પ્રચલિત થઇ ચૂકી છે કે સૌપ્રથમ જનાબ અબ્બાસના મરસિયા આપે જ પઢ્યા. પરંતુ ઇતિહાસનો અભ્યાસ કરતાં આ અગાઉ પણ મરસિયાનું અસ્તિત્વ જોવા મળે છે. ખાસ તો તારીખે કરબલામાં (કરબલાના ઇતિહાસમાં) સૌ પ્રથમ જનાબ અબ્બાસ ઉપર મરસિયા હઝરત ઇમામ હુસૈન અલયહિસ્સલામે પઢ્યા છે.

હઝરત અબ્બાસ અલયહિસ્સલામના મા જનાબ ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાએ શહાદતના સમાચાર મળ્યા પછી નીચેના અશઆર કહ્યા છે જેને જનાબ અબુલહસન અખફશે કામિલની શરહમાં લખ્યા છે. જેનો તરજુમો નીચે પ્રમાણે છે :

અય તે વ્યક્તિ જેણે મારા બેટા અબ્બાસને ચૂંટી કાઢ્યો અને પસંદ કરેલી તીફીદલ જમાઅતો ઉપર હુમલો કરતાં જોયો. અને તેમના સિવાય શેરે ખુદાના એવા બેટાઓને હુમલા ઉપર હુમલા કરતા જોયા જેઓ પણ શેરો જેવી જ બહાદુરીના માલિક છે.

(જરા બતાવો તો ખરા) મને આ ખબર પહોંચાડવામાં આવ્યા છે કે મારી રગે જાનથી,

(ધોરી નસ) વધારે વહાલા ફરઝંદ માથું બંને હાથો સાથે કાપવામાં આવ્યું. (હાય! શું આ સાચું છે?)

આહ! આહ! મારા સિંહ જેવા છોકરાનું માથું લોખંડના ભાલાઓના ઘાથી ઝુકી ગયું હતું.

અય મારા બહાદુર બેટા (ખુદાની કસમ) મને યકીન છે કે જો તારા હાથોમાં તલવાર હોત તો તારી નજીક પણ કોઇ ફરકી શકત નહિ.

જનાબ ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાનો આ બીજો મરસિયા અબસારૂલ ઐન ફિ અનસારિલ હુસૈન પેજ નં. ૩૧ પ્રકાશન નજફે અશરફ ઇરાક હિ.સ. ૧૩૪૧, મફાતિહુલ જિનાન પેજ નં. ૫૫૦ પ્રકાશન ઇરાન હિ.સ. ૧૩૫૨, મિનહાજુદ્દુમૂઅ પેજ નં. ૪૦૯ પ્રકાશન કુમ (ઇરાન) હિ.સ. ૧૩૪૧)

# બીજા મરસિયા

હાય! અય મદીનાની જમીન ઉપર રહેનારીઓ! (ખુદાના વાસ્તે) મને ઉમ્મુલબનીન કહીને ન બોલાવો એટલા માટે કે મારા શેરદીલ શહીદ થયેલા નવયુવાન બેટાઓની યાદ તાજી થઇ જાય છે.

અરે! જ્યારે મારા બેટા હતા ત્યારે હું તેમના નામથી પોકારવાને કાબિલ હતી. (અબ્બાસની મા, અબ્દુલ્લાહની મા, જફરની મા, ઇમરાનની મા) પરંતુ અફસોસ કે આજે મારા કોઇ ફરઝંદ નથી.

(દર અસલ) મારા ચાર જલીલુલકદ્ર છોકરા હતા. જેઓ જનાબ ઇમામ હુસૈન અલયહિસ્સલામની જમાતમાં રગે ગરદન કપાવીને મોતની ચાદર ઓઢીને સૂઇ ગયા.

મારા આ ચાર બેટાઓની એવી રીતે શહાદત થઇ કે ભૂખ અને પ્યાસના કારણે તેમના સાંધાના હાડકાં સૂકાઇ ગયા હતાં. અય કાશ કે મને કોઇ બતાવી આવત કે મારા બેટા અબ્બાસના હાથ શમશીરથી કાપી નાખાયા હતા.

(અબસારૂલ ઐન પેજ-૩૨, મફાતિહુલ જિનાન પેજ-૫૫૦)

## (૪) હઝરત અબ્બાસ અલયહિસ્સલામ ઉપર તેમના પ્રપૌત્ર ફઝલ બિન હસનના મરસિયા

અલ્લામા અબ્દુલ હુસૈન અલઅમીની પોતાની કિતાબ અલગદીર જિલ્દ ૩ પેજ નં. ૫ ઉપર લખે છે કે હઝરત અબ્બાસ અલયહિસ્સલામના પ્રપૌત્ર એટલે કે હઝરત અબ્બાસ બિન અલી બિન અબીતાલિબ, ઉબેયદુલ્લાહ, હસન, ફઝલ એમના પૌત્રના પુત્રે

પોતાના જદ્દ નામદાર હઝરત અબ્બાસ અલમદારના મરસિયા અરબીમાં આ શબ્દોમાં પઢ્યા છે. ભાવાર્થ આ છે કે તે વ્યક્તિ આ વાતનો વધારે હકદાર છે કે તેમના ઉપર રડવામાં આવે. જેમણે હઝરત ઇમામ હુસૈન અલયહિસ્સલામ જેવા સબ્ર કરનારાને પણ કરબલામાં રડાવી દીધા. બતાવો? તે કોણ હતા? તે ઇમામ હુસૈન અલયહિસ્સલામના ભાઇ હતા. અને તેમની મદદમાં લોહીથી નાહીને લોહીમાં લથપથ થઇ આ દુનિયાથી ગયા. તેમણે પૂરેપૂરી ગમ્ખ્વારી કરી તેમના માટે પ્યાસની હાલતમાં દુનિયાથી ચાલ્યા ગયા.

**નોંધ** : અશરફઅલી મોરખબંદીએ પોતાની કિતાબ રોઝતુલ જિનાનમાં ઉપરોક્ત અશઆરને ફઝલ બિન હસનના અશઆર કહ્યા છે.

અબુલ ફરજે મકાતિલુત્તાલિબીનમાં એક શાએરની તરફ ઇશારો કર્યો છે કે તેમના છે.

અલ્લામા અબ્દુલ્લાહ શબ્બીરે આ મરસિયાને પોતાની કિતાબ જલાલુલ ઓયૂનમાં હઝરત ઇમામ હુસૈન અલયહિસ્સલામથી જણાવ્યો છે.

ઓલમાએ એહલેબયત આ વાત ઉપર એકમત છે કે જે દિવસે હઝરત ઇમામ હુસૈન અલયહિસ્સલામ ઇરાક જવા માટે મદીના છોડી રહ્યા હતા ત્યારે હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા જીવતા હતાં અને આપ વાકેયએ કરબલા પછી પણ જીવતા રહ્યાં. વાકેયએ કરબલા પછી આપ આપના પૌત્ર ઉબેયદુલ્લાહને લઇને બકીઅમાં જતા હતાં. ત્યાં જઇ આપ પોતાના ચારેય

બેટાઓની શહાદત ઉપર મરસિયા પઢતાં. અકીલતુલ કુરૈશ (કુરૈશની અકલમંદ સ્ત્રી) હઝરત ઝયનબ સલામુલ્લાહ અલયહાના ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાના ઘેર જઇને તેમની ઝિયારત કરતા હતા. ખૈરિયત પૂછતાં હતાં. હંમેશા જનાબે ઝયનબ સલામુલ્લાહ અલયહાનો આ નિયમ રહ્યો.

તબરી પોતાની ઇતિહાસની કિતાબમાં અને અબુલ ફરજ પોતાની કિતાબ મકાતિલુત્તાલિબીનમાં લખે છે કે હઝરત ઉમ્મુલબનીન દરરોજ બકીઅના કબ્રસ્તાનમાં જતાં હતાં. પોતાના શહીદો ઉપર મરસિયા પઢતાં, પઢી ખૂબ જ ગિર્યાઝારી કરતાં હતાં, રડતાં હતાં. એવું આક્રંદપૂર્વક રડતાં હતાં કે સાંભળનારાઓ ઉપર ગિર્યા છવાઇ જતી. તેઓ પણ

રડવા લાગતાં. બકીઅની આસપાસથી પસાર થનારી પબ્લિક આપના ગિર્યાથી એવી પ્રભાવિત થઇ જતી કે ત્યાં ઊભી રહી રડવા લાગતી.

મદીનાનો વાલી (ગવર્નર) મરવાન એહલેબયતે રસૂલનો કટ્ટર દુશ્મન હતો. પગથી માથા સુધી-નખશિખ એના લોહીના ટીપેટીપામાં ઇમામ હુસૈન અલયહિસ્સલામથી દુશ્મની ભરી હતી. આ મરવાન એક વખત બકીઅના કબ્રસ્તાન પાસેથી પસાર થઇ રહ્યો હતો. એણે જનાબ ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાના ગિર્યા અને મરસિયા સાંભળ્યા તો આ પથ્થરદીલ દુશ્મને એહલેબયત ઇન્સાન મરવાન પોતે પણ અને તેના સાથીદારો પણ રડવા લાગ્યા. આ વાતથી આલે મોહંમદની મુસીબતોનો અંદાઝો લગાવી શકાય છે.

દાક્તર બિન્તે શાતિઇએ પોતાની કિતાબ “સકીના બિન્તુલ હુસૈન” માં લખ્યું છે કે હઝરત ઉમ્મે રબાબ (હઝરત ઇમામ હુસૈન અલયહિસ્સલામના અહલિયા (પત્ની)) સકીના બિન્તે હુસૈનની શહાદત પછી રાત-દિવસ ગિર્યા-રૂદન કરતાં હતાં. અહીં સુધી કે એ જ પરિસ્થિતિમાં આ દુનિયાથી કૂચ ફરમાવી ગયાં. આ જ રીતે ઉમ્મુલબનીન ઝવજએ(પત્ની) હઝરત અલી અલયહિસ્સલામ દરરોજ નિયમિત બકીઅના કબ્રસ્તાનમાં જતાં અને પોતાના ચારેય બેટાઓ જેઓ કરબલામાં ઇમામ હુસૈન અલયહિસ્સલામની મદદમાં શહીદ થયા હતા. તેમની યાદમાં ગિર્યા રૂદન કરતાં હતાં. અહીં સુધી કે અલ્લાહે આપને પોતાની પાસે પોતાની રહમતમાં બોલાવી લીધાં.

કિતાબ “ઝયનબે કુબરા” માં નકદીથી રિવાયત કરી છે અને “મકતલુલ હુસૈન” માં આમુલીએ લખ્યું છે કે હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા હઝરત અબ્બાસના નાના બેટા જનાબ ઉબેયદુલ્લાહને પોતાની સાથે બકીઅના કબ્રસ્તાનમાં લઇ જતાં અને નીચેના મરસિયા પઢતાં.

**અરબીનો ઉર્દૂમાં ભાવાનુવાદ :**

**ઉમ્મુલબનીન કેહકર ન પુકારો અબ કોઇ**

**આતે હૈં યાદ મુજકો વો શેરાને હૈદરી**

**જબતક થે મેરે લાલ મૈં ઉમ્મુલબનીન થી**

**ઉજળી હૈ ઐસી કૂખ કે અબ કુછ નહીં રહી**

**વો મેરે ચાર શેર નિયસ્તાને મુરતઝા**

**સર દે કે સો ગએ જો સરે ખાકે કરબલા**

**મૈદાનમેં જો ભી આ ગયા ઉન સબકે રૂબરૂ**

**વો જંગકી ઝમીનપે બરસને લગા લહુ**

**અય કાશ કોઇ આકે મુજે દેતા યે ખબર**

**ક્યા વાકેયતન દસ્તે બુરીદહદ્દ મેરા પિસર**

આ સિવાય બીજી કેટલીક કિતાબોમાં નોંધ છે કે જનાબ ઉમ્મુલબનીન ફાતેમા સલામુલ્લાહ અલયહા (આપનું નામ પણ ફાતેમા જ હતું.) પોતાની માટીની ચાર કબરો બનાવીને તેની વચ્ચે જાતે બેસીને મરસિયા પઢતાં હતાં.

(એહલે સુન્નત બિરાદરીની સિહાહ સિત્તા છ સૌથી સાચી ગણાતી કિતાબોમાં એક હદીસે રસૂલ છે કે એક વ્યક્તિએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમને સવાલ કર્યો કે યા રસૂલલ્લાહ! મારી વાલિદહની કબર ક્યાં છે? તેની

મને બિલકુલ ખબર નથી. જેઓ અરબમાં મુસાફરી દરમ્યાન કાફલામાં ગુજરી ગયા હતાં. પેગંબરે ઇસ્લામ હઝરત મોહંમદ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું :

"તું જમીન ઉપર એક કબર આકારની લકીર ખેંચી લે, પછી તારી માની કબર હોવાનો ખ્યાલ કરી તારે જે દુઆ કરવી હોય તે કર." (અનુવાદક)

જનાબે ફાતેમા ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા મદીનાના બકીઅ કબ્રસ્તાનમાં ચાર કબરોના આકારો બનાવી તેની વચ્ચે બેસી જતાં પછી ગિર્યા કરતાં, મરસિયા પઢતાં. મરસિયાનો અમૂક ભાગ પ્રસ્તુત છે. **અરબીના ઉર્દૂ ભાવાનુવાદ સાથે.**

**દેખા હૈ જિસને હમલએ અબ્બાસે નામવર**

**થે જિસકે સાથ ઔર ભી કર્રાર કે પિસર**

**સુનતી હું હાથ કટને પે ઝખ્મી હુવા થા સર**

**યા રબ ગિરા થા લાલ મેરા કૈસે ખાક પર**

**હોતી જો તેગ પાસ ન આતા કોઇ નઝર**

હઝરત યાકૂબ અલયહિસ્સલામ પોતાના ફરઝંદ યુસુફને ભેડીયો ખાઇ ગયો એવા શક ઉપર રડ્યા હતા. જો કે તે વાતની કોઇ સાબિતી ન હતી. જે પહેરણ અને જુઠું લોહી યુસુફના ભાઇ લગાવી ગયા હતા તે બાબતને તો જનાબ યાકૂબ અલયહિસ્સલામે પોતે જ રદ કરી દીધી હતી કે શું આ પહેરણ ભેડીયાએ કાઢી નાખ્યા. પછી ખાઇ ગયો? શું પહેરણ ફાટ્યા વગરનું આખું કેવી રીતે આવ્યું. આ બધી જ વાતો કુરઆનમાં આ જ પ્રમાણે

છે. હઝરત યાકૂબ અલયહિસ્સલામને પોતે પણ શક હતો કે મારા આ પુત્રો જુઠું બોલી રહ્યા છે. છતાંય આપ ખૂબ જ રડયા. અહીં સુધી કે આપની આંખોની રોશની ચાલી ગઇ.

જ્યારે જનાબ ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાનું રડવું તો યકીન સાથે હતું. હુસૈન અલયહિસ્સલામના સર મુબારકના આવી ગયા પછી આપે સફે માતમ બિછાવી. પૂરા યકીન સાથે. જે માના ચાર બેટા નવયુવાન હોય અને ચારેય એક સાથે એક જ જંગમાં કતલ થઇ ગયા હોય તે માના ગમના હાલાત કલમથી કેવી રીતે અદા થઇ શકે. કલમથી આલેખી શકાય જ નહિ.

# ભાગ-૧૭ : હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાની વફાત

વાકેયએ કરબલા પછી તો ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા ઘણાં જ ઝઇફ અને કમજોર થઇ ગયાં હતાં કે સરદર્દના કારણે આપના માથા ઉપર હંમેશા એક રૂમાલ બાંધેલો રહેતો હતો. આંખોંમાંથી તો હંમેશા આંસુ ચાલુ જ રહેતાં હતાં. દરેક વખતે આપની ઝબાન ઉપર હાય હુસૈન, હાય અબ્બાસ, હાય જઅફર, હાય અબ્દુલ્લાહ, હાય ઇમરાન શબ્દો જ સાંભળવા મળતા. અહીં સુધી કે આપ આ દુ:ખી અને શોકાતુર દુનિયાને છોડી ગયાં.

(બહરૂલ મસાએબ પેજ-૪૬૦)

## (૧) વફાતનું વરસ અને તારીખ

૧૩ જમાદિઉલ આખર, જુમ્આના દિવસે હિ.સ. ૬૪ માં આપ અલ્લાહને પ્યારા થઇ ગયાં. એટલે કે કરબલાની કરૂણ કહાણી પછી બરાબર ત્રણ વર્ષ, પાંચ મહિના, અને ત્રણ દિવસ જીવતાં રહ્યાં.

અલ્લામા બિરજન્દીની પ્રખ્યાત કિતાબ "વકાએહુશ્શુહૂર વલ અયામ" માં છે કે જનાબ ફાતેમા ઉમ્મુલબનીન કિલાબિયા માદર અબ્બાસ અલમદારની ૬૪ હિજરીમાં વફાત થઇ. હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાની ઉમર તે વખતે ૫૮ વરસની હતી.

(હૈદર અલમરજાની)

આ સિવાય આઅ્મશે પોતાની કિતાબ "ઇખ્તયારાત" માં લખ્યું છે કે એક દિવસ હું ઇમામ ઝયનુલ આબેદીન અલયહિસ્સલામની ઝિયારતથી પરવારી તે દિવસે તારીખ ૧૩ જમાદીઉલ આખર હતી. જુમ્આનો દિવસ હતો. એટલામાં ફઝલ ઇબ્ને અબ્બાસ દાખલ થયા. ગમગીન હાલતમાં રડતાં રડતાં ઇમામને વિનંતી કરી કે મારી જદ્દહ (દાદીમા) ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા આ દુનિયાથી રેહલત ફરમાવી ગયા છે. સૈયદ મેહદીએ પોતાની કિતાબમાં ઉમ્મુલબનીન સય્યેદતુન નિસાઇલ અરબમાં પેજ-૮૫ ઉપર આપની વફાત. ૧૩ જમાદીઉલ આખર બરોઝે જુમ્આ હિ.સ. ૬૪ લખી છે.

સાથે આ પણ લખ્યું છે કે તે જ દિવસે જનાબ ફઝલ બિન અબ્બાસ અલમદાર રડતા રડતા ઇમામ અલી ઝયનુલ આબેદીન અલયહિસ્સલામને ખબર આપવા આવ્યા અને કહ્યું: મારી દાદીમા ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાએ રેહલત ફરમાવી છે.

(ઉમ્મુલબનીન અલયહસ્સલામ શૈખ નેઅમતુસ્સાએદી પેજ-૫૩)

જો કે આ અંગે અમારી પાસે બહુ ચોખવટ મળે એવી રિવાયતો નથી. છતાં જાહેર છે કે આપની નમાઝે જનાઝા પણ ઇમામ ઝયનુલ આબેદીન અલયહિસ્સલામે જ પઢાવી હશે. વળી ઇમામે વક્ત અને માસૂમનું આપની નમાઝે જનાઝા પઢાવવું સ્વયં આપની અઝમત માટે પૂરતું છે.

(ઉમ્મુલબનીન અલયહસ્સલામ શેખ નેઅમતુલ્લાહ હાદી અસ્સાદી પેજ-૭૭ થી ૮૧)

## (૨) દફન ક્રિયા ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા

હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા જન્નતુલ બકીઅ-મદીનએ રસૂલમાં જનાબ ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહાની નજીકમાં જ દફન છે. દરવાજાની નજીકમાં જ આપની કબર છે. મોમેનીન જ્યારે મદીના જાય તો આપની ઝિયારત જરૂરથી કરે.

# ભાગ-૧૮ : બાબે હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા

કરબલાએ મોઅલ્લામાં (ઇરાક) હઝરત અબ્બાસ અલમદારના રોઝા મુબારકમાં સોનેરી અક્ષરોમાં એક દરવાજા ઉપર લખ્યું છે. "બાબે ઉમ્મુલબનીન" દરવાજાની ઉપર એક મોટી ઝંજીર (સાંકળ) લાગેલી છે. ઝિયારત કરનારા ઝાએરીન ઝંજીરને પકડીને વ્યગ્રતા સાથે દુઆ કરે છે, ગિર્યા કરે છે.

## (૧) ઝિયારતે કબરે હુસૈન અલયહિસ્સલામ અને હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા

કરબલાએ મોઅલ્લામાં આ રિવાયત પ્રખ્યાત છે કે હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા ઇમામ હુસૈન અલયહિસ્સલામની ઝિયારત

માટે મદીનાથી કરબલા તશરીફ લાવતાં ત્યારે પોતાના ફરઝંદ અબ્બાસ અલમદારની ઝિયારત માટે ચાલ્યાં તો તે જગ્યાએ બેહોશ થઇ ગયાં. હઝરત અબ્બાસ અલયહિસ્સલામની કબર પાસે પહોંચતા પહોંચતા હાલત ખરાબ થઇ ગઇ.

જે જગ્યાએ આપ બેહોશ થઇને પડી ગયાં હતાં ત્યાં અત્યારે "બાબે ઉમ્મુલબનીન" યાદગીરીના માટે કાયમ થયેલ છે. વળી આ જ દરવાજો હઝરત અબ્બાસની અસલ કબરના ભોંયતળિયા (તેહખાના) સુધી જાય છે તે દરવાજે હંમેશા તાળું લાગેલું રહે છે.

**માજિદ રઝા આબદીએ ખૂબ શએર કહ્યો છે :**

**એક દરે ઉમ્મુલબનીં હૈ રૌઝએ અબ્બાસમેં**
**સુનતી હૈં બેટે સે પહલે અરઝિયાં ઉમ્મુલબનીં**

# ભાગ-૧૯ : (૧) હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાની અઝમત(મહાનતા)

ઇતિહાસે જે કંઇ હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાના માટે વર્ણવ્યું છે. તે આપની અઝમત દૃષ્ટિ સમક્ષ રાખતાં ઘણું જ ઓછું છે.

(ઉમ્મુલબનીન અલયહસ્સલામ શેખ નેઅમતુસ્સાએદી પેજ-૯)

હઝરત ઉમ્મુલબનીન ૫ હિજરીમાં પેદા થયાં. આપની શાદી ૨૦ હિજરીમાં થઇ. તે વખતે આપની ઉમર ૧૫ વર્ષની હતી. ૨૨ હિજરીમાં હઝરત અબ્બાસ અલયહિસ્સલામની વિલાદત (જન્મ) થઇ તે વખતે હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાની ઉમર ૧૭ વરસની હતી.

જ્યારે હઝરત અમીરૂલ મોઅમેનીન અલી ઇબ્ને અબીતાલિબ અલયહિસ્સલામની શહાદત થઇ ત્યારે હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાની ઉમર ૩૪ વરસની હતી. વાકેયએ કરબલા વખતે હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાની ઉમર ૫૫ વરસની હતી અને વફાત વખતે આપની ઉમર ૫૮ વરસની હતી.

હઝરત ઝયનબ સલામુલ્લાહ અલયહાની વિલાદતની સાલ ૬ હિજરીથી ૯ હિજરી દરમ્યાન જણાવવામાં આવે છે. હઝરત ઝયનબ જનાબ ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાથી બે અથવા ત્રણ વરસ નાના હતાં. પરંતુ ઝયનબ(સલા.)ની શાદી ૧૭ હિજરીમાં થઇ ચૂકી હતી.

કેટલાક ઇતિહાસકારોના મતાનુસાર હઝરત અબ્બાસ અલમદાર અને હઝરત અબ્દુલ્લાહ બંને ભાઇઓની ઉમરમાં ૮ વરસનો તફાવત છે. આ આઠ વરસ દરમ્યાન હઝરત ઉમ્મુલબનીનની સાહબઝાદી હઝરત ખદીજા બિન્તે અલીની વિલાદત છે. જ્યારે આપણે ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાની ઝિયારત પઢીએ છીએ ત્યારે તેમાં આપની સાહબઝાદી જનાબ ખદીજાની ઉપર પણ સલામ મોકલીએ છીએ.

હઝરત અલી અલયહિસ્સલામની શહાદત ૪૦ હિજરીમાં થઇ ત્યારે હઝરત અબ્બાસ ૧૯ વરસના હતા. હઝરત ખદીજા બિન્તે અલી ૧૭ વરસનાં હતાં. હઝરત અબ્દુલ્લાહ બિન અલી ૧૧ વરસના હતા. હઝરત ઇમરાન બિન અલી ૯

વરસના હતા. હઝરત જઅફર બિન અલી ૭ વરસના હતા.

કરબલામાં શહાદત વખતે હઝરત અબ્બાસ અલમદાર ૩૮ વરસના હતા. હઝરત અબ્દુલ્લાહ બિન અલી ૩૦ વરસના હતા. હઝરત ઇમરાન બિન અલી ૨૮ વરસના હતા. હઝરત જઅફર બિન અલી ૨૬ વરસના હતા અને હઝરત ખદીજા બિન્તે અલી ૩૬ વરસનાં હતાં.

હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાની શાદી અગાઉ પાંચ ખાતુનો અમીરૂલ મોઅમેનીન અલયહિસ્સલામના નિકાહમાં આવી ચૂકી હતી. ક્રમાનુસાર સૌ પ્રથમ જનાબે ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહા, રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની

એકલૌતી પ્યારી બેટી. જેમની હયાતીમાં અમીરૂલ મોઅમેનીન અલયહિસ્સલામે બીજા નિકાહ કર્યા નથી.

**બીજા નિકાહ** : ઉમામા બિન્તે અબિલ આસ

**ત્રીજા નિકાહ** : ખુલા બિન્તે જઅફર

**ચોથા નિકાહ** : અસમા બિન્તે ઉમૈસ

**પાંચમા નિકાહ** : સહબા ખાતૂન (ઉર્ફે ઉમ્મે હબીબ)

છઠ્ઠા નંબરે જનાબ ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા શાદી કરીને હઝરત અલી અલયહિસ્સલામના ઘરે આવ્યાં.

## (૨) તારીખે અંબિયા અને હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા

હઝરત આદમ અલયહિસ્સલામ અને હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા

હઝરત આદમ અલયહિસ્સલામનું રડવું, માતમ કરવું પ્રખ્યાત છે. હઝરત ઉમ્મુલબનીન કરબલા પછીની પૂરી જિંદગી ગિર્યા-ઝારીમાં રહી. હઝરત આદમ અલયહિસ્સલામ પોતાના એક ફરઝંદ ની શહાદત ઉપર રડ્યા હતા. પરંતુ જનાબ ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા પોતાના ચાર ચાર યુવાન ફરઝંદો ઉપર અને પાંચમાં ફરઝંદ ફરઝંદે ઝહરા ઇમામ હુસૈન અલયહિસ્સલામ ઉપર તથા પોતાના પોત્રાઓ (ઇમામ હુસૈન અલયહિસ્સલામના ફરઝંદો) ઉપર ગમમાં રડતાં રહ્યાં.

## હઝરત નૂહ અલયહિસ્સલામ અને હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા

હઝરત નૂહ અલયહિસ્સલામે એટલા નવહા કર્યા કે આપનું નામ જ નૂહ પડી ગયું. ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાએ પણ પોતાના બેટાઓના ગમમાં નવહા કર્યા અને મરસિયા પઢ્યા. હઝરત નૂહ અલયહિસ્સલામના પણ ચાર બેટા હતા. ત્રણ બેટા ફરમાંબરદાર હતા એક નાફરમાન હતો. તે બાગી-સરકશ હતો. હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાના પણ ચાર બેટા હતા. ચારેય ખુશનસીબ, ફરમાંબરદાર, ઇબાદતગુજાર હતા.

## હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામ અને હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા

હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામે એક બેટો રાહે ખુદામાં કુરબાન કર્યો પરંતુ તે બચી ગયો. હઝરત ઉમ્મુલબનીને ચાર બેટા રાહે ખુદામાં કુરબાન કર્યા, ઇસ્લામની હિફાઝત માટે આ કુરબાની આપી. ચારે બેટાઓની શહાદત અલ્લાહની બારગાહમાં મકબૂલ થઇ.

## હઝરત મૂસા અલયહિસ્સલામ અને હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા

હઝરત મૂસા અલયહિસ્સલામે ફિરઓનને નસીહત કરી. પરંતુ એ ઝાલિમ ઉપર કોઇ અસર ન થઇ. મરવાન બની ઉમય્યાનો ફિરઓન ગણાય છે જે સૌથી વધારે ઝાલિમ વ્યક્તિ હતો. હઝરત

ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાના મરસિયા સાંભળીને તે રડવા લાગ્યો.

## હઝરત યાકૂબ અલયહિસ્સલામ અને હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા

**હઝરત યાકૂબ અલયહસ્સલામની ૧૨ અવલાદ હતી.**

(૧) હઝરત યુસુફ (૨) રોઉબન (૩) શમઉન જીર્દ્રીહ (૪) લાવી (૫) યહૂદા (૬) ઇશ્કાર (૭) ઝબલૂન (૮) જદ (૯) આસર છજરી (૧૦) દાઅન (૧૧) નફતાલી (૧૨) બિન યામીન અને એક બેટી હતી દીના.

હઝરત યાકૂબ અલયહિસ્સલામના ૧૨ અવલાદમાંથી ફક્ત એક હઝરત યુસુફ અલયહિસ્સલામ પોતાના બાપ યાકૂબથી જુદા થઇ

ગયા હતા. હઝરત યાકૂબ અલયહિસ્સલામ એટલા રડ્યા કે કીકીઓનું પાણી સૂકાઇ ગયું. આંખો સફેદ થઇ ગઇ. આંખોની રોશની ચાલી ગઇ. અલ્લાહે કુરઆનમાં ફરમાવ્યું છે કે “મારા બંદા યાકૂબે સબ્રે જમીલ કર્યો.”

હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાના ચાર પુત્રો ખુદ એમના પોતાની કૂખથી હતા. પરંતુ તેઓ તો હઝરત અલી અલયહિસ્સલામના બધા જ બેટાઓની મા હતાં. તેઓએ વારંવાર કહ્યું છે કે ઇમામ હુસૈન મને સગા બેટાથી વધારે વહાલા છે. કરબલામાં જનાબ ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાના ૧૨ બેટાઓ ત્રણ દિવસના ભૂખા પ્યાસા કતલ કરી દેવામાં આવ્યા. અલ્લાહો અકબર! ઉમ્મુલબનીન

સલામુલ્લાહ અલયહાનો સબર શું હઝરત યાકૂબ અલયહિસ્સલામના સબરથી અફઝલ નથી? બલકે હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાનો સબર અફઝલ છે.

**હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાના ૧૨ બેટાઓ જે કરબલામાં શહીદ થયા.**

(૧) હઝરત ઇમામ હુસૈન ઇબ્ને અલી (૨) હઝરત અબ્બાસ ઇબ્ને અલી (૩) હઝરત અબ્દુલ્લાહ ઇબ્ને અલી (૪) હઝરત ઇમરાન ઇબ્ને અલી (૫) હઝરત જઅફર ઇબ્ને અલી (૬) હઝરત મોહંમદ ઇબ્ને અલી (૭) હઝરત ઉબેયદુલ્લાહ ઇબ્ને અલી (૮) હઝરત ઇબ્રાહીમ ઇબ્ને અલી (૯) હઝરત અબ્બાસ અસગર ઇબ્ને અલી (૧૦) હઝરત મોહંમદ

અવસત ઇબ્ને અલી (૧૧) હઝરત ઔન ઇબ્ને અલી (૧૨) હઝરત ઉમૈર ઇબ્ને અલી.

## હઝરત યુસુફ અલયહિસ્સલામ અને હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા

હઝરત યુસુફ અલયહિસ્સલામે ખ્વાબમાં (સ્વપ્નમાં) જોયું કે ચાંદ, સૂરજ અને અગિયાર સિતારા મને સજદો કરી રહ્યા છે. હઝરત યુસુફ અલયહિસ્સલામના ખ્વાબની તઅબીર (સ્વપ્નનું રહસ્ય) આ હતું કે એમને મિસરની હુકુમત મળી અને તેમના ભાઇ મા અને બાપ તેમને આવીને મળ્યા.

હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાએ ખ્વાબ જોયું કે એમની ગોદમાં ચાંદ અને ત્રણ સિતારા આવીને પડ્યા. હઝરત અલી

અલયહિસ્સલામે સ્વપ્નની તઅબીર આ બતાવી કે તમારે એક બેટો અબ્બાસ હશે જે કમરે બની હાશિમ (બની હાશિમ કબીલાનો ચાંદ) હશે. અને ત્રણ બેટા સિતારાઓની મિસાલ (ના જેવા) હશે. જેઓ તમારી ગોદમાં પરવરિશ પામશે. જનાબ ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાના ચારેય બેટા એમની હુકુમત જ હતા. તેમની સલ્તનત કરબલામાં ઇમામ હુસૈન અલયહિસ્સલામની મદદમાં, દીનની હિફ્ઝતમાં તબાહ અને તારાજ થઇ ગઇ. તેનો બદલો અલ્લાહે એવો આપ્યો છે કે હઝરત અબ્બાસ જ્યારે મેહશરના મેદાનમાં આવશે અંબિયા એમના ઉપર ઇર્ષા કરશે, રશ્ક કરશે, આશ્ચર્ય ચકિત થઇ જશે. તેઓ જન્નતમાં ઝમુર્રદની બે પાંખો વડે ઊડી રહ્યા છે.

## (3) અઝવાજે અંબિયા અને ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા

## હઝરત હવ્વા અને હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા

હઝરત હવ્વાએ હાબીલની શહાદત ઉપર માતમ-ગીર્યા કર્યું. એક ફરઝંદનો ગમ આપને જોવો પડ્યો. પરંતુ હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાને ચાર પુત્રોનો ગમ કરવો પડ્યો અને મૃત્યુ સુધી ગમ કરતા રહ્યાં. હઝરત હવ્વાની નસલ હઝરત શીસથી પૂરી દુનિયામાં ફેલાઇ ગઇ. હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાના પૌત્ર ઉબેયદુલ્લાહ ઇબ્ને અબ્બાસ અલમદારની નસલ સમગ્ર દુનિયામાં ફેલાઇ ગઇ. વળી આપની બધી જ અવલાદો અવલિયા અલ્લાહ બની.

## હઝરત હાજરા અને હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા

હઝરત હાજરાનો એક પુત્ર ઇસ્માઇલ અલયહિસ્સલામ થોડીવાર માટે પ્યાસથી તડપ્યો. બયાબાન જંગલમાં પહાડોની વચ્ચે જનાબ ઇસ્માઇલ અલયહિસ્સલામ પ્યાસથી તડપ્યા તો હાજરા બેકરાર થઇ ગયાં. એક માનો વલોપાત... પાણીની શોધમાં આમતેમ દોડવા લાગ્યાં. હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાના ચાર બેટા ત્રણ દિવસના ભૂખ્યા પ્યાસા કતલ કરી દેવામાં આવ્યા. અને તેમણે દીનના ખાતર પોતાના દીકરાઓની કુરબાનીને કબૂલ કરી લીધી. હઝરત હાજરા હઝરત ઇસ્માઇલની કુરબાનીનો હાલ સાંભળીને દુ:ખના કારણે થોડાક દિવસ બીમાર

રહીને વફાત પામ્યાં. હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાને પોતાના ચાર બેટાઓની દીનને ખાતર શહાદતની ખબર સાંભળી શુક્રનો સજદો કર્યો.

ચઇતિહાસ કહે છે કે હઝરત હાજરા પોતાના નાના માસૂમ બાળકને (હઝરત ઇસ્માઇલ અલયહિસ્સલામને) બયાબાન જંગલમાં જમીન ઉપર સૂવડાવીને ચારે તરફ પાણીની શોધમાં દોડતાં હતાં. ખાસ તો સફા અને મરવા બે પહાડીઓ ઉપર ચઢી જતાં, પાણી ક્યાં છે? તે જોતાં બંને પહાડીઓ આમને સામને છે. ફરી પાછાં ગભરાટમાં- વલોપાતમાં પોતાના માસૂમને કોઇ ભેડીયો કે જનાવર હેરાન તો નથી કરતું. દોડતા પહાડી ઉપરથી ઊતરી જોઇ જતાં. વળી પાછાં

પાણીની શોધમાં બીજી પહાડી ઉપર ચઢતાં. થોડીક વારમાં ફરી પાછાં પોતાના બાળકને જોવાં આવતાં. આ માનો વલોપાત અલ્લાહને પસંદ આવી ગયો. અલ્લાહે પોતાની લાડલી બંદી હઝરત હાજરા અને પ્યારા નબી હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામ કે જેઓ હુકમે ખુદાથી પોતાના માસૂમ દીકરા ઇસ્માઇલને અને હાજરાને બયાબાન જંગલમાં જ્યાં ખેતી પણ થતી ન હતી. પાણીનું ક્યાંય ટીપું પણ ન મળે. એવી જગ્યાએ મૂકીને આવ્યા હતા. અલ્લાહને આ બંને પતિ-પત્નીની કુરબાની પસંદ આવી ગઇ. સફા મરવા બંને પહાડીઓની દોડને સઇ તરીકે કિયામત સુધી દરેક હાજીઓ માટે વાજિબ કરી દીધી.

હવે આપણે જનાબ ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાની કુરબાનીને વિચારીએ.

હઝરત હાજરા અને હઝરત ઇસ્માઇલનું બયાબાન જંગલમાં જવું અલ્લાહનો હુકમ હતો તો યાદ રાખો ઇમામ હુસૈન અલયહિસ્સલામ અને તેમના કુટુંબીઓ-કબીલાઓ-સાથીઓ વગેરેનું કરબલામાં શહાદત પામવું. દીનની હિફાઝત માટે ફાતેમાના લાલ અને રસૂલુલ્લાહની એહલેબયતનું શહાદત પામવું પણ અલ્લાહના હુકમથી હતું. અનેક વખત પેગંબરે ઇસ્લામે પેશીનગોઇ (ભવિષ્યવાણી) ફરમાવી હતી કે મારા બેટાઓ કરબલાની જમીન ઉપર દીને ખુદાની હિફાઝતમાં શહીદ થશે.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે કરબલાની માટી ભરેલી એક શીશી

ઉમ્મુલ મોઅમેનીન (ઉમ્મતના મા રસૂલુલ્લાહના પત્ની) હઝરત ઉમ્મે સલમા રઝિયલ્લાહો તઆલા અન્હાને આપી હતી. સાથે ફરમાવ્યું હતું કે અય સલમા! મારી વફાત પછી જ્યારે આ માટી લોહી બની જાય તો સમજી લેજે કે મારો હુસૈન તેના પરીવાર સાથે શહીદ થઇ ગયો. આ તે જગ્યાની માટી છે જે જગ્યાએ મારો હુસૈન શહીદ થશે.

હઝરત ઇમામ અલી અલયહિસ્સલામે પણ જુદી જુદી રીતે અનેક વખત કરબલાની શહાદતો માટેની ભવિષ્યવાણી કરી હતી. પહેલા ખલીફા-પહેલા ઇમામ મિન જાનિબિલ્લાહ (અલ્લાહે નિયુક્ત કરેલા) હઝરત અલી અલયહિસ્સલામ છે. આપના પછી આપના મોટા ફરઝંદ ઇમામ હસન અલયહિસ્સલામ અને પછી આપના નાના ફરઝંદ

ઇમામ હુસૈન અલયહિસ્સલામ અને પછી ઇમામ હુસૈન અલયહિસ્સલામની અવલાદમાંથી તબક્કાવાર એમના દીકરા, એમના દીકરા. આ રીતે બીજા નવ ઇમામો છે. છેલ્લા અને ૧૨માં ઇમામ હઝરત ઇમામ મેહદી અલયહિસ્સલામ છે. આ પણ અલ્લાહની નિયુક્તિ છે.

વિચારો, ખૂબ વિચારો કે હઝરત હાજરાનો થોડો વલોપાત થોડાક કલાકોના-થોડાક સમયનો અલ્લાહે કબૂલ કરી લીધો. તો સફા-મરવા પહાડોની સઇ-દોડ સાત વખત કિયામત સુધી તમામ હાજીઓ માટે વાજીબ ફરમાવી દીધી.

જ્યારે હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાએ તો પોતાના ચાર સગા પુત્રો અને આઠ પરિવારે રસૂલના પુત્રો મળી કુલ ૧૨ સંતાનો માટે

પુરી જિંદગી વલોપાત-ગિર્યા-મરસિયા દ્વારા બેચેન રહ્યાં. આપના દરજ્જાનો ખ્યાલ કરો.

તેના બદલામાં અલ્લાહે હઝરત ઇમામ હુસૈન અલયહિસ્સલામના ઝિક્રને, હઝરત અબ્બાસ અલમદારના ઝિક્રને, તમામ શહીદાને કરબલાના ઝિક્રને કિયામત સુધી કરોડો ઇન્સાનોમાં જીવિત રાખ્યો છે.

૧લી મહોર્રમથી લઇ ચેહલુમ સુધી લગાતાર અને પછી પણ વરસમાં અનેક દિવસો ૧૧ ઇમામોની શહાદતો, ૧૨ ઇમામોની વિલાદતો તેમની સંતાનોની શહાદતો, તેમની સંતાનોની વિલાદતોના દિવસોમાં આ બુઝુર્ગોને-કરબલાને યાદ કરે છે. ન કે ફક્ત પુરૂષો યાદ કરે છે. બલકે અમારી મા-બહેનો અને બાળકો પણ આ દિવસોમાં

અમારી મસ્જિદો અને ઇમામ બારગાહોમાં એકત્ર થઇ કલાકો સુધી આ બુઝુર્ગોની શહાદતને યાદ કરે છે. દુઆઓ, નમાઝો, ઝિક્રો, હિદાયતની મજાલિસ, દુરૂદેપાક અને તિલાવતે કુરઆન તથા માતમ-ગિર્યા બધું જ કરે છે. આ તો પૂરા વિશ્વના એહલેબયતના ચાહક મોમિનોની વાત થઇ જેઓ પોતપોતાના રહેવાના-વતનના સ્થળોએ યાદ કરે છે.

આ સિવાય કરબલાએ મોઅલ્લામાં હઝરત ઇમામ હુસૈન અલયહિસ્સલામની આરામગાહ ઉપર અને તેની સામે જ જનાબે અબ્બાસ અલમદારની આરામગાહ ઉપર કરોડો મોમિનોની લગાતાર ભીડ જામેલી રહે છે. ચોવીસ કલાક રાત અને દિવસ એક સેકન્ડ માટે પણ ૧૨ માસ અને ૩૬૦ દિવસ આ ભીડમાં કોઇ ફરક પડતો નથી. મદીનએ રસૂલ

ઉપર પણ જન્નતુલ બકીઅની અંદર પુરૂષોની અવાજો અને જન્નતુલ બકીઅની બહાર અમારી મા-બહેનોની અવાજો યા ફાતેમા ઝેહરા ..... યા ઉમ્મુલબનીન..... બોલીનો રડતાં રડતાં સાંભળવા મળશે. જેમ અલ્લાહે જનાબ હાજરાની ચિંતા-ફિક્ર-વલોપાત-દોડને કબૂલ કરી હાજીઓ માટે સઇને વાજિબ કરી દીધી એ જ પ્રમાણે અલ્લાહે સેંકડો નહિ, હજારો નહિં લાખો પણ નહિં પરંતુ કરોડો એહલેબયતના ચાહકોના દીલોમાં ઇમામ હુસૈન અલયહિસ્સલામની મહબ્બતને અબ્બાસ અલમદારની મહબ્બત, જનાબ ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહાની મહબ્બતને, ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાની મહબ્બતને વાજિબ કરી દીધી. જે પ્રમાણે હજમાં વૃદ્ધો, કમજોરો, બીમારો,

યુવાનો સઇ કરે છે તે જ પ્રમાણે ઝિયારતોમાં આ કરબલાના શહીદોની ઝિયારત બારે માસ થાય છે. જેમાં વૃદ્ધો, કમજોરો, બીમારો યુવાનો બધા જ હોય છે. આ એહલેબયતે અતહારની આરામગાહો ઉપર જો કોઇ આ ભીડને જુએ જે ભીડનો એકેએક વ્યક્તિ ભલે તે કમજોર હોય, વૃદ્ધ હોય, બીમાર હોય કે યુવાન હોય તકલીફ ઊઠાવીને પણ તેના ચહેરો ખુશ હશે. ચહેરા ઉપર જરાય તકલીફ ઊઠાવ્યાના મનોભાવ દૃષ્ટિમાન નહીં થાય. આ શું બતાવે છે? અલ્લાહે કરોડો ઇન્સાનોના દીલોમાં એહલેબયતે અતહારની મહબ્બતને ધુસાડી દીધી. તેઓની કબરોની ઝિયારત કરનારા, તેમની કબરો ઉપર મન્નતો માંગનારા, મુરાદો માંગનારા, દુઆઓ

માંગનારા, ગીર્યા કરનારા કરોડોની સંખ્યામાં ઇન્સાનો જોવા મળશે. (અનુવાદક)

## હઝરત ઉમ્મે મૂસા અને હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા

હઝરત મૂસા અલયહિસ્સલામના વાલિદહ યુકબૈદ્દાથી હઝરત મૂસા જુદા થયા ત્યારે અલ્લાહ કહે છે. કુરઆન કહે છે કે "બીલકુલ એમનું કલેજું ફાટી જાત, અમે તેમને સબર અને સુકૂન અતા ફરમાવ્યું અને જલ્દી જ મા ને બાળકથી મુલાકાત કરાવી દીધી."

પરંતુ અહીં તો ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાના ચાર કડીયલ જવાન બેટાઓ ૨૮ રજબ ૬૦ હિજરીના માથી જુદા થયા. તો ત્યાર પછી કદી મુલાકાત ન થઇ શકી કે તેમની શહાદતની ખબર

આવી. અલ્લાહે ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાને સબ્ર અને સુકૂન અતા કર્યું.

## હઝરત આસિયા અને હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા

હઝરત આસિયાએ અલ્લાહથી દુઆ કરી હતી. પરવરદિગાર મારા માટે જન્નતમાં એક મકાન બનાવી દે. કુરઆન કહે છે. "અલ્લાહે આસિયાને જન્નતમાં ઘર અતા ફરમાવ્યું."

હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા જન્નતુલ બકીઅમાં જઇને પોતાના ચારે બેટાઓની કબરો બનાવતાં હતાં. પછી તેને મિટાવી હઝરત ઇમામ હુસૈન અલયહિસ્સલામની કબર બનાવતાં પછી ફરમાવતાં જ્યાં સુધી જીવતી રહીશ હું ઇમામ હુસૈન અલયહિસ્સલામ ઉપર રડીશ. અલ્લાહ જ

બેહતર જાણે છે કે ઉમ્મતની આ બધી બુઝુર્ગ ઓરતોના મુકાબલામાં કોને ગમ અને કોની કુરબાની ઉચ્ચ છે. અલ્લાહે ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાને જન્નતમાં બેહતરીન મહેલ અતા ફરમાવ્યો હશે. એટલા માટે કે ખુદાની બારગાહમાં ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાનો દરજ્જો ઘણો જ બુલંદ છે.

## હઝરત મરિયમ અલયહસ્સલામ અને હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા

હઝરત મરિયમને અલ્લાહે એક એવા ફરઝંદ હઝરત ઇસા અલયહિસ્સલામ અતા ફરમાવ્યો જેઓ બીમારોને અલ્લાહના હુકમથી શિફા અતા ફરમાવતા હતા. તેમનો લકબ(ઉપનામ) મસીહ હતું. હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ

અલયહાને અલ્લાહે અબ્બાસ જેવો કરામાતી બેટો આપ્યો. જેમનો લકબ “બાબુલ હવાઇજ” છે. ઉમ્મીદોનો દરવાજો, આજે પણ જનાબ અબ્બાસ બીમારોને શીફા આપે છે. કરોડો લોકો આપની આરામગાહ ઉપર રડતાં રડતાં પોતાની મુરાદો માંગે છે. હજારો-લાખો-કરોડો ઇન્સાનોની હાજતો પૂરી કરે છે. હઝરત ઇસા અલયહિસ્સલામનો કરામાતી (મોઅજિઝાઇ) ફૈઝ તો ખતમ થઇ ગયો. પરંતુ હઝરત અબ્બાસ અલયહિસ્સલામનો ફૈઝ તો આજેપણ ચાલૂ જ છે.

## (૪) હઝરત ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાની કરામાતો

આપની કરામાતો ઘણીબધી છે. આપ પણ “બાબુલ હવાઇજ” છે. નજફે અશરફ અને

મોમેનીનની ઘણી વસ્તીઓમાં આપની કરામાતો મશહૂર છે. નજફવાસીઓમાં આ કિસ્સો મશહૂર છે. ઇરાકી હુજ્જાજનો એક કાફલો હજ કરીને મદીના તરફ જઇ રહ્યો હતો. મક્કાની એક ગલીના છેડે જ્યાં થોડીક વિશાળ જગ્યા હતી ત્યાં આ કાફલાએ એક વલીમાનું આયોજન કર્યું. અરબીમાં દરેક ખુશીના ખાણાને વલીમા કહેવાય છે. આ વલીમો જનાબ ઉમ્મુલબનીનનું દસ્તરખ્વાનના નામથી જાહેર કર્યો. કાફલાએ ત્યાં ખાવા-પીવાની તમામ ચીજો, અનાજ વગેરે પણ એકત્ર કર્યું. ખાવા-પીવાનો આ સામાન જ્યાં રાખ્યો હતો તેની બાજુમાં એક સઉદી અરબનું ઘર હતું. આ અરબનું નામ મદઉ બિન જમબઝાન હતું. આ અરબ દરવાજો ખોલી બહાર નીકળ્યો, પરદેશી કાફલો જોયો. પોતાના ઘરના દરવાજાની

પાસે ખાવા-પીવાનો સામાન જોયો તો પૂછ્યું : આ બધું શું છે? આ લોકોએ કહ્યું કે અમે હાજીઓ છીએ. અમે આ ખાણાની વ્યવસ્થા કરી છે. અમે હાજીઓમાં ખાવાનું વહેંચી દઇશું. આ પ્રમાણેનો અમારો રિવાજ છે, કે અમે આ દિવસોમાં ઝવજએ અમીરૂલ મોઅમેનીન હઝરત ઇમામ અલી-ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાના નામથી ખાવાનું ખવડાવીએ છીએ.

પેલા અરબે ગુસ્સો અને કડવાશભર્યા શબ્દો સાથે કહ્યું કોણ ઉમ્મુલબનીન? પછી એહલેબયતની શાનમાં ખૂબ એલફેલ બકવાશ કર્યો. (નઉઝુ બિલ્લાહે મિન ઝાલિક) પછી ખાવાનો તમામ સામાન, ડેગો અને થાળીઓ ફેંકી દીધી, ઉલટાવી દીધી.

આ જોઇને આ પરદેશી હાજીઓને ઘણો જ આઘાત લાગ્યો. તરત જ અબુલ ફઝલ અબ્બાસની વાલિદહનો વસીલો પકડ્યો. બીબી સાહિબાને પોકાર કરીને કહ્યું : “અય ઉમ્મુલબનીન! અગર આપ ઉમ્મુલબનીન છે તો કરામાત બતાવો.”

હજી તો વસીલો પૂરો પણ થયો ન હતો કે પેલો અરબ પેટ ઉપર હાથ મૂકીને જમીન ઉપર પડ્યો. ગુલાટી ખાવા લાગ્યો. તેના પેટ અને આંતરડામાં તકલીફની ફરિયાદ કરવા લાગ્યો. તેના સગાંઓ તેને ઊંચકીને દવાખાને લઇ ગયા, પરંતુ સારો ન થયો. થોડીક જ વારમાં એની મોતની ખબર આવી ગઇ. તેના ઘરવાળા તેના શબને લઇ ઘરે આવ્યાં તેઓએ આ હાજીઓની માફી માંગી.

(હઝરત ઉમ્મુલબનીન અલયહસ્સલામ શૈખ નેઅમત સાઅદી પેજ-૪૮)

મોઅમેનીનમાં આપના નામ ઉપર ખાવાનું ખવડાવવાનો રિવાજ છે. આ એક મકબુલ અમલ છે જે આલે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની ખુશીનું કારણ છે. આપના દસ્તરખાન ઉપર મુરાદ આવે છે અને મન્નતો પૂરી થાય છે. વળી ખાસ કરીને બીમારીથી શિફા માટે અને બેઅવલાદને અવલાદ માટે આપનું દસ્તરખાન ખાસ છે. આપના તવસ્સુલથી અલ્લાહ પાસે માંગનારને આ બે વસ્તુ તો ખાસ આપે છે. (જુઓ ઉમ્મુલબનીન અલયહસ્સલામ- મોહંમદરઝા અબ્દુલ અમીર અનસારી પેજ-૪૩, ઉમ્મુલબનીન

અલયહસ્સલામ-શૈખ નેઅમતુલ્લાહ સાઅદી પેજ-૨૩)

ખાસ ઇલ્મયાફતા લોકોમાં મશહૂર છે કે જો કોઇની કોઇ ચીજ ખોવાઇ જાય અથવા કોઇ વસ્તુની ઇચ્છા હોય તો એક વખત સૂરએ હમ્દની તિલાવત કરીને રૂહે ગિરામી જનાબ ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહાને નઝર કરવામાં આવે તો તરત જ મુરાદ પૂરી થાય છે અથવા પેલી વસ્તુ મળી જશે.

(ઉપરોક્ત બંને કિતાબો અનુક્રમે પેજ ૩૬ અને ૨૨)

આપની ઝાત મુબારક માટે મોમેનીનના હ્દયોમાં આ વિશ્વાસ છે કે અલ્લાહના નજીક આપનો મરતબો ઘણો જ મોટો છે. લોકો ખુદાની નજદીકી માટે આપના વાસ્તાથી ઇલ્તિજા કરે છે તો

ગમ અને મુસીબતના વાદળો વિખરાઇ જાય છે. એટલા માટે કે આપનો મરતબો આ છે કે અલ્લાહના માર્ગમાં આપે પોતાના ચાર ચાર યુવાન બેટાઓ કુરબાન કર્યા છે. (અલ-અબ્બાસ ઇબ્ને અલી બાકીર શરીફ કુરૈશી)

## છુપાયેલી હકીકતો

આપ શાએરા હતાં, આપના પઢેલા મરસીયા નોંધાયેલા છે જેને આપણે પઢીએ છીએ. જે અદબની કિતાબોમાં રિવાયત પામેલા છે. પરંતુ જનાબ અમીરૂલ મોઅમેનીન અલયહિસ્સલામની શહાદત ઉપર આપે પઢેલી કોઇ એક પંક્તિ પણ નોંધાયેલી નથી બલકે આપે પઢેલા શએર ઇતિહાસમાં નોંધાયેલ નથી. જે કંઇ આપણા સુધી પહોંચ્યું છે. તે પણ અધુરૂં છે, શક્ય છે કે આનાથી

વધારે આપના મરસિયા અને નવહા નોંધાયા વગરના રહી ગયેલા હોય.

આપ મદીનામાં રહ્યાં, કરબલા ન ગયાં. અબ્બાસના બેટાની હિફાઝત માટે આપ મદીનામાં રહ્યાં.

અત્યારની દુનિયા ઇન્ટરનેટ ઉપર એકત્ર થઇને સમેટાઇ ગઇ છે. મઝહબી અકાઇદ પણ ઇન્ટરનેટ ઉપર ઝગમગી રહ્યા છે. જેમ જુદા જુદા ઇદારાઓ તરફથી પ્રચાર થાય છે તેમ અરબી ભાષામાં એક સાઇટ એમના નામ ઉપર પણ છે. તેનું નામ અરબીમાં “મોકા ઉમ્મુલ મોઅમેનીન અલયહસ્સલામ” છે.

આ કતરમાં આબાદ મોમેનીનની છે. ખુદા તેઓને જઝાએ ખેર આપે. આ મેહનત અને કોશિશ ઇમાનવાળાઓના દિલોમાં માદરે અબુલ ફઝલ અબ્બાસ અલયહિસ્સલામના માટે અકીદતની ગવાહ છે.

# ઝિયારતે ઉમ્મુલબનીન સલામુલ્લાહ અલયહા

اَشْهَدُ اَنْ لَا اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهُ لَا شَرِيكَ لَهُ وَ اَشْهَدُ اَنَّ مُحَمَّداً عَبْدُهُ وَ رَسُوْلُهُ

હું ગવાહી આપું છું કે કોઇ ઇબાદતને લાયક નથી, સિવાય અલ્લાહના જે યકતા. તેનો કોઇ ભાગીદાર નથી અને હું ગવાહી આપું છું કે મોહંમદ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ તેના બંદા અને રસૂલ છે.

اَلسَّلَامُ عَلَيْكَ يَا رَسُوْلَ اللّٰهِ

આપ ઉપર સલામ થાય અય અલ્લાહના રસૂલ

اَلسَّلَامُ عَلَيْكَ يَا اَمِيْرَ الْمُؤْمِنِيْنَ

આપ ઉપર સલામ થાય અય અમીરૂલ મોઅમેનીન અલયહિસ્સલામ

اَلسَّلَامُ عَلَيْكِ يَا فَاطِمَةَ الزَّهْرَاءِ سَيِّدَةِ نِسَاءِ الْعَالَمِيْنَ

આપ ઉપર સલામ થાય અય આલમીનની ખાતૂનોની સરદાર સૈયદા ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહા

اَلسَّلَامُ عَلَى الْحَسَنِ وَ الْحُسَيْنِ سَيِّدَيْ شَبَابِ اَهْلِ الْجَنَّةِ

સલામ થાય ઇમામ હસન અલયહિસ્સલામ અને ઇમામ હુસૈન

અલયહિસ્સલામ કે તમે જન્નતના યુવાનોના સરદાર છો.

اَلسَّلَامُ عَلَيْكِ يَا زَوْجَةَ وَصِيِّ رَسُوْلِ اللهِ

સલામ થાય આપ ઉપર અય વસીએ રસૂલની ઝવજા ગિરામી

اَلسَّلَامُ عَلَيْكِ يَا عَزِيْزَةَ الزَّهْرَاءِ اَلسَّلَامُ عَلَيْكِ يَا اُمَّ الْبُدُوْرِ السَّوَاطِعِ فَاطِمَةَ بِنْتِ حِزَامِ الْكِلَابِيَةَ اَلْمَلَقَّبَةِ بِاُمِّ الْبَنِيْنِ وَبَابِ الْحَوَائِجِ

સલામ થાય આપ ઉપર કે આપ અઝીઝ છો દુખ્તરે રસૂલ માસૂમાએ કૌનૈનની. સલામ થાય આપ ઉપર અય ફાતેમા બિન્તે હિઝામ કિલાબીયા કે આપના માટે યોગ્ય છે ઉમ્મુલબનીન અને માદરે બાબુલ હવાઇજ હોવું કે આપના ફરઝંદો પુનમના ચંદ્રની જેમ પ્રકાશિત છે.

اَشْهَدُ اللهَ وَ رَسُوْلَهُ اَنَّكِ جَاهَدتِ فِي سَبِيْلِ اللهِ اِذْ ضَحيْتِ بِاَوْلَادِكِ دُوْنَ الْحُسَيْنِ بِنْ بِنْتِ رَسُوْلِ اللهِ

અલ્લાહ અને એનો રસૂલ ગવાહ છે કે આપે પોતાની આવલાદને ખુદાની રાહમાં ઇમામ હુસૈન અલયહિસ્સલામના પરચમ નીચે કુરબાન કરીને એક અઝીમ જેહાદ કર્યો છે.

وَ عَبَدْتِ اللّٰهَ مُخْلَصَةً لَهُ الدِّيْنَ بِوِلَائِكِ لِلْاَئِمَّةِ الْمَعْصُوْمِيْنَ

અને આપે દીનમાં ખુલુસની સાથે અને ઇમામોની વિલાયત, મહબ્બત સાથે અલ્લાહની ઇબાદત કરી.

وَ صَبَرْتِ عَلٰى تِلْكَ الرَّزِيَّةِ الْعَظِيمَةِ وَ احْتَسَبْتِ ذَالِكَ عِنْدَ اللّٰهِ رَبِّ الْعَالَمِيْنَ

અને આપે સખ્ત અને દિલ હલાવી નાખે તેવી મુસીબતના સમયમાં સબ્રથી કામ લીધું અને અલ્લાહની બારગાહમાં અજરના મુસ્તહક થયાં.

وَ آزَرْتِ الْاِمَامَ عَلِيًّا فِيْ الْمِحَنِ وَ الشَّدَائِدِ وَ الْمَصَائِبِ وَ كُنْتِ فِي قِمَّةِ الطَّاعَةِ وَ الْوَفَاءِ

અને આપે ઇમામ બુઝુર્ગવારને સખ્ત મુસીબત અને તકલીફમાં જોયા પણ આપ ફરમાંબરદારી અને વફાદારીના બુલંદ દરજ્જા પર હતાં.

وَ اِنَّكِ اَحْسَنْتِ الْكَفَالَةَ وَ اَدَّيْتِ الْأَمَانَةَ الْكُبْرٰى فِيْ حِفْظِ وَدِيعَتِي الزَّهْرَاءِ الْبَتُولِ (الْحَسَنِ وَ الْحُسَيْنِ(

અને આપે બેહતરીન પરવરિશ કરી. (હઝરત અબ્બાસ અલયહિસ્સલામની) અને ફાતેમા

ઝહરા સલામુલ્લાહ અલયહાએ સોંપેલી અમાનત (ઇમામ હસન અને હુસૈન અલયહેમુસ્સલામ)ની બેહતરીન તરીકાથી હિફાઝત કરી.

وَ بَالَغْتِ وَ آثَرْتِ وَ رَعَيْتِ حُجَجَ اللّٰهِ الْمَيَامِيْنَ

અને આપે અલ્લાહની પનાહ આપવાવાળી હુજ્જતોને પામી લીધી અને આપ તેમને સંપુર્ણ અનુસર્યા, અને આપે અલ્લાહની પવિત્ર હુજ્જતોને પ્રાથમિકતા આપી.

وَ رَغَبْتِ فِيْ صِلَةِ اَبْنَاءِ رَسُوْلِ رَبِّ الْعَالَمِيْنَ

અને આપ અલ્લાહના રસૂલના બેટાઓની મહબ્બત તરફ માએલ થયાં.

عَارِفَةً بِحَقِّهِمْ مُؤْمِنَةً بِصِدْقِهِمْ مُشْفَقَةً عَلَيْهِم

એવી રીતે કે આપ તેમના હકની મઅરેફત રાખતા હતાં. તેમની સચ્ચાઇ પર ઇમાન રાખતા હતાં અને આપ તેમના પર મહેરબાન હતાં.

مُؤْثَرَةً هَوَاهُمْ وَ حُبُّهُمْ عَلٰى اَوْلَادِكِ السُّعَدَاءِ

અને આપ તેમની (ઇમામ હસન અને હુસૈન અલયહેમુસ્સલામની) તમન્નાઓનો મરકઝ હતી અને પોતાની નેક અવલાદ પર તેમની મહબ્બતને પ્રાથમિકતા આપતી હતી.

فَسَلَامُ اللّٰهِ عَلَيْكِ سَيِّدَتِيْ يَا اُمُّ الْبَنِيْنَ مَا دَجَى اللَّيْلُ وَ غَسَقَ وَ اَضَاءَ النَّهَارُ وَ اَشْرَقَ

અલ્લાહના સલામ પહોંચે આપ પર અય અમારી સૈયેદા, અય ઉમ્મુલબનીન જ્યાં સુધી રાત છવાયેલી છે અને દિવસની રોશની ફેલાએલી છે.

وَسَقَاكِ اللّٰهُ مِنْ رَحِيْقٍ مَخْتُوْمٍ يَوْمَ لَا يَنْفَعُ مَالٌ وَّلَا بَنُوْنَ

અને અલ્લાહ આપને હૌઝે કૌષરથી સૈરાબ કરે તે દિવસે જ્યારે ન માલ કામ આવશે ન અવલાદ.

فَصِرْتِ قُدْوَةً لِلْمُؤْمِنَاتِ الصَّالِحَاتِ لِأَنَّكِ كَرِيْمَةُ الْخَلَائِقِ عَالِمَةً مُعَلِّمَةً نَقِيَّةً زَكِيَّةً

બસ તમે નેક મોમિન ઓરતોની સરદાર બની ગયાં એટલા માટે કે આપ ઉચ્ચ અખ્લાકવાળા છો અને આલિમા છો, મુઅલ્લિમા છો, મુત્તકી છો, પાક છો.

فَرَضِيَ اللّٰهُ عَنْكِ وَاَرْضَاكِ

તો અલ્લાહ આપથી રાજી છે અને આપ પણ અલ્લાહથી રાજી છો.

وَ لَقَدْ اَعْطَاكِ اللّٰهُ مِنَ الْكَرَامَاتِ الْبَاهِرَاتِ

અને અલ્લાહે આપને સ્પષ્ટ કરામતો અતા કરી છે.

حَتّٰى اَصْبَحْتِ بِطَاعَتِكِ لِلّٰهِ

ત્યાં સુધી કે આપે અલ્લાહની ફરમાંબરદારીમાં સવાર કરી.

وَلِوَصِيِّ الْاَوْصِيَاءِ وَ حُبُّكِ لِسَيِّدَةِ النِّسَاءِ ( الزَّهْرَاءِ) وَ فِدَائِكِ اَوْلَادَكِ الْاَرْبَعَةِ لِسَيِّدِ الشُّهَدَاءِ

અને અલ્લાહના અવસિયાની વસિય્યત અને સય્યેદએ આલમ ઝહરા સલામુલ્લાહ અલયહાની મહબ્બતમાં આપે પોતાના ચાર ફરઝંદોને સૈયદુશ્શોહદા પર કુરબાન કર્યા.

بابًا لِلْحَوَائِجِ فَاشْفَعِي لِي عِنْدَ اللّٰهِ

કે તેમાંથી એક ઉમ્મીદોને દરવાજો પણ છે તો મારી શિફાઅત કરો અલ્લાહની બારગાહમાં

شَانًا وَ جَاهًا مَحْمُوْدًا

કે આપ ઇઝ્ઝતવાળા અને ઉચ્ચ દરજ્જાવાળા છો.

وَ السَّلَامُ عَلٰى اَوْلَادِكِ الشُّهَدَاءِ العَبَّاسِ قَمَرُ بَنِيْ هَاشِمِ وَ بَابُ الْحَوَائِجِ

સલામ પહોંચે આપના અઝીઝ ફરઝંદો પર કે જેઓ શહીદ થયાં છે એટલે કે અબ્બાસ કમરે બની હાશિમ, બાબુલ હવાએજ.

وَعَبْدَ اللّٰهِ وَ عُمرَانِ وَ جَعفَر الَّذِيْنَ اسْتُشْهِدُوْا فِيْ نُصرَةِ الْحُسَيْنِ بِكَربَلَاءِ

અને અબ્દુલ્લાહ એ ઇમરાન અને જઅફર કે જેઓએ કરબલામાં ઇમામ હુસૈન અલયહિસ્સલામની મદદ માટે પોતાની જાનની કુરબાની આપી.

وَ اَلسَّلَامُ عَلٰى اُبْنَتَكِ الدُرَّةِ الزَّاهِرَةِ الطَّاهِرَةِ الرَّضِيَّةِ خَدِيْجَةَ

અને સલામ પહોંચે આપની બેટી પર કે જેઓ એક રોશન મોતી છે, પાકીઝા છે, રઝીય્યા છે અને તેમનું નામ ખદીજા છે.

فَجَزَاكِ وَ جَزَاهُمُ اللّٰهُ "جَنَّاتٍ تَجْرِيْ مِنْ تَحْتِهَا الْأَنْهَارُ خَالِدِيْنَ فِيْهَا"

અલ્લાહ જઝા અપે આપને અને તે બધાંને એવી જન્નતો જેની નીચે નહેરો વહે છે અને તેમાં રહેવાવાળા હંમેશા રહેશે.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّآلِ مُحَمَّدٍ

દુરૂદ અને રહમત નાઝિલ કર અય પરવરદિગાર મોહંમદ વ આલે મોહંમદ પર.

# અઇમ્મએ અતહારની કબરો ઉપર શીયાઓની મુનાજાત-દુઆઓ

શીયા શબ્દનો અર્થ થાય છે મદદગાર, દોસ્ત, ફરમાંબરદાર. અહીં તે ગિરોહ જેઓ રસૂલુલ્લાહ(સલ.)ના પછી હઝરત અલી(અલ.)ને પ્રથમ ખલીફા માનનારા, બાર ઇમામોને માનનારા પ્રથમ ઇમામ હઝરત અલી(અલ.) અને છેલ્લા બારમાં ઇમામ હઝરત ઇમામ મેહદી સાહેબુઝ્ઝમાન(અલ.) જેઓ હાલ ગયબતમાં છે.

શીયાઓ ઇમામ જઅફર સાદિક(અલ.)ની ફિકહ ઉપર અમલ કરે છે. ઇમામ જઅફર સાદિક(અલ.) રસૂલુલ્લાહની અવલાદમાંથી છે. જનાબે ફાતેમા(સલા.) અને અલી(અલ.)ની

અવલાદમાંથી છે. જેઓ ઇમામતના છઠ્ઠા સ્થાને છે. બારેબાર ઇમામો રસૂલુલ્લાહની અવલાદ છે.

ખૂબ જ નોંધપાત્ર અને ધ્યાનાકર્ષક વાત આ છે કે સુન્ની મુસલમાનો જે ચાર ફિકહો ઉપર અમલ કરે છે (૧) હનફી-ઇમામ અબુ હનીફા (૨) શાફેઇ-ઇમામ શાફેઇ (૩) હમ્બલી- ઇમામ હમ્બલ (૪) માલિકી-ઇમામ માલિક. આ ચારે ઇમામોમાંથી એક પણ ઇમામ સૈયદ ખાનદાનથી નથી. રસૂલુલ્લાહના લોહીમાંથી નથી. અલી-ફાતેમાની અવલાદથી નથી. આ એક આશ્ચર્ય ઉપજાવે તેવી વાત છે જે આપણને હક અને બાતિલ વિશે ચિંતન-મનન કરવા તરફ પ્રેરિત કરે છે.

આ અમારો કલિમા છે :

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰهِ

## પંજતન પાંચ છે.

હઝરત મોહંમદ મુસ્તફા(સલ.)

હઝરત ફાતેમા ઝહરા(સલા.)

ઇમામ હઝરત અલી(અલ.)

ઇમામ હઝરત હસન(અલ.)

ઇમામ હઝરત હુસૈન(અલ.)

## માસૂમીન ચૌદ છે.

હઝરત મોહંમદ મુસ્તફા(સલ.) આપણા નબી

હઝરત ફાતેમા ઝહરા(સલા.) જન્નતની ઓરતોના સરદાર

પહેલા ઇમામ હઝરત અલી(અલ.)

બીજા ઇમામ હઝરત હસન(અલ.)

ત્રીજા ઇમામ હઝરત હુસૈન(અલ.)

ચોથા ઇમામ હઝરત અલી ઝયનુલ આબેદીન(અલ.)

પાંચમા ઇમામ હઝરત મોહંમદ બાકિર(અલ.)

છઠ્ઠા ઇમામ હઝરત જાફર સાદિક(અલ.)

સાતમા ઇમામ હઝરત મુસા કાઝિમ(અલ.)

આઠમા ઇમામ હઝરત અલી રઝા(અલ.)

નવમા ઇમામ હઝરત મો. તકી(અલ.)

દસમા ઇમામ હઝરત અલી નકી(અલ.)

અગિયારમા ઇમામ હઝરત હસન અસ્કરી(અલ.)

બારમા ઇમામ હઝરત ઇમામ મેહદી આખેરૂઝમઝમાન(અલ.) તેઓ ગયબતમાં છે.

શીયા હઝરાત ચૌદ માસૂમીનની કબરોની ઝિયારત માટે જાય છે. ત્યાં નમાઝો પણ પઢે છે, દુઆઓ પણ કરે છે. મુનાજાત પણ કરે છે, ત્યારે તેઓની નમાઝ ખુદાના વાસ્તે હોય છે. તેઓ ખુદાની બારગાહમાં આ બુઝુર્ગ હસ્તીઓના સદકામાં દુઆ કરતા હોય છે. જો તેમની આ દુઆઓ તરજુમા સાથે પઢો, તેના ઉપર ફિક્ર કરો, ચિંતન-મનન કરો તો જોઇ શકશો, જાણી શકશો કે શીયા હઝરાત ચૌદ માસૂમીન અને અઇમ્મએ અતહારની કબરો ઉપર શું પઢે છે? કેવી કેવી દુઆઓ આ લોકો પાસે છે. તો વાચકોને ખબર પડશે કે મુવહ્હિદ  કોણ છે? ખુદાને વાહિદ અને યકતા માનનાર કોણ છે? તૌહીદમાં શ્રેષ્ઠ કોણ છે? કોની તૌહીદ ઉચ્ચોચ્ચ છે. કોણ ખુદાને માને છે. જો આ

દુઆઓ અને ઝિયારતોને જોશો, જે હઝરત અલી(અલ.) અને હઝરત ઇમામ હુસૈન(અલ.)ની કબરોની પાસે પઢવામાં આવે છે તો યકીન થઇ જશે કે સાચી તૌહીદ શું છે? અને આ દુઆઓ શિર્કના આભાસ માત્રથી પાક છે. ભલે એનો તરજુમો પઢનાર બોલી ઉઠશે કે આ જ તૌહીદ છે અને આને જ ઇમાન બિલ્લાહ કહે છે.

સહીફએ સજ્જાદિયામાં જે હઝરત અલી બિન હુસૈન ઝયનુલ આબેદીન(અલ.)ની દુઆઓનો સંગ્રહ છે. જનાબ અલી બિન હુસૈન ઝયનુલ આબેદીન શીયા હઝરાતના ચોથા ઇમામ છે. જેઓ એક માત્ર યુવાન, કુદરત સંજોગે બીમાર હોવાથી કરબલામાં તંબુમાં આરામ ફરમાવી રહ્યા હતા. યઝીદી ફોજે જોયું કે હવે રસૂલની ઔલાદની સંપૂર્ણ

બીજકની થઇ ચૂકી છે. આપ બચી ગયા. હવે રસૂલુલ્લાહની કોઇ નસલ જીવતી રહી નથી. આ બીમારે કરબલા ચોથા ઇમામ જેઓ ઇમામ ઝયનુલ આબેદીન(અલ.) તરીકે પ્રખ્યાત છે. તેમની દુઆઓનો સંગ્રહ “સહીફએ સજ્જાદિયા” છે. જેમાંની એક બે દુઆઓની શરૂઆતના વાક્યો પ્રસ્તુત છે.

**اِلٰهى مَنْ حَاوَلَ سَدَّ حَاجَتِهٖ مِنْ عِنْدِكَ فَقَدْ طَلَبَ حَاجَتَهُ فِي مَظَانِّهَا**

ખુદાયા જેણે પોતાની હાજત પૂરી થવાનો ઇરાદો તારાથી કર્યો તેણે પોતાની હાજતને સહી જગ્યાએથી તલબ કરી અને પોતાના મતલબને યોગ્ય જગ્યાએ જ રજૂ કર્યો. અને જેણે પોતાની હાજતને તારા સિવાય તારી મખ્લૂકમાંથી કોઇ બીજા

પાસેથી તલબ કરી અથવા પ્રાપ્ત કરવાની સફળતાની ઇચ્છા તારા સિવાય કોઇ બીજાથી બતાવી તે મહરૂમ રહ્યો. વંચિત રહ્યો, તે તારા એહસાનથી બાકાત થઇ ગયો.

એક બીજી દુઆમાં આ પ્રમાણે અલફાઝ છે. જ્યારે હઝરત ઇમામ અલી રઝા(અલ.)ના રોઝા ઉપર શીયા હઝરાત પહોંચે છે જેઓ ઇરાનના મુકદ્દસ શહેર મશહદમાં આરામ ફરમાવી રહ્યા છે. હઝરત ઇમામ અલી રઝા(અલ.) શીયા હઝરાતના આઠમા ઇમામ છે, ત્યાં પઢે છે :

શરૂ કરૂં છું અલ્લાહના નામથી, તે રસ્તામાં કદમ ઊઠાવું છું અને મિલ્લતે રસૂલના દરમ્યાન ગવાહી આપું છું કે ખુદા વહદહુ લાશરીકલહુ છે. જેના સિવાય કોઇ ઇબાદતને લાયક નથી.

(મફાતીહુલ જિનાન બાબે ઝિયારતે ઇમામ રઝા અલ.)

**એક બીજી દુઆમાં આ પ્રમાણે છે :**

ખુદાવંદે કરીમ તારી બુઝુર્ગ ઝાત બાબરકત છે અને તું દરેક બુરાઇથી પાક છે. તારા સિવાય કોઇ મઅબૂદ નથી. (ઇબાદતને લાયક નથી) હું તારા રસૂલોની તસ્દીક કરૂં છું. (મતલબ તેમના ઉપર ઇમાન લાવું છું.) અને તારી કિતાબ કુરઆન ઉપર ઇમાન રાખું છું. તારા સિવાય દરેક મઅબૂદનો ઇન્કાર કરૂં છું અને જે કોઇ તારા સિવાય કોઇ બીજાની ઇબાદત કરે છે, હું તેનાથી બરાઅતનું (મુક્તિ, અલગતા) એલાન કરૂં છું.

(સહીફએ સજ્જાદિયામાંથી અનુવાદ)

અમારી દુઆઓમાંથી ફક્ત એક ઝલક બતાવી છે. જેમાં વહ્દાનિયત જ વહ્દાનિયત દૃષ્ટિમાન થશે. અમો ભૂલચૂકે પણ કદી કોઇ ઇમામને ખુદાના શરીક-ભાગીદાર માનતા નથી. અમારી દુઆઓમાં પેગંબરે ઇસ્લામ(સલ.)ની રિસાલતની તસ્દીક પણ જોવા મળશે. વળી અમારી બધી જ દુઆઓમાં જુદા જુદા શબ્દો દ્વારા કુરઆન ઉપર ઇમાનનું એલાન થાય છે. છતાંય ન માલૂમ અમારા ઉપર લોકોને શું એતેરાઝ છે?!!